૭૦

ફકત ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા
નિયમો, ૧૯૯૦ હેઠળની ખાતાકીય પરીક્ષાના
ઉપયોગ માટે

GOVERNMENT OF GUJARAT
LEGAL DEPARTMENT

# Bombay Act No. LXVII of 1948

## The Bombay Tenancy and Agricultural Lands Act, 1948

*[As modified upto the 31st March, 1990]*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સન ૧૯૪૮નો મુંબઈ અધિનિયમ નંબર ૬૭

## મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮

[સન ૧૯૯૦ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે]

1989

GANDHINAGAR.

GOVERNMENT CENTRAL PRESS.

ફક્ત ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ હેઠળની ખાતાકીય પરીક્ષાના ઉપયોગ માટે

सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT
LEGAL DEPARTMENT

# Bombay Act No. LXVII of 1948

## The Bombay Tenancy and Agricultural Lands Act, 1948

*[As modified upto the 31st March, 1990]*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સન ૧૯૪૮નો મુંબઈ અધિનિયમ નંબર ૬૭

## મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮

[સન ૧૯૯૦ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે]

1989

GANDHINAGAR.

GOVERNMENT CENTRAL PRESS.

# મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮.

---

## અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

કલમો.

### પ્રકરણ ૧.

### પ્રારંભિક.

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

૨. વ્યાખ્યા.

### પ્રકરણ ૨.

### ગણોત વહીવટો સંબંધી સામાન્ય જોગવાઈઓ.

૩. મિલકત તબદીલી અધિનિયમનું પ્રકરણ ૫ લાગુ પાડવા બાબત.

૪. ગણોતિયાઓ તરીકે ગણવાની વ્યકિતઓ.

૪–ક. રક્ષિત ગણોતિયાઓ.

૪.-ખ. મુદત પૂરી થવાથી ગણોત વહીવટ સમાપ્ત નહિ કરવા બાબત.

૫. ટોચમર્યાદા વિસ્તાર.

૬. પોષણક્ષમ જમીન.

૬-ક. સિંચાઈવાળી જમીન.

૭. ટોચમર્યાદા વિસ્તાર અને પોષણક્ષમ જમીનમાં ફેરફાર કરવાની સરકારની સત્તા.

૮. વધારેમાં વધારે અને ઓછામાં ઓછું ગણોત.

૯. ગણોતિયાએ તેના જમીન માલિકને આપવાના ગણોતનો દર.

૯-ક. ગણોતિયાએ જમીન માલિકને આપવાના ગણોતનું પ્રમાણ.

૯-ખ. ખેતીના ખર્ચમાં ફાળો આપવા માટે જમીન માલિક જવાબદાર નથી.

૯-ગ. પૂર્વવર્તી કલમો મુજબ ગણોત નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી ગણોત આપવાની ગણોતિયાની જવાબદારી.

૧૦. આ અધિનિયમની જોગવાઈઓ વિરુદ્ધ વસૂલ કરેલું ગણોત પાછું આપવા બાબત અને બીજી શિક્ષાઓ.

૧૦-ક. જમીન મહેસૂલ અને અમુક બીજા ઉપકર આપવાની ગણોતિયાની જવાબદારી.

૧૧. તમામ ઉપકર વગેરેની નાબૂદી.

૧૨. [કાઢી નાંખી ].

૧૩. ગણોત મોકૂફ રાખવું અથવા માફ કરવુ.

૧૪. ગણોતિયાની કસૂર બદલ ગણોત વહીવટની સમાપ્તિ.

૧૫. ગણોતિયાએ સોંપી દેવા બાબત

વા૫-૫૦૩-(૨)

કલમો.

૧૬. રહેવાનું ઘર ખાલી કરાવવા ઉપર પ્રતિબંધ.

૧૭. જે જગા ઉપર ગણોતિયાએ રહેવાનું ઘર બાંધ્યું હોય તે જગા ખરીદવા માટે તેને પ્રથમ પસંદગી આપવી.

૧૭-ક. કલમ ૧૬માં ઉલ્લેખેલી જગા ખરીદવાનો ગણોતિયાનો હક.

૧૭-ખ. નિર્દિષ્ટ કરેલી તારીખથી કલમ ૧૬માં ઉલ્લેખેલી જગાઓ ગણોતિયાએ ખરીદેલી છે એમ ગણાશે.

૧૮. ખેતમજૂરો વગેરેનાં રહેવાનાં ઘરો.

૧૯. ગણોતિયાએ રોપેલાં ઝાડ ઉપરના તેના હકો.

૨૦. કુદરતી રીતે ઉગતાં ઝાડોના ઉત્પન્ન ઉપર હક.

૨ [કાઢી નાંખી].

૨૨. બાણો જાળવવા માટે ગણોતિયાઓ જવાબદાર ગણાશે.

૨૩. રક્ષણાત્મક બંધોની મરામત.

૨૪. અમુક દાખલાઓમાં ગણોતવહીવટ સમાપ્ત કરવાના સંબંધમાં રાહત.

૨૫. ગણોત નહિ આપવાને કારણે ગણોતવહીવટ સમાપ્ત કરવાના સંબંધમાં રાહત

૨૫-ક. ગણોતિયાની તરફેણમાં કરેલા ભોગ્ય ગીરો દરમિયાન ગણોતવહીવટ અટકાવી રાખવો.

૨૬. ગણોત માટેની પહોંચ.

૨૭. પેટા-વિભાગ કરવા, પેટા-ગણોતે આપવા અને નામફેર કરવા ઉપર પ્રતિબંધ.

૨૮. કોર્ટના કામગીરી હુકમથી જપ્ત કરવાનો, કબજે કરવાનો અથવા વેચવાનો પ્રતિબંધ.

૨૯. કબજો લેવાની કાર્યરીતિ.

૨૯-ક. કલમ ૨૯ની જોગવાઈઓ સંબધ્ધ ધંધાઓ માટે વપરાતાં ઘરથારોને લાગુ પડશે.

૩૦. ગણોતિયાના હકો અને વિશેષાધિકારોને અસર થશે નહિ.

## પ્રકરણ ૩.

### ગણોતિયાના ખાસ હકો અને વિશેષાધિકારો અને જાતે ખેતી કરવા માટે જમીનની વહેંચણી કરવા માટેની જોગવાઈઓ.

૩૧. જમીનની જાતે ખેતી કરવા અને તેનો ખેતી સિવાય બીજો ઉપયોગ કરવાના હેતુ માટે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકનો હક.

૩૧-ક. ગણોતવહીવટ સમાપ્ત કરવાની શરતો.

૩૧-ખ. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૬૨નું ઉલ્લંઘન કરીને અથવા ગણોતિયો સહકારી ખેતી મંડળીનો સભ્ય હોય તો ગણોત વહીવટ સમાપ્ત થશે નહિ.

૩૧-ગ. ગણોતિયા પાસે રહેલી જમીનની જાતે ખેતી કરવા માટે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકને હક રહેશે નહિ.

૩૧-ઘ. ગણોતવહીવટની સમાપ્તિ પછી ગણોતિયા પાસે રહેલી જમીન માટે ગણોતની ફાળવણી.

કલમો.

૩૨. ગણોતિયાઓએ ખેડૂત-દિને જમીન ખરીદી છે એમ ગણાશે.

૩૨-ક. ગણોતિયાઓએ ટોચમર્યાદા વિસ્તાર જેટલી જમીન ખરીદી છે એમ ગણાશે.

૩૨-ખ. ગણોતિયાઓએ જમીનો ખરીદી નથી એમ ક્યારે ગણાય.

૩૨-ગ. ખરીદવાની જમીનો પસંદ કરવાનો હક ગણોતિયાઓને ક્યારે રહેશે.

૩૨-ઘ. ગણોતિયાઓએ ટુકડા ખરીદ્યા છે એમ ક્યારે ગણાશે.

૩૨-ચ. ગણોતિયાએ ખરીદી કર્યા પછી બાકી રહેલી જમીનનો નિકાલ.

૩૨-છ. જમીન માલિક વગેરે સગીર હોય ત્યારે જમીન ખરીદવાનો ગણોતિયાનો હક.

૩૨-છછ કબજો ધરાવતા જે ગણોતિયાએ ગણોતવહીવટ સોંપી દીધો હોય તેણે નિર્દિષ્ટ તારીખે જમીન ખરીદી છે એમ ગણાશે.

૩૨-જ. ટ્રિબ્યુનલે નોટિસો કાઢવી અને ગણોતિયાઓએ આપવાની જમીનની કિંમત નક્કી કરવી.

૩૨-ઝ. ખરીદ કિંમત અને તેની વધારેમાં વધારે મર્યાદા.

૩૨-ટ. કાયમી ગણોતિયાના પેટા-ગણોતિયાએ જમીન ખરીદી હોય એમ ગણાશે.

૩૨-ઠ. [કાઢી નાંખી].

૩૨-ડ. ગણોતિયાએ કિંમત કેવી રીતે આપવી.

૩૨-ઢ. ખરીદ કિંમત જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

૩૨-ત. ગણોતિયાઓ નિયત મુદતમાં ખરીદ કિંમત એકસામટી અથવા હપ્તામાં આપે નહિ તો ખરીદી બિન-અસરકારક ગણાશે.

૩૨-થ ખરીદી બિનઅસરકારક થાય ત્યારે ગણોત વસૂલ કરવાનો જમીન માલિકનો હક.

૩૨-દ. જેનો ગણોતવહીવટ ખેડૂત-દિન પછી ઉત્પન્ન કરવામાં આવ્યો હોય તે ગણોતિયાનો જમીન ખરીદવાનો હક.

૩૨-ધ. ગણોતિયાએ ખરીદી ન હોય તેવી જમીન ખાલસા કરવાની અને તેનો નિકાલ કરવાની કલેક્ટરની સત્તા અને કલેક્ટરના હુકમ વિરૂધ્ધ અપીલ.

૩૨-ધધ. ગણોતિયાને જમીન ખરીદવાની વધુ તક આપવા બાબત.

૩૨-ધધધ. સન ૧૯૬૫ના ગુજરાતના ૩૬મા અધિનિયમના આરંભ પછી જેની ખરીદી બિન-અસરકારક થઈ હોય તે ગણોતિયાઓને જમીન ખરીદવાની વધુ તક આપવા બાબત.

૩૨-ન. દેવાં ભરપાઈ કરવામાં ખરીદ કિંમતની રકમનો ઉપયોગ કરવા બાબત.

૩૨-નન. નિર્દિષ્ટ ગણોતિયા વતી રાજ્ય સરકારે ખરીદ કિંમત અનામત મૂકવા અથવા ચૂકવવા બાબત.

૩૨-પ ખરીદનાર જાતે ખેતી કરે નહિ તો તેને જમીન ખાલી કરાવવા બાબત.

૩૨-ફ. વ્યાખ્યાઓ.

૩૨-બ. જાતે ખેતી કરવા માટે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો પ્રમાણિત જમીન માલિકનો ખાસ હક.

૩૨-ભ. કલમ ૮૮-ગમાં જણાવેલ જમીનનાં ગણોતિયાઓએ જમીન ખરીદી હોવાનું ગણાશે અને બીજી આનુષંગિક જોગવાઈઓ

૩૩. ગણોતિયાઓને જમીનનો વિનિમય કરવાનો હક.

કલમો.

૩૪. [કાઢી નાંખી].

૩૪-ક. જમીન ધારણ કરનારાઓએ મામલતદારને જમીનની વિગતો પૂરી પાડવા બાબત.

૩૫. [કાઢી નાખી]

૩૬. પોષણક્ષમ જમીન અથવા ટોચ મર્યાદા વિસ્તાર ઉપરાંતનો ટુકડો ધારણ કરનાર પાસે રહેવા દઈ શકાશે.

૩૭. જો જમીન માલિક એક વર્ષમાં જમીનની ખેતી કરે નહિ તો, તેણે કબજો સોંપી દેવો.

૩૮. [કાઢી નાંખી].

૩૯. ગણોતિયાએ કબજો મેળવવા માટે અરજી કરવા બાબત.

૪૦. ગણોતિયાનું મૃત્યુ થતાં ગણોતવહીવટ ચાલુ રાખવા બાબત.

૪૧. ગણોતિયાએ કરેલી સુધારણા બદલ વળતર.

૪૨. ખેતરમાં ઘર બાંધવાનો ગણોતિયાનો હક.

૪૩. આ અધિનિયમ મુજબ ખરીદેલી અથવા વેચેલી જમીનની તબદીલી ઉપર નિયંત્રણો.

પ્રકરણ ૩-કક.

જે જમીન માલિકો ચાલુ ફોજી નોકરો હોય અથવા થયા હોય તે જમીન માલિકોએ ગણોતવહીવટ સમાપ્ત કરવા માટેની અને તેમની જમીનો ગણોતિયાઓએ ખરીદવા માટેની ખાસ જોગવાઈઓ.

૪૩-૧ક. વ્યાખ્યા.

૪૩-૧ખ. ગણોત વહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકનો હક.

૪૩-૧ગ. અનિર્ણિત કાર્યવાહીઓ કલેક્ટર અને રાજ્ય સરકારને વર્ગ કરવી.

૪૩-૧ઘ. જમીન માલિક પાસેથી જમીન ખરીદવાનો ગણોતિયાનો હક.

૪૩-૧-ચ. અપવાદ.

પ્રકરણ ૩-ક.

શેરડી અને બીજા જાહેર કરેલા પોતાના ઉત્પન્નની ખેતી માટે ઔદ્યોગિક અથવા વાણિજ્યક અન્ડરટેકિંગોએ અને અમુક વ્યક્તિઓએ પટે ધારણ કરેલી જમીનો માટે જોગવાઈઓ

૪૩-ક. ઔદ્યોગિક અથવા વાણિજ્યક અન્ડરટેકિંગોએ, અમુક સહકારી મંડળીઓએ અથવા શેરડી અથવા ફળો અથવા ફૂલોની ખેતી માટે મેળવેલી જમીનના પટાઓને અમુક જોગવાઈઓ લાગુ પડશે નહિ.

૪૩-ખ. જે જમીનને કલમ ૪૩-ક લાગુ પડતી હોય તેનું વાજબી ગણોત.

પ્રકરણ ૩-ખ.

નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટની હદમાંના વિસ્તારોના સંબંધમાં વિશેષ જોગવાઈઓ.

૪૩-ગ. નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારોને અમુક જોગવાઈઓ લાગુ નહિ પાડવા બાબત.

૪૩-ઘ. ગણોતવહીવટની સમાપ્તિ.

કલમ.

### પ્રકરણ ૪.

#### જમીન ધારણ કરનારાઓએ ધારણ કરેલી એસ્ટેટનો સરકાર હસ્તક વહીવટ.

૪૪. જમીન ધારણ કરનારની અસ્ટેટનો સરકારે વહીવટ હાથમાં લેવાની સત્તા.

૪૫. સરકાર હસ્તક વહીવટ હેઠળની એસ્ટેટ સરકારમાં નિહિત થવા બાબત.

૪૬. સરકાર હસ્તક વહીવટની જાહેરાતની અસર.

૪૭. મેનેજરની સત્તા.

૪૮. મેનેજરે વહીવટ વગેરેનો ખર્ચ આપવો.

૪૯. દાવેદારને નોટિસ.

૫૦. દાવામાં સંપૂર્ણ વિગતો હોવી જોઈએ.

૫૧. યોગ્ય રીતે જાહેર નહિ કરાયેલા દાવા ઉપર પ્રતિબંધ.

૫૨. દેવાં અને જવાબદારીઓ નક્કી કરવા બાબત.

૫૩. દેવાંનો ક્રમ અને વ્યાજ નક્કી કરવાની સત્તા.

૫૪. પતાવટની યોજના.

૫૫. યોજનાની જોગવાઈઓ.

૫૬. યોજના મંજૂર કરવાની અસર.

૫૭. કબજા ગીરોદારને ખસેડવાની સત્તા.

૫૮. વેચવાની અથવા પટે આપવાની સત્તા.

૫૯. મેનેજરની પહોંચથી મુક્તિ મળશે.

૬૦. એસ્ટેટ ધારણ કરનારનું મૃત્યુ થાય ત્યારે.

૬૧. સરકાર હસ્તક વહીવટની સમાપ્તિ.

૬૨. મેનેજર રાજ્યસેવક ગણાશે.

### પ્રકરણ ૫.

#### ખેતીની જમીનોની તબદીલી ઉપર નિયંત્રણો, ખેતી નહિ કરેલી જમીનોનો સરકાર હસ્તક વહીવટ અને એસ્ટેટ અને જમીનો સંપાદન કરવા બાબત.

૬૩. ખેડૂત ન હોય તેવી વ્યકિતઓને જમીનની તબદીલી કરવા ઉપર પ્રતિબંધ.

૬૩-ક. જમીનના વેચાણ અને ખરીદીના હેતુ માટે તેની વાજબી કિંમત.

૬૪. કોઈ ખાસ વ્યકિતને ખેતીની જમીન વેચવા બાબત.

૬૪-ક. [કાઢી નાંખી.]

કલમો.

૬૫. ખેતી નહિ કરેલી જમીનોનો સરકારે વહીવટ હાથમાં લેવા બાબત.

૬૫-ક. માત્ર ઘાસ ઉગાડવું તે ખેતી માટેનો પૂરો અને કાર્યસાધક ઉપયોગ છે એમ ગણાશે નહિ એવું ઠરાવવાની રાજ્ય સરકારની સત્તા.

૬૬. સરકાર હસ્તક વહીવટ હેઠળની એસ્ટેટ અથવા જમીન અથવા તેમાંનો હિતસંબંધ સંપાદન કરવા બાબત.

**પ્રકરણ ૫-ક.**

**બીજાની જમીનમાં થઈને જળમાર્ગ બનાવવા બાબત.**

૬૬-ક. બીજી વ્યકિતની માલિકીની જમીનમાં થઈને જળમાર્ગ નાવવા બાબત.

૬૬-ખ. ભાડું નહિ આપવા અને જળમાર્ગ સારી હાલતમાં નહિ રાખવા બાબત.

૬૬-ગ. જળમાર્ગ ખસેડવા અથવા બંધ કરવા બાબત.

૬૬-ઘ. પડોશની જમીન ધારણ કરનારને રેઈટ આપીને વધારાનું પાણી વાપરવાનો હક રહેશે.

**પ્રકરણ ૬.**

**ટ્રિબ્યુનલે, મામલતદારે અને કલેકટરે કરવાની કાર્યરીતિ અને તેમની હકૂમત, અપીલ અને ફેરતપાસ.**

૬૭. ટ્રિબ્યુનલ.

૬૮. ટ્રિબ્યુનલની ફરજો.

૬૯. ટ્રિબ્યુનલની સત્તા.

૭૦. મામલતદારની ફરજો.

૭૧. કાર્યવાહીઓનો આરંભ.

૭૨. કાર્યરીતિ.

૭૨-કક. મામલતદારો વચ્ચે કામકાજની વહેંચણી કરવા બાબત.

૭૨-ક. કાર્યવાહીઓ વર્ગ કરવાની કલેકટરની સત્તા.

૭૨-ખ. જમીનના કબજા માટે જુદા જુદા મામલતદારોને કરેલી અરજી નામોદ્દિષ્ટ મામલતદારોએ સાંભળવી.

૭૨-ગ. એક જ ગણોતિયાએ જુદા જુદા વિસ્તારોમાં ધારણ કરેલી જમીનના સંબંધમાં નામોદ્દિષ્ટ ટ્રિબ્યુનલે ચલાવવાની કાર્યવાહીઓ.

૭૩. પૈસા આપવા માટે અથવા કબજો સોંપવા માટે હુકમની અમલ બજાવણી.

૭૩-ક. કલમ ૨૯ની પેટા--કલમ (૩--ક) મુજબની તપાસમાં કલેકટરની સત્તા, ફેરતપાસ સંબંધી જોગવાઈ અને હુકમોની અમલ બજાવણી.

૭૪ અપીલ.

૭૪-ક. અપીલો વર્ગ કરવા અને ખેંચી વાની કલેકટરની સત્તા.

૭૫. કલેકટરના ચુકાદા સામે અપીલ.

૭૬. ફેરતપાસ.

કલમો.

૭૬-ક. કલેક્ટરની ફેરતપાસની સત્તા.

૭૬-કક. અમુક કેસોમાં સરકારની ફેરતપાસ અંગેની સત્તા.

૭૭. કોર્ટ--ફી.

૭૮. અપીલ અથવા ફેરતપાસમાં કરેલા હુકમો.

૭૯. મુદત.

૮૦. તપાસો અને કાર્યવાહીઓ ન્યાયિક કાર્યવાહીઓ ગણાશે.

૮૦-ક. વકીલો વગેરેને ઊભા રહેવા દેવામાંથી બાતલ રાખવા બાબત.

પ્રકરણ ૭.

ગુના અને શિક્ષા.

૮૧. ગુના અને શિક્ષા.

પ્રકરણ ૮.

પ્રકીર્ણ.

૮૨. નિયમો.

૮૩. સત્તા, કાર્યો અને ફરજોની સોંપણી.

૮૩-ક. ગેરકાયદેસર હોય તેવી તબદીલીથી જમીન સંપાદન કરવા ઉપર નિયંત્રણ.

૮૪. સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવવા બાબત.

૮૪-ક. નકકી કરેલા દિવસ પહેલાં કરેલી તબદીલી કાયદેસર ઠરાવવા બાબત.

૮૪-ખ. નકકી કરેલા દિવસ અને સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ વચ્ચે કરેલી અમુક તબદીલી ગેરકાયદેસર ગણાશે.

૮૪-ગ. જે જમીનની તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર હોય તે જમીનનો નિકાલ.

૮૪-ગગ. અમુક સંજોગોમાં જમીનનો કબજો લઈ લેવો તે બિન--અસરકારક ગણાશે.

૮૪-ઘ. કલમ--૩૨-ઘ અથવા ૮૪-ગ મુજબ જે જમીનનો નિકાલ કરી શકાય એમ હોય તે જમીનના કામચલાઉ પટાઓ.

૮૫. હકૂમત ઉપર પ્રતિબંધ.

૮૫-ક. આ અધિનિયમ મુજબ નિર્ણય કરવાનો હોય તેવા મુદ્દાઓવાળા દાવાઓ.

૮૬. નિયંત્રણ

૮૭. ક્ષતિપૂર્તિ.

૮૭-ક. જમીનના સત્તાપ્રકારો નાબૂદ કરવા બાબતના અધિનિયમોની જોગવાઈઓ સંબંધી અપવાદ.

૮૮. સરકારી જમીનો અને બીજી અમુક જમીનોને મુકત રાખવા બાબત.

૮૮-ક૧ [કાઢી નાંખી].

૮૮-ક. ભૂદાન સમિતિને અથવા તેણે તબદીલ કરેલી જમીનને અધિનિયમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

૮૮-ખ. સ્થાનિક સત્તામંડળો, યુનિવર્સિટીઓ અને ટ્રસ્ટોની જમીનોને અમુક જોગવાઈઓમાંથી મુકત રાખવા બાબત.

૮૮-ગ. જેમની વાર્ષિક આવક રૂા. ૧,૫૦૦ કરતાં વધુ ન હોય તેવી વ્યકિતઓએ પટે આપેલી જમીનોને અમુક જોગવાઈઓમાંથી મુકત રાખવા બાબત.

૮૮-ગગ. અમુક ગણોતિયાઓના જમીન ખરીદવાના હકને બાધ.

૮૮-ગ-ક. કલમો ૩૨થી ૩૨-પ કેટલીક ચાકરીની જમીનોને લાગુ પડતી નથી.

૮૮-ઘ. મુકિત પાછી ખેંચી લેવાની સરકારની સત્તા.

૮૮-ચ. અમુક સાર્વજનિક ટ્રસ્ટ જમીન અંગેની માફી બંધ થશે.

૮૯. રદ કરવા બાબત.

૯૦. સુધારેલા અધિનિયમો.

અનુસૂચિ ૧

અનુસૂચિ ૨

અનુસૂચિ ૩

અનુસૂચિ ૪ [કાઢી નાખી].

સન ૧૯૪૮નો મુંબઈ અધિનિયમ નંબર ૬૭.[1]

## મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮.

[૨૮મી ડિસેમ્બર, ૧૯૪૮]

સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી સુધારેલો.

સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૧૨ થી સુધારેલો.

સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૩૪થી સુધારેલો.

સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૫થી સુધારેલો.

સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩થી સુધારેલો.

સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૦થી સુધારેલો.

સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩થી સુધારેલો.

સન ૧૯૫૬ના મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી સુધારેલો.

સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫થી સુધારેલો.*

સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮થી સુધારેલો.†

સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ થી સુધારેલો.**

---

૧. ઉદ્દેશો અને કારણો માટે, જુઓ સન ૧૯૪૮નું મુંબઈ સરકારી રાજપત્ર, ભાગ-૫, પાનું ૨૯૫ (અંગ્રેજીમાં)

*સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૭ નીચે પ્રમાણે છે :—

સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો.

કેટલાક સુધારાને પાછલી તારીખથી અમલ કરવા બાબત.

"૧૭. આ અધિનિયમની કલમો ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ થી અને કલમ ૧૫ ના ખંડ (૧)ના પેટા-ખંડ (ક)થી અને ખંડ (૨)થી સદરહુ અધિનિયમમાં કરેલા સુધારા, જે તારીખે મુંબઈ ગણોત-વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ અમલમાં આવ્યો તે તારીખે કરવામાં આવેલા છે અને અમલમાં આવેલા છે એમ ગણવું."

†સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૪ નીચે પ્રમાણે છે :—

સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો.

કેટલાક સુધારાનો પાછલી તારીખથી અમલ કરવા બાબત.

"૩૪. કલમ ૨ની પેટા-કલમ (૨), કલમો ૩, ૪, ૫, ૧૧, ૧૨ અને ૧૩, કલમ ૧૪ની પેટા-કલમ (૧) અને કલમો ૧૮, ૨૦ અને ૨૮થી સદરહુ અધિનિયમમાં કરેલા સુધારા જે તારીખે મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ અમલમાં આવ્યો તે તારીખે કરવામાં આવેલા છે અને અમલમાં આવેલા છે એમ ગણવું."

** સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૨૧ નીચે પ્રમાણે છે :—

સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો.

કેટલાક સુધારાનો પાછલી તારીખથી અમલ કરવા બાબત અને ગુનેગારીની રકમ પાછી આપવા બાબત.

"૨૧. (૧) આ અધિનિયમની કલમો ૩, ૫, ૭, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૨૦થી મુખ્ય અધિનિયમમાં કરેલા સુધારા જે તારીખે મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ ૧૯૫૫ અમલમાં આવ્યો તે તારીખે કરવામાં આવ્યા હોય અને અમલમાં આવ્યા હોય એમ ગણાશે.

(૨) આ અધિનિયમ અમલમાં આવતાં પહેલાં મુખ્ય અધિનિયમની કલમ ૮૪-ક મુજબ તબદીલ કરી લેનારે આપેલી કોઈપણ ગુનેગારીની રકમ, જેટલે સુધી તે અધિનિયમથી સુધાર્યા પ્રમાણેની સદરહુ કલમ મુજબ આપવા જોગ રકમ કરતાં વધુ હોય તેટલે સુધી તે રકમ પાછી આપવી.

(૩) આ અધિનિયમ અમલમાં આવતાં પહેલાં મુખ્ય અધિનિયમની કલમ ૮૪-બ અથવા ૮૪-ગ મુજબ ગણોતિયાની તરફેણમાં કોઈપણ તબદીલી જાહેર કરવામાં આવી હોય તો અને જો ગણોતિયાઓ આ અધિનિયમની કલમ ૧૩ અથવા ૧૪થી સુધાર્યા પ્રમાણેની સદરહુ કલમ ૮૪-ખ અથવા ૮૪-ગમાં ઠરાવ્યા પ્રમાણેની ગુનેગારી રાજ્ય સરકારને ભરે તો, આવી તબદીલી મામલતદારે ફરી માન્ય કરવી."

પા૫-૫૦૩-૧

સન૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી સુધારેલો.

સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬થી સુધારેલો.
સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૨૭થી સુધારેલો.
સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫થી સુધારેલો.
સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪થી સુધારેલો.
સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬થી સુધારેલો.
સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫થી સુધારેલો.**
સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૬થી સુધારેલો.
સન ૧૯૭૧ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.
સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫થી સુધારેલો.
સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૧૯થી સુધારેલો.
સન ૧૯૭૪ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.
સન ૧૯૭૪ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૭થી સુધારેલો.
સન ૧૯૭૪ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૧૫થી સુધારેલો.
સન ૧૯૭૬ના ગુજરાત અધિનિયમ ૧૪થી સુધારેલો.
સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૩૭થી સુધારેલો.
સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩થી સુધારેલો.
સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦થી સુધારેલો.
સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૧૧થી સુધારેલો.
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૪થી સુધારેલો.
સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૪થી સુધારેલો.
સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૩૭થી સુધારેલો.
સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ૧૩થી સુધારેલો.
સન ૧૯૮૨ના ગુજરાત અધિનિયમ ૫થી સુધારેલો.
સન ૧૯૮૪ના ગુજરાત અધિનિયમ ૮થી સુધારેલો.
સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૮થી સુધારેલો.
સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૮થી સુધારેલો.
સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૨૧થી સુધારેલો.

**ખેતીની જમીનોના ગણોતવહીવટોને લગતો કાયદો સુધારવા અને તે જમીનોના સંબંધમાં અમુક બીજી જોગવાઈઓ કરવા બાબતનો અધિનિયમ.**

ખેતીની જમીનોના જમીન માલિકો અને ગણોતિયાઓના સંબંધોને જે કાયદો લાગુ પડે છે તે સુધારવાનું જરૂરી છે.

અને જમીન ધારણ કરનારની ગફલતને લીધે અથવા જમીન ધારણ કરનાર અને તેના ગણોતિયાઓ વચ્ચેની તકરારોને લીધે તેની જમીન મિલકતની ખેતીને ગંભીર નુકશાન થયું હોવાથી અથવા ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાના અથવા ખેતી માટે જમીનનો સંપૂર્ણ અને કાર્યસાધક ઉપયોગ કરવાના હેતુ માટે મુંબઈ પ્રાંતમાં, જમીન ધારણ કરનારાઓની એસ્ટેટનો વહીવટ સરકાર હસ્તક લેવાનું અને ખેતીની જમીનો અને તેની સાથે સંલગ્ન જે રહેવાના ઘરો, જગા અને જમીનો ખેડૂતોની, ખેતમજૂરોની અથવા કારીગરોની માલિકીના અથવા તેમના ભોગવટામાં હોય તેવા રહેવાનાં ઘરો, જગા અને જમીનોની તબદીલી કરવા બાબત નિયમન કરવાનું અને નિયંત્રણો મૂકવાનું અને આમાં હવે પછી આવતા અમુક બીજા હેતુઓ માટે જોગવાઈઓ કરવાનું ઈષ્ટ છે; તેથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે:—

---

સન ૧૯૬૯નો ગુજરાત વટહુકમ નં. ૩ રદ કરવા બાબત.

**સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૬ નીચે પ્રમાણે છે :—

"૬. મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ ૧૯૬૯ આથી રદ કરવામાં આવે છે અને મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમો ૭ અને ૨૫ની જોગવાઈઓ, એ વટહુકમ અધિનિયમ હોય તેમ આવી રદ કરવાની બાબતને લાગુ પડશે."

## પ્રકરણ ૧.

### પ્રારંભિક.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮' કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

(૨) આ અધિનિયમ [1][ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારને]લાગુ પડે છે.

૨. આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી વિરૂધ્ધ ન હોય તો— વ્યાખ્યા.

[2][(૧) "ખેતી"માં બાગબાનીનો, પાકો, ઘાસ અથવા ફળફળાદિ, ઉગાડવાનો, [3][ખેડૂતે ધારણ કરેલ જમીન અથવા તેના ભાગનો, પોતાના પશુઓની ચરાઈ માટે ખેડૂત દ્વારા થતા ઉપયોગનો, રાબ ખાતરના હેતુ માટે, કયારી અથવા ડાંગરની જમીન સાથે જોડેલી હોય કે ન હોય તેવી કોઈપણ જમીનના ઉપયોગનો] સમાવેશ થાય છે, પણ સંબંદ્ધ ધંધાઓ અથવા માત્ર લાકડાં કાપવાનો સમાવેશ થતો નથી:

[4][પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા કુદરતી રીતે ઉગેલા ઘાસથી ભરપૂર જમીનના પ્રદેશોની બાબતમાં, "ખેતીમાં" કોઈપણ હેતુ માટે ઘાસ કાપવાનો સમાવેશ થશે];

(૧-ક) "ખેત-મજૂર" એટલે, જેનું નિર્વાહનું મુખ્ય સાધન, જમીન ઉપર શારીરિક શ્રમ કરવાનું હોય તે વ્યકિત;]

(૨) "ખેડૂત" એટલે જમીનની જાતે ખેતી કરતી વ્યકિત;

[5][(૨-ક) "સંબંદ્ધ ધંધાઓ" એટલે દુગ્ધાલય, ઉદ્યોગ, મરઘાંબતકાનો ઉછેર, પશુસંવર્ધન, ઢોર ચરાઈ, [6][(પોતાની ખેતી માટેના ઢોરની ચરાઈની જમીનો સિવાય)]અને ઠરાવવામાં આવે તેવા બીજા ધંધાઓ;

(૨--ખ) "નકકી કરેલો દિવસ" એટલે સન ૧૯૫૫ના જૂન મહિનાની ૧૫મી તારીખ;

(૨--ગ) "પછાત વિસ્તાર" એટલે, રાજ્ય સરકારે પછાત વિસ્તાર તરીકે જાહેર કરેલો અને રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જેમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગોના નાગરિકો વધુ પ્રમાણમાં હોય તેવો વિસ્તાર અને તેમાં ભારતના સંવિધાનની પાંચમી અનુસૂચિના પરિચ્છેદ ૬ મુજબ અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરેલા વિસ્તારનો સમાવેશ થાય છે.

(૨-ઘ) કોઈ વ્યકિતએ માલિક અથવા ગણોતિયા તરીકે અંશત: માલિક તરીકે અને અંશત : ગણોતિયા તરીકે ધારણ કરેલ જમીનના સંબંધમાં, "ટોચમર્યાદા વિસ્તાર" એટલે કલમ ૫ અથવા ૭ મુજબ ટોચમર્યાદા વિસ્તાર તરીકે નકકી કરેલો વિસ્તાર.

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગીતકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૧) થી અસલ ખંડ (૧)ને બદલે ખંડ (૧) અને (૧-ક) દાખલ કર્યા છે.

૩ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૧ની કલમ ૨(ક)થી આ મજકૂર દાખલ કર્યો છે.

૪, સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨ થી આ પરંતુક દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨ (૨)થી અસલ ખંડ (૨-અ)ને બદલે ખંડો (૨-ક), (૨ખ), (૨-ગ), (૨-ઘ) અને (૨-ચ) દાખલ કર્યા છે.

૬. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૧ની કલમ ૨(બ)થી આ મજકૂર દાખલ કર્યો છે.

(૨-ચ) "કલેક્ટર"માં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ મુજબ કલેક્ટરની ફરજો બજાવતા અને સત્તા ચલાવતા મદદનીશ અથવા નાયબ કલેક્ટરનો અથવા આ અધિનિયમ મુજબ કલેક્ટરના કાર્યો બજાવવાને રાજ્ય સરકારે ખાસ સત્તા આપેલા બીજા કોઈપણ અધિકારીનો સમાવેશ થાય છે;] સન ૧૮૭૯ નો મુંબઈ નો૫મો.

(૩) "સહકારી મંડળી" એટલે, મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ની જોગવાઈઓ મુજબ નોંધાયેલી મંડળી અથવા સદરહુ અધિનિયમ મુજબ નોંધાયેલી ગણાતી મંડળી; સન ૧૯૨૫ નો મુંબઈ નો૭મો.

(૪) "સહકારી ખેતી મંડળી" એટલે, મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ મુજબ તેવી મંડળી તરીકે નોંધાયેલી મંડળી; સન ૧૯૨૫ નો મુંબઈ નો૭મો.

1[(૫) "ખેતી કરવી" એ શબ્દોનો તેના વ્યાકરણ પ્રમાણે થતાં રૂપાન્તરો તથા સમૂલીય શબ્દોનો અર્થ શારીરિક શ્રમથી અથવા ઢોરો અથવા યંત્ર સામગ્રીથી ખેતીનું ઉત્પન્ન ઉગાડવા અથવા સુધારવાના હેતુ માટે જમીન ખેડવી અથવા તેની માવજત કરવી અથવા તેની ઉપર ખેતીનું કામ કરવું એવો થાય છે અને "ખેતી નહીં કરેલી" એ સંજ્ઞાનો અર્થ તદનુસાર કરવો.

સ્પષ્ટીકરણ—કોઈ જમીન ઉપરનું ઘાસ કાપવાનું અથવા તેના ઉપરના ઝાડોના ફળ અથવા બીજું ઉત્પન્ન એકઠું કરવાનું કામ જે વ્યક્તિએ ઉધડ રાખ્યું હોય તે વ્યક્તિ માત્ર તે જ કારણે તેવી જમીનની ખેતી કરે છે એમ ગણાશે નહિ].

2[(૬) "જાતે ખેતી કરવી" એટલે—

(૧) પોતાના શ્રમથી, અથવા

(૨) પોતાના કુટુંબની કોઈ વ્યક્તિના શ્રમથી, અથવા

(૩) પોતાની અથવા પોતાના કુટુંબની કોઈ વ્યક્તિની અંગત દેખરેખ હેઠળ દહાડિયા રાખીને અથવા જેમને રોકડ અથવા વસ્તુના રૂપમાં મજૂરી આપવાની હોય પણ પાકના ભાગના રૂપમાં મજૂરી આપવાની ન હોય તેવા નોકરો રાખીને,

જે જમીનનો સમગ્ર વિસ્તાર—

(ક) એક જ ગામની હદની અંદર આવેલો હોય, અથવા

(ખ) એવી રીતે આવેલા હોય કે જમીનનો કોઈપણ ટુકડો બીજા ટુકડાથી પાંચ માઈલ કરતા વધારે અંતર હોવાથી છૂટો ન પડી ગયો હોય, અથવા

(ગ) એક એકત્રિત સમૂહમાં આવેલો હોય,

તેવી જમીનની પોતાને માટે ખેતી કરવી.

3[ * * * * ]

**સ્પષ્ટીકરણ ૧.**—વિધવા અથવા સગીર અથવા શારીરિક અથવા માનસિક રીતે અશક્ત હોય તેવી વ્યક્તિ અથવા ફોજી દળમાં નોકરી કરતી વ્યક્તિ, જો એવી જમીનની ખેતી નોકરો રાખીને અથવા દહાડિયા રાખીને અથવા ગણોતિયાઓ મારફત કરવામાં આવતી હોય તો, તે જમીનની જાતે ખેતી કરે છે એમ ગણાશે.

**સ્પષ્ટીકરણ ૨.**—સંયુક્ત કુટુંબના દાખલામાં, જો એવા કુટુંબની કોઈપણ વ્યક્તિ જમીનની ખેતી કરતી હોય, તો જમીનની જાતે ખેતી કરવામાં આવે છે એમ ગણાશે;]4[અને સંયુક્ત કુટુંબ સિવાયના કોઈ કુટુંબના દાખલામાં, યથાપ્રસંગ, સંબંધિત વ્યક્તિના પતિ અથવા પત્ની સિવાયની કોઈ વ્યક્તિ અથવા તેના આશ્રિત હોય તેવા નાના પેઢીગત વંશજો પૈકી કોઈ વંશજ કુટુંબની વ્યક્તિ ગણાશે નહિ;]

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૩) થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

૨. એજનની કલમ ૨ (૪)થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

૩ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨(૧)(ક)થી આ પરંતુ કમી કર્યો છે.

૪. એજનની કલમ ૨(૧)(ખ)થી આ મજકૂર ઉમેર્યો છે.

સન ૧૮૭૯ નો મુંબઈ નો૫મો. સન ૧૯૨૫ નો મુંબઈ નો૭મો. સન ૧૯૨૫ નો મુંબઈ નો૭મો.

૧[સ્પષ્ટીકરણ. ૩—આ ખંડના હેતુ માટે, "જાત દેખરેખ"એ શબ્દ પ્રયોગ એટલે જે ગામમાં જમીન આવેલી હોય તે ગામમાં અથવા જમીનથી વધુમાં વધુ પંદર કિલોમીટર સુધીનાં અંતરે આવેલા બીજા ગામના કોઈ સ્થળે ખેતીની મોસમના મોટા ભાગ દરમિયાન રહેતો સંબંધિત વ્યકિતએ ખેતીના સમગ્ર કામ દરમિયાન અથવા સંજોગો પ્રમાણે ખેતીના સમગ્ર કામના મોટા ભાગ દરમિયાન મજૂરો અથવા નોકરોને જમીનની ખેતી અંગે વખતોવખત સૂચનો અથવા આદેશો આપવા તે અને તેના સંબંધમાં નિયંત્રણ કરવું તે :

પરંતુ એવી વ્યકિતને કલેકટરે એવું પ્રમાણપત્ર આપ્યું હોય કે તે ધરાવતો હોય તે જમીન ઓછી હોવાને કારણે ખેતીમાંથી થતી મર્યાદિત આવકને કારણે અથવા ઠરાવવામાં આવે તેવા બીજા કોઈ કારણે તેની આજીવિકાના સાધનોને હાનિ પહોંચ્યા વગર આવા ગામમાં કે સ્થળે તેવી રીતે રહેવાનું તેને માટે શકય નથી અને આવું પ્રમાણપત્ર અમલમાં હોય તો, આ સ્પષ્ટીકરણના હેતુ માટે આવી વ્યકિત માટે આવા ગામમાં કે સ્થળે તેવી રીતે રહેવાનું જરૂરી રહેશે નહિ;]

૨ * * * * *

૩[(૬-ક)કોઈ વ્યકિતએ માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતિયા તરીકે ધારણ કરેલી જમીનના સંબંધમાં, "પોષણક્ષમ જમીન" એટલે કલમ ૬ અથવા ૭ મુજબ પોષણક્ષમ જમીન તરીકે નક્કી કરેલો જમીનનો વિસ્તાર;

સન ૧૯૪૭ નો મુંબઈ-નો ૬૨મો.

(૬-ખ) "ટુકડો" એટલે મુંબઈના જમીનના ટુકડા થતા અટકાવવા અને તેના એકત્રીકરણ બાબતના અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨ની પેટા-કલમ (૪)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો ટુકડો;]

૪[(૬-ગ) આ કલમના ખંડ (૨-ઘ) અને કલમો ૩૨-ક, ૩૨-ખ, ૩૪ અને ૫૪ના હેતુઓ માટે માલિક અથવા ગણોતિયા તરીકે, "જમીન ધારણ કરવી" એટલે યથાપ્રસંગ માલિક અથવા ગણોતિયા તરીકે જમીનનો કાયદેસર ખરેખર કબજો હોવો;]

(૭) કોઈ જમીનના સંબંધમાં "સુધારણા" એટલે તે જમીનની કિંમતમાં વધારો કરે તેવું અને તેને અનુકૂળ હોય તેમજ જે હેતુ માટે તે જમીન ધારણ કરવામાં આવી હોય તે હેતુ સાથે સુસંગત પણ હોય તેવું કોઈ કામ; અને તેમાં—

(ક) ખેતીના હેતુઓ માટે પાણીના સંગ્રહ, પુરવઠા અથવા વહેંચણી માટે તળાવો, કૂવાઓ, પાણીની નીકો, બંધો અને બીજા કામો બાંધવાનો;

(ખ) જમીન ઉપરના પાણીના નિકાલ માટે અથવા રેલથી અથવા ધોવાણથી અથવા પાણીથી બીજું નુકસાન થાય તેનાથી જમીનનું રક્ષણ કરવા માટે કામો બાંધવાનો,

(ગ) જમીન ખેતી લાયક બનાવવા, સાફ કરવા, વાડબંધ કરવા, સપાટ કરવા અથવા તેની ઉપર ચડઉતર થર બાંધવાનો;

(ઘ) ખેતીના હેતુઓ માટે તેવી જમીનનો સગવડપૂર્વક અથવા લાભદાયક ઉપયોગ કરવા માટે જરૂરી હોય તેવાં મકાનો બાંધવાનો; અને

(ચ) પૂર્વવર્તી કામો પૈકી કોઈપણ કામ નવાં કરવા અથવા ફરી બાંધવાનો અથવા સામાન્ય મરામતના સ્વરૂપના ન હોય તેવા, તેમાં કરેલા વધારાનો;

સમાવેશ થાય છે પણ તેમાં ખેતીના સામાન્ય ક્રમમાં ગણોતિયાઓ સામાન્ય રીતે કરે તેવા સાફ કરવાના, બંધ બાંધવાના, સપાટ કરવાના, વાડબંધ કરવાના, કામચલાઉ કુવા બાંધવાના, પાણીની નીકો કરવાના અને બીજા કામોનો સમાવેશ થતો નથી;

---

૧. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨(૧)(ગ)થી સ્પષ્ટીકરણ ૩ દાખલ કર્યું છે.

૨. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨(૧)થી દાખલ કરેલો ખંડ (૬અ) સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૨થી રદ કર્યો છે.

૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨ (૫)થી આ ખંડો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૨ (ક)થી આ ખંડ દાખલ કર્યો છે.

વાપ-૫૦૩-૨

૧[ (૭-ક) "સંયુક્ત કુટુંબ" એટલે, અવિભક્ત હિંદુ કુટુંબ અને બીજી વ્યક્તિઓના દાખલામાં જે સમૂહ અથવા એકમની વ્યક્તિઓ રિવાજ અનુસાર સંયુક્ત રીતે જમીન મિલકત ધરાવતી હોય અથવા નિવાસ કરતી હોય તે સમૂહ અથવા એકમ;]

૨[ (૮) "જમીન એટલે—

(ક) ખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી હોય ૩[અથવા તેવી રીતે ઉપયોગમાં લેવાતી હોય પણ પડતર રાખી હોય તેવી જમીન અને તેમાં] એવી જમીન સાથે જોડાયેલાં ૩[ખેતર ઉપરના ઘરોની જગાનો સમાવેશ થાય છે;] અને

(ખ) કલમ ૧૧, ૧૬, ૧૭, ૧૭-ક, ૧૭-ખ, ૧૮, ૧૯, ૨૦, ૨૬, ૨૮, ૨૯, ૨૯-ક, ૩૦, ૪૧, ૩-ક[૪૩], ૬૩, ૬૪, ૬૪-ક, ૮૪-ક, ૮૪-ખ અને ૮૪-ગ ના હેતુઓ સારૂ—

(૧) ખેડૂતો ખેતમજૂરો અથવા કારીગરોના ભોગવટામાં હોય તેવા રહેવાના ઘરોની જગા અને તેવાં ઘરોની સાથે જોડાયેલી જમીન;

(૨) સંબંદ્ધ ધંધાઓ માટે ખેડૂતો ઉપયોગમાં લેતા હોય તેવાં બાંધકામોની જગા;]

(૯) "જમીન ધારણ કરનાર" એટલે જમીનદાર, જાગીરદાર, સરંજામદાર, ઈનામદાર, તાલુકદાર, માલિક અથવા ખોત અથવા આમાં અગાઉ નિર્દિષ્ટ ન કરેલી જે કોઈ વ્યક્તિ જમીન ધારણ કરતી હોય અથવા જેનો જમીનમાં હિતસંબંધ હોય અને જેને ૪[રાજ્ય] સરકારે તેની જમીનના વિસ્તાર અને કિંમતને લીધે અથવા તેમાંના તેના હિત-સંબંધોને લીધે આ અધિનિયમના હેતુઓ માટે જમીન ધારણ કરનાર તરીકે જાહેર કરી હોય તેવી કોઈ વ્યક્તિ;

૫[(૯-ક) "ભૂમિહીન વ્યક્તિ" એટલે જે વ્યક્તિ માલિક અથવા ગણોતિયા તરીકે ખેતીના હેતુઓ માટે કંઈપણ જમીન ધરાવતી ન હોઈને તેના નિર્વાહ મુખ્યત્વે શારીરિક શ્રમથી ચલાવતી હોય અને ખેતીનો વ્યવસાય કરવાનો ઈરાદો રાખતી હોય અને જાતે જમીનની ખેતી કરવાને સમર્થ હોય તેવી વ્યક્તિ;]

(૧૦) "મામલતદાર"માં મહાલકારી અને આ અધિનિયમ મુજબ મામલતદારની ફરજો બજાવવાને ૪[રાજ્ય] સરકાર બીજા જે કોઈ અધિકારીને નીમે તેનો સમાવેશ થાય છે.

૬[(૧૦-ક) "કાયમી ગણોતિયા" એટલે—

(ક) જે વ્યક્તિ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ (જેને આમાં હવે પછી "સુધારા અધિનિયમ ૧૯૫૫" કહયો છે ત)ના આરંભની તરત જ પહેલાં,—

(૧) મુલગેણીદાર અથવા મિરાસદાર તરીકે જમીન ધારણ કરતો હોય; અથવા

(૨) રૂઢિ, કબૂલાતનામું અથવા કોર્ટના હુકમનામા અથવા હુકમથી કાયમને માટે જમીન પટે ધારણ કરતો હોય, અથવા

(ખ) જે વ્યક્તિનો ગણોત વહીવટ ઘણા લાંબા સમયનો હોવાને કારણે તેની શરૂઆત અથવા મુદત સાબિત થઈ શકતી ન હોય તે વ્યક્તિ;

અને તેમાં જે ગણોતિયાનું નામ અથવા જેના હકના પુરોગામીનું નામ હકપત્રમાં અથવા કોઈ સરકારી દફ્તરમાં અથવા બીજા કોઈ મહેસુલી દફતરમાં સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભની તરતજ પહેલાં કાયમી ગણોતિયા તરીકે દાખલ કરવામાં આવ્યુ હોય તેનો સમાવેશ થાય છે;]

(૧૧) "વ્યક્તિ"માં ૭[સંયુક્ત] ૮[* * ]કુટુંબનો સમાવેશ થાય છે.

સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો.

સન ૧૯૭૩ નો ગુજરાત નો ૩૦મો.

સન ૧૯૩૯ નો મુંબઈ નો ૧૪મો.

સન ૧૯૮૮ નો ૧મો.

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૬)થી ખંડ (૭-ક) ઉમેર્યો છે.
૨. એજનની કલમ ૨(૭)થી અસલને બદલે ખંડ (૮) દાખલ કર્યો છે.
૩. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૨(ડ)થી અસલને બદલે, આ મજકુર દાખલ કર્યો છે.
૩-ક. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૨થી આ આંકડો દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૫. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨ (૮)થી આ ખંડ દાખલ કર્યો છે.
૬. એજનની કલમ ૨(૯)થી આ ખંડ (૧૦-ક) ઉમેર્યો છે.
૭. એજનની કલમ ૨ (૧૦)થી "અવિભક્ત" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૮. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨(૨)થી "હિંદુ" એ શબ્દ રદ કર્યો છે.

(૧૨) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ મુજબ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૧૩) કોઈ જમીનના સંબંધમાં "ખેતીનો નફો" એટલે એકંદર ઉત્પન્નમાંથી જમીન ઉપર કામ કરતા ખેડૂતની મજૂરી સહિત ખેતીનો ખર્ચ બાદ કરતા ૧[ધારણ કરનાર પાસે] જે વધારો બાકી રહે તે.

૨[સ્પષ્ટીકરણ.—જો ધારણ કરનારના કુટુંબની વ્યકિતઓ જમીનની ખેતીના હેતુ માટે જમીન ઉપર કામ કરતી હોય, તો આ ખંડમાં ઉલ્લેખેલું ખેતીનું ખર્ચ અંદાજવામાં તેવી વ્યકિતઓની મજૂરી ગણતરીમાં લેવી,]

(૧૪) "રક્ષિત ગણોતિયો" એટલે ૩[કલમ ૪-ક મુજબ] જેને રક્ષિત ગણોતિયા તરીકે માન્ય રાખી હોય તે વ્યકિત.

૪ [ * * * * ]

(૧૬) "ગણોત" એટલે ગણોતિયો ધારણ કરતો હોય તે જમીનના ઉપયોગ અથવા ભોગવટા બદલ રોકડ અથવા વસ્તુના રૂપમાં અથવા બંને રૂપમાં તેણે જ કઈપણ અવજ આપેલ હોય અથવા તેણે આપવાનો હોય તે અવેજ પણ તેમાં તેની પાસે કરાવવામાં આવતી કઈપણ અંગત સેવા અથવા મજૂરીનો સમાવેશ થતો નથી.

૫[(૧૬-ક) "ચાલુ ફોજી નોકર" એટલે, સંઘનો ચાલુ ફોજી નોકર, પરંતુ કોઈ વ્યકિત સંઘનો ફોજી નોકર છે કે કેમ એ વિષે પ્રશ્ન ઉભો થાય તો રાજ્ય સરકારે તેવા પ્રશ્નોનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૬-ખ) "નાનો જમીન ધારણ કરનાર" એટલે પોષણક્ષમ જમીન કરતાં ક્ષેત્રફળમાં ઓછી હોય તેટલી જમીનની ખેતી કરતો ખેડૂત, જે પોતાનો નિર્વાહ મુખ્યત્વે ખેતી દ્વારા અથવા ખેતમજૂર તરીકે ચલાવતો હોય;]

સન ૧૯૭૩ નો ગુજરાતનો ૫મો.

૬[(૧૬-ગ) "નિર્દિષ્ટ તારીખ" એટલે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૨ અમલમાં આવ્યાની તારીખ;]

(૧૭) "ગણોતવહીવટ" એટલે જમીન માલિક અને ગણોતિયા વચ્ચેનો સંબંધ;

૭(૧૮) "ગણોતિયો" એટલે પટેથી જમીન ધારણ કરતી હોય તે વ્યકિત અને તેમાં—

(ક) કલમ ૪ મુજબ ગણોતિયો ગણાતો હોય તેવી વ્યકિતનો;

(ખ) રક્ષિત ગણોતિયો હોય તેવી વ્યકિતનો; અને

(ગ) કાયમી ગણોતિયો હોય તેવી વ્યકિતનો;

૮[(ઘ) નક્કી કરેલા દિવસ પછી પરંતુ નિર્દિષ્ટ તારીખ પહેલાં કોઈપણ સમયે કોઈ જમીન અંગેનો પોતાનો ગણોત વહીવટ સોંપી દીધા પછી જે વ્યકિતએ જમીન માલિકની સંમતિથી કે તે વગર નિર્દિષ્ટ તારીખ સુધી આવી જમીનનો ખરેખર કબજો ધરાવવાનું ચાલુ રાખ્યું હોય અથવા કબજો ચાલુ રાખ્યો હોવાનું ગણાતું હોય તે કોઈ વ્યકિતનો;]

સમાવેશ થાય છે અને "જમીન માલિક" એ શબ્દનો અર્થ તદનુસાર કરવો;]

(૧૯) "ટ્રિબ્યુનલ" એટલે કલમ ૬૭ મુજબ રચેલી ખેત જમીન ટ્રિબ્યુનલ;

૯[(૨૦) "ગામ" એટલે, મહેસૂલી હિસાબોમાં ગામ તરીકે માન્ય કરેલું ગામ;]

૧૦[(૨૦-ક) "વરકસ જમીન" એટલે કયારીની ખેતીના સંબંધમાં રાબ ખાતરના હેતુ માટે વપરાતી હોય અને મહેસૂલી દફતરમાં વરકસ તરીકે જેનું વર્ગીકરણ કરવામાં આવ્યું હોય તેવી જમીન];

સન ૧૮૭૯ નો મુંબઈનો ૫મો. સન ૧૮૮૨ નો ૪થો.

(૨૧) આ અધિનિયમમાં વાપરવામાં આવ્યા હોય પણ જેમની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ યથાપ્રસંગ મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨માં જે કરવામાં આવ્યો છે તે જ થાય છે.

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૧૧)(ક)થી "ખેડૂત પાસે"એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એજનની કલમ ૨(૧૧)(ખ)થી આ સ્પષ્ટીકરણ દાખલ કર્યું છે.

૩. એજનની કલમ ૨(૧૨)થી "કલમ ૩૧ મુજબ" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪. એજનની કલમ ૨(૧૩)થી ખંડ (૧૫) કાઢી નાખ્યો છે.

૫. એજનની કલમ ૨(૧૪)થી ખંડો (૧૬-ક) અને (૧૬-ખ) દાખલ કર્યા છે.

૬. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ-૫ની કલમ ૨(૨)થી આ ખંડ દાખલ કર્યો છે.

૭. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૧૫)થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

૮. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨(૩)થી આ બાબત દાખલ કરી છે.

૯. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨(૧૬)થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

૧૦. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૨(ચ)થી આ ખંડ દાખલ કર્યો છે.

## પ્રકરણ ૨.

### ગણોત વહીવટો સંબંધી સામાન્ય જોગવાઈઓ.

મિલકત તબદીલી અધિનિયમનું પ્રકરણ ૫ લાગુ પાડવા બાબત.

૩. મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ના પ્રકરણ ૫ની જોગવાઈઓ, જેટલે સુધી તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમ જેને લાગુ પડતો હોય તેવા ગણોતવહીવટોને અને જમીનના પટાઓને લાગુ પડશે. સન ૧૮૮૨નો ૪થો.

ગણોતિયાઓ તરીકે ગણવાની વ્યકિતઓ.

૪. કોઈ જમીનની ખેતી તેનો માલિક કરતો ન હોય અને જે બીજી વ્યકિત તે જમીનની કાયદેસર ખેતી કરતી હોય તે વ્યકિત—

(ક) માલિકના કુટુંબની વ્યકિત ન હોય તો, અથવા

(ખ) જેને રોકડ અથવા વસ્તુના રૂપમાં મજૂરી આપવાની હોય પણ પાકના ભાગના રૂપમાં મજૂરી ન આપવાની હોય તેવો નોકર ન હોય અથવા માલિક અથવા માલિકના કુટુંબની કોઈ વ્યકિતની અંગત દેખરેખ હેઠળ જમીનની ખેતી કરતો દહાડિયો ન હોય, અથવા

(ગ) કબજા ગીરોદાર ન હોય,

તો, તેવી વ્યકિત ગણોતિયો ગણાશે.

સ્પષ્ટીકરણ ૧[૧].—મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૨-કમાં ઠરાવ્યા પ્રમાણે જમીનના માલિકે કરેલી અરજી ઉપરથી, યોગ્ય સત્તાધિકારીએ કોઈ વ્યકિત ગણોતિયો નથી એવું ઠરાવ્યું હોય, તો તેવી વ્યકિત આ કલમ મુજબ ગણોતિયો છે એમ ગણાશે નહિ. સન ૧૯૩૯નો મુંબઈનો ૨૯મો.

[1][સ્પષ્ટીકરણ. ૨.—જ્યાં કોઈ વિધવા અથવા સગીર અથવા શારીરિક અથવા માનસિક રીતે અશકત હોય તેવી કોઈ વ્યકિત અથવા ચાલુ ફોજી નોકર ગણોતિયા મારફત કોઈ જમીનની ખેતી કરતો હોય ત્યાં, કલમ ૨ના ખંડ (૬)ના સ્પષ્ટીકરણ ૧માં ગમે તે મજકૂર હોય તે છતાં, એવો ગણોતિયો આ કલમના અન્તર્ગત અર્થ મુજબ ગણોતિયો ગણાશે.]

રક્ષિત ગણોતિયાઓ.

[2][૪-ક. આ અધિનિયમની અનુસૂચિ ૧માં ઉલ્લેખેલા મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯ની કલમો-૩, ૩-ક અને ૪ મુજબ કોઈ વ્યકિતને રક્ષિત ગણોતિયો ગણી હોય, તો તેવી વ્યકિતને આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત ગણોતિયા તરીકે માન્ય રાખવામાં આવશે. સન ૧૯૩૯નો મુંબઈનો ૨૯મો.

મુદત પૂરી થવાથી ગણોત વહીવટ સમાપ્ત નહિ કરવા બાબત.

૪-ખ. કોઈ જમીનનો [3][(મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'ની કલમ ૭૩કક હેઠળ કલેકટરની પૂર્વ મંજૂરીથી ઊભો કરેલ ગણોત વહીવટ સિવાયનો)] કોઈ ગણોત વહીવટ તેની મુદત માટે કરાર અથવા રિવાજથી નક્કી કરેલો સમય પૂરો થયો હોવાના કારણે જ માત્ર સમાપ્ત કરવામાં આવશે નહિ.]

ટોચ મર્યાદા વિસ્તાર.

[4]૫. (૧) આ અધિનિયમના હેતુઓ માટે જમીનના ટોચમર્યાદા વિસ્તાર—

(ક) જિરાયત જમીનના ૪૮ એકરનો રહેશે, અથવા

(ખ) મોસમી સિંચાઈવાળી જમીન અથવા ડાંગર અથવા કયારીની જમીનના ૨૪ એકરનો રહેશે, અથવા

(ગ) બારમાસી સિંચાઈવાળી જમીનના ૧૨ એકરનો રહેશે.

(૨) કોઈ વ્યકિતએ ધારણ કરેલી જમીન, પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા જમીનના બે અથવા વધારે પ્રકારની હોય ત્યારે તેવી જમીનનો ટોચમર્યાદા વિસ્તાર બારમાસી સિંચાઈવાળી જમીનના એક એકર બરાબર મોસમી સિંચાઈવાળી જમીનના અથવા ડાંગર અથવા કયારીની જમીનના બે એકર અથવા જિરાયત જમીનના ચાર એકર, એ ધોરણે નક્કી કરવામાં આવશે.

[5][(૩) તે સમયે અમલમાં હોય તે પ્રમાણેના ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ નક્કી કરેલું ટોચ-મર્યાદા ક્ષેત્રફળ કોઈપણ પ્રસંગે, આ કલમમાં નિર્દિષ્ટ કરેલ ટોચ-મર્યાદા ક્ષેત્ર કરતાં, ઓછું થાય, તો આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સદરહુ અધિનિયમ હેઠળ નક્કી કર્યા પ્રમાણેનું જમીનનું ટોચ-મર્યાદા ક્ષેત્રફળ આ અધિનિયમના હેતુઓ માટેનું ટોચ-મર્યાદા ક્ષેત્રફળ રહેશે.] સન ૧૯૬૧નો ગુજરાતનો ૨૭મો.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩થી વર્તમાન સ્પષ્ટીકરણને સ્પષ્ટીકરણ ૧ તરીકે ફરી નંબર આપ્યો છે અને સ્પષ્ટીકરણ ૨ દાખલ કર્યું છે.

૨. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩થી કલમો-૪-ક અને ૪-ખ દાખલ કરી છે.

૩. સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૩૭ની કલમ ૫, અનુસૂચિ, અનુક્રમ નંબર ૧(૧)થી આ કૌંસ, શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કર્યા છે.

૪. સન૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪થી કલમો ૫, ૬, ૭, ૮ અને ૯ને બદલે આ કલમો દાખલ કરી છે.

૫. સન ૧૯૭૪ના ગુજરાત અધિનિયમ ૨ની કલમ ૩૦થી પેટા-કલમ (૩) દાખલ કરી છે.

પોષણક્ષમ જમીન.

૧[સ્પષ્ટીકરણ.—ટોચમર્યાદા વિસ્તાર ગણવામાં વરકસ જમીન બાકાત રાખવી જોઈશે]

સન ૧૮૮૨નો ૪થો.

૬. (૧) આ અધિનિયમના હેતુઓ માટે પોષણક્ષમ જમીન—

(ક) જિરાયત જમીનના ૧૬ એકર જેટલી રહેશે, અથવા

(ખ) મોસમી સિંચાઈવાળી અથવા ડાંગર અથવા ક્યારીની જમીનના ૮ એકર જેટલી રહેશે, અથવા

(ગ) બારમાસી સિંચાઈવાળી જમીનના ૪ એકર જેટલી રહેશે.

(૨) કોઈ વ્યકિતએ ધારણ કરેલી જમીન, પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી જમીનના બે અથવા વધારે પ્રકારની હોય ત્યારે પોષણક્ષમ જમીન, કલમ ૫ ની પેટા-કલમ (૨) મુજબ ટોચમર્યાદા વિસ્તારને લાગુ પડતા ધોરણે નક્કી કરવામાં આવશે.

૨[સ્પષ્ટીકરણ.—પોષણક્ષમ જમીન ગણવામાં, વરકસ જમીન બાકાત રાખવામાં આવશે.]

સિંચાઈવાળી જમીન.

૬-ક. આ અધિનિયમના હેતુ માટે,—

સન ૧૮૭૯ નો મુંબઈ નો ૭મો.

(ક) જમીનની સિંચાઈ બારમાસી હોય કે મોસમી હોય તો પણ તેમાં, મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯ના અર્થ પ્રમાણે નહેરો અથવા બંધારા સિવાયના બીજા સાધનોથી અથવા રાજ્ય સરકારે બાંધેલી અથવા નિભાવેલી કોઈ પમ્પ સિંચાઈ પધ્ધતિથી સિંચાઈ થતી હોય તેવી જમીનનો સમાવેશ થતો નથી.

સન ૧૯૩૯ નો મુંબઈ નો ૨૯મો.

(ખ) મોસમી સિંચાઈવાળી જમીનમાં, કાંપવાળી જમીનનો અને નદીના ભાઠામાં આવેલી અને જેના ઉપર એવી નદીના પાણીનાં મોસમી પૂર ફરી વળતાં હોય તેવી જમીનનો સમાવેશ થશે.

ટોચ મર્યાદા વિસ્તાર અને પોષણક્ષમ જમીનમાં ફેરફાર કરવાની સરકારની સત્તા.

સન ૧૯૩૯ નો મુંબઈ નો ૨૯મો.

૭. કલમો ૫ અને ૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે લોકહિતને ખાતર તેમ કરવાનું ઈષ્ટ છે, તો રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, ટોચમર્યાદા વિસ્તાર અથવા પોષણક્ષમ જમીનના એકરોમાં અથવા કલમ ૫ની પેટા-કલમ (૨) મુજબ એવા ટોચમર્યાદા વિસ્તાર અથવા પોષણક્ષમ જમીન નક્કી કરવાના ધોરણોમાં નીચેની બાબતો એટલે કે :—

(ક) જમીનનું સ્થળ,

(ખ) તેની ઉત્પાદન શકિત,

(ગ) જમીન પછાત વિસ્તારમાં આવેલી છે તે હકીકત, અને

(ઘ) ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબતો,

લક્ષમાં રાખીને, રાજ્ય સરકાર ફેરફાર કરે, તો તે કાયદેસર ગણાશે :

સન ૧૯૬૧ નો ગુજરાતનો ૨૭મો.

૩[પરંતુ ટોચમર્યાદા ક્ષેત્રફળ ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ તે સમયે નક્કી કર્યા પ્રમાણેના ટોચ મર્યાદા ક્ષેત્રફળથી વધુ હોય, તો તેમાં વધારો થાય તે રીતે અથવા તે એવા ક્ષેત્રફળથી ઓછું હોય, તો તે રીતે નક્કી કર્યા પ્રમાણેનું ટોચમર્યાદા ક્ષેત્રફળ વધે એ રીતે તેમાં ફેરફાર કરી શકાશે નહિ.]

વધારેમાં વધારે અને ઓછામાં ઓછું ગણોત.

૮. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને,—

(ક) પણ ગમે તે કાયદો, રૂઢિ, રિવાજ, કરાર અથવા કોર્ટના હુકમનામા અથવા હુકમ હોય તે છતાં, આપવાનું ગણોત દર વર્ષે અને રોકડ આપવું જોઈશે;

સન ૧૯૬૬ નો ગુજરાતનો ૨૭મો.

(ખ) એવું ગણોત જમીનના સંબંધમાં આપવાના આકારથી પાંચગણી રકમ અથવા એકર દીઠ વીસ રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તેના કરતાં વધારે હોવું જોઈએ નહિ અને તેવા આકારથી બમણી રકમ કરતાં ઓછું ન હોવું જોઈશે :

પરંતુ આકારથી બમણી રકમ જેટલી રકમ, દર એકરે વીસ રૂપિયા કરતાં વધારે હોય, ત્યારે ગણોત આકારથી બમણી રકમ જેટલું રહેશે.

(૨) આ કલમના હેતુ માટે "આકાર" એટલે—

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ ની કલમ ૩ થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યુ છે.

૨ એજનની કલમ ૪ થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યુ છે.

૩ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૩ થી આ પરંતુક ઉમેર્યો છે.

C14-503-3

(૧) જે વિસ્તારોમાં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ના પ્રકરણ ૮–ક મુજબ જમાબંધી કરવામાં આવી હોય અથવા જે વિસ્તારોમાં સદરહુ અધિનિયમની કલમ પર મુજબ આકાર નક્કી કરવામાં આવ્યો હોય તે વિસ્તારોમાં તેવી રીતે ઠરાવેલો અથવા નક્કી કરેલો આકાર; સન ૧૮૭૯ નો મુંબઈના ૫મો.

(૨) જે વિસ્તારોને જમીન મહેસૂલ નિયમો (૧૯૨૧)નો નિયમ ૧૯-થ લાગુ પડે છે તે વિસ્તારોમાં, તે નિયમ મુજબ લઈ શકાય તેવો આકાર;

(૩) જે વિસ્તારોને મુંબઈ વિલીન પ્રદેશો અને વિસ્તારોમાં જાગીરો નાબૂદ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૫૩ લાગુ પડતો હોય તે વિસ્તારોમાં, તે અધિનિયમની કલમ ૭ મુજબ નક્કી કરેલો વિસ્તાર; સન ૧૯૫૪ નો મુંબઈ-નો ૩૯મો.

(૪) જે વિસ્તારોમાં આકાર, પાકના ભાગના રૂપમાં અથવા ઉત્પન્નના રૂપમાં આપવાનો હોય તે વિસ્તારોમાં જમીન મહેસૂલ નિયમો (૧૯૨૧)ના નિયમ ૧૯-દ માં ઠરાવેલા સિદ્ધાંતો અનુસાર રાજ્ય સરકાર નક્કી કરે તેવો આકાર ;

(૩) રૂઢિ, રિવાજ, કબૂલાતનામું અથવા કોર્ટના હુકમનામા અથવા હુકમને લઈને, આપવાના ગણોતની રકમ, પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા વધારેમાં વધારે અથવા ઓછામાં ઓછા ગણોત કરતાં ઓછી હોય, તો તેવી રીતે આપવાની રકમ, તે જમીનના સંબંધમાં આપવાના ગણોત જેટલી રહેશે.

**સ્પષ્ટીકરણ.**—જમીન મહેસૂલ ભરવામાંથી અંશતઃ અથવા પૂર્ણતઃ મુક્ત રાખવામાં આવી હોય તેવી કોઈ જમીનના સંબંધમાં, જાણે કે તે જમીન, જમીન મહેસૂલ ભરવામાંથી અંશતઃ અથવા પૂર્ણતઃ મુક્ત રાખવામાં આવી ન હોય તેમ, તેવી જમીનના સંબંધમાં લેવાપાત્ર આકારની પૂરી રકમ, પેટા-કલમ (૧)ના હેતુઓ માટે તે જમીનને લગતો આકાર ગણાશે.

ગણોતિયાએ તેના જમીન માલિકને આપવાના ગણોતનો દર.

૯. (૧) કલમ ૮ મુજબ નક્કી કરેલા વધારેમાં વધારે અને ઓછામાં ઓછા ગણોતની મર્યાદાને અધીન રહીને, પોતાની હકૂમતની અંદરના દરેક ગામ અથવા ગામોના સમૂહ માટે અથવા તેવા ગામ અથવા સમૂહમાંના કોઈ વિસ્તાર માટે યથાપ્રસંગ તેવા ગામ અથવા ગામોના સમૂહ અથવા વિસ્તારમાં આવેલી જુદા જુદા વર્ગોની જમીનના પટા માટે ગણોતિયાએ આપવાના ગણોતનો દર મામલતદાર નક્કી કરશે :

[1][2][પરંતુ જ્યાં કલમ ૮ની પેટા-કલમ (૩)ની જોગવાઈઓ અનુસાર આપવાનું ગણોત, આ કલમ મુજબ મામલતદારો નક્કી કરેલા દરે આપવાના ગણોત કરતાં ઓછું હોય ત્યાં, આ પેટા-કલમ લાગુ પડશે નહિ.]]

(૨) એવો દર નક્કી કરતી વખતે મામલતદાર તે વિસ્તારમાં પ્રચલિત હોય તેવા ગણોત, જમીનોની ઉત્પાદન શકિત, ચીજોના ભાવો અને ઠરાવવામાં આવે તેવી બીજી બાબતો પ્રત્યે લક્ષ આપશે.

(૩) એવી રીતે નક્કી કરેલો દર પાંચ વર્ષની મુદત માટે ચાલુ રહેશે અને ત્યારપછી પાંચ પાંચ વર્ષની દરેક લાગલાગટ મુદતને અંતે મામલતદાર તે ફરીથી નક્કી કરશે :

પરંતુ એવી રીતે નક્કી કરેલો ગણોતનો દર, તેવી કોઈ મુદતને અંતે ફરીથી નક્કી કરવામાં ન આવે, તોતે એવી રીતે ફરીથી નક્કી કરવામાં આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

(૪) ગામ અથવા ગામોના સમૂહ અથવા વિસ્તારોમાં કોઈ જમીન સંબંધી ગણોતિયાએ પોતાના જમીન-માલિકને આપવાનું ગણોત પેટા-કલમ (૧) મુજબ મામલતદારે નક્કી કરેલા દર પ્રમાણે હોવું જોઈએ :

પરંતુ મામલતદાર અથવા કલેકટર કલમ ૮ની જોગવાઈઓને અધીન રહીને, આ અર્થે તેને કરેલી અરજી ઉપરથી, એવી પાંચ વર્ષની મુદત દરમિયાન કોઈપણ વખતે—

(૧) પૂર અથવા ગણોતિયાના કાબૂ બહારના બીજા કારણે જમીનનો કસ ઘટી જવાથી જમીન ખેતી માટે પૂર્ણતઃ અથવા અંશતઃ અયોગ્ય થઈ ગઈ છે એવી તેને ખાતરી થાય, તો ગણોત ઘટાડી શકાશે, અથવા

(૨) જમીનમાલિકના ખર્ચે જમીનમાં કરેલી કોઈપણ સુધારણાને લીધે તે જમીનના ખેતીના ઉત્પન્નમાં વધારો થયો છે એવી તેને ખાતરી થાય, તો ગણોત વધારી શકશે.

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૫થી આ પરંતુક ઉમેર્યો છે.

૨ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૪થી અસલને બદલે આ પરંતુક દાખલ કર્યો છે.

**ગણોતિયાએ જમીન માલિકને આપવાના ગણોતનું પ્રમાણ.**

૯-ક(૧) ગણોતિયાએ આપવાનું ગણોત, કલમ ૮ મુજબ નક્કી કરેલા વધારેમાં વધારે અને ઓછામાં ઓછા ગણોતને અધીન રહીને, ગણોતિયાએ ધારણ કરેલી જમીન જેમાં આવતી હોય તે જમીનના વર્ગના સંબંધમાં કલમ-૯ મુજબ નક્કી કરેલા દર પ્રમાણે રહશે ૧[અથવા જ્યાં કલમ ૮ ની પેટા કલમ (૩) ના અમલ મુજબ આપવાપાત્ર ગણોત કલમ ૯ મુજબ નક્કી કરેલા દર પ્રમાણેના ગણોત કરતા ઓછું હોય ત્યાં, તેવું ઓછું ગણોત રહેશે ]:

[પરંતુ ગણોતિયાએ ધારણ કરેલી કોઈ જમીન પૂર્ણત: અથવા અંશત: જમીન મહેસૂલ ભરવામાંથી મુકત રાખવામાં આવી હોય અને એવી જમીનના સંબંધમાં આપવાનું ગણોત કલમ ૯ મુજબ ઠરાવેલા દરે ભરવામાં આવ્યું હોય ત્યારે ગણોતની રકમ નીચેની રકમોની કુલ રકમ જેટલી રકમથી વધારવામાં આવશે—

(૧) એવી જમીનના સંબંધમાં લઈ શકાય તેવી પૂરેપૂરા આકારની રકમ,

(૨) સંબંધ ધરાવતા કાયદા મુજબ એવી જમીનના સંબંધમાં લીધેલા અથવા લઈ શકાય તેવા કલમ ૧૦--ક ની પેટા--કલમ (૧)ના ખંડો (ખ), (ગ) અને (ઘ)માં જણાવેલા ઉપકરની રકમો,

અને ગણોતિયો આવી રીતે વધારેલું ગણોત ભરવાને જવાબદાર થશે:

વધુમાં કોઈ વર્ષ માટે ગણોતિયાએ આપવાની ગણોતની રકમ, તે વર્ષમાં જમીનના ઉત્પન્નના ૧/૬ ભાગની કિંમત કરતાં વધુ થતી હોય, તો ગણોતિયો તે વર્ષ માટેના ગણોતમાંથી એવી વધારે રકમ કાપી લેવાને હકદાર થશે અને તે વર્ષ માટે ગણોતિયાએ પોતાના જમીન માલિકને આપવાનું ગણોતનું પ્રમાણ, આવી કપાત, જેટલે સુધી કરવામાં આવી હોય તેટલે સુધી ઘટાડવામાં આવેલું ગણાશે].

(૨) કોઈ જમીન કયા વર્ગની છે તે સંબંધી તકરાર થાય તો તકરારના પક્ષકારોમાંનો બેમાંથી કોઈ પક્ષકાર મામલતદારને અરજી કરી શકશે. મામલતદાર તપાસ કર્યા પછી તકરારનો નિર્ણય કરશે.

**ખેતીના ખર્ચમાં ફાળો આપવા માટે જમીન માલિક જવાબદાર નથી.**

૯-ખ. ગમે તે કાયદો, રિવાજ અથવા કબૂલાતનામું અથવા કોર્ટનુ હુકમનામું અથવા હુકમ હોય તે છતાં, કલમ ૯ મુજબ ગણોત નક્કી કરવામાં આવેલી જમીનના સંબંધમાં જમીન માલિક પોતાના ગણોતિયાના કબજામાં હોય તેવી જમીનની ખેતીના ખર્ચ માટે કોઈપણ ફાળો આપવાને જવાબદાર રહેશે નહિ.

**પૂર્વવર્તી કલમો મુજબ ગણોત નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી ગણોત આપવાની ગણોતિયાની જવાબદારી.**

૯-ગ. પૂર્વવર્તી કલમોની જોગવાઈઓ અનુસાર ગણોત નક્કી કરવામાં નહિ આવે ત્યાં સુધી, ગણોતિયો કલમ ૮ મુજબ ઠરાવેલા વધારેમાં વધારે ગણોતને અધીન રહીને, સુધારા અધિનિયમ, ૧૯૫૫ ના આરંભની તરત જ પહેલાં જે દરે ગણોત આપવાનું હતું તે દરે જમીન માલિકને ગણોત આપવાને જવાબદાર રહેશે; અને એવુ ગણોત અંશત: અથવા પૂર્ણત: પાકના ભાગ અથવા ઉત્પન્નના રૂપમાં આપવાનું હોય, તો એવા પાકના ભાગ અથવા ઉત્પન્નની કિંમત ઠરાવેલી રીતે નક્કી કરવામાં આવશે.

**આ અધિનિયમની જોગવાઈઓ વિરુદ્ધ વસૂલ કરેલું ગણોત પાછુ આપવા બાબત અને બીજી શિક્ષાઓ.**

૧૦. કોઈ જમીન માલિક કોઈ ગણોતિયા પાસેથી કલમ ૩[૮,૯,૯-ક અથવા ૯-ગ]ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને ગણોત વસૂલ કરે તો તેણે વસૂલ કરેલી વધારાની રકમ તરત ગણોતિયાને પાછી આપવી જોઈશે અને મામલતદાર આ અર્થે નક્કી કરે તેવું વળતર ગણોતિયાને આપવાને તે જવાબદાર થશે અને આ અધિનિયમ મુજબ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી શિક્ષાને પણ તે પાત્ર થશે.

**જમીન મહેસૂલ અને અમુક બીજા ઉપકર આપવાની ગણોતિયાની જવાબદારી.**

૪[૧૦-ક. (૧) પેટા--કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, દરેક ગણોતિયો, પોતે ગણોતિયા તરીકે ધારણ કરેલી જમીનના સંબંધમાં—

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૫થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૨ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૩થી આ પરંતુકો દાખલ કર્યા છે.
૩ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૫થી "૬,૭,૮ અથવા ૯" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૬થી આ કલમ દાખલ કરી છે.

૨[(ક) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઈઓ અનુસાર જમીન મહેસૂલ, — સન ૧૮૭૯ નો મુંબઈ નો૫મો.

(ખ) મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯ ની જોગવાઈઓ અનુસાર સિંચાઈ ઉપકર, ૧[ * * ] — સન ૧૮૭૯ નોમુંબ-ઈ નો ૭ મો.

(ગ) આ અધિનિયમની અનુસૂચિ ૨-જી માં સુધાર્યા પ્રમાણેના મુંબઈ સ્થાનિક બોર્ડ અધિનિયમ, ૧૯૨૩ મુજબ નાંખેલો ઉપકર, ૨[અને] — સન ૧૯૨૩ મુંબઈ નો ૬ઠ્ઠો.

૩[(ઘ) મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૩૩ની કલમ ૮૯ (ખ) મુજબ નાંખેલા ઉપકર,] આપવાને જવાબદાર થશે. — સન ૧૯૩૩ નોમુંબ-ઈનો ૬ઠ્ઠો.

(૨) કોઈપણ વર્ષ માટે—

(૧) પેટા-કલમ (૧) ના ખંડ (ક) મુજબ ગણોતિયાએ આપવાના જમીન મહેસૂલની,
(૨) પેટા-કલમ (૧) ના, ૪[ખંડો (ગ) અને (ઘ)] મુજબ તેણે આપવાના ઉપકરની, અને
(૩) યથાપ્રસંગ, કલમ ૯ અથવા ૯-ગ મુજબ જમીન માલિકને તેણે આપવાના ગણોતની,

એકંદર રકમ, તે જ વર્ષમાં તેવી જમીનના ઉત્પન્નના એક ષષ્ટાંશ ભાગની કિંમત કરતાં વધારે થાય તો ગણોતિયા-ને, તેણે જમીન માલિકને તે વર્ષે આપવાના ગણોતમાંથી વધારાની રકમ કાપી લેવાનો હક રહેશે અને જમીન માલિકને ગણોતિયાએ તે વર્ષ માટે આપવાના ગણોતનું પ્રમાણ, તેવી કપાત જેટલું ઓછું થયેલું ગણાશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨)માંનો કોઈપણ મજકૂર—

(ક) જાહેર કરેલા વિસ્તારમાંના ગણોતિયાએ ધારણ કરેલી જમીનને;

(ખ) કલમ ૮ની પેટા-કલમ (૩) મુજબ ૫[* * * *] ગણોત જમીન-માલિકને આપતો હોય તેવા ગણોતિયાએ, ધારણ કરેલી કોઈપણ જમીનને ૬[એવા ગણોતિયાએ કલમ ૩૨ મુજબ જમીન ખરીદી હોવાનું ગણાતું હોય અથવા કલમ ૩૨-છ અથવા ૩૨-દ મુજબ તે જમીન ખરીદે અને કલમ ૩૨-ઝ મુજબ ખરીદ કિંમત નક્કી કરવામાં આવે ત્યાં સુધી;]

૭[(ગ) ગણોતિયાએ ધારણ કરેલી જમીનને જો એવી જમીન, જમીન મહેસૂલ ભરવામાંથી પૂર્ણતઃ અથવા અંશતઃ મુક્ત રાખવામાં આવી હોય તો તેને]
લાગુ પડશે નહિ.

**તમામ ઉપકર વગેરેની નાબૂદી.**

૧૧. ૮[(૧)] ગમે તે કબૂલાતનામું, રિવાજ અથવા કાયદો હોય તે છતાં, કોઈપણ જમીન માલિક, કોઈ ગણો-તિયા પાસેથી, તે ગણોતિયા તરીકે જે જમીન ધારણ કરતો હોય તેના સંબંધમાં, તેવી જમીનના સંબંધમાં કાયદે-સર લેણા થતા ગણોત સિવાયનો બીજો કોઈ ઉપકર, રેઈટ, હક અથવા કર અથવા કોઈપણ વર્ણનની અથવા પ્રકારની સેવા લે, તો તે કાયદેસર ગણાશે નહિ.

૯[(૨) કલમ ૧૦-ક મુજબ કોઈપણ ઉપકર ભરવાની ગણોતિયાની જવાબદારીને પેટા-કલમ (૧)માંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.]

૧૨. [વાજબી ગણોત સંબંધી તપાસ. [ સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૮થી કાઢી નાખી.

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૬(૧) (૧) થી "અને" એ મજકૂર રદ કર્યો છે.
૨ એજનની કલમ ૬ (૧) (૨) થી આ મજકૂર દાખલ કર્યો છે.
૩ એજનની કલમ ૬(૧)(૩) થી આ ખંડ દાખલ કર્યો છે.
૪ એજનની કલમ ૬(૨) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૫ એજનથી કલમ ૬ (૩) થી આ મજકૂર દાખલ કર્યો છે.
૬ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૩થી આ મજકૂર દાખલ કર્યો છે.
૭ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૪થી આ ખંડ દાખલ કર્યો છે.
૮ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૭થી આ કલમને તે કલમની પેટા-કલમ (૧) તરીકે નવો નંબર આપ્યો છે.
૯ એજનથી આ પેટા-કલમ દાખલ કરી છે.

સન ૧૮૭૯ નો મુંબઈ નો ૫મો.

ગણોત મોકૂફ રાખવું અથવા માફ કરવું.

**૧૩.** (૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૮૪-કમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જ્યારે કોઈ-પણ કારણને લીધે કોઈ જમીનના ૧[**]સંબંધમાં સરકારને ભરવાની જમીન મહેસૂલની આખી રકમ ભરવાનું મોકૂફ રાખવામાં આવે અથવા તે માફ કરવામાં આવે ત્યારે, જમીન માલિક, તેના ગણોતિયાએ તેવી જમીન માટે આપવાનું ગણોત, યથાપ્રસગ લેવાનું મોકૂફ રાખવું અથવા તે માફ કરવું જોઈશે. જો એવી જમીનની બાબતમાં, જમીન મહેસૂલ અંશતઃ મોકૂફ રાખવામાં અથવા માફ કરવામાં આવ્યું હોય, તો જમીન માલિકે તેવી જમીનના ગણોતિયાએ આપવાનું ગણોત તે જ પ્રમાણમાં લેવાનું મોકૂફ રાખવું અથવા તે માફ કરવું જોઈશે.

(૨) તેવી જમીનના સંબંધમાં સરકારને કાંઈપણ જમીન મહેસૂલ ભરવાનું ન હોય અને કોઈપણ કારણે એવી જમીનની પડોશમાંની બીજી કોઈ જમીનના સંબંધમાં સરકારને ભરવાના જમીન મહેસૂલની આખી રકમ અથવા તેનો કોઈ ભાગ મોકૂફ રાખવામાં અથવા માફ કરવામાં આવ્યો હોય તો કલેકટરે સરકારના સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને એવી જમીનના સંબંધમાં લેણું થતું ગણોત અથવા તેનો ભાગ જમીન માલિકને ભરવાનું પેટા-કલમ (૧)માં ઠરાવેલી રીતે, યથા પ્રસંગ, મોકૂફ રાખવું અથવા માફ કરવું જોઈશે.

સન ૧૮૭૯ નો મુંબઈ-નો ૫મો

(૩) આ કલમ મુજબ જે કાંઈપણ ગણોત ભરવાનું માફ કરવામાં આવ્યું હોય અથવા જે મુદતને માટે તેવું ગણોત મોકૂફ રાખવામાં આવ્યું હોય તે મુદત દરમિયાન જમીન માલિકે ગણોત વસૂલ કરવા માટે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૮૬ અને ૮૭ મુજબ સહાય મેળવવા માટે કરેલી અરજી સ્વીકારવામાં આવશે નહિ અથવા કોઈપણ દાવો થઈ શકશે નહિ અને દીવાની કોર્ટનું કોઈપણ હુકમનામું બજાવી શકાશે નહિ. જે મુદત દરમિયાન આ કલમ મુજબ ગણોત ભરવાનું મોકૂફ રાખવામાં આવ્યું હોય તે મુદત એવું ગણોત વસૂલ કરવા માટેનો કોઈ દાવો અથવા કાર્યવાહી કરવા માટે ઠરાવેલી મુદતની ગણતરી કરવામાં બાતલ રાખવી જોઈશે.

સન ૧૮૭૯ નો મુંબઈ નો ૫મો.

(૪) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૮૬ અને ૮૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન માલિકને સહાય માટે સદરહુ અધિનિયમની કલમ ૮૭ની પેટા-કલમ (૨) મુજબ હુકમ કરતી વખતે કલેકટરે, આ કલમની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) મુજબ અથવા સદરહુ અધિનિયમની કલમ ૮૪-ક મુજબ માફ કરવાની રકમ બાદ કર્યા પછી ગણોતિયા પાસે લેણી થતી, ગણોતની રકમ કરતા વધારાની કંઈ રકમ તેવા ગણોતિયાએ જમીન માલિકને આપી હોય, તો તે રકમ ગણોતિયાને મજરે આપવી જોઈશે. સદરહુ અધિનિયમની કલમ ૮૬ મુજબ કરવામાં આવેલી અરજીની તારીખની તરત જ પહેલાંના ત્રણ વર્ષની મુદત દરમિયાન તેવા ગણોતિયાએ તેવા જમીન માલિકને આપેલી રકમોની બાબતમાં જ આ પેટા-કલમ મુજબ રકમ મજરે આપવામાં આવશે.

(૫) કોઈ જમીન માલિક આ કલમમાં ઠરાવ્યા પ્રમાણે ગણોત લેવાનું મોકૂફ રાખે નહિ અથવા તે માફ કરે નહિ તો, આ કલમનું ઉલ્લંઘન કરીને તેણે વસૂલ કરેલી રકમ ગણોતિયાને પાછી આપવાને તે જવાબદાર થશે. ગણોતિયો તે રકમ વસૂલ કરવા માટે મામલતદારને અરજી કરી શકશે અને મામલતદાર તપાસ કર્યા પછી, તે રકમ પાછી આપવા માટેનો ૨[અને ઠરાવવામાં આવે તેવી શિક્ષા જમીન માલિકને કરવા માટેનો] હુકમ કરી શકશે.

ગણોતિયાની કસૂર બદલ ગણોત વહીવટીની સમાપ્તિ.

૩[૧૪. (૧) ગમે તે કાયદો, કબૂલાતનામું અથવા રિવાજ અથવા કોર્ટનું હુકમનામું અથવા હુકમ હોય તે છતાં,—

(ક) (૧) ગણોતિયાએ કોઈપણ મહેસૂલી વર્ષ માટેનું ગણોત તે વર્ષના મે મહિનાની ૩૧મી તારીખ પહેલાં આપ્યું હોય તો;

(૨) ગણોતિયાએ જમીન તારાજ કરે અથવા તેને કાયમનું નુકશાન કરે તેવું કોઈપણ કૃત્ય કર્યું ન હોય તો;

(૩) ગણોતિયાએ કલમ **૨૭**નું ઉલ્લંઘન કરીને જમીનના પેટા-વિભાગ કર્યા હોય, તે પેટા-ગણોતે આપી ન હોય અથવા નામફેર કરી **આપી** ન હોય તો;

(૪) ગણોતિયાએ તે જમીનની જાતે ખેતી કરી હોય તો; અથવા

(૫) ગણોતિયાએ તેવી જમીન, ખેતી અથવા સંબંધ્ધ ધંધાઓ સિવાયના બીજા હેતુ માટે વાપરી ન હોય તો; અને

(૬) ગણોત વહીવટ સમાપ્ત કરવાનો પોતાનો નિર્ણય અને એવી સમાપ્તિનું કારણ જણાવતી ત્રણ મહિનાની લેખિત નોટિસ જમીન માલિકે ગણોતિયાને આપી ન હોય અને તે મુદતની અંદર જે ભંગને કારણે ગણોત વહીવટ સમાપ્ત થવાને પાત્ર થતો હોય તે ભંગ માટેનો ઈલાજ ગણોતિયાએ કર્યો હોય તો,

કોઈ જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંનો કોઈપણ મજકૂર, કાયમી ગણોતિયાએ ધારણ કરેલી કોઈ જમીનના ગણોતવહીવટને લાગુ પડશે નહિ, સિવાય કે એવા ગણોત વહીવટની શરતોથી સદરહુ પેટા-કલમમાં જણાવેલા કોઈ કારણને લીધે ગણોત વહીવટ સમાપ્ત થવાને પાત્ર હોય].

---

૧ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૯(૧)થી "જમીન માલિકે" એ શબ્દો કાઢી નાખ્યા છે.
૨ એજનની કલમ ૯(૨)થી આ શબ્દો ઉમેર્યા છે.
૩ એજનની કલમ ૧૦થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.

**ગણોતિયાએ સોંપી દેવા બાબત.**

૧[૧૫. (૧) આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય છતાં, કોઈ ગણોતિયાથી કોઈ જમીન અંગેના ગણોત-વહીવટમાં પોતાનો હિત સંબંધ જમીન માલિકની તરફેણમાં સોંપી દઈને સદરહુ ગણોતવહીવટ કોઈપણ સમયે સમાપ્ત કરી શકાશે નહિ.

(૨) જો કોઈ ગણોતિયો કોઈ જમીન અંગેના ગણોત વહીવટમાંનો પોતાનો હિત સંબંધ સોંપી દઈને સદરહુ ગણોત વહીવટ સમાપ્ત કરવા માંગે, તો તેણે જમીન માલિક અને કલેકટરને એ મતલબની લેખિત જાણ કરવી જોઈશે. એવી જાણ થયે, કલેકટરે જમીન માલિક, ગણોતિયા અને જમીનમાં હિત સંબંધ ધરાવતી અન્ય કોઈ વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર જમીન માલિકને ચઢેલું ગણોત આપવા ગણોતિયાને ફરમાવવું જોઈશે અને તે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો અને આવો ગણોત-વહીવટ સમાપ્ત થતાં રાજ્ય સરકારે જમીન માલિક પાસેથી તે જમીન સંપાદિત કરી હોય તેમ સદરહુ જમીન રાજ્ય સરકારમાં તમામ બોજા વગર નિહિત કરવાનો આદેશ કરતો હુકમ કરવો જોઈશે અને કલમ ૩૨-ધની પેટા-કલમ (૨)ના ખંડ (ગ) હેઠળ જોગવાઈ કરેલી રીતે જમીનનો નિકાલ કરી શકાશે.

(૩) પેટા-કલમ (૨)ની જોગવાઈઓ હેઠળ કોઈ જમીન રાજ્ય સરકારમાં નિહિત થાય, ત્યારે જમીન માલિક તે જમીનની કિંમત જેટલી રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવવાને હકદાર થશે અને કલમ ૩૨-ધની પેટા-કલમ (૨) હેઠળ તે જમીન વેચવામાં આવી હોય તેમ, તે કલમની પેટા-કલમ (૫)માં જોગવાઈ કરેલી રીતે એવી કિંમત નક્કી કરીને આપવાની રહેશે.

(૪) ગણોતિયો, ચઢેલું ગણોત પેટા-કલમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર જમીન માલિકને આપે નહિ, તો તે ગણોત, જમીન મહેસૂલની બાકી તરીકે ગણોતિયા પાસેથી વસૂલ કરીને જમીનમાલિકને આપવામાં આવશે.]

**રહેવાનું ઘર ખાલી કરાવવા ઉપર પ્રતિબંધ.**

૧૬. (૧) જો કોઈ ગામમાં કોઈ ગણોતિયો પોતાના જમીન માલિકની જગા ઉપર પોતાને ખર્ચે અથવા હકના પુરોગામીના ખર્ચે બાંધેલા રહેવાના ઘરનો ભોગવટો કરતો હોય તો તે ગણોતિયા પાસેથી—

(ક) તે રહેવાનું ઘર અથવા ગણોતિયા અથવા તેના હકના પુરોગામીએ બાંધેલું નહોતું એમ એ જમીન-માલિક સાબિત કરે તે સિવાય; અને

(ખ) તેવી જગાના ઉપયોગ અને ભોગવટા માટે એવો ગણોતિયો જો કોઈ ભાડું આપતો હોય તો, તે ભાડું આપવામાં ૨[ત્રણ વખત કસૂર] કરે તે સિવાય;

એવું રહેવાનું ઘર (તેના સામાન અને જગા અને તેની લગોલગ આવેલી અને તેના ઉપયોગ માટે જરૂરી જમીન સહિત) ખાલી કરાવી શકાશે નહિ.

(૨) તેની પાસેથી ખેતીના હેતુઓ માટે વપરાતી હોય તેવી જે જમીન ૩[કલમ ૩૧] મુજબ ખાલી કરાવવામાં આવી હોય તે જમીન પર આવેલા રહેવાના ઘરને પેટા-કલમ (૧)ની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

**જે જગા પર ગણોતિયાએ રહેવાનું ઘર બાંધ્યું હોય તે જગા ખરીદવા માટે તેને પ્રથમ પસંદગી આપવી.**

૧૭. (૧) કલમ ૧૬માં ઉલ્લેખેલી જગા જેની માલિકીની હોય તે જમીન માલિક એવી જગા વેચવાનો ઈરાદો રાખતો હોય, તો જે ગણોતિયાને ખર્ચે અથવા જેના હકના પુરોગામીને ખર્ચે તે જગા ઉપર રહેવાનું ઘર બાંધ્યું હોય તે ગણોતિયાને ટ્રિબ્યુનલે નક્કી કરેલી લ|કમતે પેટા-કલમ (૨)માં ઠરાવેલી રીતે તે જગા ખરીદવાની પસંદગી આપવી જોઈશે.

(૨) એવી જગા વેચવાનો ઈરાદો રાખતા જમીન માલિકે ગણોતિયાને લેખિત નોટિસ આપવી જોઈશે અને તેમાં તે ગણોતિયા તે જગા ખરીદવા ખુશી છે કે કેમ તે બાબત સદરહુ નોટિસ બજાવ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર જણાવવાનું ફરમાવવું જોઈશે.

(૩) જો આવી રીતે નિર્દિષ્ટ કરેલી ત્રણ મહિનાની મુદતની અંદર ગણોતિયો જમીન માલિકને લખીને જણાવે કે જગા ખરીદવાને પોતે ખુશી છે,, તો જમીન માલિકે તે ધરથારની કિંમત નક્કી કરવા માટે ટ્રિબ્યુનલને અરજી કરવી જોઈશે. એવી અરજી મળેથી ટ્રિબ્યુનલે ગણોતિયોને નોટિસ આપ્યા પછી અને તપાસ કર્યા પછી ત જગાની કિંમત નક્કી કરવી જોઈશે. ૪[એવી કિંમત તેના વાર્ષિક ભાડાંની વીસગણી રકમથી વધારે હોવી ન જોઈએ.] ટ્રિબ્યુનલે, લેખિત હુકમથી ગણોતિયાને એવા હુકમની તારીખથી ૫[એક વર્ષની અંદર] તેવી જગાની કિંમત જેટલી રકમ અનામત મૂકવાનું ફરમાવી શકશે. એવી રકમ અનામત મૂકવામાં આવે તે જગા ગણોતિયાને તબદીલ થયેલી ગણાશે અને અનામત મૂકેલી રકમ જમીન માલિકને આપવામાં આવશે. ઠરાવેલી ફી આપવામાં આવ્યેથી ટ્રિબ્યુનલે તેવા ગણોતિયાને ઠરાવેલા નમૂના પ્રમાણેનું પ્રમાણપત્ર આપવું જોઈશે અને તેમાં તેવી રીતે તબદીલ કરેલ જમીન અને તેવા ગણોતિયાનું નામ નિર્દિષ્ટ કરવાં જોઈશે.

---

૧. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૪થી કલમ ૧૫ને બદલે આ કલમ મૂકી છે.

૨. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૧૨(૧)થી "કસૂર" એ શબ્દને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૧૨(૨) થી "કલમ ૩૪ની પેટા-કલમ (૧)" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪. એજનની કલમ ૧૩થી આ મજકૂર દાખલ કર્યો છે.

૫. એજનથી "ત્રણ મહિનાની અંદર" એ મજકૂર ને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

(૪) ગણોતિયો પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલા વખતની અંદર, પોતે જમીન ખરીદવાને ખુશી છે એમ જણાવે નહિ અથવા પેટા-કલમ (૩) માં નિર્દિષ્ટ કરેલા વખતની અંદર કિંમતની રકમ અનામત મૂકે નહિ તો તે ગણોતિયાએ તે જગા ખરીદવાની તેની પ્રથમ પસંદગીનો પોતાનો હક જતો કર્યો છે એમ ગણાશે અને ત્યારપછી ટ્રિબ્યુનલ એવા રહેવાના ઘરના બાંધકામની કિંમત માટે નક્કી કરે તેવું વળતર આપીને તે ગણોતિયાને જગા ખાલી કરાવવાનો અથવા પોતાની મરજી અનુસાર ગણોતિયાને તેના બાંધકામનો સામાન ખસેડવા દેવાનો જમીન માલિકને હક રહેશે.

(૫) આ કલમનું ઉલ્લંઘન કરીને જગાનું કરેલું વેચાણ રદબાતલ ગણાશે.

૧[ ૧૭-ક. (૧) કલમ ૧૬ માં ઉલ્લેખેલો ગણોતિયો, જેના ઉપર રહેવાનું ઘર બાંધેલું હોય તેવી જગા ખરીદવાનો ઈરાદો રાખતો હોય, તો તેણે તે મતલબની લેખિત નોટિસ જમીન માલિકને આપવી જોઈશે.

કલમ ૧૬માં ઉલ્લેખેલી જગા ખરીદવાનો ગણોતિયાનો હક.

(૨) જો જમીન માલિક, તેવી માગણી કર્યાની તારીખથી, ત્રણ મહિનાની અંદર માગણી સ્વીકારવાની અને વેચાણ-ખત કરવાની ના પાડે અથવા તેમ ન કરે, તો ગણોતિયો, તે જમીનના વાર્ષિક ગણોતની વીસ ગણી રકમ કરતાં વધારે ન હોય તેટલી તેની વાજબી કિંમત નક્કી કરવા માટે ટ્રિબ્યુનલને અરજી કરી શકશે; અને તેમ થયે, કિંમત નક્કી કરવા અને આપવા માટેની અને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવા માટેની આ કલમ પછીની તરતની બીજી કલમમાંની જોગવાઈઓ તેને લાગુ પડશે.

૧૭-ખ. ૨[(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરે તે તારીખે અને ત્યારથી કલમ ૧૬ માં ઉલ્લેખેલા દરેક ગણોતિયાએ પોતાના ભોગવટામાં હોય તે રહેવાનું મકાન જે જગા ઉપર બાંધ્યું હોય તે જગા અને તેને તદ્દન સંલગ્ન અને રહેવાના મકાનના ભોગવટા માટે જરૂરી જમીન ટ્રિબ્યુનલ નક્કી કરે તે કિંમતે પોતાના જમીનમાલિક પાસેથી તમામ બોજા વગર ખરીદેલી છે એમ ગણાશે. પરંતુ એવી કિંમત તે જગાના વાર્ષિક ભાડાથી વીસ ગણી રકમથી વધુ ન હોવી જોઈએ.]

નિર્દિષ્ટ કરેલી તારીખથી કલમ ૧૬માં ઉલ્લેખેલી જગાઓ ગણોતિયાએ ખરીદેલી છે એમ ગણાશે.

(૨) * * * * * *]

(૩) ત્યારપછી શકય હોય તેટલું જલદી, ટ્રિબ્યુનલે પોતાની હકૂમતમાંના જે ગામમાં એવી તમામ જગાઓ આવેલી હોય તે ગામમાં એક નોટિસ પ્રસિદ્ધ કરવી અથવા કરાવવી જોઈશે અને વ્યવહાર્ય હોય તેટલે સુધી, તેવા દરેક જમીન માલિક અને ગણોતિયાને અને તેવી જગામાં હિતસંબંધ ધરાવતી બીજી કોઈ વ્યક્તિને નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે પોતાની સમક્ષ હાજર થવાની નોટિસ આપવી જોઈશે. ગામમાં પ્રસિદ્ધ કરેલી નોટિસ ચાવડીમાં અથવા ટ્રિબ્યુનલ ફરમાવે તેવી સાર્વજનિક જગામાં ચોંટાડવી જોઈશે.

(૪) ટ્રિબ્યુનલે આવા જમીન માલિક, ગણોતિયા અને હિતસંબંધ ધરાવતી બીજી વ્યક્તિને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી અને તપાસ કર્યા પછી તે જગાની કિંમત નક્કી કરવી જોઈશે.

(૫) પેટા-કલમ (૪) મુજબ જગાની કિંમત નક્કી થયે, ગણોતિયાએ —

(ક) ટ્રિબ્યુનલ નક્કી કરે તેવી તારીખોથી એક વર્ષની અંદર એકસામટી રકમ આપીને, અથવા

(ખ) ટ્રિબ્યુનલ નક્કી કરે તેવા દર વર્ષે ૪-૧/૨ ટકાના દરના સાદા વ્યાજથી ત્રણ કરતાં વધારે ન હોય તેટલા હપ્તાઓમાં અને ત્રણ વર્ષની મુદત કરતાં વધારે ન હોય તેટલી મુદત દરમિયાન તેવા ગાળાઓએ અને તેવી તારીખોએ અથવા તેવી તારીખો પહેલાં ટ્રિબ્યુનલ પાસે તેવી કિંમત અનામત મૂકવી જોઈશે અને ટ્રિબ્યુનલે એમ ફરમાવવું જોઈશે કે એક સામટી અનામત મૂકેલી રકમ અથવા દરેક ગાળાએ અનામત મૂકેલ હપ્તાઓની રકમ, કલમ ૩૨-ન ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેટલે સુધી, તે અનુસાર આપવી જોઈશે.

(૬) એકસામટી રકમ આપીને કિંમતની રકમ અથવા તેવી કિંમતનો છેલ્લો હપ્તો અનામત મૂકવામાં આવ્યેથી અને ઠરાવેલી ફી આપવામાં આવ્યેથી, ટ્રિબ્યુનલે જગાના ખરીદનાર તરીકે ગણોતિયાને જાહેર કરતું એક પ્રમાણપત્ર તેને ઠરાવેલી રીતે આપવું જોઈશે. એવું પ્રમાણપત્ર વેચાણનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૭) પેટા-કલમ (૫) મુજબ ટ્રિબ્યુનલે નક્કી કરેલી તારીખ અથવા તે પહેલાં કોઈ હપ્તો ગણોતિયો ભરે નહિ તો એવા હપ્તાની રકમ તેના ઉપરનું વ્યાજ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૮) પેટા-કલમ (૪) મુજબ તપાસ કર્યા પછી, ટ્રિબ્યુનલને એવી ખાતરી થાય કે, ગણોતિયો જગા ખરીદવાને ખુશી નથી, તો ટ્રિબ્યુનલે જમીન માલિકને તેવી મતલબનું એક પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે. એવું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યે, જમીન માલિકને તે ગણોતિયાને જગા ખાલી કરાવવાનો તથા એવા રહેવાના ઘરના બાંધકામની કિંમત માટે ટ્રિબ્યુનલ નક્કી કરે તેવું વળતર આપીને અથવા ગણોતિયાની મરજી હોય તો તેને બાંધકામનો સામાન ખસેડવા દીધા પછી પોતાને યોગ્ય લાગે તેવી રીતે તે જગાની વ્યવસ્થા કરવાનો હક રહેશે:]

---

૧. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૧૪ થી આ કલમો દાખલ કરી છે.

૨. સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૫ (૧) થી પેટા-કલમો (૧) અને (૨) ને બદલે આ પેટા-કલમ મૂકી છે.

૧[ પરંતુ ટ્રિબ્યુનલે નક્કી કરેલી કિંમતે જગા ખરીદવાનો વિકલ્પ પ્રથમ જેની પાસે મકાન માટેની જમીન ન હોય તે ખેત-મજૂરને, ભૂમિહિન વ્યકિતને, નાના જમીન ધારણ કરનારને અથવા ગ્રામ કારીગરને આપ્યા સિવાય જમીન માલિકથી કોઈપણ રીતે જગાનો નિકાલ કરી શકાશે નહિ અને કોઈ જગાનો, આવો વિકલ્પ આપ્યા વગર નિકાલ કરવામાં આવે, ત્યારે આવો નિકાલ રદબાતલ ગણાશે:

વધુમાં પ્રથમ પરંતુકમાં જણાવેલી વ્યકિતઓ પૈકી કોઈપણ વ્યકિતએ ખરીદીનો વિકલ્પ વાપર્યો ન હોય, તો કલમ ૬૩ ની જોગવાઈઓ જગાનો કોઈપણ રીતે નિકાલ કરવાને લાગુ પડશે.

**ખેતમજૂરો વગેરેના રહેવાના ઘરો.**

૨[ ૧૮. કલમ ૧૬, ૧૭, ૧૭-ક અને ૧૭-ખ ની જોગવાઈઓ—

(ક) કોઈ ગામમાં ખેતમજૂરો અને કારીગરો જેનો ભોગવટો કરતા હોય તેવાં રહેવાના ઘરો અને તેની જગાઓને લાગુ પડશે; અને

(ખ) એવા ધંધાના હેતુ માટે સંબંદ્ધ ધંધો ચલાવતી વ્યકિતઓએ કોઈ ગામમાં પટે ધારણ કરેલી જમીનોને લાગુ પડશે ].

**ગણોતિયાએ રોપેલા ઝાડો ઉપરના તેના હકો.**

૧૯. પોતાને પટે આપેલી કોઈ જમીનમાં ગણોતિયાએ કોઈ ઝાડ રોપ્યાં હોય અથવા તે રોપે, તો તેનો ગણોત વહીવટ ચાલુ રહે તે દરમિયાન તેવાં ઝાડોનાં ઉત્પન્ન અને લાકડાં માટે તે હકદાર થશે અને ગણોત વહીવટ સમાપ્ત થાય એટલે, મામલતદાર તે ઝાડો માટે ઠરાવે તેટલું વળતર મેળવવાનો તેને હક રહેશે:

પરંતુ ગણોતવહીવટ, ગણોતિયાએ પોતે કરેલી સોંપણીથી સમાપ્ત થયો હોય તો આ કલમ મુજબ ગણોતિયાને વળતર મેળવવાનો હક રહેશે નહિ:

વધુમાં ગણોતવહીવટ ચાલુ રહે તે દરમિયાન જમીન માલિકને, ઝાડો રોપવામાં આવ્યા ન હોય તેમ જમીનનું ગણોત મેળવવાનો હક રહેશે.

**કુદરતી રીતે ઉગતા ઝાડોના ઉત્પન ઉપર હક.**

૨૦. (૧) ગણોતિયાને તેનો ગણોત વહીવટ ચાલુ રહે તે દરમિયાન જમીન ઉપર કુદરતી રીતે ઉગતાં ઝાડોના કુલ ઉત્પન્નનો બે-તૃતીયાંશ ભાગ મેળવવાનો હક રહેશે અને જમીન માલિકને તેવાં ઝાડોનાં ઉત્પન્નનો એક-તૃતીયાંશ ભાગ મેળવવાનો હક રહેશે.

(૨) તેવાં ઝાડોનાં ઉત્પન્નના હક બાબત અથવા પેટા-કલમ (૧) મુજબ જોગવાઈ કર્યા પ્રમાણે તેવા ઉત્પન્નની ફાળવણી બાબત કોઈપણ તકરાર થાય તો ગણોતિયો અથવા જમીન માલિક મામલતદારને અરજી કરી શકશે. એવી અરજી ઠરાવવામાં આવે તેવા નમૂના પ્રમાણે હોવી જોઈએ.

(૩) તેવી અરજી મળ્યે, મામલતદારે તપાસ કર્યા પછી, તેની ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઈશે.

૨૧. [સંઘની લશ્કરી, નૌસેના સંબંધી અથવા વાયુસેનાની સેવામાં હોય તેવી વ્યકિતએ અથવા તેના વતી જમીન પેટા-ભાડે આપવાથી ગણોતવહીવટ સમાપ્ત થશે નહિ.] સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૧૬ થી કાઢી નાંખી.

**બાણો જાળવવાં માટે ગણોતિયાઓ જવાબદાર ગણાશે.**

૨૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ ૧૨૩ માં ગમે તે મજકૂર હોય તે છતાં, ગણોતિયાએ ધારણ કરેલી જમીનમાં બાણો જાળવવા અને સારી હાલતમાં રાખવા માટે અને તેવાં બાણોમાં ફેરફાર કરવા, તે ખસેડવા અથવા તેની ખરાબ હાલતની બાબતમાં, મહેસૂલ અધિકારીઓએ બજાવેલી નોકરીને અંગે જે કાંઈ વાજબી ખર્ચ થયું હોય તેને માટે ગણોતિયો જવાબદાર રહેશે. સને ૧૮૭૯ નો મુંબઈ-નો ૫મો.

**રક્ષણાત્મક બંધોની મરામત.**

૨૩. (૧) વિરુદ્ધનું ગમે તે કબૂલાતનામું, રિવાજ અથવા રૂઢિ હોય તે છતાં ૩[રાજ્ય] સરકારને એવું જણાય કે કોઈ જમીનનું રક્ષણ કરતાં કોઈપણ બંધોનાં બાંધકામ, નિભાવ અથવા મરામત બાબતમાં જમીનમાલિક અને ગણોતિયા વચ્ચેની તકરારને લીધે અથવા બીજા કોઈ કારણે ઉપેક્ષા કરવામાં આવી છે, તો તે લેખિત હુકમથી એમ ફરમાવી શકશે કે તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી વ્યકિતઓએ તે બાંધકામ, નિભાવ અથવા મરામત કરવાં જોઈશે અને તેનું ખર્ચ તે જમીનનો ખરેખરો કબજો ધરાવતી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવું જોઈશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ જેની પાસેથી ખર્ચ વસૂલ કરવામાં આવે તે વ્યકિતને તે રકમ અથવા તેનો કોઈપણ ભાગ, જે વ્યકિત કોઈ કબૂલાતનામું, રિવાજ અથવા રૂઢિ મુજબ તે બંધો બાંધવાને, નિભાવવાને અથવા તેની મરામત કરવાને પૂર્ણત: અથવા અંશત: જવાબદાર હોય તે વ્યકિત પાસેથી વસૂલ કરવાનો હક રહેશે.

---

૧. સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૫(૨) થી આ પરંતુક ઉમેર્યો છે.
૨. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૧૫ થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.
૩. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, જે જમીનના રક્ષણાત્મક બંધોની ઉપેક્ષા કરવામાં આવી હોય તે કોઈપણ જમીનનો ગણોતિયો, તેવા બંધો બાંધવાનું, નિભાવવાનું અથવા તેની મરામત કરાવવાનું કામ તેને ખર્ચે કરે, તો તે કાયદેસર ગણાશે અને તેણે તેવી રીતે કરેલું ખર્ચ, તે મામલતદારને અરજી કરેએટલે,કબૂલાતનામું,રિવાજ અથવારૂઢિમુજબ જમીનમાલિકની જે જવાબદારી હોય તે અનુસાર જમીનમાલિક પાસેથી વસૂલ કરી શકશે. ગણોતિયાએ બંધોનાં બાંધ-કામ, નિભાવ અથવા મરામત માટે કરેલું ખર્ચ આપવાને જમીનમાલિકને પૂર્ણત: અથવા અંશત: જવાબદાર ઠરાવવામાં આવે ત્યારે, ગણોતિયાની અરજીની કાર્યવાહીને લગતું ખર્ચ પણ જમીનમાલિક પાસેથી વસૂલ કરી શકાશે.

**અમુક દાખલાઓમાં ગણોત વહીવટ સમાપ્ત કરવાના સંબંધમાં રાહત.**

૨૪. કોઈપણ ગણોતિયાએ ધારણ કરેલી કોઈ જમીનનો કોઈ ગણોતવહીતટ, ગણોતિયાએ તે જમીન તારાજ થાય એવું અથવા તેને કાયમનું નુકશાન થાય એવુંકોઈપણ કૃત્ય કર્યું હોવાનાં કારણે સમાપ્ત કરવામાં આવે, ત્યારે જમીનમાલિકે ગણોતિયાને લેખિત નોટિસ આપીને તેમાં જમીન તારાજ કરવાનાં અથવા તેને નુકશાન કરવાના જે કૃત્ય બદલ ફરિયાદ કરવામાં આવી હોય તે કૃત્ય જણાવ્યું ન હોય તો અને ત્યાં સુધી અને ગણોતિયો નોટિસ બજાવ્યાની તારીખથી એક વર્ષની મુદતની અંદર, આવી રીતે જમીન તારાજ કરવા અથવા નુકશાન કરતા પહેલાં જે સ્થિતિમાં તે જમીન હતી તે સ્થિતિમાં લાવે નહિ તો અને ત્યાં સુધી આવા ગણોતિયા સામે જમીન ખાલી કરાવવા માટેની કોઈપણ કાર્યવાહી થઈ શકશે નહિ.

**ગણોત નહિ આપવાને કારણે ગણોત વહીવટ સમાપ્ત કરવાના સંબંધમાં રાહત.**

૨૫. ૧[(૧)] કોઈ ગણોતિયાએ ધારણ કરેલી જમીનનો કોઈ ગણોતવહીવટ ગણોત નહિ આપવાને, કારણે સમાપ્ત કરવામાં આવ્યો હોય અને જમીનમાલિક ગણોતિયાને જમીન ખાલી કરાવવા માટે કોઈ કાર્યવાહી કરે ત્યારે, મામલતદારે તે ગણોતિયાને હુકમ કરીને તે હુકમની તારીખથી ૨[ત્રણ મહિનાની]અંદર જમીનમાલિકને ગણોતની બાકી રકમ તથા કાર્યવાહીનું ખર્ચ આપવાનું ફરમાવવવું જોઈશે અને જો ગણોતિયા એવા હુકમનું પાલન કરે, તો મામલતદારે તેને જમીન ખાલી કરવાના હુકમ કરવાને બદલે ગણોતવહીવટ સમાપ્ત થયો નથી એવું ફરમાવતો હુકમ કરવો અને તેમ થયે, ગણોતિયો તે જમીન, ગણોતવહીવટ, સમાપ્ત થયો નથી, તેવી રીતે ધારણ કરશે:

૩[પરંતુ જો મામલતદારને એવી ખાતરી થાયકેપાકસર્વાંશેઅથવાઅંશત:નિષ્ફળ ગયો હોવાના પરિણામે અથવા એવી બીજી આપત્તિને પરિણામે, ગણોતિયો લેણું થતુંગણોતઆપવાનેઅશકિતમાન થયો છે,તો મામલતદાર કારણોની લેખિત નોંધ કરીને એવું ફરમાવી શકશે કે ગણોતની બાકી, કાર્યવાહીનું ખર્ચ જો આપવામાં આવે તો તે સહિત હુકમની તારીખથી એક વર્ષની અંદર આપવી અને સદરહુ મુદત પૂરી થતાં પહેલાં ગણોતિયો ગણોતની અને ખર્ચની સદરહુ બાકી આપે નહિ તો ગણોત વહીવટ સમાપ્ત થયો છે ઑર ગણાશે અને ગણોતિયો જમીન ખાલી કરાવવાનેપાત્ર થશે.]

(૨) ૪[આ કલમમાંનો કોઈપણ મજકૂર,] જો કોઈપણ ગણોતિયાએ કોઈપણ ત્રણ વર્ષ માટે ગણોત આપ્યું ન હોય ૫[અને તેવી દરેક કસૂર વખતે જમીનમાલિકે ગણોતિયાને ત્રણ મહિનાની મુદતની અંદર તેવી મતલબની ખબર આપી હોય] તો જે ગણોતિયાનો ગણોત વહીવટગણોત ન આપવાને કારણે સમાપ્ત કરવામાં આવ્યો હોય તેવા કોઈપણ ગણોતિયાને લાગુ પડશે નહિ.

**ગણોતિયાની તરફેણમાં કરેલા ભોગ્ય ગીરો દરમિયાન ગણોત વહીવટ અટકાવી રાખવો.**

૬[૨૫-ક. કોઈ જમીનની ખેતી કરતા ગણોતિયાને તેના જમીનમાલિક તરફથી તેવી જમીન ભોગ્ય ગીરો તરીકે ગીરો આપવામાં આવે, તોગીરો ચાલુરહે તેટલી મુદત દરમિયાન તેવી જમીનનો ગણોતવહીવટ સ્થગિત કરવામાં આવશે. સદરહુ મુદત પૂરી થયા પછી જે તે સમયે બીજો ગમેતે કાયદો અમલમાં હોય તે છતાં, ગીરો ઉત્પન્ન કરવામાં આવ્યો તે પહેલાં જે શરતોએ ગણોતિયો તે જમીન ધારણ કરતો હોય તે અનુસાર ધારણ કરવાનું ચાલુ રાખે, તો તે કાયદેસર ગણાશે.]

**ગણોત માટેની પહોંચ.**

૨૬. (૧) ગણોતિયા તરફથી વિરુદ્ધની સ્પષ્ટ લેખિત ખબર ન મળી હોય, તો ગણોતિયાએ જમીનમાલિકને આપેલી દરેક રકમ, જે વર્ષમાં આવી રકમ,આપવામાં આવી હોય તે વર્ષની ગણોતના લેણાં પેટે તેવા ગણોતિયાએ આપી છે એવું માની લેવામાં આવશે.

---

૧ સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૫થી કલમ ૨૫ને સદરહુ કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૨ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૧૭(૧)થી "પંદર દિવસ" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩ સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૫(૧) થી આ પરંતુક ઉમેર્યો છે.

૪ એજનની કલમ ૫(૨)થી "પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર"એ મજકૂરને બદલે "આ કલમમાં કોઈપણ મજકૂર" એ મજકૂર દાખલ કર્યો છે.

૫ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૧૭(૨)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૬ સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૩૪ની કલમ ૨થી કલમ ૨૫-ક દાખલ કરી છે,

૧[(૨) જમીન માલિક અથવા આવા જમીનમાલિક વતી કોઈ વ્યકિતને કોઈ જમીનના સંબંધમાં ગણોતની કંઈપણ રકમ મળી હોય ત્યારે, યથા પ્રસંગ જમીન માલિકે અથવા તે વ્યકિતએ, આવી રકમ તેને મળી હોય તે વખતે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તે માટેની લેખિત પહોંચ આપવી જોઈશે.]

પેટા-વિભાગ કરવા, પેટા ગણોતે આપવા અને નામફેર કરવા ઉપર પ્રતિબંધ.

૨[૨૭. (૧) ૩[કલમ ૩૨-છમાં અન્યથા ઠરાવ્યું ન હોય તો, ગણોતિયાએ ધારણ કરેલી જમીનના પેટા-વિભાગ કરવાનું અથવા તે પેટા ગણોતે આપવાનું અથવા તેમાનાં કોઈ હિતસંબંધ નામફેર કરી આપવાનું કાયદેસર ગણાશે નહિ :

પરંતુ આ કલમમાંના કોઈપણ મજકૂરથી કાયમી ગણોતિયાના હકોને પ્રતિકૂળ અસર થશે નહિ :

વધુમાં કોઈ ગણોતિયો મૃત્યુ પામે, તો—

(૧) જો તે સંયુકત કુટુંબની વ્યકિત હોય તો, સદરહુ કુટુંબની જીવતી રહેલી વ્યકિતઓને, અને

(૨) જો તે સંયુકત કુટુંબની વ્યકિત ન હોય તો, તેના વારસોને.

નીચેનં શરતોને અધીન રહીને પટે આપેલી જમીનના ભાગલા પાડવાનો અને તેના પેટા-વિભાગ કરવાનો હક રહેશે :—

(ક) દરેક ભાગીદારે પોતાનો ભાગ જુદા ગણોતિયા તરીકે ધારણ કરવો,

(ખ) પટે આપેલી જમીનના સંબંધમાં આપવાના ગણોતની, યથા પ્રસંગ, તેમને વહેંચી આપેલા ભાગ અનુસાર ફાળવણી કરવી,

(ગ) દરેક ભાગીદારને વહેંચી આપેલો વિસ્તાર, ખેતી માટેની જમીનની ઉત્પાદન શકિત અને તેના સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ સાથે સંબંધ ધરાવતા બીજા સંજોગો ધ્યાનમાં લઈને, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી જે એકમ નિર્દિષ્ટ કરે તે એકમ કરતાં ઓછો ન હોવો જોઈએ,

(ઘ) જો એવો વિસ્તાર ખંડ (ગ)માં નિર્દિષ્ટ કરેલા એકમ કરતાં ઓછો હોય તો ભાગીદારોને આવક સંયુકત રીતે વાપરવાનો હક્ક રહેશે, પણ જમીનની માપણી મોજણી કરીને ભાગ પાડવા નહિ,

(ચ) ભાગીદારોએ આપવાના ગણોતની ફાળવણી સંબંધી કોઈપણ પ્રશ્ન ઊભો થાય, તો મામલતદાર તે નકકી કરશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશે.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં,—

(ક) જે ગણોતિયો, વિધવા, સગીર અથવા કોઈ શારીરિક અથવા માનસિક રીતે અશકત હોય તેવી વ્યકિત અથવા ચાલુ ફોજી નોકર હોય તે ગણોતિયો, તેણીએ અથવા તેણે ગણોતિયા તરીકે ધારણ કરેલી એવી જમીન પેટા-ગણોતે આપે; અથવા

(ખ) જે ગણોતિયો સરકારી કૃષિમંડળીનો સભ્ય હોય તે ગણોતિયો ,અને તેવા સભ્ય તરીકે એવી મંડળીની તરફેણમાં અથવા મુંબઈ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૫૪ મુજબ અધિકૃત કરેલી કોઈ વ્યકિતએ ધીરેલાં નાણાંના અવેજ તરીકે તે જમીનમાંનો હિતસંબંધ પેટા-ગણોતે આપે, નામફેર, કરી આપે અથવા તેની ઉપર બોજો ઉત્પન્ન કરે,
તો તે કાયદેસર ગણાશે.

સન ૧૯૪૭ નો મુંબઈ-નો ૨૮મો;

(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, ગણોતિયો જમીન સુધારણા માટે નાણાં ધીરવા બાબતના અધિનિયમ, ૧૮૮૩, ખેડૂતોને નાણાં ધીરવા બાબતના અધિનિયમ, ૧૮૮૪ અથવા મુંબઈના ખેડૂત ન હોય તેવા લોકોને નાણાં ધીરવા બાબતના અધિનિયમ, ૧૯૨૮ મુજબ રાજ્ય સરકારે તેને ધીરેલાં નાણાંના અવેજ તરીકે રાજ્ય સરકારની તરફેણમાં અથવા કોઈ સહકારી મંડળીએ તેને ધીરેલાં નાણાંના અવેજ તરીકે તેવી સહકારી મંડળીની તરફેણમાં જમીનમાંનો પોતાનો હિતસંબંધ ગીરો મૂકે અથવા તેની ઉપર બોજો ઉત્પન્ન કરે તો તે પણ કાયદેસર ગણાશે અને આવી રીતે ધીરેલાં નાણાં જે શરતોએ આપવામાં આવ્યાં હોય તે શરતો અનુસાર તેવાં ધીરેલાં નાણાં ભરવામાં તે કસૂર કરે ત્યારે યથાપ્રસંગ રાજ્ય સરકાર અથવા સહકારી મંડળી લઈ શકે તેવા બીજા કોઈપણ ઈલાજને બાધ આવ્યા સિવાય, યથાપ્રસંગ રાજ્ય સરકાર અથવા સહકારી મંડળી, તે જમીનમાંનો ગણોતિયાનો હિતસંબંધ જપ્ત કરાવે અને વેચાવે અને તેની ઉપજનોઉપયોગ એવી રીતે ધીરેલાં નાણાં આપવા માટે કરાવે તો તે કાયદેસર ગણાશે.]

સન ૧૮૮૩ નો ૧૯મો. સન ૧૮૮૪ નો ૧૨મો. સન ૧૯૨૮ નો મુંબઈ-નો ૩જો.

---

૧ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૪થી અસલને બદલે આ પેટા-કલમ (૨) મૂકી છે.
૨ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૧૮થી અસલને બદલે કલમ ૨૭ દાખલ કરી છે.
૩ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૮થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

સન ૧૯૨૫ નો મુંબઈ-નો ૭મો. સન ૧૯૪૭ નો મુંબઈ-નો ૨૮મો.

**કોર્ટના કામગીરી હુકમથી જપ્ત કરવાનો, કબજે કરવાનો અથવા વેચવાનો પ્રતિબંધ.**

૨૮. કલમ ૨૭ મુજબ જેની પરવાનગી આપેલી હોય તેવાં ધીરેલાં નાણાં વસૂલ કરવા માટે આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સિવાય અથવા મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫માં અથવા મુંબઈ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ૧૯૪૭માં જોગવાઈ કરી હોય તે સિવાય ગણોતિયા તરીકે પોતે ધારણ કરેલી જમીનમાંનો કોઈ હિતસંબંધ દીવાની કોર્ટના હુકમનામા અથવા હુકમની બજવણી કરવામાં જપ્ત થવાને, કબજે કરવાને અથવા વેચવાને પાત્ર થશે નહિ.

**કબજો લેવાની કાર્યરીતિ.**

*૨૯. (૧) આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ મુજબ કોઈ જમીનનો અથવા રહેવાના ઘરનો કબજો લેવાનો જેને હક હોય તેવો ગણોતિયો અથવા ખેતમજૂર અથવા કારીગર તેવો કબજો લેવા માટે મામલતદારને લેખિત અરજી કરી શકશે. અરજી ઠરાવવામાં આવે તેવા નમૂના પ્રમાણે ૧[અને યથાપ્રસંગ ગણોતિયાને, ખેતમજૂરને અથવા કારીગરને જમીન અથવા રહેવાના ઘરનો કબજો મેળવવાનો હક જે તારીખથી તેને પ્રાપ્ત થયો હોવાનું ગણાતું હોય તે તારીખથી બે વર્ષની મુદતની અંદર કરવી જોઈશે.]

(૨) ૨[પેટા-કલમ (૩-ક)માં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, કોઈ જમીન માલિકે] કોઈ ગણોતિયો ધારણ કરતા હોય તેવી કોઈ જમીન અથવા રહેવાના ઘરનો કબજો મામલતદારના હુકમ મુજબ હોય તે સિવાય બીજી રીતે મેળવવો નહિ. એવો હુકમ મેળવવા માટે તેણે ઠરાવેલા નમૂના પ્રમાણે ૧[અને યથાપ્રસંગ જમીન અથવા રહેવાના ઘરનો કબજો મેળવવાનો હક જે તારીખથી તેને પ્રાપ્ત થયો હોવાનું ગણાતું હોય તે તારીખથી બે વર્ષની મુદતની અંદર અરજી કરવી જોઈશે.]

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) મુજબ અરજી મળ્યેથી મામલતદારે તપાસ કર્યા પછી, તેના ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઈશે.

૩[પરંતુ કલમ ૩૧ મુજબ જમીનમાલિકને મળેલા હક અનુસાર જમીનમાલિકે પેટા-કલમ (૨) મુજબ અરજી કરી હોય ત્યાં, કલમ ૩૧-કના ખંડો (ગ) અને (ઘ) તથા ૩૧-ખની પેટા-કલમો (૨) અને (૩)માં નિર્દિષ્ટ કરેલી શરતો પૂરી કરવામાં આવે છે કે કેમ તેનો મામલતદારે પ્રારંભના મુદ્દાઓ તરીકે પ્રથમ નિર્ણય કરવો જોઈશે. જો મામલતદારને એમ જણાય કે સદરહુ શરતો પૈકી કોઈ શરત પૂરી કરવામાં આવી નથી, તો, તેણે તે અરજી તુરત જ રદ કરવી જોઈશે]

૪[(૩-ક) કોઈ જમીનમાલિક કલમ ૪૩-૧-ખની પેટા-કલમ (૧)મુજબ ગણોત વહીવટ સમાપ્ત કરવાનાં પગલાં લે ત્યારે આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીનના કબજા માટેની અરજી કલેક્ટરને કરવી જોઈશે અને કલેક્ટરે ઠરાવેલી રીતે તપાસ કર્યા પછી, તે અંગે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઈશે.]

(૪) ૫[યથાપ્રસંગ પેટા-કલમ (૧), (૨) અથવા ૩-કની] જોગવાઈઓ અનુસાર હોય તે સિવાય, કોઈ જમીનના અથવા રહેવાના ઘરનો કબજો લેનાર કોઈ વ્યક્તિનો તે જમીનમાં ઉગાડવામાં આવેલો પાક હોય તો તે જપ્ત થવાને પાત્ર થશે અને વધારામાં મામલતદારે અથવા કલેક્ટરે ફરમાવ્યું હોય તેવું ખર્ચ આપવાને અને કલમ ૮૧માં ઠરાવેલી સજાને પણ તે પાત્ર થશે.

**કલમ ૨૯ની જોગવાઈઓ સંબદ્ધ ધંધાઓ માટે ઘરથારોને લાગુ પડશે.**

૬[૨૯-ક. કલમ ૨૯ની જોગવાઈઓ આ અધિનિયમની જોગવાઈઓ મુજબ જમીન અથવા રહેવાના ઘરનો કબજો લેવાના સંબંધમાં ખેતમજૂરો અથવા કારીગરના રહેવાના ઘરોની જગાને જે રીતે લાગુ પડે છે તે સંબંધ્ધ ધંધાઓ માટે વપરાતી જગાને લાગુ પડશે.]

**ગણોતિયાના હકો અને વિશેષાધિકારોને રસર થશે નહિ.**

૭[૩૦. આ અધિનિયમમાં જોગવાઈ કરી હોય તે સિવાય તે સમયે અમલમાં હોય તેવા કોઈ રિવાજ અથવા કાયદા મુજબ હોય અથવા કોઈ કરાર, ગ્રાન્ટ અને કોર્ટના હુકમનામાં અથવા હુકમ અથવા બીજી કોઈપણ રીતે ઉદ્ભવતા હોય તેવા કોઈ ગણોતિયાના હકો અથવા વિશેષાધિકારોને મર્યાદિત કરવામાં આવશે નહિ અથવા ઘટાડવામાં આવશે નહિ.]

---

**ચાલુ અરજીઓ, અપીલો ફેરતપાસની અરજીઓ બે વર્ષની મુદતની અંદર દાખલ કરવામાં ન આવે તો કાઢી નાખવી નહીં.**

* સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૫ની કલમ ૪ નીચે પ્રમાણે છે :—

૪. આ અધિનિયમ અમલમાં આવે તે તારીખે સદરહુ અધિનિયમની કલમ ૨૯ મુજબની અરજી મામલતદાર અથવા ટ્રિબ્યુનલ સમક્ષ ચાલુ હોય અથવા તેવી અરજીમાંથી ઉપસ્થિત થતી અપીલ અથવા ફેરતપાસની અરજી, યથાપ્રસંગ, કલેક્ટર અથવા મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ સમક્ષ તેવી તારીખે ચાલુ હોય, તો તેવી અરજી, અપીલ અથવા ફેરતપાસની અરજી, સદરહુ અધિનિયમની, આ અધિનિયમથી સધાર્યા પ્રમાણેની કલમ ૨૯ થી ઠરાવેલી મુદતની અંદર કરવામાં આવી હોય, તો સદરહુ અધિનિયમની કલમ ૨૯ મુજબની સદરહુ અરજી મુદતની અંદર કરવામાં આવી ન હતી એ જ કારણસર કાઢી નાખવી નહીં".

૧. સન ૧૯૫૫ના મુંબઈ અધિનિયમ ૪૫ની કલમ ૨(૧)થી આ શબ્દો ઉમેર્યા છે.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૨ની પેટા-કલમ (૧)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૯થી આ પરંતુક ઉમેર્યો છે.

૪. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૨(૨)થી પેટા-કલમ (૩-ક) દાખલ કરી છે.

૫. એજનની કલમ ૨(૩)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૬. સન ૧૯૫૮ની મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૧૯થી આ કલમ દાખલ કરી છે.

૭. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૦થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.

## પ્રકરણ ૩.

### ૧[ ગણોતિયાના ખાસ હકો અને વિશેષાધિકારો અને જાતે ખેતી કરવા માટે જમીનની વહેંચણી કરવા માટેની જોગવાઈઓ. ]

જમીનની જાતે ખેતી કરવા અને તેનો ખેતી સિવાય બીજો ઉપયોગ કરવાના હેતુ માટે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકનો હક.

(૧) જમીનની જાતે ખેતી કરવા અને તેનો ખેતી સિવાય બીજો ઉપયોગ કરવા માટે ગણોત વહીવટની સમાપ્તિ.

૨[ ૩૧. (૧) કલમો ૧૪ અને ૩૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ કલમ ૩૧-ક થી ૩૧-ઘ (બંને સહિત) ને અધીન રહીને, જમીન માલિકને નીચેના કોઈપણ હેતુઓ માટે જમીન ખરેખર જોઈતી હોય, તો ૩[ (પ્રકરણ ૩-કકના અર્થ મુજબ જમીનમાલિક ન હોય તેવો) જમીન માલિક ], નોટિસ આપ્યા પછી અને પેટા-કલમ (૨) માં ઠરાવ્યા પ્રમાણે કબજા માટે અરજી કર્યા પછી, કોઈપણ જમીનનો (કાયમી ગણોતવહીવટ સિવાયનો) ગણોતવહીવટ સમાપ્ત કરી શકશે :—

(ક) જાતે ખેતી કરવા માટે, અથવા

(ખ) ખેતી સિવાય બીજો ઉપયોગ કરવાના કોઈ હેતુ માટે.

(૨) પેટા-કલમ (૧) મુજબ આપવાની નોટિસ લેખિતમાં હોવી જોઈશે, તેમાં જે હેતુ માટે જમીન માલિકને જમીન જોઈતી હોય તે હેતુ જણાવવો જોઈશે અને તે સન ૧૯૬૫ ના ડિસેમ્બર મહિનાની ૩૧ મી તારીખ પહેલાં ગણોતિયા ઉપર બજાવવી જોઈશે. એવી નોટિસની એક નકલ તે જ વખતે મામલતદારને મોકલવી જોઈશે. કલમ ૨૯ મુજબ કબજા માટેની અરજી સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧ મી તારીખ અથવા તે પહેલાં મામલતદારને કરવી જોઈશે.

(૩) જમીનમાલિક સગીર અથવા વિધવા અથવા માનસિક અથવા શારીરિક રીતે અશકત હોય તેવી વ્યકિત ૪***હોય ત્યારે;

(૧) સગીર, જે તારીખે તે પુખ્ત વયનો થાય તે તારીખથી એક વર્ષની અંદર;

(૨) વિધવાના હકના અનુગામી, વિધવાનો જમીનમાંનો હિતસંબંધ બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર, આવી નોટિસ આપી શકશે ૫[અને કલમ ૨૯ મુજબ કબજા માટેની અરજી] કરી શકાશે;

(૩) જે તારીખે માનસિક અથવા શારીરિક અશકતતા બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર આવી નોટિસ આપી શકાશે અને ૫[કલમ ૨૯ મુજબ કબજા માટેની અરજી] કરી શકાશે.

[૬ * * * * ]:

૭[ પરંતુ જ્યાં તેવા વર્ગની વ્યકિત સંયુકત કુટુંબની વ્યકિત હોય ત્યાં, સન ૧૯૫૮ ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં તે સંયુકત કુટુંબમાંની એવી વ્યકિતનો હિસ્સો માપણી મોજણી કરીને અલગ કરવામાં આવ્યો હોય તે સિવાય જો તે સંયુકત કુટુંબમાંની ઓછામાં ઓછી એક વ્યકિત આ પેટા-કલમમાં જણાવેલા વર્ગ સિવાયની હોય અને મામલતદારને તપાસ કરતાં ખાતરી થાય કે વિસ્તાર, આકાર, વર્ગીકરણ અને જમીનની કિંમત ધ્યાનમાં લઈને, એવી વ્યકિતનો જમીનમાંનો હિસ્સો, સંયુકત કુટુંબની સમગ્ર મિલકતમાં તે વ્યકિતના હિસ્સા કરતાં વધારે પ્રમાણમાં નહિ પણ તેના જેટલા જ પ્રમાણમાં અલગ કરવામાં આવ્યો છે, તો આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ. ]

૮[ (૪) પેટા-કલમ (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં,

(ક) સગીર હોય તેવા જમીનમાલિકને અથવા માનસિક અથવા શારીરિક રીતે અશકત હોય તેવી વ્યકિતને સદરહુ પેટા-કલમ (૩) હેઠળ મળેલો હક, નિર્દિષ્ટ તારીખ પછી —

(૧) એક વર્ષની જે મુદતની અંદર આવો હક પેટા-કલમ (૩) હેઠળ વાપરી શકાય તે મુદત શરૂ થઈ હોય તો, આવા જમીન માલિકે એક વર્ષની આવી મુદતની અંદર અથવા નિર્દિષ્ટ તારીખથી છ મહિનાની મુદતની અંદર, બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય તેની અંદર, વાપરવો જોઈશે;

(૨) એક વર્ષની જે મુદતની અંદર પેટા-કલમ (૩) હેઠળ આવો હક વાપરી શકાય તે મુદત શરૂ થઈ ન હોય, તો વાલીએ અથવા આવા જમીન માલિકના અન્ય કાયદેસરના પ્રતિનિધિએ, નિર્દિષ્ટ તારીખથી છ મહિનાની મુદતની અંદર વાપરવો જોઈશે,

---

૧ સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૨૧ થી અસલને બદલે આ શીર્ષક દાખલ કર્યું છે.
૨ એજનની કલમ ૨૨ થી કલમો ૩૧ અને ૩૨ ને બદલે આ કલમો દાખલ કરી છે.
૩ સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ૨૪ ની કલમ ૩ (૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪ એજનની કલમ ૩(૨) (૧) થી "અથવા સશસ્ત્રદળમાં સેવા કરતી વ્યકિત" એ મજકૂર કાઢીનાખ્યો છે.
૫ સન ૧૯૫૭ ની મુંબઈ અધિનિયમ ૩૮ ની કલમ ૧૧ (૧) થી આ મજકૂર દાખલ કર્યો છે.
૬ સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ૨૪ ની કલમ ૩ (૨) થી ખંડ (૪) કાઢી નાખ્યો છે.
૭ સન ૧૯૫૭ ના મુંબઈ અધિનિયમ ૩૮ ની કલમ ૧૧ (૨) થી આ પરંતુક ઉમેર્યો છે.
૮ સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૬ થી આ પેટા-કલમ ઉમેરી છે.

(ખ) સન ૧૯૫૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે જે જમીન માલિક વિધવા હોય તેને સદરહુ પેટા-કલમ (૩) હેઠળ મળેલો હક, નિર્દિષ્ટ તારીખ પછી—

(૧) તે વિધવાએ નિર્દિષ્ટ તારીખથી છ મહિનાની મુદતની અંદર વાપરવો જોઈશે;

(૨) વિધવાનો જમીનમાંનો હિતસંબંધ તેનું મૃત્યુ થયાને લીધે અથવા બીજી રીતે નિર્દિષ્ટ તારીખ પહેલાં અસ્તિત્વમાં હોતો બંધ થાય પરંતુ એક વર્ષની જે મુદતની અંદર તેના હકના ઉત્તરાધિકારી કલમ ૩૧ હેઠળ હક વાપરવાને હકદાર હોય તે મુદત પૂરી થઈ ન હોય, તો વિધવાના હકના ઉત્તરાધિકારીએ જે તારીખે જમીનમાંનો તે વિધવાનો હિતસંબંધ બંધ થાય તે તારીખથી એક વર્ષની મુદતની અંદર અથવા નિર્દિષ્ટ તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, બેમાંથી જે મુદત વહેલી પૂરી થાય તેની અંદર વાપરવો જોઈશે.

(૩) વિધવાનો જમીનમાંનો હિતસંબંધ નિર્દિષ્ટ તારીખે અથવા તે પછી અસ્તિત્વમાં હોતો બંધ થાય તે પ્રસંગે જે તારીખે તેનો હિતસંબંધ તેવી રીતે અસ્તિત્વમાં હોતો બંધ થાય તે તારીખે સમાપ્ત થશે.]

ગણોતવહીવટ સમાપ્ત કરવાની શરતો.

૩૧-ક. કલમ ૩૧ મુજબ જમીનની જાતે ખેતી કરવા માટે ગણોતવહીવટ સમાપ્ત કરવાનો જમીનમાલિકનો હક નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) નોટિસ આપવામાં આવી હોય તે તારીખે અને તે નોટિસ પૂરી થતી હોય તે તારીખે જમીન માલિક પાસે, તેની પોતાની બીજી કોઈપણ જમીન ન હોય અથવા તે બીજી કોઈ જમીનની ખેતી જાતે કરતો ન હોય તો તેને ટોચ મર્યાદા વિસ્તાર જેટલી પટે આપેલી જમીનનો કબજો લેવાનો હક રહેશે.

(ખ) તે જાતે ખેતી કરતો હોય તેવી જમીન ટોચમર્યાદા વિસ્તાર કરતાં ઓછી હોય, તો જમીન માલિકને પોતાના કબજામાંનો જમીનનો વિસ્તાર ટોચમર્યાદા વિસ્તાર જેટલો બનાવવા માટે પૂરતો થાય તેટલો પટે આપેલી જમીનના વિસ્તારનો કબજો લેવાનો હક રહેશે.

(ગ) જે જમીનનો કબજો લેવાનો તેને હક હોય તે જમીનની ખેતીથી થતી આવક, તેના નિર્વાહ માટે આવકનું મુખ્ય સાધન હોવું જોઈશે.

૧[(ઘ) પટે આપેલી જમીન હકપત્રકમાં અથવા કોઈ સરકારી દફતરમાં અથવા તેવા જ મહેસૂલી દફતરમાં સન ૧૯૫૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને ત્યારપછી સદરહુ તારીખ અને નકકી કરેલા દિવસ વચ્ચેની મુદત દરમિયાન જમીન માલિકના પોતાના અથવા તેના કોઈપણ પૂર્વજોના નામે હોવી જોઈએ ૨[પણ બીજા જે કોઈ હકના પુરોગામી પાસેથી નામફેર અથવા કોર્ટના વેચાણ દ્વારા અથવા બીજી રીતે હક મેળવ્યો હોય તેના હકના પુરોગામીના નામે હોવી જોઈએ નહિ] અથવા જમીન માલિક સંયુકત કુટુંબની વ્યકિત હોય તો, એવા કુટુંબની વ્યકિતને નામે હોવી જોઈએ.]

(ચ) એક જ જમીનમાલિક હેઠળ એકથી વધારે ગણોતિયાઓ, જમીન ધારણ કરતા હોય તો જમીન માલિક મુદતની દ્રષ્ટિએ જે ગણોતવહીવટ ટૂંકામાં ટૂંકો હોય તે જ ગણોતવહીવટ સમાપ્ત કરી શકશે.

સન૧૯૪૭ ના મુંબઈ અધિનિયમ ૬૨નું ઉલ્લંઘન કરીને અથવા ગણોતિયો સહકારી ખેતી મંડળીનો સભ્ય હોય તો ગણોત વહીવટ સમાપ્ત થશે નહિ.

૩૧-ખ. કોઈપણ દાખલામાં—

(૧) ગણોત વહીવટની સમાપ્તિ પછી ગણોતિયા પાસે, તેને પટે આપેલી જમીનના ક્ષેત્રફળના અડધાં કરતાં ઓછું ક્ષેત્રફળ રહે તેવી રીતે, અથવા

સન ૧૯૪૭ નો મુંબઈ નો ૬૨મો.

(૨) મુંબઈના જમીનના ટુકડા થતા અટકાવવા અને તેના એકત્રીકરણ બાબતના અધિનિયમ, ૧૯૪૭ની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય તેવી રીતે અથવા તે અધિનિયમના અર્થ પ્રમાણે પટે આપેલી જમીનનો કોઈ ભાગ ટુકડો બની જાય તેવી રીતે, અથવા

(૩) ગણોતિયો સહકારી ખેતી મંડળીનો સભ્ય હોય તો અને તે તેવા સભ્ય તરીકે ચાલુ રહે ત્યાં સુધી ૩[અથવા]

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૭થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૫ થી આ મજકૂર દાખલ કર્યો છે.

૩. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૭(૧)થી આ શબ્દ ઉમેર્યો છે.

૧[(૪) ગણોતિયો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિનો હોય તો]

ક્લમ ૩૧ મુજબ ગણોતવહીવટ સમાપ્ત કરી શકાશે નહીં.

*ગણોતિયા પાસે રહેલી જમીનની જાતે ખેતી કરવા માટે ગણોતવહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકને હક રહેશે નહિ.*

૩૧-ગ. કલમ ૩૧ મુજબ ૨[અથવા સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા મુજબ જમીન માલિકને જમીનની જાતે ખેતી કરવા અથવા બીજા કોઈપણ બિન-ખેતી વિષયક હેતુ માટે જમીન જોઈએ છે તે કારણે] ગણોતવહીવટ સમાપ્ત કર્યા પછી ગણોતિયા પાસે રહેલી કોઈ જમીનનો ગણોત વહીવટ, તે જમીન માલિકને ખરેખર જાતે ખેતી કરવા માટે જોઈએ છે તે કારણે પાછળથી કોઈપણ વખતે ફરી સમાપ્ત થવાને પાત્ર થશે નહિ.

*ગણોતવહીવટનીસમાપ્તિ પછીગણોતિયા પાસે રહેલી જમીન માટે ગણોતની ફાળવણી.*

૩૧-ઘ. કલમ ૩૧ મુજબ ગણોતવહીવટની સમાપ્તિને પરિણામે, પટે આપેલી જમીનનો કોઈ ભાગ ગણોતિયાપાસે રહયો હોય, તો ગણોતિયા પાસે રહેલી જમીનના ક્ષેત્રફળના પ્રમાણમાં ઠરાવેલી રીતે ગણોતની ફાળવણી કરવી જોઈએ.

(૨) ગણોતિયાઓએ જમીન ખરીદ કરવા બાબત.

*ગણોતિયાઓએ ખેડૂત દિને જમીન ખરીદી છે એમ ગણાશે.*

૩૨. ૩[(૧)] સન ૧૯૫૭ના એપ્રિલ મહિનાની પહેલી તારીખે (જેનો આમાં હવે પછી "ખેડૂત દિન" તરીકે ઉલ્લેખ કર્યો છે) દરેક ગણોતિયાએ—

(ક) એવો ગણોતિયો જમીનમાલિકનો કાયમી ગણોતિયો હોય અને જમીનની જાતે ખેતી કરતો હોય;

(ખ) એવો ગણોતિયો કાયમી ગણોતિયો ન હોય પણ પટે આપેલી જમીનની જાતે ખેતી કરતો હોય; અને

(૧) જમીન માલિકે કલમ ૩૧ મુજબ તેનો ગણોતવહીવટ સમાપ્ત કરવાની નોટિસ આપી ન હોય, અથવા

(૨) કલમ ૩૧ મુજબ નોટિસ આપવામાં આવી હોય પણ જમીનમાલિકે જમીનનો કબજો મેળવવા માટે કલમ ૨૯ મુજબ સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં અરજી કરી ન હોય, ૪[અથવા]

૫[(૩) જમીન માલિકે કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલાં કારણો પૈકી કોઈપણ કારણે આ ગણોત-વહીવટ સમાપ્ત કર્યો ન હોય અથવા ગણોતવહીવટ તેવી રીતે સમાપ્ત કર્યો હોય પણ જમીનનો કબજો મેળવવા માટે કલમ ૨૯ મુજબ સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં મામલતદારને અરજી ન કરી હોય]તો૬[આ કલમની બીજી જોગવાઈઓ અને]હવે પછી તરત આવતી કલમોની ૬[જોગવાઈઓને અધીન રહીને] ગણોતિયા તરીકે તેણે ધારણ કરેલી જમીન તેના ઉપર ચાલુ હોય તેવા તમામ બોજાથી મુકત તેના જમીન માલિક પાસેથી સદરહુ તારીખે ખરીદી છે એમ ગણાશે:

પરંતુ જમીનમાલિકે જમીનનો કબજો મેળવવા માટે કલમ ૨૯ મુજબ કરેલી અરજી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ મામલતદારે અથવા અપીલમાં કલેકટરે અથવા ફેરતપાસમાં ૭[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે] નામંજૂર કરી હોય તો જે તારીખે અરજીની નામંજરીનો છેવટનો હકમ કરવામાં આવ્યો હોય તે તારીખે ગણોતિયાએ જમીન ખરીદી છે એમ ગણાશે. જે તારીખે અરજીની નામંજૂરીનો છેવટનો હુકમ કરવામાં આવ્યો હોય તે તારીખનો આમાં હવે પછી "મુલતવી રાખેલી તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે.

---

૧ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૭(૨)થી આ ખંડ ઉમેર્યો છે.
૨ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૬થી આ મજકૂર દાખલ કર્યો છે.
૩ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૮થી આ કલમને પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.
૪ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૨ (૧) થી આ મજકૂર ઉમેર્યો છે.
૫ એજનની કલમ ૧૨ (૨)થી આ પેટા-ખંડ દાખલ કર્યો છે.
૬ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૫ (૧) થી અસલ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૭ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૧[વધુમાં કલમ ૩૧ની પેટા-કલમ (૩)ના પરંતુકના લાભો મેળવવા માટે હકદાર હોય તેવા જમીન માલિકના ગણોતિયાએ, તે પરંતુકમાં જણાવેલી તારીખ પહેલાં તેનો હિસ્સો અલગ કરવામાં ન આવ્યો હોય, તો સન ૧૯૫૮ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે જમીન ખરીદી છે એમ ગણાશે.]

૨[(૧-ક) (ક) ગણોતિયો જમીનમાલિકે તેને જમીન ખાલી કરાવી હોય તે કારણે, સન ૧૯૫૭ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં, સદરહુ તારીખે જમીનનો કબજો ધરાવતો ન હોય પણ તેને કલમ ૨૯ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તે પેટા-કલમ મુજબ જમીનના કબજા માટે અરજી કરી હોય અથવા તે અરજી કરે ત્યારે યથાપ્રસંગ મામલતદારે જો અરજી કરવા દીધી હોય અથવા, કલેક્ટરે અપીલ માટે અથવા ૩[ગુજરાત મહેસુલ ટ્રિબ્યુનલે] ફેરતપાસ માટે અરજી કરવા દીધી હોય તો, જે તારીખે અરજી કરવાની પરવાનગી આપતો છેવટનો હુકમ કરવામાં આવ્યો હોય તે તારીખે તેણે જમીન ખરીદી છે એમ ગણાશે.

(ખ) જ્યારે એવા ગણોતિયાએ કલમ ૨૯ની પેટા કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કબજા માટે અરજી કરી ન હોય અથવા તેણે અરજી કરેલી અરજીનો આ અધિનિયમ મુજબ છેવટે અસ્વીકાર કરવામાં આવ્યો હોય ત્યારે અને સદરહુ મુદત પૂરી થયેથી અથવા અરજીનો છેવટે અસ્વીકાર થયાની તારીખે ગણોતિયા તરીકે બીજી કોઈપણ વ્યકિતએ જમીન ધારણ કરી હોય ત્યારે યથાપ્રસંગ સદરહુ મુદત પૂરી થયાની તારીખે અથવા અરજીનો છેવટે અસ્વીકાર થયાની તારીખે આવી બીજી વ્યકિતએ જમીન ખરીદી છે એમ ગણાશે].

૪[(૧-ખ) કોઈ ગણોતિયો નક્કી કરેલા દિવસે પોતે જમીનનો કબજો ધરાવતો હોય અને આ અધિનિયમની કલમ ૨૯માં અથવા બીજી કોઈ જોગવાઈમાં ઠરાવેલી રીત સિવાય બીજી કોઈ રીતે નિર્દિષ્ટ તારીખ પહેલાં કોઈપણ સમયે જમીન માલિકે તેની પાસેથી આવી જમીન અથવા તેના કોઈ ભાગનો કબજો લઈ લીધો હોવાને કારણે, આવી જમીન અથવા તેના કોઈ ભાગનો કબજો ધરાવતો ન હોય અને આવી જમીન અથવા તેનો ભાગ સદરહુ તારીખે માલિકના અથવા તેના હિત ઉત્તરાધિકારીના કબજામાં હોય અને સદરહુ તારીખે અથવા તે પહેલા તે જમીન અથવા તેના ભાગનો ખેતી સિવાયના કાયમમાં ઉપયોગ થતો ન હોય, ત્યારે મામલતદાર, આ અધિનિયમની સદરહુ કલમ ૨૯માં અથવા બીજી કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય છતાં, પોતાની મેળે અથવા ઠરાવેલી મુદતની અંદર ગણોતિયાને કરેલી અરજી ઉપરથી તપાસ કરીને આદેશ કરશે કે યથાપ્રસંગ, તેવી જમીન અથવા તેનો ભાગ, યથાપ્રસંગ, જમીન-માલિક અથવા તેના હિત-ઉત્તરાધિકારીના કબજામાં લઈ લેવો અને ગણોતિયાને પાછો સોંપી દેવો અને તે પછી, આ કલમ તથા કલમો ૩૨-કથી ૩૨-૫ (બંને સહિત)ની જોગવાઈઓ, લાગુ પાડી શકાય તેટલે અંશે, તેને એવા ફેરફારને અધીન રહીને લાગુ પડશે કે જે તારીખે ગણોતિયાને, યથાપ્રસંગ, તેવી જમીન અથવા તેનો ભાગ પાછો સોંપવામાં આવે તે તારીખે તેણે તેવી જમીન અથવા તેનો ભાગ ખરીદ્યો છે એમ ગણાય:

પરંતુ ગણોતિયો યથાપ્રસંગ, તેવી જમીન અથવા તેના ભાગની જાતે ખેતી કરવા ૪-ક[ઠરાવવામાં આવે તેવી મુદતની અંદર લેખિત બાંયધરી આપે] અને પોતે માલિક તરીકે અથવા ગણોતિયા તરીકે ધરાવતો હોય તેવી બીજી જમીન સહિત જમીનનો જેટલો ભાગ ટોચમર્યાદા ક્ષેત્રફળથી વધુ ન હોય તેટલા ભાગની જમીન આ પેટા-કલમ હેઠળ પાછી મેળવવાને હકદાર રહેશે.

૪-ખ[વધુમાં—

(૧) ગણોતિયો તેવી ઠરાવેલી મુદતની અંદર એવી બાંયધરી ન આપે અથવા એવી બાંયધરી આપ્યા પછી જમીનનો ગણોત વહીવટ અથવા તેનો કબજો સ્વીકારવાની ના પાડે, તો જેનો કબજો, યથાપ્રસંગ, જમીનમાલિક અથવા હિત-ઉત્તરાધિકારી આ પેટા-કલમ હેઠળ રાખવાને હકદાર ન હોય તે જમીન; અથવા

(૨) ગણોતિયો આવી બાંયધરી આપે અને જમીનનો આવો ગણોતવહીવટ અથવા કબજો સ્વીકારે તો ખંડ(૧)માં ઉલ્લેખેલ જમીનના જે ભાગનો કબજો પાછો મેળવવા ગણોતિયો પહેલા પરંતુક હેઠળ હકદાર ન થાય તે ભાગ,

તમામ બોજા સહિત રાજ્ય સરકારમાં નિહિત થશે અને કલમ ૩૨-૫ની પેટા-કલમ (૨)માં જોગવાઈ કરેલી રીતે તેનો નિકાલ કરવામાં આવશે].

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૨ (૩)થી આ પરંતુક ઉમેર્યો છે.

૨ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૫(૨) થી પેટા-કલમ (૧-ક) દાખલ કરી છે.

૩ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૮થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૪-ક. સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૩(૧)થી "તૈયાર થાય" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪-ખ એજનની કલમ ૩(૨) થી આ પરંતુક દાખલ કર્યો છે.

**સ્પષ્ટીકરણ**—આ પેટા-કલમમાં "હિત ઉત્તરાધિકારી" એટલે વસિયતી વ્યવસ્થાથી અથવા કોઈનું મૃત્યુ થયેથ હિત પ્રાપ્ત કરનાર વ્યકિત ].

१[(૨) જયારે રૂઢિ, રિવાજ અથવા કબૂલાતનામું અથવા કોર્ટના હુકમથી જમીનમાલિકની કોઈપણ વરકસ જમીન ગણોતિયા તરીકે, પોતે ધારણ કરેલી જમીનમાં કયારીની ખેતી કરવાના સંબંધમાં રાબ ખાતરના હેતુ માટે ગણોતિયાએ વાપરી હોય ત્યારે—

(ક) આવી તમામ વરકસ જમીન, અથવા

(ખ) યથાપ્રસંગ એવી વરકસ જમીન રાબ ખાતરીના હેતુ માટે એક કરતાં વધારે વ્યકિતઓએ સંયુકત રીતે વાપરી હોય ત્યારે, ટ્રિબ્યુનલ નક્કી કરે તેવો તેનો ભાગ,

પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાએ ખરીદેલી ગણાતી જમીનમાં સમાવિષ્ટ થશે:

પરંતુ ખંડ (ખ)માં ઉલ્લેખેલા દાખલામાં, જો ટ્રિબ્યુનલના અભિપ્રાય પ્રમાણે માપણી મોજણી કરીને આવી વરકસ જમીનનું કરેલું વિભાજન, એવી વ્યકિતઓના હિતમાં વ્યવહાર્ય ન હોય અથવા ઈષ્ટ ન હોય તો, તે જમીન વાપરવાને હકદાર વ્યકિતઓએ આવી વરકસ જમીન સંયુકત રીતે ધારણ કરવી એમ ટ્રિબ્યુનલ નક્કી કરી શકશે.]

२[(૩) પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાએ ખરીદેલી ગણાતી હોય તેવી જમીનના સંબંધમાં જમીન-માલિકને ગણોતિયાએ ભરવાજોગ ખરીદ-કિંમતની રકમ કલમ ૩૨-ઝ મુજબ નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી—

(ક) ગણોતિયો આવી જમીનનું ગણોત જમીન-માલિકને ભરવાને જવાબદાર ગણાતો ચાલુ રહેશે, અને

(ખ) કલમ ૧૦-કની પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ખ), (ગ) અને (ઘ)માં નિર્દિષ્ટ કરેલી લેણી રકમો, હોય તો ગણોતિયો, તે કલમની પેટા-કલમો (૩) મુજબ તેવી લેણી રકમ ભરવાને જવાબદાર ન હોય ત્યારે જમીનમાલિકને લેણી રકમ રાજ્ય સરકારને ભરવાને જવાબદાર ગણાતો ચાલુ રહેશે ]

સન ૧૯૪૭ નો મુંબઈનો ૬૭મો.

સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો. સન ૧૯૨૫નો મુંબઈનો૧૮મો સન ૧૯૦૧નો મુંબઈનો ૩જો.

३[(૪) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભની તારીખે, મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ના અર્થ પ્રમાણે નગરપાલિકા બરોની હદમાં આવેલ વિસ્તારોમાંનો અથવા મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧ મુજબ રચેલી નગરપાલિકા જિલ્લાની હદમાં આવેલા વિસ્તારોમાંના દરેક ગણોતિયાએ આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, જમીનમાલિક, પાસેથી ગણોતિયા તરીકે તેણે ધારણ કરેલી જમીન સદરહુ તારીખે, જાણે સદરહુ તારીખ ખેડૂત દિન હોય તેમ તે તારીખે, તે પર ચાલુ હોય તેવા તમામ બોજા મુકત ખરીદેલી ગણાશે :

પરંતુ જમીન માલિકે પટે આપેલી અને એવા કોઈપણ બરો નગરપાલિકાની અથવા નગરપાલિકાની જિલ્લામાં આવેલી જમીન, પોષણક્ષમ જમીન કરતા વધુ થતી ન હોય અને એવી જમીનના ગણોત સહિત જમીનમાલિકની કુલ વાર્ષિક આવક રૂા ૧,૫૦૦ કરતાં વધતી ન હોય અને એવી જમીન કાયમી ગણોતવહીવટ હેઠળ ધારણ કરવામાં આવી ન હોય તો, આવી જમીનને આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ

(૫) પેટા-કલમ (૪)ના પરંતુકમાં ઠરાવ્યા પ્રમાણે માફી મેળવવાને લાયક હોય તેવી કોઈ વ્યકિતએ કલમ ૮૮-ગમાં ઠરાવ્યા પ્રમાણેના પ્રમાણપત્ર માટે મામલતદારને સન ૧૯૬૧ના જુલાઈ મહિનાની ૧લી તારીખ પહેલા અરજી કરવી જોઈશે અને તે કલમની પેટા-કલમો (૨) થી (૪) સુધીની જોગવાઈઓ, અરજી કલમ ૮૮-ગ મુજબ કરવામાં આવી હોય તેમ, તેને લાગુ પડશે.

(૬) કલમ ૩૨-ફ, ૩૨-બ અને ૩૨-ભની જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે પેટા-કલમ (૫) મુજબ પ્રમાણપત્ર ધારણ કરતા જમીન માલિકે એવી જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કર્યાને અને તેના ગણોતિયાએ એવી જમીન ખરીદ કર્યાને જાણે તે કલમોનાં અર્થ મુજબ એવો જમીન માલિક પ્રમાણિત કરેલો જમીન માલિક હોય અને એવો ગણોતિયો બાકાત રાખેલ ગણોતિયો હોય તેમ, લાગુ પડશે ]

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૮થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૨ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૫(૩)થી પેટા-કલમ (૩) દાખલ કરી છે.

૩ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૭થી આ પેટા-કલમો દાખલ કરી છે.

**ગણોતિયાઓએ ટોચમર્યાદાવિસ્તાર જેટલી જમીન ખરીદી છે એમ ગણાશે.**

૩૨-ક. (૧) જે ગણોતિયો માલિક તરીકે કોઈપણ જમીન ધારણ કરતો ન હોય પણ ટોચમર્યાદા વિસ્તાર કરતાં વધારે જમીન ગણોતિયા તરીકે ધારણ કરતો હોય તેવા ગણોતિયાના દાખલામાં ટોચમર્યાદા વિસ્તાર જેટલી જમીન;

(૨) જે ગણોતિયો ટોચમર્યાદા વિસ્તાર કરતાં ઓછી જમીન માલિક તરીકે ધારણ કરતો હોય તે ગણોતિયાના દાખલામાં, તેની જમીન ટોચ મર્યાદા વિસ્તાર જેટલી થાય તેટલો જ માત્ર તેવી જમીનનો ભાગ;

ગણોતિયાએ કલમ ૩૨ મુજબ ખરીદ કરેલ છે એમ ગણાશે.

**ગણોતિયાએ જમીનો ખરીદી નથી એમ ક્યારે ગણાય.**

૩૨-ખ. ગણોતિયો અંશતઃ માલિક તરીકે અને અંશતઃ ગણોતિયા તરીકે જમીન ધારણ કરતો હોય, પણ માલિક તરીકે ધારણ કરેલી જમીન ટોચમર્યાદા વિસ્તાર જેટલી હોય અથવા તેના કરતાં વધારે હોય, તો તેણે ગણોતિયા તરીકે ધારણ કરેલી જમીન કલમ ૩૨ મુજબ તેણે ખરીદી છે એમ ગણાશે નહિ.

**ખરીદવાની જમીનો પસંદ કરવાનો હક ગણોતિયાઓને ક્યારે રહેશે.**

૩૨-ગ. જો ગણોતિયો એક જમીન માલિક કરતાં વધારે જમીન માલિકો પાસેથી અલગ અલગ જમીન ધારણ કરતો હોય, તો ગણોતિયાને રાજ્ય સરકારે આ અર્થે કરેલા નિયમોને અધીન રહીને, આવા જમીન માલિકોમાંના દરેક જમીન માલિક પાસેથી ખરીદવાની જમીનનો વિસ્તાર અને સ્થળ પસંદ કરવાનો હક રહેશેઃ

પરંતુ એવી રીતે પસંદ કરેલો વિસ્તાર વ્યવહાર્ય હોય તેટલે સુધી સરવે નંબર સિવાયનો અથવા સરવે નંબરના પેટા-વિભાગ સિવાયનો હોવો જોઈએ નહિ.

**ગણોતિયાઓએ ટુકડા ખરીદ્યા છે એમ ક્યારે ગણાશે.**

**સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨મો.**

૩૨-ઘ. ૧[(૧)] ગણોત વહીવટ ઉપર ધારણ કરેલી જમીન માત્ર ટુકડો જ હોય, તો મુંબઈના જમીનના ટુકડા થતા અટકાવવા અને તેના એકત્રીકરણ બાબતના અધિનિયમ, ૧૯૪૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, ગણોતિયાએ કલમ ૩૨ મુજબ તેવો ટુકડો ખરીદ્યો છે એમ ગણાશે.

૧[(૨) મુંબઈના જમીનના ટુકડા થતા અટકાવવા અને તેના એકત્રીકરણ બાબતના અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨૯-ક મુજબ જમીનનો ગણોત વહીવટ જમીન અથવા તેના ભાગ સાથે સંકળાયેલો હોય તો, તે અધિનિયમમાં વિરૂદ્ધનો ગમે તે મજકૂર હોય તો પણ, કલમ ૩૨માં જણાવેલા સંજોગોમાં તેવા ગણોત વહીવટ ઉપર ધારણ કરેલી જમીન ગણોતિયાએ ખરીદી છે એમ ગણવામાં આવશે.]

**ગણોતિયાએ ખરીદી કર્યા પછી બાકી રહેલી જમીનનો નિકાલ.**

૨[૩૨-ચ. કલમ ૩૨-ઘની પેટા-કલમ (૨)ના ખંડ (ગ)માં નિર્દિષ્ટ કરેલી રીતે કલેક્ટર, કલમ ૩૨ હેઠળ ગણોતિયાએ ખરીદી કર્યા પછી બાકી રહેલી જમીનનું વેચાણ કરીને તેનો નિકાલ કરશે અને તેમ થયે આવા વેચાણને કલમ ૩૨-ઘની પેટા-કલમ (૫)ની જોગવાઈઓ લાગુ પડશે.]

**જમીનમાલિક વગેરે સગીરહોય ત્યારે જમીન ખરીદવાનો ગણોતિયાને હક.**

૩૨-છ. (૧) પૂર્વવર્તી કલમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,—

(ક) જમીન માલિક સગીર અથવા વિધવા અથવા કોઈપણ માનસિક કે શારીરિક અશકતતા ધરાવતી વ્યકિત ૩××હોય તો જે મુદત દરમિયાન આવા જમીન માલિકને કલમ ૩૧ મુજબ ગણોત વહીવટ સમાપ્ત કરવાનો હક હોય તે મુદત પૂરી થયા પછી એક વર્ષની અંદર કલમ ૩૨ મુજબ ગણોતિયાને એવી જમીન ખરીદવાનો હક રહેશેઃ

૪[પરંતુ જયાં તેવા વર્ગની વ્યકિત સંયુકત કુટુંબની વ્યકિત હોય ત્યાં સન ૧૯૫૮ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં તે સંયુકત કુટુંબમાંની એવી વ્યકિતનો હિસ્સો માપણી મોજણી કરીને અલગ કરવામાં આવ્યો હોય તે

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૩થી કલમ ૩૨-ઘ ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે અને પેટા-કલમ (૨) ઉમેરી છે.

૨. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૯ થી કલમ ૩૨-ચ ને બદલે આ કલમ મૂકી છે.

૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૪થી "અથવા સશસ્ત્ર દળમાં સેવા કરતી વ્યકિત" એ મજકૂર કાઢી નાખ્યો છે.

૪. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૪ (૧)થી આ પરંતુક ઉમેર્યો છે.

સિવાય, જો સંયુક્ત કુટુંબમાંની ઓછામાં ઓછી એક વ્યક્તિ આ પેટા-કલમમાં જણાવેલા વર્ગ સિવાયની હોય અને મામલતદારને તપાસ કરતાં ખાતરી થાય કે વિસ્તાર, આકાર, વર્ગીકરણ અને જમીનની કિંમત ધ્યાનમાં લઈને એવી વ્યક્તિનો જમીનમાંનો હિસ્સો, સંયુક્ત કુટુંબની સમગ્ર મિલકતમાંના તે વ્યક્તિના હિસ્સા કરતાં વધારે પ્રમાણમાં નહિ પણ તેના જેટલા જ પ્રમાણમાં અલગ કરવામાં આવ્યો છે તો આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.]

(ખ) ગણોતિયો સગીર અથવા વિધવા અથવા કોઈપણ શારીરિક અથવા માનસિક અશક્તતા ધરાવતી વ્યક્તિ અથવા ચાલુ ફોજી નોકર હોય ત્યારે ખંડ (ક)ની જોગવાઈઓને અધીન રહીને, કલમ ૩૨ મુજબ જમીન ખરીદવાનો હક—

(૧) સગીર, જે તારીખે તે પુખ્ત ઉંમરનો થાય તે તારીખથી એક વર્ષની અંદર વાપરી શકશે.

(૨) વિધવાના હકના પુરાગામીએ જે તારીખે તેણીનો જમીનમાંનો હિતસંબંધ બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર બજાવી શકશે;

(૩) જે તારીખે ગણોતિયાની માનસિક અથવા શારીરિક અશક્તતા બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર વાપરી શકશે;

(૪) જે તારીખે ગણોતિયો ચાલુ ફોજી નોકર હોતો બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર વાપરી શકશે:

૧[પરંતુ જ્યાં તેવા વર્ગની વ્યક્તિ સંયુક્ત કુટુંબની વ્યક્તિ હોય ત્યાં, સન ૧૯૫૮ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં તે સંયુક્ત કુટુંબમાંની એવી વ્યક્તિનો હિસ્સો માપણી મોજણી કરીને અલગ કરવામાં આવ્યો હોય તે સિવાય જો સંયુક્ત કુટુંબમાંની ઓછામાં ઓછી એક વ્યક્તિ આ પેટા-કલમમાં જણાવેલા વર્ગ સિવાયની હોય અને મામલતદારને તપાસ કરતાં ખાતરી થાય કે વિસ્તાર, આકાર, વર્ગીકરણ અને જમીનની કિંમત ધ્યાનમાં લઈને, એવી વ્યક્તિનો જમીનમાંનો હિસ્સો, સંયુક્ત કુટુંબની સમગ્ર મિલકતમાંના તે વ્યક્તિના હિસ્સા કરતા વધારે પ્રમાણમાં નહિ પણ તેના જેટલા જ પ્રમાણમાં અલગ કરવામાં આવ્યો છે, તો આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ;]

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો.

૨[(૧-ક) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભની તારીખે અને તે પછી (જેનો આમાં હવે પછી આ પેટા-કલમમાં "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) જે ગણોતિયો પેટા-કલમ (૧) મુજબ પોતાનો ખરીદીનો હક વાપરી શકે તેવી એક વર્ષની મુદતની અંદર તે હક વાપર્યો ન હોય તેવા ગણોતિયાએ, જો સદરહુ મુદત શરૂ થઈ હોય તો સદરહુ તારીખે જમીન ખરીદેલી ગણાશે, પછી સદરહુ મુદત પૂરી થઈ હોય કે ન હોય, તો પણ હરકત નથી. જો મુદત શરૂ થઈ હોય તો તેણે જે તારીખે સદરહુ મુદત આ પેટા-કલમની જોગવાઈઓ ન હોત તો શરૂ થઈ હોત તો તે તારીખે જમીન ખરીદેલ ગણાશે.]

(૨) કલમો ૩૨ થી ૩૨-ચ (બંને સહિત) અને કલમો ૩૨-જ થી ૩૨-૫ (બંને સહિત) ની જોગવાઈઓ જેટલે સુધી લાગુ પડી શકે તેટલે સુધી, એવી ખરીદીને લાગુ પડશે.

**કબજો ધરાવતા જે ગણોતિયાએ ગણોત વહીવટ સોંપી દીધો હોય તેણે નિર્દિષ્ટ તારીખે જમીન ખરીદી છે એમ ગણાશે.**

૩[૩૨-છછ. (૧) પૂર્વવર્તી કલમોમાં ગમે તે મજકૂર હોય છતાં, કલમ ૨ના ખંડ (૧૮)ના પેટા-ખંડ (ઘ)નાઅર્થ મુજબ ગણોતિયો હોય તેવી કોઈ વ્યક્તિએ, પોતાના કબજામાંની જે જમીનનો પોતે ગણોતિયો હોય તે જમીન, તે ઉપર અસ્તિત્વમાં હોય તેવા તમામ બોજા વગર નિર્દિષ્ટ તારીખે ખરીદી છે એમ ગણાશે.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૪(૧)થી આ પરંતુક ઉમેર્યો છે.

૨. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૮થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૩. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૦થી આ કલમ દાખલ કરી છે.

(૨) કલમો ૩૨ થી ૩૨-ચ (બન્ને સહિત) અને કલમો ૩૨--જ થી ૩૨--પ (બન્ને સહિત)ની જોગવાઈઓ, લાગુ પડી શકે તેટલે સુધી, આવી ખરીદીને લાગુ પડશે. ].

**ટ્રિબ્યુનલે નોટિસો કાઢવી અને ગણોતિયાઓને આપવાની જમીનની કિંમત નક્કી કરવી.**

૩૨--જ. (૧) ખેડુત દિન પછી, શકય હોય તેટલું જલદી, ટ્રિબ્યુનલે તેની હકૂમતમાંના દરેક ગામમાં ઠરાવેલા નમૂના પ્રમાણે જાહેર નોટિસ પ્રસિધ્ધ કરવી અથવા કરાવવી જોઈશે અન તેમા--

(ક) જે ગણોતિયાઓએ કલમ ૩૨ મુજબ જમીનો ખરીદ કર્યાનું ગણાતુ હોય તેવા તમામ ગણોતિયાઓને
(ખ) એવી જમીનોના તમામ જમીન માલિકોને, અને
(ગ) તેમાં હિતસંબંધ ધરાવતી બીજી તમામ વ્યકિતઓને,

નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવાનું ફરમાવવું જોઈશે. ટ્રિબ્યુનલે આવા દરેક ગણોતિયાને જમીન માલિકને અને વ્યવહાર્ય હોય તેટલે સુધી બીજી વ્યકિતઓને પણ વ્યકિતગત નોટિસ મોકલવી જોઈશે અને તેમાં તેઓમાંના દરેકને જાહેર નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે તેની સમક્ષ હાજર થવાનું ફરમાવવું જોઈશે.

(૨) ગણોતિયા તરીકે પોતે ધારણ કરેલી જમીન ખરીદવાને ગણોતિયો ખુશી છે કે નહિ તે બાબત તેનું નિવેદન ટ્રિબ્યુનલે ઠરાવેલી રીતે નોંધવું જોઈશે.

(૩) ગણોતિયો હાજર રહે નહિ અથવા પોતે જમીન ખરીદવાને ખુશી નથી એવું નિવેદન કરે, ત્યારે ટ્રિબ્યુનલે લેખિત હુકમ કરીને, એવું જાહેર કરવું કે તેવો ગણોતિયો જમીન ખરીદવાને ખુશી નથી અને ખરીદી અસરકર્તા નથી:

પરંતુ એવો હુકમ કોઈપણ પક્ષકાર હાજર ન રહેવાને કારણે કરવામાં આવે, તો ટ્રિબ્યુનલે તેવો હુકમ પક્ષકારોને જણાવવો જોઈશે અને જે પક્ષકારની કસૂરને લીધે હુકમ કરવામાં આવ્યો હોય તે પક્ષકાર તેને હુકમ જણાવવામાં આવ્યા હોય તે તારીખથી ૬૦ દિવસની અંદર તેની વિચારણા માટે અરજી કરી શકશે.

(૪) ગણોતિયો જમીન ખરીદવાને ખુશી હોય, તો ટ્રિબ્યુનલ ગણોતિયાને અને જમીન માલિકને અને તેવી જમીનમાં હિતસંબંધ ધરાવતી બીજી તમામ વ્યકિતઓને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી અને તપાસ કર્યા પછી કલમ ૩૨--ઝ અને કલમ--૬૩-કની પેટા-કલમ (૩) ની જોગવાઈઓ અનુસાર આવી જમીનની ખરીદ કિંમત નક્કી કરશે:

[1] [પરંતુ જયાં કલમ ૩૨--ઝની જોગવાઈઓ અનુસાર જમીન માલિક અને ગણોતિયાએ ખરીદ કિંમત પરસ્પર નક્કી કરી હોય ત્યાં, ટ્રિબ્યુનલ કબૂલાત માટેની ગણોતિયાની સંમતિ ઐચ્છિક છે એમ ઠરાવવામાં આવે એવી રીતે પોતે ખાતરી કર્યા પછી ખરીદ કિંમત નક્કી કરતો અને એવી કબૂલાત અનુસાર તે માટેની રકમ આપવા માટે પ્રબંધ કરતો હુકમ કરી શકશે. ]

(૫) મુલતવી રાખેલી તારીખે જેણે જમીન ખરીદ કર્યાનું ગણાતું હોય તે ગણોતિયાના દાખલામાં, ટ્રિબ્યુનલે તેવી તારીખ પછી શકય હોય તેટલું જલદી, જમીનની કિંમત નક્કી કરવી જોઈશે.

(૬) જે જમીન આ અધિનિયમની અનુસૂચિ ૩-જીમાં ઉલ્લેખેલા જમીનના સત્તાપ્રકારો નાબૂદ કરવા બાબતના અધિનિયમો પૈકી કોઈ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે મુજબ તે જમીનના ધારણ કરનારને તે જમીનની તબદીલી કરવાની નથી એવી શરતે ફરી આપવામાં આવે, તો આવી શરતે જમીન ફરી આપ્યા પહેલાં ઉત્પન્ન કરેલા પટા ઉપર એવી જમીન ધારણ કરનાર કોઈ વ્યકિતના હકને અસર થાય છે એમ ગણાશે નહિ અને જાણે કે તે જમીન તબદીલ કરી આપવાની નથી તે શરતે જમીન ફરી આપવાની શરત ન હોય તેમ, એવી વ્યકિતએ ગણોતિયા તરીકે આ કલમ મુજબ જમીન ખરીદી છે એમ ગણાશે.

**ખરીદકિંમત અને તેની વધારેમાં વધારે મર્યાદા.**

૩૨-ઝ. [2][(૧) પેટા-કલમો (૧-ક) અને (૧-ખ)માં ઠરાવ્યા પ્રમાણે ઉમેરા અને ઘટાડાને અધીન રહીને, ખરીદ કિંમત નીચે પ્રમાણે ગણવામાં આવશે :--

(૧) જે કાયમી ગણોતિયો જમીનની જાતે ખેતી કરતો હોય તેના દાખલામાં, ખરીદ કિંમતની નીચે રકમો મળીને થતી એકંદર રકમ જેટલી રહેશે.

(ક) જમીનના ગણોતથી છ ગણી રકમ જેટલી રકમ;
(ખ) ખેડૂત દિને અથવા મુલતવી રાખેલી તારીખે કાયદેસર લેણી નીકળતી ગણોતની બાકી રકમ; હોય તો તે

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૫ થી આ પરંતુક ઉમેર્યો છે.
૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૬ (૧)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

(ગ) કલમ ૧૦-કની પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ખ), (ગ) અને (ઘ)માં નિર્દિષ્ટ કરેલી જમીન મહેસૂલ અને ઉપકર તરીકે જમીન માલિકે ભરેલી અથવા તેની પાસેથી વસૂલ કરેલી રકમ હોય, તો તે, જો આવી રકમ ભરવામાં ગણોતિયાએ કસૂર કરી હોય તો;

(૨) બીજા ગણોતિયાઓના દાખલામાં, ખરીદ કિંમત નીચેની રકમો મળીને થતી એકંદર રકમ જેટલી રહેશે,—

(ક) આકારની ૨૦ ગણી રકમ કરતાં ઓછી ન હોય અને આકારની ૨૦૦ ગણી રકમ કરતાં વધારે ન હોય તેવી ટ્રિબ્યુનલ નક્કી કરે તેટલી રકમ;

(ખ) જમીન માલિકે જમીન ઉપર બાંધેલા કોઈ બાંધકામો, કુવાઓ, બંધો અને કાયમને માટે જડેલી બીજી વસ્તુઓ અને રોપેલા ઝાડોની કિંમત;

(ગ) ખેડૂત દિને અથવા મુલતવી રાખેલી તારીખે કાયદેસર લેણી નીકળતી ગણોતની બાકી રકમ, હોય તો તે;

(ઘ) કલમ ૧૦-કની પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ખ), (ગ) અને (ઘ)માં નિર્દિષ્ટ કરેલી જમીન મહેસૂલ અને બીજા ઉપકર તરીકે જમીન માલિકે ભરેલી અથવા તેની પાસેથી વસૂલ કરેલી રકમ હોય તો તે જો આવી રકમ ભરવામાં ગણોતિયાએ કસૂર કરી હોય તો.]

સ્પષ્ટીકરણ.—[1][૧] આ પેટા-કલમ મુજબ કિંમત ગણવાના હેતુ માટે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૫૫ મુજબ લીધેલા અને એવા આકારમાં સમાવિષ્ટ કરેલા પાણીના આકારની રકમ, હોય તો તે બાતલ કરવી જોઈશે. સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

[2][સ્પષ્ટીકરણ ૨.—આ પેટા-કલમના હેતુઓ માટે "આકાર" એ શબ્દ પ્રયોગનો અર્થ કલમ ૮માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે પ્રમાણે થશે.]

[3][(૧-ક) જેને કલમ ૧૦-કની પેટા-કલમો (૧) અને (૨) લાગુ પડતી ન હોય તે ગણોતિયાએ, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પછી, ગણોતિયા તરીકે તેણે ધારણ કરેલી જમીનના સંબંધમાં તે કલમની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ જમીન મહેસૂલ અને બીજા ઉપકર જમીન માલિકે તે નહિ ભર્યાને કારણે, ભર્યા હોય ત્યારે ખરીદ કિંમતના નિર્ણયની તારીખ સુધી, ગણોતિયાએ એવી રીતે ભરેલી કુલ રકમ જેટલી રકમ પેટા-કલમ (૧) મુજબ નક્કી કરેલી રકમ મળીને થતી એકંદર રકમમાંથી કાપી લેવામાં આવશે. સન ૧૯૫૫નો મુંબઈનો ૧૩મો.

(૧-ખ) (ક) પેટા-કલમો (૧) અને (૧-ક)ની જોગવાઈઓ અનુસાર ગણી કાઢેલી રકમ, જે તારીખે ગણોતિયાએ કલમ ૩૨ મુજબ જમીન ખરીદેલી ગણાતી હોય તે તારીખ અને ખરીદ કિંમતના નિર્ણયની તારીખ વચ્ચેની મુદત સુધી દર વર્ષે ૪-૧/૨ ટકાના દરે વ્યાજ ગણવામાં આવશે.

(ખ) (૧) એવી રીતે ગણેલી વ્યાજની રકમ, એવી રીતે ગણી કાઢેલી રકમમાં ઉમેરવામાં આવશે, અને

(૨) ગણોતિયાએ જમીન માલિકને ભરેલી ગણોતની રકમ, જો કંઈપણ હોય તો તે અને જમીન માલિકે રોપેલાં ઝાડોની કંઈપણ પેદાશની, જો આવી પેદાશ સદરહુ મુદત દરમિયાન જમીન માલિકે ખસેડી હોય તો તેની કિંમત એવી રીતે ગણી કાઢેલી રકમમાંથી કાપી લેવી જોઈશે.]

(૨) રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી કોઈપણ પછાત વિસ્તારમાંના ગણોતિયાઓએ ધારણ કરેલી કોઈ પણ પ્રકારની જમીનના સંબંધમાં, પેટા-કલમ (૧)ના ખંડ (૨)ના પેટા-ખંડ (ક)ના હેતુ માટે જુદ જુદી ઓછામાં ઓછી અને વધારેમાં વધારે કિંમત નક્કી કરી શકશે. આવી ઓછામાં ઓછી અને વધારેમાં વધારે કિંમત નક્કી કરવામાં રાજ્ય સરકારે, જમીન માટે આપવાનું ગણોત અને કલમ ૬૩-કની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી બાબતો લક્ષમાં લેવાં જોઈશે.

કાયમી ગણોતિયાના પેટા ગણોતિયાએ જમીન ખરીદી હોય એમ ગણાશે.

૩૨-ટ. (૧) કાયમી ગણોતિયાએ પોતે ધારણ કરેલી જમીન પેટા-ગણોતે આપી હોય, ત્યારે કલમો ૩૨ થી ૩૨-ચ (બન્ને સહિત)માં નિર્દિષ્ટ કર્યું છે તેટલે સુધી અને તેવી શરતોને અધીન રહીને, પેટા-ગણોતિયાએ, ખેડૂત દિને જમીન ખરીદી છે એમ ગણાશે.

(૨) તેની ખરીદ કિંમત, કલમ ૩૨-ઝની પેટા-કલમ (૧)ના ખંડ (૨)માં ઠરાવેલી રીતે નક્કી કરવામાં આવશે.

(૩) આવા પેટા-ગણોતિયાએ આપવાની ખરીદ કિંમતમાંથી, ગણોતની છ ગણી રકમ જેટલી રકમ એક સામટી માલિકને આપવાની થશે અને બાકીની રકમ કાયમી ગણોતિયાને આપવામાં આવશે.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૯થી આ સ્પષ્ટીકરણને સ્પષ્ટીકરણ ૧ તરીકે નંબર આપ્યો છે.

૨. એજનથી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે.

૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૬(૨)થી પેટા-કલમો (૧-ક) અને (૧-ખ) દાખલ કરી છે.

(૪) કલમો ૩૨થી ૩૨-ઝ (બંને સહિત) અને કલમ ૩૨-ઠ થી ૩૨-પ (બંને સહિત)ની જોગવાઈઓ, લાગુ પડી શકે તેટલે સુધી, તેવો પેટા-ગણોતિયો જમીનની ખરીદી કરે તેને અને કાયમી ગણોતિયાને અને તેના વતી આપવાની રકમને લાગુ પડશે

૧* * * * * * * * * * *

ગણોતિયાએ કિંમત કેવી રીતે આપવી.

૩૨-ડ. (૧) ૨[કલમ ૩૨-ઝ મુજબ ભરવાજોગ] ખરીદ કિંમત નક્કી કરવામાં આવ્યેથી, ગણોતિયાએ,—

(૧) તે કાયમી ગણોતિયો હોય, તો ટ્રિબ્યુનલ નક્કી કરે તેવી તારીખથી એક વર્ષની અંદર ખરીદ કિંમતની પૂરેપૂરી રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવી જોઈશે :

પરંતુ ટ્રિબ્યુનલને એવી ખાતરી થાય કે પોતાના કાબૂ બહારના કોઈપણ કારણે ગણોતિયાએ નિર્દિષ્ટ કરેલા વખતમાં તે રકમ ભરી શકયો નથી, તો ટ્રિબ્યુનલ તે મુદત એક વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુધી લંબાવી શકશે.

(૨) તે કાયમી ગણોતિયો ન હોય, તો કિંમતની પૂરેપૂરી રકમ ટ્રિબ્યુનલ પાસે—

(ક) તેવી તારીખથી એક વર્ષની અંદર એક સામટી રકમ આપીને, અથવા

(ખ) ટ્રિબ્યુનલ નક્કી કરે તેવા બારથી વધારે ન હોય, તેટલા હપ્તાઓમાં ૪ ૧/૨ ટકાના દરે સાદા વ્યાજ સહિત તેવી તારીખોએ અથવા તે પહેલાં અનામત મૂકવી જોઈશે; અને

ટ્રિબ્યુનલ એમ ફરમાવશે કે એકસામટી અનામત મૂકેલી રકમ અથવા અનામત મૂકેલી હપ્તાઓની રકમ જમીન માલિકને આપવી જોઈશે :

૩[પરંતુ ગણોતિયાને ઊચક રકમમાં રકમ અનામત મૂકવાનું ફરમાવ્યું હોય ત્યારે, ટ્રિબ્યુનલને એમ ખાતરી થાય કે આવો ગણોતિયો, પોતાના કાબૂ બહારના કોઈપણ કારણસર, પેટા-ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર રકમ અનામત મૂકી શકયો નથી, તો તે એક વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી સદરહુ મુદત વધારી શકશે :

સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો.

વળી જે મુદતની અંદર ઊચક રકમ ભરવાની હતી તે મુદત, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભ પહેલાં પૂરી થઈ હોય ત્યારે એવી મુદત પૂરી થઈ હોય તો પણ, ટ્રિબ્યુનલ, એવી શરૂઆતની તારીખથી એક વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી સદરહુ મુદત વધારી શકશે.]

(૨) જે મુદત માટે કલમ ૧૩ મુજબ ગણોત આપવાનું મુલતવી રાખવામાં આવ્યું હોય અથવા તે માફ કરવામાં આવ્યું હોય તેવી કોઈ મુદત દરમિયાન ગણોતિયો ખરીદ કિંમત એકસામટી રકમથી આપવાને અથવા આ કલમ મુજબ નક્કી કરેલા કોઈપણ હપ્તાઓની રકમ અથવા તેની ઉપરનું કોઈપણ વ્યાજ, જો હોય તો, તે આપવાને બંધાયેલો રહેશે નહિ.

૪[* * * * * * ]

ખરીદકિંમત જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

૩૨-ઢ. (૧) કાયમી ગણોતિયો અથવા તેના વતી પેટા ગણોતિયો કલમ ૩૨-ડ મુજબ ફરમાવ્યા પ્રમાણે ખરીદ કિંમતની રકમ અનામત મૂકે નહિ તો એવી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૨) ગણોતિયો અથવા કાયમી ગણોતિયાનો પેટા-ગણોતિયો પૂર્વવર્તી કલમોની જોગવાઈઓ અનુસાર કોઈપણ હપ્તાની રકમ આપે નહિ અને એવા હપ્તાની રકમ આપવામાં કસૂર થવાથી કલમ ૩૨-ત મુજબ ખરીદી બિન-અસરકારક ન થતી હોય, તો એવા હપ્તાની રકમ પણ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) મુજબ વસૂલ કરેલી રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવી જોઈશે.

ગણોતિયાએ નિયતમુદતમાં ખરીદી કિંમત એક સામટી અથવા હપ્તામાં આપે નહિ તો ખરીદી બિનઅસરકારકગણાશે.

૩૨-ત. (૧) કિંમત એકસામટી રકમથી અનામત મૂકવામાં આવ્યેથી અથવા તેવી કિંમતનો છેલ્લો હપ્તો અનામત મૂકવામાં આવ્યેથી ટ્રિબ્યુનલે ગણોતિયાને ઠરાવેલા નમૂના પ્રમાણે જમીનના સંબંધમાં ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે. એવું પ્રમાણપત્ર ખરીદીનો નિર્ણાયક પુરાવો ગણાશે. ગણોતિયો, કલમ ૩૨-ડની પેટા-કલમ (૧)ના ખંડ (૨) મુજબ નક્કી કરેલી મુદતની અંદર એકસામટી રકમ આપે નહિ અથવા કોઈપણ વખતે તેના ચાર હપ્તા ભરવાના બાકી હોય તો, ખરીદી બિન-અસરકારક થશે અને જમીન કલમ ૩૨-ઘ મુજબ કલેકટરને હસ્તક રહેશે અને તેવા ગણોતિયાએ જમીનની કિંમત પેટે અનામત મૂકેલી કાંઈ રકમ તેને પાછી આપવામાં આવશે.

૫* * * * * * * * * *

---

૧ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૨થી કલમ ૩૨-ઠ કાઢી નાંખી છે.

૨ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૭(૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૯થી આ પરંતુકો દાખલ કર્યા છે.

૪ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૭(૨) થી પેટા-કલમ (૩) કાઢી નાંખી છે.

૫ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૦થી પેટા-કલમ (૨) કાઢી નાંખી છે.

સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૬મો.

૧[(૨) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભની તારીખ પહેલાં, કોઈ ગણોતિયાએ કોઈ જમીનની ખરીદી કરી હોય અને કલમ ૩૨-ડ ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) મુજબ ઠરાવેલી મુદતની અંદર એકસામટી રકમ તે ગણોતિયો ભરે નહિ તે કારણે અથવા ચાર હપ્તા ભરવાના તે ગણોતિયાના બાકી રહયા હોય તે કારણે આવી ખરીદી બિન અસરકારક થઈ હોય ત્યારે, તે ગણોતિયો યથાપ્રસંગ કલમ ૩૨-ડ મુજબ ઠરાવેલી જમીનની કિંમતની પૂરેપૂરી રકમ અથવા એવી રીતે ઠરાવેલી કિંમતનો જે ભાગ ભર્યા વિના બાકી રહ્યો હોય તે ભાગ તથા કલમ ૩૨-ડ મુજબ ભરવા જોગ કંઈપણ વ્યાજ હોય તો તે આવી આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકે, તો, જમીનની ખરીદી એવી રીતે બિન-અસરકારક બની નથી એમ ગણાશે અને ટ્રિબ્યુનલે પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું પડશે.]

૨[(૩) પેટા-કલમ (૨)માં દર્શાવેલી મુદત પૂરી થઈ હોય તે છતાં, જેને પેટા-કલમ (૨) લાગુ પડતી હોય તે જમીનનો ગણોતિયો પેટા-કલમ (૨)માં જણાવેલી મુદત પૂરી થયા પછી બે વર્ષની મુદતની અંદર સદરહુ પેટા-કલમ (૨) માં દર્શાવેલી જમીનની કિંમતની પૂરેપૂરી રકમ અથવા તે કિંમતનો ભાગ, વ્યાજ સાથે ટ્રિબ્યુનલ પાસેઅનામત મૂકે, તો જમીનની ખરીદી બિન-અસરકારક બની નથીએમ ગણાશે અને ટ્રિબ્યુનલે પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું પડશે.

સન૧૯૬૫નો ગુજરાતનો ૩૬મો.

(૪) કોઈ ગણોતિયાએ જમીન ખરીદી હોય અને એવી ખરીદી મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભ થયાની તારીખ પછી કોઈપણ સમયે ગણોતિયાએ કલમ ૩૨-ડની પેટા-કલમ (૧)ના ખંડ (૨) મુજબ ઠરાવેલી મુદતની અંદર એક સામટી રકમ નહિ ભરવાને કારણે અથવા ગણોતિયાએ ભરવાના ચાર હપ્તા બાકી રહ્યાના કારણે બિન-અસરકારક બની હોય ત્યારે કલમ ૩૨-ધની પેટા-કલમ (૨) માં ઠરાવેલી રીતે કલેકટરે એવી જમીનનો નિકાલ કર્યો ન હોય તો ગણોતિયો કલમ ૩૨-ડ મુજબ ઠરાવેલી જમીનની કિંમતની પૂરી રકમ અથવા કલમ ૩૨-ડ મુજબ એવી રીતે ઠરાવેલી કિંમતનો ભર્યા વિના બાકી રહેલો ભાગ તેમજ તે પેટે કંઈ વ્યાજ ભરવાનું હોય તો, તે પેટા કલમ(૨)માં જણાવેલી મુદત પૂરી થયા પછી બે વર્ષની મુદતની અંદર ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકે તો જમીનની ખરીદી એવી રીતે બિન—અસરકારક બની નથી એમ ગણાશે અને ટ્રિબ્યુનલે પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું પડશે.]

સન ૧૯૮૧નો ગુજરાતનો ૧૩મો.

૩[(૫) પેટા-કલમ (૩) અથવા (૪)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ હોય તે છતાં,

(ક) જે જમીનને, યથાપ્રસંગ, પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) લાગુ પડતી હોય અને જેનો કલમ ૩૨-ધની પેટા-કલમ (૨) માં જોગવાઈ કરેલી રીતે કલેકટરે નિકાલ કર્યો ન હોય તે જમીનનો ગણોતિયો, મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૧ના આરંભ પછી બે મહિના પહેલાં કોઈપણ સમયે ટ્રિબ્યુનલ પાસે, અથવા

(ખ) જે જમીનને, યથાપ્રસંગ, પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) લાગુ પડતી હોય અને જેનો કલમ--૩૨ ધની પેટા-કલમ (૨)માં જોગવાઈ કરેલી રીતે કલેકટરે નિકાલ કર્યો ન હોય તે જમીનનો નિર્દિષ્ટ ગણોતિયો ૪[સન ૧૯૮૬નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં] કોઈપણ સમયે ટ્રિબ્યુનલ પાસે, યથાપ્રસંગ, સદરહુ પેટા-કલમો (૩) અને (૪) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, યથાપ્રસંગ, જમીનની કિંમતની પૂરેપૂરી રકમ અથવા તે કિંમતનો નહિ ચૂકવેલો ભાગ, વ્યાજ સાથે, અનામત મૂકે, તો જમીનની ખરીદી બિન-અસરકારક નહિ થઈ હોય એમ ગણાશે અને ટ્રિબ્યુનલે પેટા કલમ (૧) હેઠળ ગણોતિયાને અથવા નિર્દિષ્ટ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

સ્પષ્ટીકરણ.-- આ કલમના અને કલમો ૩૨-ધધ અને ૩૨-ધધધ ના હેતુઓ માટે "નિર્દિષ્ટ ગણોતિયો" એ શબ્દપ્રયોગનો અર્થ ચાર હેકટરથી વધુ નહિ તેટલી જમીન (ગણોતિયા અથવા માલિક તરીકે અથવા બીજી રીતે) ધરાવતો હોય તેવો કોઈ ગણોતિયો એવો થાય છે.]

ખરીદી બિનઅસરકારક થાય ત્યારે ગણોતવસૂલ કરવાનો જમીન માલિકનો હક.

૩૨-થ. (૧) જમીનની કોઈ ખરીદી બિન-અસરકારક થાય ત્યારે જમીન ખરીદેલી નહોય તેમ, ગણોતિયા પાસેથી જમીનનું ગણોત વસૂલ કરવાનો જમીન માલિકને હક રહેશે. તેવી રીતે વસૂલ કરવાની ગણોતની રકમ, ગણોતિયાને પાછી આપવાની રકમ, હોય તો, તેમાંથી બાદ કરવામાં આવશે :

૫[પરંતુ—

(ક) ગણોતની રકમ, ગણોતિયાને પાછી આપવાની રકમ, હોય, તો તે કરતાં વધુ થતી હોય ત્યારે, ગણોતિયાએ જે તારીખે ખરીદી બિનઅસરકારક થાય તે તારીખથી ત્રણ મહિનાની અંદર, એવી વધારે ગણોતની રકમ જમીન માલિકને આપવી પડશે, અને

(ખ) ગણોતિયો ખંડ (ક) અનુસાર રકમ આપે નહિ ત્યારે, તે રકમ તેની પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે અને જમીન માલિકને આપવામાં આવશે ].

(૨) જે તારીખે કોઈપણ જમીનની ખરીદી બિનઅસરકારક થઈ હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર જમીન માલિક ગણોતિયા પાસે લેણું થતું કોઈ ગણોત બાદ કરીને, આપેલી રકમ તેને પાછી આપે નહિ તો તે રકમ તેની પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરીને ગણોતિયાને આપવામાં આવશે.

---

૧ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૩ થી પેટા-કલમ (૨) દાખલ કરી છે.
૨ સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૨ થી આ પેટા-કલમો દાખલ કરી છે.
૩ સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૨ થી પેટા-કલમ (૫)ને બદલે આ પેટા-કલમ મૂકી છે.
૪. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૮ની કલમ ૨ થી "સન ૧૯૮૫નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં" એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો અને આંકડા મૂકયા છે.
૫. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૧થી આ પરંતુક દાખલ કર્યો છે.

**જેનો ગણોત-વહીવટ ખેડૂતદિન પછી ઉત્પન્ન કરવામાં આવ્યો હોય તે ગણોતિયાનો જમીન ખરીદવાનો હક.**

૩૨-દ. (૧) ખેડૂત દિન પછી ઉત્પન્ન થયેલા કોઈ ગણોત વહીવટના સંબંધમાં વિરુધ્ધનું ગમે તે કબૂલાતનામું અથવા રિવાજ હોય તે છતાં, જમીનની જાત ખેતી કરતા ગણોતિયાએ એવા ગણોત વહીવટના આરંભથી [૧][એક વર્ષ પૂરું થયાની તારીખે] જમીન માલિક પાસેથી [૨]* * * તેણે ધારણ કરેલી જમીન અથવા ગણોતિયાની જમીનનું ટોચમર્યાદા વિસ્તાર જેટલી થાય તેટલી તેવી જમીનનો ભાગ [૧][ખરીદેલો ગણાશે.

[૩]* * * * * * * *

(૨) કલમ ૩૨ થી ૩૨-થ (બંને સહિત) અને કલમ ૩૨-ધ, ૩૨-ન અને ૩૨-પની જોગવાઈઓ લાગુ પડી શકે તેટલે સુધી, પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાએ કરેલી જમીનની ખરીદીને લાગુ પડશે.

**ગણોતિયાએ ખરીદી ન હોય તેવી જમીન ખાલસા કરવાની અને તેનો નિકાલ કરવાની કલેક્ટરની સત્તા [૮][ અને કલેક્ટરના હુકમ વિરુદ્ધ અપીલ].**

૩૨-પ. (૧) કલમ ૩૨ મુજબ ગણોતિયાએ કરેલી કોઈ જમીનની ખરીદી [૪][આ પેટા પ્રકરણની પૂર્વવતી જોગવાઈઓ મુજબ બિનઅસરકારક થાય ત્યાર [૫][અથવા જે ગણોતિયો તે કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કલમ ૪૧-૧ઘ મુજબ જમીન ખરીદવાનો હક વાપરે નહિ ત્યારે ] કલેક્ટર પોતાની મેળે અથવા આ અર્થે કરેલી અરજી ઉપરથી અને પધ્ધતિસર તપાસ કર્યા પછી એવું ફરમાવી શકશે કે પેટા-કલમ (૨)માં ઠરાવેલી રીતે જમીનનો નિકાલ કરવો.

(૨)[૬][[૭][પેટા-કલમો (૨-કક) અને (૨-ક) ની જોગવાઈઓને] અધીન રહીને, આવા ફરમાનમાં એવું ઠરાવવું કે]—

(ક) જમીન સંબંધી ગણોત વહીવટ સમાપ્ત કરવો અને ગણોતિયાને સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને [૮][જમીન ખાલી કરાવવી;

[[૯] * * * * * * * * ]

(ગ)[[૧૦]* * * * *] યથાપ્રસંગ સમગ્ર જમીન અથવા તેના તેવા ભાગનો, [૮][તે ટુકડો હોય તેમ છતાં, નીચેના અગ્રતાક્રમ (જેને આમાં હવે પછી "અગ્રતાની યાદી" કહી છે તે) પ્રમાણે [૧૧][ફરમાનમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને કોઈ વ્યકિતને વેચીને નિકાલ કરવો]:

[૧૨][(ક-૧) જે ગણોતિયાનો ગણોતવહીવટ તે જમીનના સંબંધમાં સમાપ્ત કરવામાં આવ્યો હોય તે ગણોતિયો વેચાણની દરખાસ્ત સ્વીકારવા ખુશી હોય, તો તે ગણોતિયો, પરંતુ આવો આદેશ કાઢવા માટેનો પ્રસંગ, તે ગણોતિયા અને જમીન માલિકના મેળાપીપણાને કારણે ઉપસ્થિત થયો ન હોવો જોઈએ];

(૧) જેના સભ્યો, ખેતમજૂરો, ભૂમિહીન વ્યકિતઓ અથવા નાના જમીન ધારણ કરનારાઓ અથવા આવી વ્યકિતઓના સંમૂહ હોય તેવી સહકારી ખેતી મંડળી;

(૨) ખેતમજૂરો;

(૩) ભૂમિહીન વ્યંકિતઓ;

(૪) નાના જમીન ધારણ કરનારાઓ;

(૫) જે ખેડૂતો (નાના જમીન ધારણ કરનારાઓ સિવાયના) માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશત : માલિક તરીકે અને અંશતઃ ગણોતિયા તરીકે ક્ષેત્રફળમાં પોષણક્ષમ જમીન કરતાં ઓછી જમીન ધારણ કરતા હોય અને જેઓ કારીગર હોય તેમની સહકારી ખેતી મંડળી ;

(૬) જે ખેડૂત (નાના જમીન ધારણ કરનાર સિવાયનો) માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશતઃ માલિક તરીકે અને અંશતઃ ગણોતિયા તરીકે ક્ષેત્રફળમાં પોષણક્ષમ જમીન કરતા વધારે પણ ટોચ-મર્યાદા વિસ્તાર કરતાં ઓછી જમીન ધારણ કરતો હોય અને કારીગર હોય તેવો ખેડૂત ;

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૨(૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૨. એજનથી "ખરીદવા માટે" એ મજકૂર કાઢી નાંખ્યો છે.
૩. એજનની કલમ ૧૨ (૨) થી પેટા-કલમ (૧-ક) રદ કરી છે.
૪. એજનની કલમ ૧૩ (૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૫. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૫થી આ મજકૂર ઉમેર્યો છે.
૬. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૪(૧) (ક) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૭. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૨(૧) (ક) થી "પેટા-કલમ(૨-ક)ની જોગવાઈઓ" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરોને બદલે આ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર મૂકયા છે.
૮. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ ની કલમ ૪ (૪) થી આ મજકૂર દાખલ કર્યો છે.
૯. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૨ (૧) (ખ) થી આ ખંડ કમી કર્યો છે.
૧૦. એજનની કલમ ૧૨ (૧) (ગ) (૧)થી "સમગ્ર જમીન અથવા તેનો કોઈ ભાગ કલમ ૧૫ની જોગવાઈઓ અનુસાર સોંપી શકાય તેમ ન હોય, તો" એ શબ્દો તથા આંકડા કમી કર્યા છે.
૧૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૪ (૧) (ખ) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૧૨. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૨ (૧) (ગ) (૨)થી આ બાબત દાખલ કરી છે.

(૭) બીજી કોઇ સહકારી ખેતી મંડળી;

(૮) જે ખેડૂત માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશતઃ માલિક તરીકે અને અંશતઃ ગણોતિયા તરીકે ક્ષેત્રફળમાં પોષણક્ષમ જમીન કરતાં વધારે પણ ટોચમર્યાદા વિસ્તાર કરતાં ઓછી જમીન ધારણ કરતો હોય તેવો ખેડૂત;

(૯) ખેડૂત ન હોય તેવી જે કોઈ વ્યક્તિ ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિ:

[૧][પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તે નિર્દિષ્ટ કરે તેવા સ્થાનિક વિસ્તારોના સંબંધમાં, જે વ્યક્તિઓ રાજ્ય સરકારે તે હેતુ માટે મંજૂર કરેલ કોઈ વિકાસ યોજના માટે તેમની જમીન સંપાદન કરવાને કારણે નિર્વાસિત થઈ હોય અને જેમને પુનર્વસવાટ કરવાની જરૂર હોય તેવી વ્યક્તિઓના કોઈપણ વર્ગને ઉપરોક્ત હુકમમાં, તેને યોગ્ય લાગે તેવી અગ્રતા આપી શકાશે]:

[૨][વધુમાં—

(ક) બાબત (૧), (૫) અથવા (૭) હેઠળ આવતી બે અથવા વધુ સહકારી ખેતી મંડળીઓ હોય, ત્યારે તેમની વચ્ચેની પસંદગી નીચેના ક્રમમાં કરવાની રહેશે:—

(૧) જેનો દરેક સભ્ય અનુસૂચિત આદિજાતિનો હોય તે સહકારી ખેતી મંડળી;

(૨) જેના કેટલાક સભ્યો અનુસૂચિત આદિજાતિના હોય અને કેટલાક સભ્યો અનુસૂચિત જાતિઓના હોય તે સહકારી ખેતી મંડળી;

(૩) જેનો દરેક સભ્ય અનુસૂચિત જાતિનો હોય તે સહકારી ખેતી મંડળી;

(૪) જેના સભ્યો માત્ર અનુસૂચિત આદિજાતિ અથવા અનુસૂચિત જાતિનાં ન હોય તે સહકારી ખેતી મંડળી;

(ખ) બાબતો (૨), (૩) અને (૪) હેઠળ આવતી વ્યક્તિઓની બાબતમાં નીચેના ક્રમમાં પસંદગી કરવાની રહેશે:—

(૧) અનુસૂચિત આદિજાતિની કોઈ વ્યક્તિ;
(૨) અનુસૂચિત જાતિની કોઈ વ્યક્તિ;
(૩) બીજી વ્યક્તિઓ".]

[૩][(૨-કક) કોઈપણ દાખલામાં પેટા-કલમ (૨) હેઠળ એવો આદેશ કરવામાં આવે કે જે જમીન અંગે ગણોત-વહીવટ સમાપ્ત કરવામાં આવતો હોય તે જમીનનો નિકાલ પેટા-કલમ (૨) ના ખંડ (ગ) ના પેટા-ખંડ (ક-૧) માં ઉલ્લેખેલા ગણોતિયાને વેચાણ કરીને કરવો, ત્યારે યથાપ્રસંગ તે જમીન અથવા તેના ભાગનું તેને વેચાણ કરીને નિકાલ કરી શકાય તેમ ન હોય તો જ, તે ગણોતિયા જમીન ખાલી કરાવવાને પાત્ર થશે.];

[૪][(૨ક) કોઈપણ જમીન સંબંધી ગણોતવહીવટ પેટા-કલમ (૨)ના ખંડ (ક) મુજબ સમાપ્ત કર્યો હોય પણ આવી જમીનનો ગણોતિયો પેટા-કલમ (૨) ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૧) માં ઉલ્લેખેલા પ્રકારની સહકારી ખેતી મંડળી હોય ત્યારે પેટા-કલમ (૨) મુજબના ફરમાનમાં વધુમાં ઠરાવવું કે:—

(૧) [૫][ * * * * *]
જે સહકારી ખેતી મંડળી પેટા-કલમ (૨) ના ખંડ (ક) મુજબ ગણોતવહીવટ સમાપ્ત કર્યાની તરત જ પહેલાં યથા-પ્રસંગ જમીન અથવા તેના ભાગનો ગણોતિયો હોય તેને યથાપ્રસંગ સદરહુ જમીન અથવા આવો તેનો ભાગ વેચીને નિકાલ કરવો:

પરંતુ તેવી રીતે નિકાલ કરવાની કુલ એકરની જમીન, ટોચમર્યાદા વિસ્તારને સહકારી ખેતી મંડળીના સભ્યોની કુલ સંખ્યાથી ગુણીને આવેલા ક્ષેત્રફળ કરતાં વધવી જોઈએ નહિ.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૦થી આ પરંતુક ઉમેર્યો છે.
૨. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૨(૧) (ગ) (૩)થી આ પરંતુક ઉમેર્યો છે.
૩. એજનની કલમ ૧૨(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૪. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૪ (૨)થી પેટા-કલમ (૨-ક) દાખલ કરી છે.
૫. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૨(૩)થી "જો સમગ્ર જમીન અથવા તેનો કંઈપણ ભાગ કલમ ૧૫ની જોગવાઈ અનુસાર સોંપી શકાય એમ ન હોય તો" એ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

(૨) પેટા-કલમ (૨) ના ખંડ (ક) મુજબ ગણોત વહીવટ સમાપ્ત થયેથી, જમીનના જે ભાગનો પેટા-કલમ (૨) મુજબ કાઢવામાં આવેલા ફરમાન અનુસાર, સહકારી ખેતી મંડળીને વેચીને નિકાલ કરી ન શકાય તેવો ભાગ જ આવી મંડળી પાસેથી ખાલી કરાવી શકાશે.]

૧[ * * * * *]

(૪) ૨[જમીન અથવા તેનો ભાગ પેટા-કલમ (૨) મુજબ વેચાણ માટે મૂકવામાં આવે] પણ તેવી જમીન અથવા ભાગ ખરીદવાને કોઈ વ્યક્તિ આગળ ન આવે ત્યારે યથાપ્રસંગ એવી જમીન અથવા તેનો ભાગ રાજ્ય સરકારમાં નિહિત થશે અને કલેક્ટર કલમ ૬૩-કની જોગવાઈઓ અનુસાર આવી જમીન અથવા તેના ભાગની કિંમત નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલી કિંમતની રકમ, કલમ ૩૨-ન ની જોગવાઈઓને અધીન રહીને, તેના માલિકને આપવામાં આવશે.

(૫) પેટા-કલમ (૨) મુજબ કોઈ જમીન વેચવામાં આવે ત્યારે કલેક્ટર કલમ ૬૩-ક ની જોગવાઈઓ અનુસાર જમીનની કિંમત નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલી કિંમત કલેક્ટર નક્કી કરે તેવા દર વર્ષે ૪-૧/૨ ટકાના દરના સાદા વ્યાજ સહિત છ કરતાં વધારે ન હોય તેટલા વાર્ષિક હપ્તાઓથી આપવાની થશે અને ખરીદનાર પાસેથી વસૂલ કરેલી જમીનની કિંમત, કલમ ૩૨-ન ની જોગવાઈઓને અધીન રહીને, તેના માલિકને આપવામાં આવશે.

૩[(૬) કિંમતનો છેલ્લો હપ્તો તથા તે પેટે લેણું થયેલું વ્યાજ ભરવામાં આવ્યેથી, કલેક્ટરે જમીનના સંબંધમાં ખરીદનારને ઠરાવેલા નમૂનામાં ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું પડશે. આવું પ્રમાણપત્ર ખરીદીનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૭) (ક) ૪[નિર્દિષ્ટ તારીખ પહેલાં કોઈ જમીન આવી તારીખની તરત જ પહેલાં અમલમાં હોય તે પ્રમાણેની આ કલમની પેટા-કલમ (૨) હેઠળ જમીન માલિકને સોંપી દેવામાં આવી હોય] અને જમીન માલિકે જમીનનો કબજો લીધો હોય ત્યારે જમીન માલિક જમીન જાતે ખેડવાને પાત્ર થશે અને તે જમીન જાતે ખેડતા હોય ત્યાં સુધી જમીનના ઉપયોગ અને ભાગવટો કરવાને હકદાર થશે.

(ખ) જો તે એવી રીતે જમીન ખેડે નહિ તો તેની પાસેથી જમીન ખાલી કરાવવામાં આવશે અને કલમ ૮૪-ગની જોગવાઈઓ અનુસાર જમીનનો નિકાલ કરવામાં આવશે.

(૮) ૫[પેટા-કલમ (૭) માં ઉલ્લેખેલા પ્રકારની કોઈ જમીન] કલેક્ટરની પૂર્વ મંજૂરી સિવાય અને રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવી રકમ ભરવામાં આવે તે સિવાય વેચાણ, બક્ષિસ, વિનિમય, ગીરો, પટો અથવા નામફેરથી તબદીલ કરી શકાશે નહિ.

(૯) આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓ મુજબ કલેક્ટરે કરેલા કોઈ હુકમથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ આ હુકમ વિરુદ્ધ રાજ્ય સરકારને અપીલ કરી શકશે.

(૧૦) રાજ્ય સરકાર પક્ષકારોને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી અપીલનો નિર્ણય કરશે.

(૧૧) કલેક્ટરનો હુકમ, આવી અપીલને અને અપીલમાં રાજ્ય સરકારના નિર્ણયને અધીન રહીને, છેવટનો ગણાશે.]

સન ૧૯૬૫ ના ગુજરાતનો ૩૬મો. ૬[૩૨-ધ ધ. (૧) કલમો ૩૨-જ અને ૩૨-ધ માં ગમે તે મજકૂર હોય તે છતાં, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫ અમલમાં આવે તે તારીખ (જેનો આ કલમમાં હવે પછી 'સદરહુ તારીખ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પહેલાં— ગણોતિયાને જમીન ખરીદવાની વધુ તક આપવા બાબત.

(૧) જમીનના ગણોતિયાએ જમીન ખરીદી હોય અને આવી ખરીદી આવો ગણોતિયો ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થાય નહિ અથવા જમીન ખરીદવાને પોતે ખુશી નથી એવું નિવેદન કરે તે કારણે કલમ-૩૨-જની પેટા-કલમ (૩) મુજબ બિન-અસરકારક થઈ હોઈને આવી જમીન કલમ ૩૨-ધ મુજબ કલેક્ટરને હસ્તક મૂકવામાં આવી હોય, અને

૧. સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૧૨ (૪) થી પેટા-કલમ (૩) કમી કરી છે.
૨. એજનની કલમ ૧૨ (૫) થી "કોઈ જમીન અથવા તેનો ભાગ જમીનમાલિકની તરફેણમાં સોંપી શકાય એમ ન હોય, ત્યારે અને આવી જમીન અથવા તેના ભાગ પેટા-કલમ (૨) મુજબ વેચાણ માટે મૂકવામાં આવે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.
૩. સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ૩૬ ની કલમ ૪ (૩) થી પેટા-કલમો (૬) થી (૧૧) દાખલ કરી છે.
૪. સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૧૨ (૬) થી "કોઈ જમીન પેટા-કલમ (૨) મુજબ જમીન માલિકને સોંપી દેવામાં આવે" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે આ મજકૂર મૂકયો છે.
૫. એજનની કલમ ૧૨ (૭) થી "પેટા-કલમ (૨) મુજબ જમીન માલિકને સોંપવામાં આવેલી કોઈ જમીન" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે આ શબ્દો, કૌંસ અને આંકડા મૂકયા છે.
૬. સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ૩૬ ની કલમ ૫ થી નવી કલમ ૩૨-ધધ દાખલ કરી છે.

(૨) એવી રીતે કલેક્ટરને હસ્તક મૂકવામાં આવેલી જમીનનો નિકાલ કલમ ૩૨-ધ ની પેટા કલમ (૨) માં ઠરાવેલી રીતે કરવામાં આવ્યો ન હોય ત્યારે ગણોતિયો જો જમીન ખરીદવાને ખુશી હોય તો સદરહુ ખરીદી બિનઅસરકારક થઈ નથી એવી જાહેરાત કરવા માટે સદરહુ તારીખથી એક વર્ષની મુદતની અંદર તે ટ્રિબ્યુનલને લેખિતમાં અરજી કરી શકશે.

૧[(૧-ક) પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થાય તે છતાં પેટા-કલમ હેઠળ અપાયેલો હક, તે પેટા-કલમમાં "મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે "મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૦" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવામાં આવ્યા હોય તેમ ગણીને વાપરી શકાશે.

સન ૧૯૬૫ નો ગુજરાતનો ૩૬મો

(૧-ખ) ખરીદી બિન-અસરકારક થઈ નથી એવું ઠરાવવા માટે કોઈ ગણોતિયાએ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૦ ના આરંભ પહેલાં પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજી તે કરવા માટેની મુદત વીતી ગયાને કારણે ટ્રિબ્યુનલે સ્વીકારી ન હોય ત્યારે આવો ગણોતિયો તે પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર અરજી કરીને પેટા-કલમ (૧) હેઠળ મળેલા હક વાપરવાને પણ હકદાર રહેશે અને તેવા કોઈપણ ગણોતિયાની અરજી મળ્યેથી ટ્રિબ્યુનલે એ અરજી તેવી નિર્દિષ્ટ મુદતની અંદર કરવામાં આવી હોય તેમ ગણી દાખલ કરવી જોઈશે.

સન ૧૯૭૧ નો ગુજરાતનો ૨જો.

૨[(૧-ગ) પેટા-કલમ (૧-ક) સાથે વાંચવામાં આવતી પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ હોય તે છતાં, પેટા-કલમ (૧) હેઠળ મળેલો હક,—

(ક) કોઈ ગણોતિયો, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૧ના આરંભ પછી બે મહિના પહેલાં કોઈપણ સમયે અથવા;

સન ૧૯૮૧ નો ગુજરાતનો ૧૩મો.

(ખ) નિર્દિષ્ટ ગણોતિયો, ૩[સન ૧૯૮૬ નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં] કોઈપણ સમયે, વાપરી શકશે.]

(૧-ઘ) ખરીદી બિન-અસરકારક બની નથી એવું ઠરાવી આપવા માટે, કોઈ ગણોતિયાએ, નિર્દિષ્ટ તારીખ પહેલાં પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજી, તે માટેની મુદત વીતી જવાને કારણે ટ્રિબ્યુનલે સ્વીકારી ન હોય, તો ૨-ક[(ક) એવો ગણોતિયો, મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૧ના આરંભ પછી બે મહિના પહેલાં કોઈપણ સમયે અરજી કરીને પેટા-કલમ (૧) હેઠળ મળેલો હક વાપરી પણ શકશે, અથવા

(ખ) એવો ગણોતિયો નિર્દિષ્ટ ગણોતિયો હોવાથી ૩[સન ૧૯૮૬ નો ડિસેમ્બર, મહિનો પૂરો થાય તે પહેલાં] કોઈપણ સમયે, અરજી કરીને, પેટા-કલમ (૧) હેઠળ મળેલો હક પણ વાપરી શકશે, અને આવા કોઈ ગણોતિયા અથવા નિર્દિષ્ટ ગણોતિયા પાસેથી અરજી મળ્યેથી, ટ્રિબ્યુનલ, તે અરજી જાણે તે કરવા માટે નિર્દિષ્ટ મુદતની અંદર કરવામાં આવેલી અરજી હોય તેમ સ્વીકારશે.]

સન ૧૯૮૧ નો ગુજરાતનો ૧૩મો

(૨) પેટા-કલમ (૧) મુજબ અરજી મળ્યે, ટ્રિબ્યુનલે ગણોતિયા તથા જમીનમાલિકને નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે પોતાની સમક્ષ હાજર થવાનું ફરમાવતી નોટિસ કાઢવી જોઈશે.

(૩) જો ગણોતિયો હાજર થાય અને નિવેદન કરે કે પોતે જમીન ખરીદવાને ખુશી છે તો જમીન કલમ ૩૨-ધ મુજબ કલેક્ટરને હસ્તક રહેતી બંધ થશે અને ટ્રિબ્યુનલે ખરીદી બિન-અસરકારક થઈ ન હોત તેમ કલમ ૩૨-જ માં ઠરાવેલી રીતે જમીનની ખરીદ કિંમત નક્કી કરવી જોઈશે.

(૪) કલમ ૩૨ થી ૩૨-ધ અને કલમો ૩૨-ન અને ૩૨-પ ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, આ કલમ મુજબ ગણોતિયાએ કરેલી જમીનની ખરીદીને લાગુ પડશે.

(૫) આ કલમ મુજબ અરજી કરવાને હકદાર હોય તેવો ગણોતિયો પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર આવી અરજી કરે નહિ, તો જેને આ કલમ લાગુ પડતી હોય તે જમીનના સંબંધમાં, કલમ ૩૨-ધ મુજબ કંઈપણ પગલું લેવામાં આવશે નહિ.]

૪[સ્પષ્ટીકરણ.—પેટા-કલમ (૧) ના ખંડ (૨) ના હેતુ માટે કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા બીજા સત્તાધિકારીના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય છતાં, કલમ ૩૨-ધ ની પેટા-કલમ (૨) હેઠળ કાઢેલા કોઈ આદેશ અનુસાર જમીનનો કબજો લેવાને હકદાર કોઈ વ્યક્તિ કાયદા અનુસાર એવી જમીનનો ખરેખર કબજો ન લે ત્યાં સુધી, જમીનનો નિકાલ થયો છે એમ ગણાશે નહિ.]

સન ૧૯૬૫ના ગુજરાતના ૩૬મા અધિનિયમના આરંભપછી જમીનની ખરીદી બિન-અસરકારક થઈ હોય તે ગણોતિયાઓને જમીન ખરીદવાની વધુ તક આપવા બાબત.

૫[૩૨-ધધ. (૧) કલમ ૩૨-જ અને ૩૨-ધ માં ગમે તે મજકૂર હોય છતાં, મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫ અમલમાં આવે તે તારીખે અથવા તે પછી—

સન ૧૯૬૫ નો ગુજરાતનો ૩૬મો.

(૧) જમીનના ગણોતિયાએ કરેલી જમીનની કોઈ ખરીદી, આવો ગણોતિયો ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થાય નહિ અથવા જમીન ખરીદવાને પોતે ખુશી નથી એવું નિવેદન કરે તે કારણે, કલમ ૩૨-જ ની પેટા-કલમ (૩) હેઠળ બિન-અસરકારક થઈ હોવાથી, કલમ ૩૨-ધ હેઠળ આવી જમીન કલેક્ટરને હસ્તક મૂકવામાં આવી હોય, અને

---

૧. સન ૧૯૭૧ ના ગુજરાત અધિનિયમ ૨ ની કલમ ૨ થી આ પેટા-કલમો દાખલ કરી છે.

૨. સન ૧૯૮૧ ના ગુજરાત અધિનિયમ, ૧૩ ની કલમ ૩ (૧) થી પેટા-કલમ (૧-ગ) ને બદલે આ પેટા-કલમ મૂકી છે.

૨-ક. એજનની કલમ ૩ (૨) થી "એવો ગણોતિયો" એ શબ્દોથી શરૂ થતાં "અને અરજી હોય તેમ સ્વીકારવી જોઈશે" એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે આ મજકૂર મૂકયો છે.

૩. સન ૧૯૮૬ ના ગુજરાત અધિનિયમ ૮ ની કલમ ૩ થી "સન ૧૯૮૫ નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં" એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો અને આંકડા મૂકયા છે.

૪. સન ૧૯૭૩ ના ગુજરાત અધિનિયમ ૫ ની કલમ ૧૩ (૨) થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે અને તે હંમેશા દાખલ કરવામાં આવ્યું છે એમ ગણાશે.

૫. એજનની કલમ ૧૪ થી આ કલમ દાખલ કરી છે.

૧[(૨) એવી રીતે કલેક્ટરને હસ્તક હોય તે જમીનનો નિકાલ, કલમ ૩૨-ધની પેટા-કલમ(૨)માં જોગવાઈ કરેલી રીતે કરવામાં આવ્યો ન હોય, ત્યારે સદરહુ ખરીદી બિન-અસરકારક બની નથી એવું ઠરાવવા માટે—

સન ૧૯૬૫ નો ગુજરાતનો ૩૬મો સન ૧૯૭૧ નો ગુજરાતનો ૨જો.

(ક) ગણોતિયા, જો તે જમીન ખરીદવા ખુશી હોય તો મુંબઈ ગણોત-વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૧ના આરંભ પછી બે મહિના પહેલા ટ્રિબ્યુનલને લેખિત અરજી કરી શકશે; અથવા સન ૧૯૮૧ નો ગુજરાતનો ૧૩ મો.

(ખ) ગણોતિયા, જો તે નિર્દિષ્ટ ગણોતિયો હોય અને જમીન ખરીદવા ખુશી હોય, તો ૨[સન ૧૯૮૯નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં] ટ્રિબ્યુનલને લેખિત અરજી કરી શકશે; અથવા

(૨) પેટા-કલમ (૧) હેઠળ અરજી મળ્યે ટ્રિબ્યુનલ ગણોતિયા તથા જમીન માલિક ઉપર નોટિસ કાઢશે અને તેમાં નિર્દિષ્ટ કરેલી તારીખે પોતાની સમક્ષ તેઓને હાજર થવાનું ફરમાવશે.

(૩) જો ગણોતિયો હાજર થાય અને નિવેદન કરે કે પોતે જમીન ખરીદવાને ખુશી છે, તો જમીન કલમ ૩૨-ધ મુજબ કલેક્ટરને હસ્તક રહેતી બંધ થશે અને ટ્રિબ્યુનલે, ખરીદી બિન-અસરકારક થઈ ન હોય તેમ, કલમ ૩૨-જમાં ઠરાવેલી રીતે જમીનની ખરીદ કિંમત નક્કી કરવી જોઈશે.

સન ૧૯૮૧ નો ગુજરાતનો ૧૩મો.

(૪) કલમો ૩૨ થી ૩૨-ધ અને કલમો ૩૨-ન અને ૩૨-પની જોગવાઈઓ લાગુ પાડી શકે તેટલે સુધી, આ કલમ હેઠળ ગણોતિયાએ કરેલી જમીનની ખરીદીને તે લાગુ પડશે.

(૫) આ કલમ હેઠળ અરજી કરવાને હકદાર હોય તેવો ગણોતિયો પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર આવી અરજી કરવામાં ચૂકે તે સિવાય જેને આ કલમ લાગુ પડતી હોય તે જમીનના સંબંધમાં, કલમ ૩૨-ધ હેઠળ કંઈપણ પગલાં લેવામાં આવશે નહિ.

સન ૧૯૮૧ નો ગુજરાતનો ૧૩મો

સ્પષ્ટીકરણ—પેટા-કલમ (૧)ના ખંડ (૨)ના હેતુ માટે કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા બીજા સત્તાધિકારીના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ-૩૨-ધની પેટા-કલમ (૨) હેઠળ કાઢેલા કોઈ આદેશ અનુસાર જમીનનો કબજો લેવાને હકદાર કોઈ વ્યક્તિ કાયદા અનુસાર એવી જમીનનો ખરેખર કબજો ન લે ત્યાં સુધી, જમીનનો નિકાલ થયો છે એમ ગણાશે નહિ.

૩૨-ન. (૧) કલમ ૩૨-જ મુજબ કરેલી તપાસ દરમિયાન ટ્રિબ્યુનલે ખેડૂત દિને જમીન ઉપર કાયદેસર ચાલુ હોય એવા કોઈ બોજા નક્કી કરવા જોઈશે. દેવાં ભરપાઈ કરવામાં ખરીદ કિંમતની રકમનો ઉપયોગ કરવા બાબત.

(૨) (ક) બોજાઓની કુલ રકમ એવી રીતે નક્કી કરેલી રકમ કરતાં ઓછી હોય તો—

૧(૧) ખરીદ કિંમત એક સામટી રકમથી આપેલી હોય ત્યારે બોજાની રકમ ખરીદ કિંમતમાંથી બાદ કરવી જોઈશે અને બાકીની રકમ જમીન માલિકને આપવી જોઈશે;

૧(૨) ખરીદ કિંમત હપ્તાઓમાં આપવાની હોય ત્યારે ટ્રિબ્યુનલે તેવી રકમ બોજા ચૂકવવા પેટે તેવા હપ્તાઓમાંથી બાદ કરવી જોઈશે:

સન ૧૯૬૫ નો ગુજરાતનો ૩૬મો.

પરંતુ કોઈ કબૂલાતનામું, ચૂકાદો, કોર્ટના હુકમનામા અથવા હુકમ અથવા કોઈ કાયદા મુજબ બોજાઓની રકમ હપ્તાઓમાં વસૂલ કરવાની હોય, ત્યારે ટ્રિબુનલે પોતાને વાજબી લાગે તેવી રીતે આપવાના હપ્તાઓમાંથી તેવી રકમ બાદ કરવી જોઈશે;

(ખ) બોજાની કુલ રકમ એવી રીતે નક્કી કરેલી રકમ કરતાં વધારે હોય, તો યથાપ્રસંગ એક સામટી રકમથી આપેલી ખરીદ કિંમત અથવા હપ્તાઓ અગ્રતાના ક્રમ પ્રમાણે વહેંચી આપવા જોઈશે. જો કોઈ વ્યક્તિને જમીનના નફામાંથી નિભાવ અથવા નિર્વાહ ખર્ચ મેળવવાનો હક હોય, તો ટ્રિબ્યુનલે ખરીદ કિંમતમાંથી તે આપવા માટેની રકમ પણ બાદ કરવી જોઈશે.

---

૧. સન ૧૯૮૧ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૪થી ખંડ (૨)ને બદલે આ પેટા-ખંડ મૂક્યો છે.

૨. સન ૧૯૮૯ના ગુજરાત અધિનિયમ-૮ની કલમ ૪થી "સન ૧૯૮૫નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલાં" એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.

(૩) આવા પ્રશ્નમાં [1][બીજાના અથવા દાવાના] કાયદેસરપણા અંગેના કોઈ કાયદાના પ્રશ્નનો બોજો ધારણ કરનારના દાવાનો અથવા બોજાના સંબંધમાં લેણી થતી રકમ અંગેના કોઈ પ્રશ્નનો સમાવેશ થતો હોય, તો કલમ ૮૫-કમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ટ્રિબ્યુનલે તે પ્રશ્ન ઠરાવેલી રીતે, જે [2] * * * * દીવાની ન્યાયાધીશની હકૂમતની પ્રાદેશિક હદમાં જમીન આવેલી હોય તેના નિર્ણય માટે મોકલવો જોઈશે. આવો પ્રશ્ન મળ્યે લાગતા-વળગતા ન્યાયાધીશે લાગતાવળગતા પક્ષકારોને નોટિસ આપ્યા પછી મોકલેલ પ્રશ્નનો ઈન્સાફ કરવો જોઈશે અને તે ઉપરના નિર્ણયો નોંધવા જોઈશે અને તે ટ્રિબ્યુનલને મોકલવા જોઈશે. ટ્રિબ્યુનલે ત્યાર-પછી સદરહુ નિર્ણયો અનુસાર ચૂકાદો આપવો જોઈશે.,

(૪) આ કલમમાંના કોઈપણ મજકૂરથી જમીન માલિક સામે આવો કોઈ બોજો ધારણ કરનારના હકનો બીજી કોઈપણ રીતે અથવા તે સમયે અમલમાં હોય એવા બીજા કોઈપણ કાયદા મુજબ અમલ કરવામાં આગળ કામ ચલાવવાના તેના હકોને અસર થશે નહિ.

નિર્દિષ્ટ રીતે ગણોતિયા વતી રાજ્ય સરકારે ખરીદ કિંમત અનામત મૂકવા અથવા ચૂકવવા બાબત.

[3][૩૨નન. (૧) (ક) સન ૧૯૮૬ના ડિસેમ્બર મહિનાના અંત પહેલાં કોઈપણ સમયે, કલમ ૩૨તની પેટા-કલમો (૩) અને (૪)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જમીનની કિંમતની પૂરેપૂરી રકમ અથવા યથાપ્રસંગ, તે કિંમતનો નહિ ચૂકવેલો ભાગ, વ્યાજ સહિત ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવા કલમ ૩૨તની પેટા-કલમ (૫)ના ખંડ(ખ) હેઠળ જેને પરવાનગી મળી હોય તે નિર્દિષ્ટ ગણોતિયો, 'મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત દ્વિતીય સુધારા) વટહુકમ, ૧૯૮૬'ના આરંભની તારીખ (જેનો આમાં હવે પછી, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પહેલાં આવી રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવાનું ચૂક્યો હોય, ત્યારે રાજ્ય સરકારે, કલમ ૩૨તની પેટા-કલમ (૫)ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ હોય તે છતાં સદરહુ તારીખથી બાર મહિનાની મુદતની અંદર આવા નિર્દિષ્ટ ગણોતિયા વતી આવી રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવી જોઈશે અને આવી રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવામાં આવ્યે જમીનની ખરીદી બિન-અસરકારક થઈ નથી એમ ગણાશે અને ટ્રિબ્યુનલે, કલમ ૩૨તની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

સન ૧૯૮૬નો ગુજરાત વટહુકમ ૧૪.

(ખ) ખરીદી બિન-અસરકારક થઈ નથી એવી જાહેરાત કરવા માટે કલમ ૩૨ધધની પેટા-કલમ(૧) હેઠળની અરજી સન ૧૯૮૬ના ડિસેમ્બર મહિનાના અંત પહેલાં કોઈપણ સમયે કરવા અંગેની પરવાનગી કલમ ૩૨ધધની પેટા-કલમ (૧ગ)ના ખંડ (ખ) અથવા પેટા-કલમ (૧ઘ)ના ખંડ (ખ) હેઠળ અથવા કલમ ૩૨ધધધની પેટા-કલમ (૧)ના ખંડ(૨)ના પેટા-ખંડ(ખ) હેઠળ મળી હોય તે નિર્દિષ્ટ ગણોતિયો, સન ૧૯૮૬ના ડિસેમ્બર મહિનાના અંત પહેલાં આવી અરજી કરવાનું ચૂકે અને કલેક્ટર કલમ ૩૨ધની પેટા-કલમ (૨) હેઠળ એવું ફરમાવે કે જે જમીનના સંબંધમાં ગણોતવહીવટ સમાપ્ત કર્યો હોય તે જમીન સદરહુ પેટા-કલમ (૨)ના ખંડ(ગ)ના પેટા-ખંડ (ક૧)માં ઉલ્લેખેલ ગણોતિયા હોય તેવા નિર્દિષ્ટ ગણોતિયાને વેચીને તેનો નિકાલ કરવો અને આવા નિર્દિષ્ટ ગણોતિયાને જમીન વેચીને તેનો નિકાલ કરવામાં આવે, ત્યારે કલેક્ટર કલમ ૩૨તની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવેલા નમૂનામાં આવા નિર્દિષ્ટ ગણોતિયાને ખરીદીનું પ્રમાણપત્ર કાઢી આપશે, જે કલમ ૩૨ધની પેટા-કલમ (૫) હેઠળ આવી જમીનની કલેક્ટરે નક્કી કરેલી કિંમત કલેક્ટરને આપવાને જવાબદાર રહેશે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકેલી રકમ અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ નિર્દિષ્ટ ગણોતિયો જમીનની કિંમતની જે રકમ કલેક્ટરને આપવાને જવાબદાર હોય તે રકમ, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકારે નિર્દિષ્ટ ગણોતિયાને મંજૂર કરેલી લોનની રકમ છે એમ ગણાશે અને લોનની અને વ્યાજની રકમ અથવા તેનો કોઈ ભાગ, આવા નિર્દિષ્ટ ગણોતિયા પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે].

ખરીદનાર જાતે ખેતી કરે નહિ તો તેને જમીન ખાલી કરાવવા બાબત.

૩૨.પ. પૂર્વવર્તી જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ મુજબ જમીનની ખરીદી પછી કોઈપણ વખતે, ખરીદનાર જમીનની જાતે ખેતી કરે નહિ તો કલેક્ટર પૂરતા કારણોસર આવી ચૂક માફ કરે તે સિવાય તેને જમીન ખાલી કરાવશે અને કલમ ૮૪-ગની જોગવાઈઓ અનુસાર જમીનનો નિકાલ કરવામાં આવશે.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮નીકલમ ૧૭થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી આ મજકૂર રદ કર્યો છે.

૩. સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૮ની કલમ ૨થી કલમ ૩૨નન દાખલ કરી છે.

૧[(૨-ક) જેને કલમ ૮૮-ગ લાગુ પડતી હોય તે જમીનોના જમીન માલિકોએ ગણોત વહીવટની સમાપ્તિ કરવા બાબત અને તે જમીનના ગણોતિયાઓએ જમીનની ખરીદી કરવા બાબત.

૩૨-ફ. કલમો ૩૨-બ અને ૩૨-ભ ના હેતુઓ માટે— વ્યાખ્યાઓ

(૧) "પ્રમાણિત જમીન માલિક" એટલે જે વ્યકિત કલમ ૮૮-ગ ની પેટા-કલમ (૪) મુજબ તેને કાઢી-આપેલું પ્રમાણપત્ર ધરાવતી હોય તે વ્યકિત ૨[પણ તેમાં પ્રકરણ ૩—કક ના અર્થ મુજબ તેના જેવું પ્રમાણપત્ર ધરાવનાર જમીન માલિકનો સમાવેશ થતો નથી], અને

(૨) "બાકાત રાખેલો ગણોતિયો" એટલે જે જમીનને કલમો ૩૨ થી ૩૫-ચ (બંને સહિત) ની જોગવાઈઓ, કલમ ૮૮-ગ ની પેટા-કલમ (૧) રૂએ લાગુ પડતી ન હોય તે જમીનનો ગણોતિયો.

૩૨-બ. (૧) કલમો ૩૧ થી ૩૧-ખ (બંને સહિત) માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ આ કલમની જોગવાઈઓને અધીન રહીને, પ્રમાણિત જમીનમાલિક, પેટા-કલમ (૩) માં ઠરાવ્યા પ્રમાણે કબજા માટે નોટિસ આપ્યા પછી અને અરજી કર્યા પછી, બાકાત રાખેલા ગણોતિયાને તેણે પટે આપેલી કોઈપણ જમીનની, જો તેને જાતે ખેતી કરવા માટે ખરેખર જરૂર હોય, તો આવી જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરી શકશે. જાતે ખેતી કરવા માટે ગણોત વહીવટ સમાપ્ત કરવાનો પ્રમાણિત જમીન માલિકનો ખાસ હક.

(૨) (ક) તે જ ગણોતવહીવટના સંબંધમાં કલમ ૩૧ ની પેટા-કલમ (૨) અનુસાર તેણે કરેલી કોઈપણ અરજી—

સન ૧૯૬૦ ના ગુજરાતનો ૧૬મો.

(૧) મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ ના આરંભની તારીખે (જેનો આ કલમમાં હવે પછી "આરંભની તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખ) મામલતદાર સમક્ષ અનિર્ણિત હોય અથવા કલેક્ટર સમક્ષ અપીલમાં હોય અથવા ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ સમક્ષ ફેરતપાસમાં હોય, અથવા

(૨) આરંભની તારીખ પહેલાં મામલતદારે અથવા અપીલમાં કલેક્ટરે અથવા ફેરતપાસમાં ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે નામંજૂર કરી હોય;

તે છતાં, પેટા-કલમ (૩) મુજબ પ્રમાણિત જમીનમાલિક નોટિસ આપી શકશે અને અરજી કરી શકશે.

(ખ) આવી કોઈપણ અનિર્ણિત અરજી આરંભની તારીખે કાઢી નાંખેલી હોવાનું ગણાશે.

(૩) પેટા-કલમ (૧) મુજબ આપવા ફરમાવેલી નોટિસ લેખિતમાં હોવી જોઈએ અને તે સન ૧૯૬૧ ના ડિસેમ્બર મહિનાની ૩૧ મી તારીખે અથવા તે પહેલા ગણોતિયા પર બજાવવી જોઈશે અને તેની એક નકલ તે જ સમયે મામલતદારને મોકલવી જોઈશે. જમીનનો કબજો મેળવવા માટેની અરજી ત્યાર પછી, સન ૧૯૬૨ ના માર્ચ મહિનાની ૩૧ મી તારીખે અથવા તે પહેલા કલમ ૨૯ મુજબ મામલતદારને કરવી જોઈશે:

પરંતુ જમીન માલિકે પ્રમાણપત્ર માટે ઠરાવેલી અથવા નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કલમ ૮૮-ગ ની પેટા-કલમ (૩) મુજબ તે માટે અરજી કરી હોય પણ સન ૧૯૬૧ ના ડિસેમ્બર મહિનાની ૩૧ મી તારીખ પહેલાં કોઈપણ પ્રમાણપત્ર તેને કાઢી આપવામાં આવ્યું ન હોય ત્યારે તે આવી નોટિસ આપી શકશે અને જે તારીખે કલમ ૮૮-ગ ની પેટા-કલમ (૪) મુજબ તેને પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય તે તારીખથી ત્રણ મહિના પૂરા થાય તે પહેલાં જમીનના કબજા માટે અરજી કરી શકશે.

(૪) પ્રમાણિત જમીનમાલિક નીચેના વર્ગો પૈકી કોઈ એક વર્ગનો હોય, એટલે કે—

(ક) સગીર હોય,

(ખ) વિધવા હોય,

(ગ) ૩ [ * * * * ] અથવા

(ઘ) કોઈપણ શારીરિક અથવા માનસિક અશકતતા ધરાવતી વ્યકિત હોય,

ત્યારે, તેણે પેટા-કલમો (૧) અને (૩) થી ફરમાવ્યા પ્રમાણે નોટિસ આપી ન હોય અને અરજી કરી ન હોય, તો—

(ક) જે તારીખે—

---

૧ સન ૧૯૬૦ ના ગુજરાત અધિનિયમ ૧૬ ની કલમ ૧૪ થી આ શીર્ષક તેમજ કલમો ૩૨-ફ, ૩૨-બ અને ૩૨-ભ દાખલ કરી છે.

૨ સન ૧૯૬૫ ના ગુજરાત અધિનિયમ ૨૪ ની કલમ ૬ થી આ મજકૂર ઉમેર્યો છે.

૩ એજનની કલમ ૭(ક) થી ખંડ (ગ) કાઢી નાખ્યો છે.

(૧) વર્ગ (ક)ના દાખલામાં, તે પુખ્ત વયનો થાય;

(૨) ૧ * * * * *

(૩) વર્ગ (ઘ)ના દાખલામાં, તે આવી શારીરિક અથવા માનસિક અશક્તતા ધરાવતો બંધ થાય;

તે તારીખથી એક વર્ષની અંદર જમીન માલિક; અને

(ખ) વિધવાના દાખલામાં, જે તારીખે વિધવાનો જમીનમાંનો હિતસંબંધ અસ્તિત્વમાં હોતો બંધ થાય તે તારીખથી એક વર્ષની અંદર હકના અનુગામી,

આવી નોટિસો આપી શકશે અને આવી અરજી કરી શકશે :

પરંતુ આવા વર્ગની કોઈ વ્યકિત સંયુકત કુટુંબની વ્યકિત હોય ત્યારે, સંયુકત કુટુંબમાંથી ઓછામાં ઓછી એક વ્યકિત આ પેટા-કલમમાં જણાવેલા વર્ગોની બહારની હોય, તો આવી વ્યકિતનો કુટુંબમાંનો હિસ્સો અને સન ૧૯૫૮ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં માપણી મોજણી કરીને જુદો કરવામાં આવ્યો હોય તે સિવાય અને મામલતદારને તપાસ પરથી એવી ખાતરી થાય કે જમીનમાંનો આવી વ્યકિતનો હિસ્સો, સમગ્ર સંયુકત કુટુંબની મિલકતમાં તે વ્યકિતનો જેટલો હિસ્સો હોય તેટલા પ્રમાણમાં અને નહિ કે તેથી વધારે પ્રમાણમાં જમીનનો વિસ્તાર, આકાર, વર્ગીકરણ અને કિંમતને ધ્યાનમાં લઈને જુદો કરવામાં આવ્યો છે તે સિવાય, આ પેટા-કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

(૫) પ્રમાણિત જમીનમાલિકનો આ કલમ મુજબ ગણોત વહીવટ સમાપ્ત કરવાનો હક નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભ પહેલાં જમીન માલિકે કલમ ૩૧ મુજબ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા મુજબ તે જ ગણોતિયાએ ધારણ કરેલી કોઈ જમીનનો ગણોત વહીવટ તેણે તે જમીન જાતે ખેતી કરવા માટે જોઈએ છે તે કારણે અથવા ખેતી સિવાયના બીજા કારણે સમાપ્ત કરી દીધો હોય અને કબજો લીધો હોય તો તે પેટા-કલમ (૧)ની જોગવાઈઓ મુજબ ગણોત વહીવટ સમાપ્ત કરવાને હકદાર થશે નહિ. સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો.

(ખ) મુંબઈના જમીનના ટુકડા થતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭માં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન માલિક પટે આપેલી જમીનના અર્ધા ક્ષેત્રફળ જેટલી જમીનનો કબજો લેવાને હકદાર થશે : સન ૧૯૪૭ નો મુંબઈનો ૬૨મો.

પરંતુ જે તારીખે કબજા માટેની અરજી પેટા-કલમ (૩) અથવા (૪) અનુસાર જમીન માલિકે મામલતદારને કરી હોય તે તારીખે —

(૧) જમીન માલિક બીજી કોઈ જમીનની જાતે ખેતી કરતો ન હોય અથવા પોષણક્ષમ જમીનની અર્ધી જમીન કરતાં ઓછી હોય તેવી બીજી જમીનની જાતે ખેતી કરતો હોય; અને

(૨) ગણોતિયો પોષણક્ષમ જમીનની અર્ધી કરતાં વધુ બીજી જમીનની જાતે ખેતી કરતો હોય અને તે જાતે ખેતી કરતો ચાલુ રહેવાને હકદાર હોય,

તો જમીન માલિક પટે આપેલી પૂરેપૂરી જમીનનો કબજો લેવાને હકદાર થશે.

(ગ) પટે આપેલી જમીન હકપત્રકમાં અથવા કોઈ સરકારી દફતરમાં અથવા તેવા મહેસૂલી પત્રકમાં સન ૧૯૫૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને ત્યારપછી આરંભની તારીખ સુધી જમીનમાલિકના પોતાને નામે અથવા તેના પૂર્વજો પૈકી કોઈ પૂર્વજના નામે હોવી જોઈએ પણ બીજા જે કોઈના હકના પુરોગામી પાસેથી નામફેર અથવા કોર્ટના વેચાણ દ્વારા અથવા બીજી રીતે હક મેળવ્યો હોય તે કોઈ હકના પુરોગામીને નામે હોવી જોઈએ નહિ અથવા જો જમીનમાલિક સંયુકત કુટુંબની વ્યકિત હોય, તો એવા કુટુંબની કોઈ વ્યકિતના નામે હોવી જોઈએ.

(ઘ) કલમ-૮૮-ઘની પેટા-કલમ(૧) ના ખંડ (૪) મુજબ અરજી કરવામાં આવી હોય અને નામંજૂર કરવામાં આવી ન હોય, તો જમીનમાલિક જમીનનો કબજો મેળવવાને હકદાર થશે નહિ.

---

૧ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૭ (ખ) થી બાબત(૨) કાઢી નાખી છે.

(૬) આ કલમ મુજબ ગણોતવહીવટ સમાપ્ત થયા પછી ગણોતિયા પાસે રહેલ કોઈ જમીનનો ગણોતવહીવટ ત્યારપછી, કોઈપણ સમયે જમીનમાલિકને તે જમીનની જાતે ખેતી કરવા માટે ખરેખર જરૂર છે તે કારણે ફરીથી સમાપ્ત થવાને પાત્ર થશે નહિ.

(૭) આ કલમ મુજબ ગણોતવહીવટની સમાપ્તિને પરિણામે, પટે આપેલી જમીનનો કોઈ ભાગ ગણોતિયા પાસે રહ્યો હોય, તો ગણોતિયા પાસે રહેલી જમીનના ક્ષેત્રફળના પ્રમાણમાં ઠરાવેલી રીતે ગણોતનું વિભાજન કરવું જોઈશે.

કલમ ૮૮-ગ માં જણાવેલ જમીનના ગણોતિયા-ઓએ જમીન ખરીદી હોવાનું ગણાશે અને બીજી આનુષંગિક જોગવાઈઓ.

૩૨.ભ (૧) કલમ ૮૮-ગની પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ આ કલમની જોગવાઈઓને અધીન રહીને, પ્રમાણિત જમીનમાલિક પાસેથી જમીન ધારણ કરતા હોય તેવા દરેક બાકાત રાખેલા ગણોતિયાએ પેટા-કલમ (૩)માં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, ગણોતિયા તરીકે તેણે ધારણ કરેલી જમીન, જો આવી જમીનની તે જાતે ખેતી કરતો હોય; અને

(૧) જમીન માલિકે, કલમ ૩૨-બની પેટા-કલમ (૩) અનુસાર ગણોતવહીવટ સમાપ્ત કરવાની નોટિસ આપી ન હોય, અથવા

(૨) જમીન માલિકે આવી નોટિસ આપી હોય પણ ત્યારપછી સદરહુ પેટા-કલમ (૩) થી ફરમાવ્યા પ્રમાણે કબજા માટે કલમ ૨૯ મુજબ અરજી કરી ન હોય; અથવા

(૩) જમીનમાલિકે કલમ ૩૨-બની પેટા-કલમ(૪)માં નિર્દિષ્ટ કરેલા વર્ગો પૈકી કોઈ વર્ગની વ્યકિત ન હોઈને, કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલાં કારણો પૈકી કોઈ કારણે ગણોતવહીવટની સમાપ્તિ કરી ન હોય અથવા આવી રીતે ગણોતવહીવટની સમાપ્તિ કરી હોય પણ તેણે જમીનના કબજા માટે કલમ ૨૯ મુજબ સન ૧૯૬૨ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં મામલતદારને અરજી કરી ન હોય;

તો સન ૧૯૬૨ના એપ્રિલ મહિનાની પહેલી તારીખે તેના ઉપર ચાલુ હોય તેવા તમામ બોજા મુકત રહીને સદરહુ તારીખે જમીનમાલિક પાસેથી ખરીદેલી હોવાનું ગણાશે:

પરંતુ જમીન માલિકે કબજા માટે આવી અરજી કરી હોય પણ આ અધિનિયમની જોગવાઈઓ મુજબ મામલતદારે અથવા અપીલમાં કલેકટર અથવા ફેરતપાસમાં ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે નામંજૂર કરી હોય ત્યારે, જે તારીખે નામંજૂરીનો આખરી હુકમ પસાર થયો હોય તે તારીખે ગણોતિયાએ જમીન ખરીદેલી હોવાનું ગણાશે.

(૨) (ક) કોઈ ગણોતિયો સન ૧૯૬૨ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાં જમીનમાલિકે તેને જમીન ખાલી કરાવવાને કારણે સદરહુ તારીખે જમીનનો કબજો ધરાવતો ન હોય પણ તેણે કલમ ૨૯ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, તે પેટા-કલમ મુજબ જમીનના કબજા માટે અરજી કરી હોય અથવા કરે ત્યારે, અરજી મામલતદારે અથવા યથાપ્રસંગ અપીલમાં કલેકટરે અથવા ફેરતપાસમાં ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે મંજૂર કરી હોય તો જે તારીખે અરજી મંજૂર કરતો આખરી હુકમ પસાર થયો હોય તે તારીખે તેણે જમીન ખરીદેલી હોવાનું ગણાશે.

(ખ) આવા ગણોતિયાએ કલમ-૨૯ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કબજા માટે અરજી કરી ન હોય અથવા તેણે કરેલી અરજી આ અધિનિયમ મુજબ છેવટે નામંજૂર થઈ હોય અને સદરહુ મુદત પૂરી થયે અથવા અરજીની છેવટની નામંજૂરીની તારીખે ગણોતિયા તરીકે બીજી કોઈ વ્યકિતએ જમીન ધારણ કરી હોય ત્યારે, આવી બીજી વ્યકિતએ યથાપ્રસંગ સદરહુ મુદત પૂરી થવાની તારીખે અથવા અરજીની છેવટની નામંજૂરીની તારીખે જમીન ખરીદેલી હોવાનું ગણાશે.

(૩) પ્રમાણિત જમીન માલિકે, કલમ ૩૨-બની પેટા-કલમ (૪) માં નિર્દિષ્ટ કરેલ વર્ગો પૈકી કોઈ વર્ગની વ્યકિત હોઈ-ને, તે કલમની પેટા-કલમ (૩) અનુસાર બાકાત રાખેલ ગણોતિયાનો ગણોત વહીવટ સમાપ્ત કરવાની નોટિસ આપી ન હોય અથવા આવી નોટિસ આપી હોય પણ તેણે ત્યારપછી પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે કબજા માટે કલમ ૨૯ મુજબ અરજી કરી ન હોય ત્યારે, આવા બાકાત રાખેલા ગણોતિયાએ, કલમ ૩૨-બની પેટા-કલમ(૪)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયેથી ગણોતિયા તરીકે તેણે ધારણ કરેલી જમીન ખરીદેલી હોવાનું ગણાશે :

પરંતુ ગણોતવહીવટ સમાપ્ત કરવામાં આવ્યો હોય અને કલમ-૩૨-બની પેટા-કલમ (૪)ની જોગવાઈઓ અનુસાર કબજા માટે અરજી કરવામાં આવી હોય ત્યારે પણ મામલતદારે અથવા અપીલમાં કલેકટરે અથવા ફેરતપાસમાં ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે અરજી નામંજૂર કરી હોય ત્યારે ગણોતિયાએ, જે તારીખે નામંજૂરીનો આખરી હુકમ પસાર કરવામાં આવ્યો હોય તે તારીખે જમીન ખરીદેલી હોવાનું ગણાશે.

(૪) કલમો ૩૨ થી ૩૨-પની જોગવાઈઓ લાગુ પડી શકે તેટલે સુધી, બાકાત રાખેલા ગણોતિયાએ આ કલમ મુજબ કરેલી જમીનની ખરીદીને લાગુ પડશે.]

૧ * * * ગણોતિયા-ઓને જમી-નનો વિનિ-મય કરવાનો હક.

૩૩. (૧) આ અધિનિયમ અથવા બીજા કોઈ કાયદા અથવા કોઈ કબૂલાતનામું અથવા રિવાજમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ૧ * * * * * * ગણોતિયાની હેસિયતથી ૨ * * * * જમીન ધારણ કરતા ૧ * * * ગણોતિયાઓ ૧ * * * તેઓએ ગણોતિયાઓ તરીકે ધારણ કરેલી જમીનો સંબંધી તેમના ગણોત વહીવટના વિનિમય કરવા માટે સંમત થઈ શકશે અને ઠરાવેલા નમૂના પ્રમાણે મામલતદારને અરજી કરી શકશે.

(૨) અરજી મળ્યે મામલતદાર લાગતાવળગતા જમીનમાલિકોને નોટિસ આપ્યા પછી અને તપાસ કર્યા પછી, ઠરાવ-વામાં આવે તેવી શરતોએ વિનિમય કરવાની મંજૂરી આપી શકશે અને ઠરાવેલા નમૂના પ્રમાણે અરજદારોને પ્રમાણપત્રો આપી શકશે.

(૩) એવી રીતે આપેલાં પ્રમાણપત્રો, વિનિમય કરેલી જમીનોમાં હિતસંબંધ ધરાવતા જમીનમાલિકો અને તમામ વ્યકિતઓ સામે એવો વિનિમય થયાનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૪) બેમાંના દરેક ૧* * * *ગણોતિયાએ, વિનિમય કરવામાં આવ્યેથી મામલતદારે મંજૂર કર્યા હોય તેવા ફેરફારોને અધીન રહીને, વિનિમયની તરત પહેલાંના મૂળ ગણોતિયાએ જે શરતોએ જમીનધારણ કરી હોય તેજ શરતોએ જમીન ધારણ કરવી જોઈશે.

૩[(૩) ટોચ મર્યાદા વિસ્તાર કરતાં વધારે જમીન ધારણ કરવા ઉપર નિયંત્રણ.

૩૪. [કોઈ વ્યકિત વધારેમાં વધારે કેટલી જમીન ધારણ કરી શકશે.] સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ ૫૪, અનુસૂચિ ૩થી કાઢી નાંખી.

જમીન ધારણ કરનારાઓ મામલત-દારને જમી-નની વિગતો પૂરી પાડવા બાબત.

૪[૩૪-ક. માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશત:માલિક તરીકે અને અંશત:ગણોતિયા તરીકે સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે એક કરતાં વધારે તલાટીની કસ્ટડીમાં હોય તેવી જમીન ધારણ કરનાર દરેક વ્યકિતએ., ઠરાવેલી મુદતની અંદર જે મામલતદારોની હકૂમતમાં તેવી જમીનનો કોઈ ટુકડો આવેલો હોય તે દરેક મામલતદારને તેવી રીતે તેણે ધારણ કરેલી તમામ જમીનોની સાચી વિગતો ઠરાવેલી રીતે પૂરી પાડવી જોઈશે].

૩૫. [બક્ષિસ વગેરેથી કોઈ વ્યકિતના કબજામાં આવતી જમીનને કલમ ૩૪ની જોગવાઈઓ લાગુ પડશે]. સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ ૫૪, અનુસૂચિ ૩થી કાઢી નાંખી.

પોષણક્ષમ જમીન અથવા ટોચ મર્યાદા વિસ્તાર ઉપરાંતનો ટુકડો ધારણ કરનાર પાસે રહેવા દઈ શકાશે.

૩૬. આ અધિનિયમની જોગવાઈઓ મુજબ જમીનની પુર્નવહેંચણી અથવા તબદીલીના કારણે, આ અધિનિયમ મુજબ કોઈ વ્યકિતને ધારણ કરવાનો હક હોય તેવી પોષણક્ષમ જમીન અથવા ટોચમર્યાદા વિસ્તાર ઉપરાંતનો કોઈ વિસ્તાર ટુકડા તરીકે રહી જતો હોય, તો ૫ * * * * કલેકટર તેવા ટુકડાનો ખેતીના હેતુઓ માટે કાર્યક્ષમ ઉપયોગ થાય તે હકીકતને ધ્યાનમાં રાખીને, જમીનના બન્ને ધારણ કરનારાઓમાંના કોઈપણ એકને રાખવાની પરવાનગી આપી શકશે]

જે જમીન માલિક એક વર્ષમાં જમી-નનો ખેતી કરે નહિ તો તેણે કબજો સોંપી દેવો.

૩૭. (૧) ૬[કલમ ૩૧ ૭[અથવા ૩૨-બ] મુજબ] ગણોત વહીવટની સમાપ્તિ બાદ જમીનમાલિક જમીનનો કબજો લઈ લે તે પછી, જે તારીખે તેણે કબજો લીધો હોય તે તારીખથી એક વર્ષની અંદર ૮[કલમ ૩૧ ૭[અથવા ૩૨-બ] મુજબ] આપેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલા હેતુઓ પૈકી કોઈ હેતુ માટે તે જમીનનો ઉપયોગ કરવાને ચૂકે અથવા તેણે જે તારીખે આવો કબજો લીધો હોય તે પછી બાર વર્ષની અંદર કોઈપણ વખતે, સદરહુ હેતુઓ પૈકી કોઈ હેતુ માટે ઉપયોગ કરતો બંધ થાય તો જમીન માલિકે જેનો ગણોત વહીવટ તેણે સમાપ્ત કર્યો હોય તે ગણોતિયાને તરત તે જમીનનો કબજો પાછો સોંપવો જોઈએ, સિવાય કે તેણે ગણોતિયા તરફથી તેજ શરતોએ ગણોત વહીવટ સ્વીકાર-વાનો લેખિત ઈન્કાર મળે અથવા તેણે ગણોતિયાને તે જ શરતોએ જમીનનો કબજો આપવાની લેખિત માંગણી કરી હોય અને ગણોતિયો તે મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર તે માંગણીનો સ્વીકાર કરવાને ચૂકે.

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨૩(૨)થી "રક્ષિત" શબ્દ કાઢી નાખ્યો છે.
૨. એજનની કલમ ૨૩(૧)થી "તે જ ગામમાં" એ મજકૂર કાઢી નાંખ્યો છે.
૩. એજનની કલમ ૨૪થી કલમો ૩૪ થી ૩૬ને બદલે આ ભાગ દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૧૯થી આ કલમ દાખલ કરી છે.
૫. સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ ૫૪, અનુસૂચિ ૩થી મજકૂર કાઢી નાંખ્યો છે.
૬. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨૫ (૧)થી "કલમ ૩૪ મુજબ" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૭. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૫(૧)થી આ મજકૂર દાખલ કર્યો છે.
૮. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨૫(૨)થી "કલમ ૩૪ની પેટા-કલમ (૧)"એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૧[(૧-ક) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય છતાં, કલમ ૩૧ અથવા ૩૨-બ હેઠળ ગણોત વહીવટ સમાપ્ત થયા પછી, જમીન માલિકે જેનો કબજો લીધો હોય તે જમીન અંગે મામલતદારને પોતાની મેળે અથવા એવી જમીનમાં હિત ધરાવતી કોઈ વ્યકિતની અરજી ઉપરથી એમ માનવાને કારણ મળે કે જમીનમાલિકે, જમીનનો કબજો લીધાની તારીખથી એક વર્ષની અંદર, તેણે કલમ ૩૧ અથવા ૩૨-બ હેઠળ ગણોતિયાને આપેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલા કોઈપણ હેતુ માટે તે જમીનનો ઉપયોગ કર્યો નથી અથવા જમીન માલિકે જમીનનો કબજો લીધાની તારીખથી બાર વર્ષની અંદર કોઈપણ સમયે નોટિસમાં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે જમીનનો ઉપયોગ કરવાનું તે બંધ કરે અથવા તેણે બંધ કર્યું છે અથવા જમીનમાલિકે સદરહુ જમીન બીજી કોઈ વ્યકિતને તબદીલ કરી છે અને એવી તબદીલી જમીનનો ગણોત વહીવટ જે કારણે સમાપ્ત કરવામાં આવ્યો હોય તે કારણ સાથે અસંગત છે તો મામલતદારે યથાપ્રસંગ, જમીનમાલિકને અથવા જમીન માલિક અને તબદીલીથી લેનાર, એ બન્નેને શા માટે યથાપ્રસંગ, જમીન માલિક પાસેથી જમીનનો કબજા હક ન લઈ લેવો અથવા શા માટે સદરહુ તબદીલી અમાન્ય ન ઠરાવવી તેનું કારણ દર્શાવવા ઠરાવેલા નમૂનામાં નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ઠરાવવું જોઈશે કે યથાપ્રસંગ, જમીનમાલિક જમીનનો કબજો રાખવાને હકદાર રહેશે નહિ અથવા જમીનની તબદીલી અમાન્ય રહેશે અને તબદીલીથી લેનાર, એ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરે છે એમ ગણાશે.

(૧-ખ) કોઈ જમીનમાલિકના દાખલામાં, પેટા-કલમ (૧-ક) હેઠળ એવો ઠરાવ આપવામાં આવ્યો હોય કે જમીનનો કબજો રાખવાને તે હકદાર રહેશે નહિ, તો એવા જમીન માલિકે, જેનો ગણોત વહીવટ સમાપ્ત કરવામાં આવ્યો હોય તે ગણોતિયાને ગણોતવહીવટ સમાપ્ત થયા પહેલાં જે શરતોએ તે ધરાવવામાં આવતો હતો તેજ શરતોએ જમીનનો કબજો આપવાની લેખિત દરખાસ્ત તરત કરવી જોઈશે. આવી દરખાસ્ત મળ્યાની ત્રણ મહિનાની અંદર, ગણોતિયો દરખાસ્તનો સ્વીકાર કરે, તો જમીન માલિકે જમીનનો કબજો ગણોતિયાને તરત પાછો સોંપી દેવો જોઈશે અને સદરહુ મુદતની અંદર ગણોતિયો ગણોત વહીવટ સ્વીકારવાની લેખિત ના પાડે અથવા તે સ્વીકારે નહિ તો રાજ્ય સરકારમાં તે જમીન નિહિત થવાની તારીખે તે ઉપર કાયદેસર રીતે અસ્તિત્વમાં હોય તેવા તમામ બોજાઓ વગર તે જમીન રાજય સરકારમાં નિહિત થશે.]

(૨) પેટા-કલમ ૨[(૧) અથવા (૧-ખ)] મુજબ ગણોતિયાએ કબજો પાછો મેળવ્યા પછી તેણે, આ અધિનિયમની જોગ-વાઈઓને અધીન રહીને, તેનો ગણોતવહીવટ સમાપ્ત થયો તે વખતે જે શરતોએ તે જમીન ધારણ કરતો હતો તે જ શરતોએ એવી જમીન ધારણ કરવી જોઈશે.

(૩) જો જમીન માલિક પેટા-કલમ ૨[(૧) અથવા (૧-ખ)]માં ઠરાવ્યા પ્રમાણે ગણોતિયાને જમીનનો કબજો સોંપવાને ચૂકયો હોય તો જમીન ખાલી કરાવવાને કારણે ગણોતિયાને જે નુકશાન થયું હોય તે બદલ મામલતદાર નક્કી કરે તેવું વળતર તે ગણોતિયાને આપવાને જવાબદાર થશે.

૩[(૪) સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં કોઈ જમીનમાલિકે તેને જાતે ખેતી કરવા માટે અથવા કોઈ બિન-ખેતીવિષયક હેતુ માટે જમીન જોઈએ છે એવી નોટિસ ગણોતિયાને આપીને તે વખતે અમલમાં હોય તેવી આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કોઈપણ જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કર્યો હોય અને એવા આરંભ પહેલાં અથવા તે પછી જમીનનો કબજો લીધો હોય ત્યારે જે તારીખે તેણે કબજો લીધો હોય તે તારીખથી એક વર્ષની અંદર નોટિસમાં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે જમીનનો ઉપયોગ કરવાનું ચૂકે અથવા જે તારીખે તેણે કબજો લીધો હોય તે તારીખથી બાર વર્ષની અંદર કોઈપણ સમયે નોટિસમાં નિર્દિષ્ટ કરેલ હેતુ માટે તેનો ઉપયોગ કરતો બંધ થાય, તો આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓ કોઈ કોર્ટ અથવા ટ્રિબ્યુનલનું કોઈ હુકમનામું અથવા હુકમ હોય તે છતાં, જાણે કે કલમ ૩૧ મુજબ ગણોતવહીવટ સમાપ્ત થયો હોય તેમ યથાપ્રસંગ આવી ચૂક અથવા ૪[ઉપયોગ બંધ થયાની બાબતને લાગુ પડશે અને ઉપર જણાવ્યા પ્રમાણે ગણોતવહીવટ સમાપ્ત કર્યા પછી જમીન કોઈ વ્યકિતને તબદીલ કરવામાં આવી હોય અને આવી તબદીલી જે કારણસર જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરવામાં આવ્યો હોય તે કારણ સાથે અસંગત હોય તો તબદીલી ગેરકાયદેસર ગણાશે અને તે વ્યકિત જમીનનો અનધિકૃત ભોગવટો કરે છે એમ ગણાશે.]

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો. (૫) પેટા-કલમ (૪)માં ઉલ્લેખ કરેલ ચૂક અથવા ઉપયોગ બંધ થયાની બાબત, મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ અમલમાં આવ્યાની તારીખ પહેલાં થઈ હોય ત્યારે ગણોતિયાને જમીનનો કબજો પાછો સોંપવાની પેટા-કલમ ૨[(૧) અથવા (૧-ખ)] મુજબ જમીનમાલિકની જવાબદારી તે તારીખથી શરૂ થશે.]

---

૧. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ કલમ ૧૫(૧)થી આ પેટા-કલમો દાખલ કરી છે.

૨. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૫(૨)થી "(૧)" એ કૌંસ અને આંકડાને બદલે આ કૌંસ, આંકડા, અક્ષર અને શબ્દ મૂકયા છે.

૩. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૫(૨)થી પેટા-કલમો (૪) અને (૫) દાખલ કરી છે.

૪. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૬(૧)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

વાપ-૫૦૩-૧૧

૧[૫-કક) કોઈ દાખલામાં કોઈ જમીનની તબદીલી પેટા-કલમ (૧-ક) અથવા (૪) હેઠળ અમાન્ય ઠરાવવામાં આવી હોય અને તબદીલીથી લેનાર જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરે છે એમ ગણાતું હોય ત્યારે એવા ઠરાવની તારીખે અને ત્યારથી તે જમીન ઉપર સદરહ તારીખે કાયદેસર રીતે અસ્તિત્વમાં હોય તેવા તમામ બોજાઓ વગર રાજ્ય સરકારમાં તે જમીન નિહિત થાય છે એમ ગણાશે.

(૫-ક-ખ) કોઈ જમીન પેટા-કલમ (૧-ખ) અથવા (૫-કક) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થાય અથવા થઈ ગણાય ત્યારે અગ્રતા યાદીમાં આપેલા ક્રમ મુજબની વ્યક્તિઓ અથવા મંડળોને એવી જમીન નવા અને અવિભાજ્ય સત્તાપ્રકારથી અને કલમ ૬૩-કની જોગવાઈઓ અનુસાર મામલતદારે નક્કી કરેલી વાજબી કિંમત જેટલી ભોગવટા કિંમત આપવાની શરતે આપીને રાજ્ય સરકાર તેનો નિકાલ કરશે અને જમીન વેચવાથી ઉપજેલી ખરીદ કિંમત-માંથી બોજાની રકમ ચૂકવવા માટે કલમ ૩૨-ન માં જોગવાઈ કરેલી રીતે મામલતદારે ભોગવટા કિંમતમાંથી પેટા-કલમ (૧-ખ) અથવા (૫-કક)માં ઉલ્લેખેલા બોજાની રકમ ચૂકવવી જોઈએ, પરંતુ એથી જેની સામે બીજી કોઈ રીતે એવા બોજેદારના હક્નો અમલ કરાવી શકાય તે વ્યક્તિ સામે કામ ચલાવવાના બોજેદારના હક્કને બાધ આવશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ પેટા-કલમમાં "નવો અને અવિભાજ્ય સત્તાપ્રકાર" એટલે કલેક્ટરની પૂર્વ મંજૂરી વિના તબદીલ કરી ન શકાય અને વિભાજન કરી ન શકાય તેવો ભોગવટાનો સત્તાપ્રકાર].

૨[૩(૫-ક)૪[* * * * *]

૩[(૫-ખ)] જો મામલતદાર તબદીલી ગેરકાયદેસર જાહેર કરે તો તેણે એવું ફરમાવવું કે ૫[ * * *] તબદીલ કરી આપનારને મળેલી અવેજની રકમ જો કંઈ હોય તો તે તબદીલ કરી આપનારે તબદીલ કરી લેનારને ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર આપવી જોઈશે.

૩[(૫-ગ) ] જો તબદીલ કરી આપનાર એવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તબદીલ કરી લેનારને સદરહુ રકમ આપે નહિ, તો સદરહુ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે તેની પાસેથી વસૂલ કરવી જોઈશે અને તબદીલ કરી લેનારને આપવી જોઈશે.

૩[ (૫-ઘ) ] આ કલમ મુજબ ગેરકાયદેસર હોય તેવી જમીનની તબદીલીને કલમો ૮૪-ક, ૮૪-ખ અને ૮૪-ગ માંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

૬[ (૬) જે જમીન માલિક ચાલુ ફોજી નોકર થાય અને તે કારણે પેટા-કલમ ૭[(૧) અથવા ૧-ખ)]માં ઉલ્લેખ કરેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે અને તે પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર જમીનનો ઉપયોગ કરવાનું ચૂકે અથવા તેનો ઉપયોગ કરતો બંધ થાય તેવા કોઈ જમીન માલિકને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.]

૩૮. [કયા સંજોગોમાં જમીનમાલિક જાતે ખેતી કરે છે એમ ગણાય.] સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ના કલમ ૨૬થી કાઢી નાંખી.

**ગણોતિયાએ કબજો મેળવવા માટે અરજી કરવા બાબત.**

૩૯. જો કોઈપણ સમયે ગણોતિયો મામલતદારને અરજી કરે અને તેને ખાતરી કરી આપે કે જમીન માલિકે કલમ ૩૭ની જોગવાઈઓનું વાજબી સમયમાં પાલન કર્યું નથી તો ગણોતિયાને મામલતદારના ફરમાન પરથી તે જમીનનો તાત્કાલિક કબજો મેળવવાનો હક રહેશે તથા જમીન ખાલી કરાવવાને કારણે તથા કલમ ૩૭થી ફરમાવ્યા પ્રમાણે જમીન માલિકે જમીનનો કબજો નહિ સોંપવાને અથવા નહિ આપવાને કારણે ગણોતિયાને જે કાંઈપણ નુકશાન થયું હોય તે બદલ મામલતદાર અપાવે તેવું વળતર મેળવવાનો હક રહેશે.

---

૧. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૫ (૩)થી આ પેટા-કલમો દાખલ કરી છે.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૬(૨)થી આ પેટા-કલમો દાખલ કરી છે.

૩. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૩થી પેટા-કલમો (૬), (૭), (૮) અને (૯) ને અનુક્રમે સદરહુ કલમ ૩૭ની પેટા-કલમ (૫-ક), )૫-ખ), (૫-ગ) અને (૫-ઘ) તરીકે નવા નંબર આપ્યા છે.

૪. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૫(૪)થી પેટા-કલમ (૫-ક) કમી કરી છે.

૫. એજનની કલમ ૧૫(૫)થી "તે જમીન તબદીલ કરી આપનારના કબજામાં પાછી સોંપવી જોઈશે અને"એ શબ્દો કમી કર્યા છે.

૬. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૮થી પેટા-કલમ (૬) દાખલ કરી છે.

૭. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૫(૬)થી "(૧)" એ કૌંસ અને આંકડાને બદલે આ કૌંસ આંકડા, અક્ષર અને શબ્દ મૂકયા છે.

[1][૪૦.(૧) ગણોતિયો (કાયમી ગણોતિયા સિવાયનો) મૃત્યુ પામે ત્યારે, જમીન માલિકે, તેવો ગણોતિયો તેના મૃત્યુ સમયે જે શરતોએ ગણોતવહીવટ ધારણ કરતો હોય તે શરતોએ, મૃત્યુ પામેલા ગણોતિયાના જે વારસ અથવા વારસો ગણોતવહીવટ ચાલુ રાખવાને ખુશી હોય તેમની તરફેણમાં ગણોતવહીવટ ચાલુ રહેવા દીધો છે એમ ગણાશે.

**ગણોતિયાનું મૃત્યુ થતાં ગણોત-વહીવટ ચાલુ રાખવા બાબત.**

(૨) મૃત્યુ પામેલા ગણોતિયાની વિધવા સિવાયના બીજા વારસોને ગણોતવહીવટ વારસામાં મળ્યો હોય ત્યારે, આવી વિધવાને આવી જમીનના નફામાંથી નિભાવ માટેનો ખર્ચ મેળવવાનો હક રહેશે.]

૪૧. (૧) આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કોઈ [2]***ગણોતિયાનો ગણોતવહીવટ સમાપ્ત કરવામાં આવે તો એવા ગણોતિયાએ પોતે ધારણ કરેલી જમીનમાં સુધારણા કરી હોય તો તેને તેવી સુધારણા બદલ વળતર મેળવવાનો હક રહેશે. વળતરની રકમ નક્કી કરવા માટે ગણોતિયાએ ઠરાવેલા નમૂના પ્રમાણે મામલતદારને અરજી કરવી જોઈશે.

**ગણોતિયાએ કરેલી સુધારણા બદલ વળતર.**

(૨) પેટા-કલમ (૧) મુજબ ગણોતિયાને જે વળતર મેળવવાનો હક હોય તે વળતર તેનો ગણોતવહીવટ સમાપ્ત કરવામાં આવે તે વખતે આવી સુધારણાની અંદાજેલી કિંમત જેટલું રહેશે. એવી કિંમતનો અંદાજ કાઢતી વખતે, નીચેની બાબતો પરત્વે ધ્યાન આપવું જોઈશે—

(ક) સુધારણાથી તે જમીનની કિંમતમાં કેટલી રકમનો વધારો થયો છે તે;

(ખ) સુધારણાની વર્તમાન હાલત અને તેની અસર કેટલી મુદત સુધી ચાલુ રહેશે તે;

(ગ) સુધારણા કરવા માટે ગણોતિયાએ રોકેલા મજૂરો અથવા ખર્ચેલી મૂડી; અને

(ઘ) [3][કાયમી જડિત સામાન સહિત] સુધારણાના બદલામાં જમીન માલિકે તે ગણોતિયાના ગણોતમાં કરેલો કોઈ ઘટાડો અથવા આપેલી કોઈ માફી અથવા તેને આપેલો બીજો લાભ.

૪૨. [2]***ગણોતિયા તરીકે પોતે ધારણ કરેલી જમીન ઉપર [2]***ગણોતિયાને ખેતરમાં ઘર બાંધવાનો હક રહેશે.

**ખેતરમાં ઘર બાંધવાનો ગણોતિયાનો હક.**

[4][૪૩.[5](૧) ગણોતિયાએ કલમ ૧૭-ખ, ૩૨, ૩૨-છ, ૩૨-ટ, ૩૨-દ [6][કલમ ૩૨-ભ, ૪૩-૧ઘ અથવા ૮૮-ચ,] હેઠળ ખરીદેલી અથવા કલમ ૩૨-ઘ, અથવા ૬૪ હેઠળ કોઈ વ્યકિતને વેચેલી કોઈ જમીન કે તેમાંનો હિતસંબંધ કલેકટરની પૂર્વમંજૂરી વિના અને રાજ્ય સરકાર, સામાન્ય કે ખાસ હુકમથી નક્કી કરે તેવી રકમના અવેજની ચૂકવણી કર્યા સિવાય, વેચાણ, બક્ષિસ, વિનિમય, ગીરો, પટ્ટા અથવા નામફેરથી, તબદીલ કરી શકાશે નહિ અથવા તબદીલ કરવાની લેખિત ખતથી કબૂલાત કરી શકાશે નહિ અને કલેકટરની પૂર્વમંજૂરી વિના આવી કોઈ જમીન અથવા તેમાંના હિતસંબંધના ભાગલા પાડી શકાશે નહિ;]

**આ અધિનિયમ મુજબ ખરીદેલી અથવા વેચેલી જમીનની તબદીલી ઉપર નિયંત્રણો.**

[7][(૧-ક) પેટા-કલમ (૧) હેઠળની મંજૂરી કલેકટરે રાજ્ય સરકાર ઠરાવે તે સંજોગોમાં અને તે શરતોએ આપવી જોઈશે.]

[8][(૧-કક) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવો ગણોતિયો કે વ્યકિત, જમીન સુધારણા લોન અધિનિયમ, ૧૮૮૩, ખેડૂત લોન અધિનિયમ, ૧૮૮૪ અથવા ગુજરાત રાજ્યમાં અમલમાં છે તે પ્રમાણેના મુંબઈ બિન ખેડૂત લોન અધિનિયમ, ૧૯૨૮ હેઠળ રાજ્ય સરકારે તેને ધીરેલી લોનના બદલામાં, રાજ્ય સરકારની તરફેણમાં અથવા બેન્ક અથવા સહકારી મંડળીની તરફેણમાં જમીનમાંનો તેનો હિત સંબંધ ગીરો મૂકે અથવા તેના ઉપર બોજો ઉભો કરે તે કાયદેસર ગણાશે અને યથા પ્રસંગ, રાજ્ય સરકાર, બેન્ક અથવા સહકારી મંડળી લઈ શકે તેવા બીજા કોઈ ઈલાજને બાધ આવ્યા વિના આવી લોન જે શરતોએ આપવામાં આવી હોય તે શરતો અનુસાર આવી લોન ભરપાઈ કરવામાં તે કસૂર કરે, ત્યારે યથા પ્રસંગ, રાજ્ય સરકાર, બેન્ક અથવા સહકારી મંડળી જમીનમાંનો તેનો હિત સંબંધ ટાંચમાં મૂકાવે અને વેચાવે અને તેમાંથી ઉપજની રકમનો એ લોન ભરપાઈ કરવામાં ઉપયોગ કરાવે તે કાયદેસર ગણાશે.

સ્પષ્ટીકરણ.—આ પેટા-કલમના હેતુઓ માટે "બેન્ક" એટલે—

(ક) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૫૫ હેઠળ રચાયેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા;

(ખ) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (પેટા બેંક) અધિનિયમ, ૧૯૫૯ની કલમ ૨ના ખંડ (ડ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ પેટા-બેન્ક;

(ગ) બેન્કિગ કંપની (અંડરટેકિંગ સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૨ના ખંડ (ઘ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ તત્સમાન નવી બેંક;

(ઘ) ખેતી વિષયક નાણાં પુર્નવ્યવસ્થા અને વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૬૩ હેઠળ સ્થપાયેલ ખેતી વિષયક નાણાં પુર્નવ્યવસ્થા અને વિકાસ કોર્પોરેશન];

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨૭થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.
૨. એજનની કલમ ૨૮થી "રક્ષિત" એ શબ્દ કાઢી નાખ્યો છે.
૩. એજનથી આ મજકૂર દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૨૯થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.
૫. સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૪(૧)થી પેટા-કલમ (૧)ને બદલે આ પેટા-કલમ મૂકી છે.
૬. સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૨૧ની કલમ ૨થી "૩૨-ભ અથવા ૪૩-૧ઘ" એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે આ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકયા છે.
૭. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૮. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૬(૨)થી આ પેટા-કલમો દાખલ કરી છે.
૯. સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૩૭ની કલમ ૨(૧)થી આ પેટા-કલમ મૂકી છે.

(૧-ખ) પેટા-કલમ (૧) [1][અથવા-૧-કક)]માંનો કોઈપણ મજકૂર, જમીનના કાયમી ગણોતિયાએ કલમો ૩૨, ૩૨-છ, ૩૨-દ અથવા ૬૪ મુજબ ખરીદેલી જમીનને, જો આવી ખરીદી પહેલાં તે કાયમી ગણોતિયો રિવાજ, રૂઢિ, કબૂલાતનામું અથવા કોઈ કોર્ટના હુકમનામા અથવા હુકમ દ્વારા તે જમીનના ગણોતવહીવટમાં તબદીલ કરી શકાય તેવો હક ધારણ કરતો હોય તો, લાગુ પડશે નહિ.]

(૨) પેટા-કલમ (૧)નું ઉલ્લંઘન કરીને [2][કોઈ જમીન અથવા તેમાંના કોઈ હિતસંબંધની કરેલી તબદીલી અથવા ભાગલા કે તેની તબદીલીની કોઈ કબૂલાત] ગેરકાયદેસર ગણાશે.]

[3][પ્રકરણ ૩-કક.

**જે જમીન માલિકો ચાલુ ફોજી નોકરો હોય અથવા થયા હોય તે જમીનમાલિકોના ગણોત વહીવટ સમાપ્ત કરવા માટેની અને તેમની જમીનો ગણોતિયાઓએ ખરીદવા માટેની ખાસ જોગવાઈઓ.**

વ્યાખ્યા.

૪૩-૧ક. આ પ્રકરણમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો "જમીન માલિક" એટલે જે જમીન માલિક (કલમ ૩૨-ફના અર્થ મુજબ પ્રમાણિત જમીનમાલિક સહિત) ચાલુ ફોજી નોકર હોય અથવા તેવા નોકર તરીકે હોતા બંધ થયા હોય તે જમીનમાલિક અને જે કોઈ જમીનમાલિક મૃત્યુ પામ્યો હોય તે જમીનમાલિકની જમીનના સંબંધમાં, તેની વિધવા, પુત્ર, પૌત્ર, અપરિણિત પુત્રી, પિતા અથવા માતાનો તેમાં સમાવેશ થાય છે. સન ૧૯૬૫ નો ગુજરાતનો ૨૪મો.

ગણોત વહીવટ સમાપ્ત કરવાનો જમીન માલિકનો હક.

૪૩-૧ખ. (૧) આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ આ કલમની જોગવાઈઓને અધીન રહીને, ગુજરાતના ગણોતવહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતના (સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભ પછી કોઈપણ સમયે કોઈ જમીનમાલિક કોઈપણ જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરે અને તેમાંથી-

(ક) તેના ખરેખરાં કબજામાં હોય તેવી કુલ જમીન, ટોચમર્યાદા વિસ્તાર જેટલી થાય તે માટે પૂરતી હોય તેટલી જમીનનો કબજો મેળવે; અને

(ખ) જમીનમાલિક સંયુક્ત કુટુંબની વ્યકિત હોય ત્યારે, સંયુક્ત કુટુંબે ધારણ કરેલી (ટોચમર્યાદા વિસ્તાર કરતાં વધારે ન હોય તેટલી) જમીનમાંના તેના હિસ્સા જેટલી જ જમીનનો કબજો મેળવે;

તો તે કાયદેસર ગણાશે, પરંતુ કલેકટરને તપાસ ઉપરથી ખાતરી થવી જોઈએ કે (જમીનનો વિસ્તાર, આકાર વર્ગીકરણ અને કિંમત ધ્યાનમાં લઈને) આવો હિસ્સો સમગ્ર સંયુક્ત કુટુંબની મિલકતમાં તે વ્યકિતનો જેટલો હિસ્સો હોય તેટલા પ્રમાણમાં અને નહિ કે તેથી વધારે પ્રમાણમાં, માપણી મોજણી કરીને જુદો કરવામાં આવ્યો છે.

(૨) ગણોતિયાને લેખિત નોટિસ આપી હોય અને કલમ ૨૯ની પેટા-કલમ (૩-ક) મુજબ કબજો માટેની અરજી કલેકટરને કરી હોય તે સિવાય, પેટા-કલમ (૧) મુજબ કોઈપણ જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરી શકાશે નહિ :

પરંતુ કોઈ જમીનમાલિક, ગુજરાતના ગણોતવહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતના (સુધારા) અધિનિયમ ૧૯૬૫ના આરંભ પહેલાં અથવા તે પછી, ચાલુ ફોજી નોકર હોતો બંધ થાય અથવા તેવો નોકર હોય તે વખતે અથવા તેવો નોકર હોતો બંધ થયા પછી મૃત્યુ પામે, ત્યારે મોડામાં મોડી— સન ૧૯૬૫ નો ગુજરાતનો ૨૪મો.

(ક) યથા પ્રસંગ, આવી રીતે ચાલુ ફોજી નોકર હોય તો બંધ થયાની તારીખથી મૃત્યુ અથવા મૃત્યુ પામ્યાની તારીખથી, અથવા

(ખ) ગુજરાતના ગણોતવહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતના (સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભની તારીખથી,

એ બેમાંથી જે પ્રસંગ મોડો બને ત્યારથી, બે વર્ષની મુદત પૂરી થયાની તારીખ પહેલાં આવી નોટિસ આપવી જોઈશે અને આવી અરજી કરવી જોઈશે.

(૩) આ પ્રકરણમાંનો કોઈપણ મજકૂર— સન ૧૯૬૫ નો ગુજરાતનો ૨૪મો.

(ક) જે જમીન માલિક ચાલુ ફોજી નોકર હોતો બંધ થયો હોય તે જમીનમાલિકે(આ પ્રકરણની જોગવાઈઓ મુજબ કબજો મેળવ્યા પછી) ઉત્પન્ન કરેલા જમીનના ગણોતવહીવટને લાગુ પડશે નહિ; પણ કલમ ૩૨-દની જોગવાઈઓ ખેડૂત દિન પછી ઉત્પન્ન કરેલા ગણોતવહીવટના સંબંધમાં જેમ લાગુ પડે છે તેમ આવા ગણોતવહીવટને લાગુ પડશે;

(ખ) જે જમીનમાલિક (લશ્કરી કોર્ટે કામ ચલાવ્યા પછી અથવા ખરાબ ચાલચલગતને લીધે અથવા વગર રજાએ નાસી જવાને કારણે નોકરીમાંથી તેને યોગ્ય રીતે પદચ્યુત કે બરતરફ કરવામાં આવે તેને પરિણામે) ચાલુ ફોજી નોકર હોતો બંધ થયો હોય અથવા જેની સાખ લેવામાં આવી ન હોય તે જમીન માલિક આ કલમ મુજબ પોતાની જમીનનો ગણોતવહીવટ સમાપ્ત કરવાને હકદાર થશે નહિ.

---

૧. સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૪(૩)થી "અથવા (૧-ક)" એ શબ્દ, કૌંસ, આંકડા અને અક્ષરને બદલે આ શબ્દ, કૌંસ, આંકડા અને અક્ષર મૂકયા છે.

૨. એજનની કલમ ૪(૪)થી "જમીનની કરેલી કોઈપણ તબદીલી અથવા ભાગલા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૧૦થી આ પ્રકરણ ઉમેર્યું છે.

(૪) મુંબઈના ખેતીની જમીનના ટુકડા થતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭ના કોઈપણ મજકૂરથી આ પ્રકરણ મુજબ કોઈપણ ગણોતવહીવટ સમાપ્ત કરવાને બાધ આવશે નહિ.

સન ૧૯૪૭ મુંબઈ-નો ૬૨મો. સન ૧૯૬૫નો ગુજરાતનો ૨૪મો.

અનિર્ણિત કાર્યવાહીઓ કલેકટર અને રાજ્ય સરકારને વર્ગ કરવી.

૩[૪૩-૧ગ. કોઈ જમીનમાલિકે કલમ ૩૧ અથવા ૩૨-બ મુજબ જમીનનો કબજો પાછો મેળવવા અથવા પ્રાપ્ત કરવા માટે, દાખલ કરેલી જે કાર્યવાહીઓ ગુજરાતના ગણોતવહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતના (સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભના તરત જ પહેલાં મામલતદાર સમક્ષ અનિર્ણિત હોય તે તમામ કાર્યવાહીઓ, (આવી કાર્યવાહીઓ વર્ગ કરવા અથવા તેને આનુષંગિક કોઈ બાબત માટે કરવામાં આવેલા નિયમોને અધીન રહીને) આવા આરંભ વખતે કલેકટરને વર્ગ થયેલી ગણાશે અને કલેકટર સમક્ષ અપીલમાં ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ સમક્ષ ફેર-તપાસમાં અનિર્ણિત હોય તેવી તમામ કાર્યવાહીઓ તેવી રીતે રાજ્ય સરકારને વર્ગ થયેલી ગણાશે; અને યથાપ્રસંગ, આવી કાર્યવાહીઓ કલેકટર સમક્ષ કલમ ૪૩-૧-ખ- મુજબ જમીન પાછી મેળવવા માટે માંડેલી હોય એમ ગણાશે અથવા કલમ ૭૩-ક મુજબ રાજ્ય સરકાર સમક્ષ ફેરતપાસમાં અનિર્ણિત હોય એમ ગણાશે અને તદનુસાર તેનો નિકાલ કરવો જોઈશે.

જમીન માલિક પાસેથી જમીન ખરીદવાનો ગણોતિયાનો હક.

૪૩-૧-ઘ. (૧) આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓમાં અથવા કોઈ કાયદા, કબૂલાતનામું, રિવાજ અથવા રૂઢિમાં વિરુદ્ધનો કોઈપણ મજકૂર હોય તે છતાં, પણ આ કલમની જોગવાઈઓને અધીન રહીને, જમીનમાલિક પાસેથી જમીન ધારણ કરતો હોય તેવો કોઈ ગણોતિયો, કલમ ૩૨-કની જોગવાઈઓને અધીન રહીને જમીનમાલિક પાસેથી—

(ક) જમીન માલિક કલમ ૪૩-૧ખથી ફરમાવ્યા પ્રમાણે અરજી કરે નહિ ત્યારે તેણે તેવી રીતે ધારણ કરેલી જમીન, અને

(ખ) બીજા કોઈપણ પ્રસંગે, કલમ ૪૩-૧ખ મુજબ ગણોતવહીવટ સમાપ્ત કર્યા પછી, ગણોતિયા પાસે બાકી રહેલી જમીનનો તેણે ધારણ કરેલો ભાગ,

ખરીદવાને હકદાર થશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ જમીન ખરીદવાનો હક, કલમ ૪૩-૧ખની જોગવાઈઓ અનુસાર જમીનમાલિક જે તારીખે જમીનનો કબજો મેળવે તે તારીખથી એક વર્ષની અંદર, અથવા યથાપ્રસંગ, કલમ ૪૩-૧ખની પેટા-કલમ ( ૨ )ના પરંતુકમાં ઉલ્લેખેલી મુદત પૂરી થયાની તારીખથી વાપરવો જોઈશે અને હક વાપર્યાની ખબર ઉપર્યુકત મુદતની અંદર ઠરાવેલી રીતે જમીનમાલિકને અને ટ્રિબ્યુનલને આપવી જોઈશે.

(૩) કલમો ૩૨ થી ૩૨-ચ (બંને સહિત) અને કલમો ૩૨-જથી ૩૨-થ (બંને સહિત) અને કલમ ૩૨-ધ, ૩૨-ન, અને ૩૨-પની જોગવાઈઓ કલમ ૩૨ મુજબ જમીનની ખરીદીના સંબંધમાં જેમ લાગુ પડે છે તેમ તે જોગવાઈઓ પેટા–કલમ (૧) મુજબ ગણોતિયાએ કરેલી જમીનની ખરીદીને લાગુ પડશે.

અપવાદ.

સન ૧૯૬૫નો ગુજરાતનો ૨૪મો.

૪૩-૧-ચ. આ પ્રકરણનો કોઈપણ મજકૂર જે જમીન ગુજરાતના ગણોતવહીવટના કાયદા (સંરક્ષણ દળના નોકરો) બાબતના (સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભ પહેલાં કોઈપણ ગણોતિયાએ પ્રકરણ ૩ની જોગવાઈઓ મુજબ ખરીદી હોય તે જમીનના સંબંધમાં લાગુ પડશે નહિ. ]

## ૧[પ્રકરણ ૩-ક

### શેરડી અને બીજાં જાહેર કરેલા ખેતીનાં ઉત્પન્નની ખેતી માટે ઔદ્યોગિક અથવા વાણિજ્યિક અન્ડરટેકિંગોએ અને અમુક વ્યક્તિઓએ પટે ધારણ કરેલી જમીનો માટે ખાસ જોગવાઈઓ.

ઔદ્યોગિક અથવા વાણિજ્યિક અન્ડરટેકિંગોએ, અમુક સહકારી મંડળીઓએ અથવા શેરડી અથવા ફળો અથવા ફૂલોની ખેતી માટે મેળવેલી જમીનના પટાઓને અમુક જોગવાઈઓ લાગુ પડશે નહિ.

૪૩-ક. (૧) કલમો ૪-ખ, ૮, ૯, ૯-ક, ૯-ખ, ૯-ગ, ૧૦, ૧૦-ક, ૧૪, ૧૬, ૧૭, ૧૭-ક, ૧૭-ખ, ૧૮, ૨૭, ૩૧ થી ૩૧-ઘ (બંને સહિત), ૩૨ થી ૩૨-પ (બંને સહિત) ૨ * * * ૪૩, ૬૩, ૬૩-ક, ૬૪ અને ૬૫ની જોગવાઈઓ-

૩[(ક) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જે કોઈ ઔદ્યોગિક અથવા વાણિજ્યિક અન્ડરટેકિંગ (સહકારી મંડળી સિવાયની) ખરેખર કોઈ ઔદ્યોગિક અથવા વાણિજ્યિક કામકાજ કરતી હોય અને જેને રાજ્ય સરકારે માન્ય કરી હોય તેવી કોઈ ઔદ્યોગિક અથવા વાણિજ્યિક અન્ડરટેકિંગ અથવા તેના લાભ માટે ઉપટે આપેલી અથવા તેણે ધારણ કરેલી જમીનોને];

(ખ) ખંડ (ક) માં જણાવેલી હોય તે સિવાયની બીજી કોઈપણ મંડળીઓ અથવા વ્યકિતઓને શેરડીની ખેતી માટે અથવા ફળો અથવા ફૂલો ઉગાડવા માટે અથવા પશુની ઓલાદ સુધારવા માટે આપેલી જમીનના પટાઓને;

(ગ) જે સહકારી મંડળીઓનો ઉદ્દેશ ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાનો અથવા ખેતી અને સંબંદ્ધ ધંધાઓ માટે જમીનનો સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવાનો હોય તેવી રાજ્ય સરકારે ઠરાવેલી રીતે માન્ય કરેલી સહકારી મંડળીઓએ ધારણ કરેલી અથવા પટે આપેલી જમીનોને;

લાગુ પડશે નહિ.

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૦થી પ્રકરણો ૩-ક અને ૩-ખ દાખલ કર્યા છે.
૨. સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ ૫૪, અનુસૂચિ ૩થી આ આંકડા કાઢી નાંખ્યા છે.
૩. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૦(૧)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં આ અર્થે જાહેરનામું પ્રસિધ્ધ કરીને એવું ફરમાવી શકશે કે બીજા કોઈ વર્ગનું ખેતીનું ઉત્પન્ન ઉગાડવા માટે કોઈ વ્યકિતએ મેળવેલી જમીનના પટાને સદરહુ કલમોની જોગવાઈઓ લાગુ પડશે નહિ, પણ રાજ્ય સરકારને એવી ખાતરી થવી જોઈએ કે તેવા ઉત્પન્નને સદરહુ જોગવાઈઓ લોકહિત માટે લાગુ પાડવાનું ઈષ્ટ નથી. આવું જાહેરનામું કાઢતાં પહેલાં રાજ્ય સરકારે પોતે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીને તપાસ કરવાનું ફરમાવશે અને તે જાહેરનામાથી જેઓને અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓને તેમના વાંધા સાદર કરવાની તક આપશે.

(૩) પેટા-કલમો (૧)અને(૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં, જાહેરનામું પ્રસિધ્ધ કરીને પેટા-કલમ (૧) અને (૨)ની જોગવાઈઓને લાગુ પડતી હોય તેવા પટાઓ [1][અથવા યથાપ્રસંગ, તેવી જમીનો]—

(ક) પટાની મુદતના સંબંધમાં;

(ખ) જમીન ઉપર કરવાની સુધારણા અને તે હેતુ માટે સહકારી ખેતી મંડળીની રચના અને તેવી મંડળીઓને આપવાની નાણાંકીય સહાયના સંબંધમાં;

(ગ) જમીન મહેસૂલ, સિંચાઈ ઉપકર, સ્થાનિક ફંડ ઉપકર અને રાજ્ય સરકાર અથવા કોઈ સ્થાનિક સત્તા મંડળને આપવાના બીજા બોજાઓના સંબંધમાં, અથવા

(ઘ) પેટા-કલમ (૧)માં જણાવેલી કલમોમાં ઉલ્લેખેલી બીજી કોઈ બાબતના સંબંધમાં ;

જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહેશે, એવું ફરમાવે તો તે કાયદેસર ગણાશે.

જે જમીનને કલમ ૪૩-ક લાગુ પડતી હોય તેનું વાજબી ગણોત.

૪૩-ખ. ગમે તે કબૂલાતનામું, રિવાજ, કોર્ટનું અથવા બીજા કોઈ સત્તાધિકારીનું હુકમનામું અથવા હુકમ હોય તે છતાં, જે કોઈ જમીનને કલમ ૪૩-ક લાગુ પડતી હોય તે જમીન બાબતમાં આપવાનું ગણોત નીચેના ખંડો મુજબ નકકી કર્યા પ્રમાણેનું વાજબી ગણોત હોવું જોઈએ :—

(૧) આવી જમીનનો જમીનમાલિક અથવા ગણોતિયો આવી જમીનના સંબંધમાં વાજબી ગણોત નકકી કરવા માટે મામલતદારને લેખિતમાં અરજી કરી શકશે.

(૨) આવી અરજી મળ્યે, મામલતદાર પટાના બીજા પક્ષકારોને તેની નોટિસ આપશે અને તપાસ કર્યા પછી વાજબી ગણોત નકકી કરશે.

(૩) વાજબી ગણોત નકકી કરવામાં નીચેની બાબતો પરત્વે લક્ષ આપવું જોઈશે :—

(ક) તે વિસ્તારમાંની તેના જેવી જમીનોનો ખેતીનો નફો;

(ખ) જે અમુક ખાસ પાક ઉગાડવા માટે જમીન પટે આપી હોય તે પાકની તે વિસ્તારમાંની કિંમત;

(ગ) પટે લેનાર અથવા જમીન માલિકે જમીનમાં કરેલી સુધારણા;

(ઘ) જમીનના સંબંધમાં આપવાનો આકાર;

(ચ) જમીનના પટાને કારણે પટે લેનારને મળેલો નફો;

(છ) પટે આપેલી જમીનના ઉત્પન્નની બનાવટ અથવા વેચાણથી ઔદ્યોગિક અથવા વાણિજ્યિક સંસ્થાએ કરેલો નફો;

(જ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતો.

(૪) ખંડ (૨) મુજબ મામલતદારે નકકી કરેલું વાજબી ગણોત તે અર્થે [2][મામલતદારે નિર્દિષ્ટ કરેલી તારીખથી,] પક્ષકારોએ કબૂલ રાખેલું ગણોત, જો કાંઈપણ હોય, તો તેને બદલે પટા મુજબ નકકી કરેલું ગણોત છે એમ ગણાશે.

---

૧. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૦ (૨)થી આ મજકૂર દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૧થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

## પ્રકરણ--૩ખ.

### નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટની હદમાંના વિસ્તારોના સંબંધમાં વિશેષ જોગવાઈઓ.

૪૩-ગ. કલમો ૩૨ થી ૩૨-૫ (બંને સહિત) અને ૪૩ માંનો કોઈપણ મજકૂર— નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારોને અમુક જોગવાઈઓ લાગુ નહિ પાડવા બાબત.

૧ [ * * * * ]

સન ૧૯૪૯ નો મુંબઈનો ૫૯મો. (ખ) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપાલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ મુજબ રચાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની હદની અંદર,

૨ [ * * * * *

* * * * * ]

(ચ) કેન્ટોનમેન્ટની હદની અંદર, અથવા

સન ૧૯૫૫ નો મુંબઈનો ૨૭મો. (છ) મુંબઈ નગર રચના અધિનિયમ, ૧૯૫૪ મુજબ નગર રચનાની યોજનામાં સમાવિષ્ટ કરેલા કોઈ વિસ્તારની હદની અંદર.

૩[ જે વિસ્તારો સુધારા અધિનિયમ, ૧૯૫૫ અમલમાં આવ્યાની તારીખે આવેલા હોય તે વિસ્તારોમાંની ] જમીનને લાગુ પડશે નહિ :

સન ૧૯૫૨ નો મુંબઈનો ૩૩મો. પરંતુ સન ૧૯૪૮ના ડિસેમ્બર મહિનાની ૨૮મી તારીખે અથવા તે પછી કોઈ વ્યકિતએ આ અધિનિયમ મુજબ ગણોતિયા તરીકે કોઈ હક મેળવ્યો હોય તો, સદરહુ હકને, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૨ અથવા (કલમ ૪૩--ઘમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સિવાય) સુધારા અધિનિયમ, ૧૯૫૫ થી આવી જમીન આવેલી હોય તે વિસ્તારને સદરહુ અધિનિયમ પૈકી કોઈ અધિનિયમ લાગુ પાડવામાં આવ્યો છે તે હકીકત હોવા છતાં, કોઈ અસર થાય છે એમ ગણાશે નહિ.

૪૩-ઘ. (૧) કલમો ૩૧ થી ૩૧--ઘ (બંને સહિત) માં ગમે તે મજકૂર હોય તે છતાં ૪[જે વિસ્તારોને કલમ ૪૩--ગ લાગુ પડતી હોય તે વિસ્તારોમાં], જો જમીન માલિકને ખેતી સિવાયનો બીજો ઉપયોગ કરવા માટેના કોઈપણ હેતુ માટે જમીન ખરેખર જોઈતી હોય, તો જમીન માલિક કોઈપણ જમીન સંબંધી કાયમી ગણોતિયા સિવાયના બીજા ગણોતિયાનો ગણોત વહીવટ ગણોતિયાને ત્રણ મહિનાની લેખિત નોટિસ આપીને કોઈપણ વર્ષના મે મહિનાની ૩૧મી તારીખથી સમાપ્ત કરી શકશે : ગણોત વહીવટની સમાપ્તિ.

પરંતુ તેવી નોટિસની ત્રણ મહિનાની મુદત તેવા વર્ષના મે મહિનાની ૩૧મી તારીખ પહેલાં પૂરી થશે.

(૨) કલમો ૨૯, ૩૭ અને ૩૯ ની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે પેટા-કલમો (૧) મુજબની કોઈ ગણોતિયાની કોઈપણ જમીન સંબંધી ગણોત વહીવટની સમાપ્તિને લાગુ પડશે.

૫ [(૩) * * * * * ]

---

૧ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી ખંડ (ક) રદ કર્યો છે.

૨ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૧૭ થી ખંડ (ગ) અને ખંડ (ઘ) રદ કર્યા છે.

૩ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૭ થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ ની કલમ ૧૮ થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૫ સન ૧૯૬૦ ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી પેટા-કલમ (૩) રદ કરી છે.

## પ્રકરણ ૪.

### જમીન ધારણ કરનારાઓએ ધારણ કરેલી એસ્ટેટનો સરકારી વહીવટ.

**જમીન ધારણ કરનારની એસ્ટેટનો વહીવટ હાથમાં લેવાની સત્તા.**

**૪૪.** જે તે સમયે અમલમાં હોય તેવો ગમે તે કાયદો, રિવાજ અથવા રૂઢિ, અથવા કરાર અથવા ગ્રાન્ટની શરતો હોય તે છતાં, જ્યારે ૧[રાજ્ય] સરકારને એવી ખાતરી થાય કે જમીન ધારણ કરનારની ગફલતને લીધે અથવા જમીન ધારણ કરનાર અને તેના ગણોતિયાઓ વચ્ચેની તકરારને લીધે તેની એસ્ટેટની ખેતીને ગંભીર નુકશાન થયું છે અથવા જ્યારે ૧[રાજ્ય] સરકારને એમ જણાય કે ૨ [સદરહુ હેતુ માટે] અથવા જમીનોનો ખેતી માટે સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવાના ૨[હેતુ માટે] કોઈપણ જમીન ધારણ કરનારની એસ્ટેટનો વહીવટ હાથમાં લેવાનું જરૂરી છે ત્યારે આવો ઈરાદો જાહેર કરતું જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને જે વિસ્તારમાં તે એસ્ટેટ આવેલી હોય તે વિસ્તારમાં અનુકૂળ જગાઓએ તેવા જાહેરનામાના સારાંશવાળી નોટિસ કલેકટરે અપાવવી જોઈશે. આવું જાહેરનામું નિર્ણાયક ગણાશે.

**વહીવટ હેઠળની એસ્ટેટ સરકારમાં નિહિત થવા બાબત.**

**૪૫.** ૩[(૧)] કલમ ૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થયે જે એસ્ટેટના સંબંધમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હોય તે એસ્ટેટ જ્યાં સુધી તેનો સરકારી વહીવટ ચાલુ રહે ત્યાં સુધી ૧[રાજ્ય] સરકારમાં નિહિત થશે. આવો સરકારી વહીવટ જે તારીખે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હોય તે તારીખથી શરૂ થયેલો ગણાશે અને ૧[રાજ્ય] સરકારે તેવી એસ્ટેટનો હવાલો ધરાવવા માટે એક મેનેજરની નિમણૂંક કરવી જોઈશે.

૪[(૨) પેટા-કલમ (૧) મુજબ એસ્ટેટ રાજ્ય સરકારમાં નિહિત થાય તે છતાં, એસ્ટેટમાં સમાવિષ્ટ થયેલી જમીનો ધારણ કરતા ગણોતિયાને આ પ્રકરણમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, તેણે પટે ધારણ કરેલી જમીનોના સંબંધમાં પાછલાં પ્રકરણો મુજબ તેને જે હકો હોય અથવા તે જે બંધનોને અધીન હોય તે જ હકો ચાલુ રહેશે અને તે જ બંધનોને અધીન રહેશે ].

**સરકારી વહીવટની જાહેરાતની અસર.**

**૪૬.** કલમ ૪૪ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થયે નીચેનાં પરિણામો આવશે :—

(૧) તે એસ્ટેટ સામે અમલ કરાવી શકાય તેવાં દેવાં અને જવાબદારીના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં તે વખતે ચાલુ હોય તેવી તમામ કાર્યવાહીઓ બંધ રહેશે અને તેવાં દેવાં અને જવાબદારીઓ માટે અથવા તે સંબંધમાં તે વખતે અમલમાં હોય તેવા તમામ કામગીરી હુકમ અમલ બજાવણીઓ અને જપ્તીઓ મોકૂફ રહેશે.

(૨) સરકારી વહીવટ રહે ત્યાં સુધી તેવાં દેવાં અને જવાબદારીઓના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં નવી કાર્યવાહીઓ શરૂ કરવી નહિ અથવા કોઈપણ દીવાની કોર્ટે નવા કામગીરી હુકમો કાઢવા નહિ અથવા નવી અમલ બજાવણીઓ કરવી નહિ અથવા જપ્તી લાવવી નહિ.

(૩) સરકારી વહીવટ ચાલુ રહે ત્યાંસુધી એસ્ટેટનો ધારણ કરનાર—

(ક) એસ્ટેટ આર્થિક જવાબદારીમાં મૂકાય એવો કોઈપણ કરાર કરી શકશે નહિ.

(ખ) સરકારી વહીવટ હેઠળની મિલકત અથવા તેનો કોઈ ભાગ ગીરો મૂકી શકશે નહિ, તેના ઉપર બોજો ઉત્પન્ન કરી શકશે નહિ, તે પટે આપી શકશે નહિ અથવા તેની તબદીલી કરી શકશે નહિ, અથવા

(ગ) તેમાંથી ઉત્પન્ન થતાં અથવા પ્રાપ્ત થતાં ગણોત અને નફા માટે કાયદેસર પહોંચ આપી શકશે નહિ:

પરંતુ આ કલમના કોઈપણ મજકૂરથી, બંને પક્ષ સંમત થાય તેવી, આ અધિનિયમ સાથે સુસંગત હોય તેવી શરતોએ મેનેજરને આવી સમગ્ર એસ્ટેટ અથવા તેનો કોઈ ભાગ ગણોતે આપતાં અને જમીન ધારણ કરનારને તે લેતાં પ્રતિબંધ નડે છે એમ ગણાશે નહિ.

(૪) સરકારી વહીવટ ચાલુ હોય ત્યાં સુધી મેનેજર સિવાયની કોઈ વ્યકિત તેવી એસ્ટેટ અથવા તે તેનો કોઈ ભાગ ગીરો મૂકી શકશે નહિ, તેના ઉપર બોજો ઉત્પન્ન કરી શકશે નહિ, તે પટે આપી શકશે નહિ અથવા તેની તબદીલી કરી શકશે નહિ.

**મેનેજરની સત્તા.**

**૪૭.** (૧) એસ્ટેટ ધારણ કરનારે, ધારણ કરનાર, તરીકે જે સત્તા વાપરી હોય તે જ સત્તા એસ્ટેટના સરકારી વહીવટ દરમિયાન મેનેજરને રહેશે અને તેને સરકારી વહીવટ હેઠળની મિલકતના સંબંધમાં લેણું થતું તમામ ગણોત તથા નફો મળશે અને તેણે તે વસૂલ કરવા જોઈશે.

(૨) એવું ગણોત અને નફો વસૂલ કરવાના હેતુઓ માટે મેનેજરને, ધારણ કરનાર ધરાવતો હોત એવી કોઈ સત્તા ઉપરાંત, તે સમયે અમલમાં હોય તેવા કાયદા મુજબ કલેકટરને સરકારનું લેણું થતું જમીન મહેસૂલ મેળવવાને અને વસૂલ કરવાને જે સત્તા છે તે તમામ સત્તા રહેશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૧૧થી "ખેડૂતોની આર્થિક અને સામાન્ય સ્થિતિ સુધારવાના હેતુ સારૂ અથવા" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩. એજનની કલમ ૧૨થી કલમ ૪૫ ને સદરહુ કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૪. એજનની કલમ ૧૨ થી પેટા-કલમ (૨) ઉમેરી છે.

**મેનેજરે વહીવટ વગેરેનો ખર્ચ આપવો.**

૪૮. (૧) કલમ ૪૭ મુજબ મળેલી અથવા વસૂલ કરેલી રકમમાંથી મેનેજરે—

(૧) જરૂરી મરામતના ખર્ચ સહિત વહીવટનું ખર્ચ ;

(૨) સરકારી મહેસૂલ અને સરકારી વહીવટ હેઠળની મિલકતના સંબંધમાં તે સમયે ૧[સરકાર]નાં લેણાં થતાં અથવા કરેલાં દેવાં અને જવાબદારીઓ;

(૩) સદરહુ એસ્ટેટના સંબંધમાં કોઈ વરિષ્ઠ ધારણ કરનારે કાંઈપણ ગણોત આપવાનું હોય તો તે ;

(૪) ધારણ કરનારના અને કલેક્ટર ફરમાવે તેવી તેના કુટુંબની વ્યકિતઓના નિભાવ અને બીજા ખર્ચા માટે કલેક્ટર વખતોવખત નક્કી કરે તેવું સામયિક ભથ્થું ;

(૫) સદરહુ એસ્ટેટનું પોતાને જરૂરી જણાય તો કલેક્ટર માન્ય રાખે તેવું સુધારવાનું ખર્ચ.

(૨) આમાં હવે પછી ઠરાવેલી રીતે, પેટા-કલમ (૧)માં જણાવેલાં હોય તે સિવાયનાં બીજાં દેવાં અને જવાબદારીઓની પતાવટ માટે તેમજ તેવા દેવાં અને જવાબદારીઓની પતાવટ પહેલાં અથવા પછી અધિનિયમ મુજબ સરકાર તરફથી મેનેજરને મળેલી કોઈપણ લોન ભરપાઈ કરવા માટે, બાકીની રકમ મેનેજર પોતાની પાસે રાખશે. જો કાંઈપણ સિલક રહે તો ધારણ કરનારને આપશે.

**દાવેદારને નોટિસ.**

૪૯. સરકારી વહીવટનો હુકમ પ્રસિધ્ધ થયે મેનેજરે રાજપત્રમાં એક નોટિસ પ્રસિધ્ધ કરવી જોઈશે અને તેમ સરકારી વહીવટ હેઠળની એસ્ટેટ સામે હક દાવાઓ ધરાવતી તમામ વ્યકિતઓને, પ્રસિધ્ધિની તારીખથી બે મહિનાની અંદર એવા મેનેજરને પોતાના દાવા લખી જણાવવા ફરમાવવું. તેણે પોતાને યોગ્ય લાગે તેવી જુદી જુદી જગાઓએ પણ આવી નોટિસની નકલો પ્રદર્શિત કરાવવી જોઈશે.

**દાવામાં સંપૂર્ણ વિગતો હોવી જોઈએ.**

૫૦. (૧) એવા દરેક દાવેદારે પોતાના દાવા સાથે તેની સંપૂર્ણ વિગતો રજૂ કરવી જોઈશે.

(૨) જેના આધારે દાવેદાર, પોતાનો દાવો રજૂ કરતો હોય તેવો અથવા તેની પુષ્ટિ માટે જેના ઉપર તે આધાર રાખતો હોય તેવો દરેક દસ્તાવેજ દાવાની સાથે મેનેજરને પહોંચાડવો જોઈશે.

(૩) જો દસ્તાવેજ કોઈ ચોપડામાંની નોંધ હોય તો, દાવેદારે, જે નોંધ ઉપર તે આધાર રાખતો હોય તેની નકલ સાથે મેનેજર સમક્ષ ચોપડો રજુ કરવો જોઈશે. મેનેજરે ઓળખ માટે ચોપડા ઉપર નિશાની કરવી જોઈશે અને અસલ સાથે નકલ તપાસ્યા અને સરખાવ્યા પછી, ચોપડો દાવેદારને પાછો આપવો જોઈશે.

(૪) જો દાવેદારના કબજામાંનો અથવા નિયંત્રણ હેઠળનો કોઈપણ દસ્તાવેજ દાવાની સાથે તેના તરફથી મેનેજરને પહોંચાડવામાં ન આવે અથવા તેની સમક્ષ રજુ કરવામાં ન આવે, તો મેનેજર કેસની તપાસ વખતે દાવેદાર તરફથી પુરાવા તરીકે એવો દસ્તાવેજ લેવાની ના પાડી શકશે.

**યોગ્ય રીતે જાહેર નહિ કરેલા દાવા ઉપર પ્રતિબંધ.**

૫૧. આવી નોટિસથી ફરમાવ્યા પ્રમાણેના વખતની અંદર અને તેવી રીતે મેનેજરને નહિ જણાવેલ ૧[સરકારના] દાવા સિવાયના બીજા દરેક દાવાનો, આમાં હવે પછી ઠરાવ્યું હોય તે સિવાય, સરકારી વહીવટ ચાલુ હોય તે દરમિયાન અથવા તે પછી તમામ હેતુઓ માટે અને તમામ પ્રસંગોએ યોગ્ય રીતે નિકાલ થઈ ગયો છે એમ ગણાશે !

પરંતુ જયારે મેનેજરને એવું સાબિત કરી આપવામાં આવે કે દાવેદાર કલમ ૪૯ની જોગવાઈઓનું પાલન કરવાને અશકિતમાન હતો ત્યારે, મેનેજર, અસલ બે મહિનાની મુદત પૂરી થયા પછી વધુ બે મહિનાની મુદતની અંદર તેવો દાવો લઈ શકશે.

**દેવાં અને જવાબદારીઓ નક્કી કરવા બાબત.**

૫૨. પૂર્વવર્તી કલમો મુજબ મળેલા દરેક દાવાની હકીકતની અને ગુણદોષની તપાસ કરવી જોઈએ અને આ અધિનિયમ મુજબ કરવાના નિયમો અનુસાર જુદા જુદા દાવેદારોના ન્યાયપુરઃસર લેણાં થતાં દેવાં અને જવાબદારીઓ, કંઈ હોય તો, તેની રકમ નક્કી કરવી જોઈશે.

**દેવાનો ક્રમ અને વ્યાજ નક્કી કરવાની સત્તા.**

૫૩. આવી રકમ તરતોતરત આપી શકાય તેમ ન હોય, તો મેનેજરે તે દેવા અને જવાબદારીઓ કયા ક્રમ પ્રમાણે આપવી તેનો ક્રમ નક્કી કરવાને અને તે દાવાના છેવટના નિર્ણયની તારીખથી, અનુક્રમે તે ભરપાઈ કરવાની અને તેનો નિકાલ કરવાની તારીખ સુધીનું જો કોઈ વ્યાજ તેના ઉપર આપવાનું હોય તે નક્કી કરવાને આગળ કાર્યવાહી કરવી જોઈશે.

---

(૧) સન ૧૯૫૦ ના કાયદા સુસંગતીકરણ હુકમથી "તાજ" એ મજકૂરને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

**પતાવટની યોજના.**

૫૪. ¹[સરકાર]ના લેણાં થતાં અથવા તેણે કરેલા દેવાં અને જવાબદારીઓ સહિત દેવાં અને જવાબદારીઓની કુલ રકમ છેવટની નક્કી કરવામાં આવે ત્યારે, મેનેજરે એવાં દેવાં અને જવાબદારીઓની અનુસૂચિ અને સરકારી વહીવટ હેઠળની મિલકતની આવકમાંથી અથવા આમાં હવે પછી આપેલી સત્તા મુજબ ઉભા કરેલા ફંડની મદદથી અથવા અંશતઃ આમાંની કોઈપણ એક રીતે અથવા અંશતઃ બીજી રીતે ભરપાઈ કરવાનું અથવા તેનો નિકાલ કરવાનું જે રીતે યોજ્યું હોય તે રીત દર્શાવતી યોજના (જેને આમાં હવે પછી પતાવટની યોજના કહી છે તે) તૈયાર કરવી જોઈશે અને કલેક્ટરને સાદર કરવી જોઈશે.

**યોજનાની જોગવાઈઓ.**

૫૫. પતાવટની દરેક યોજનામાં મેનેજરે આપવાની રકમો ભરવાનું ચાલુ રાખવા માટે અને આ અધિનિયમ મુજબ મેનેજર સરકાર પાસેથી જે કંઈ પણ નાણાં ઉછીનાં લેવા માંગતો હોય તે ભરપાઈ કરવા માટે જોગવાઈ કરવી જોઈશે અને સદરહુ આવકમાંથી અથવા ઉપર કહ્યા પ્રમાણે ઊભા કરેલ ફંડની મદદથી અથવા અંશતઃ આમાંની કોઈપણ એક રીતે અંશતઃ બીજી રીતે એસ્ટેટની સુધારણા માટે જોગવાઈ કરી શકાશે.

**યોજના મંજૂર કરવાની અસર.**

૫૬. જ્યારે કલેક્ટર પતાવટની યોજના મંજૂર કરે ત્યારે, ²[રાજ્ય] સરકાર નિયમથી વખતોવખત ફરમાવે તેવી જગાએ અને તેવી રીતે તેણે આવી મંજૂરીની હકીકત જાહેર કરવી જોઈશે; અને તેમ થયે—

(૧) કલમ ૪૬ મુજબ અટકાવેલી અથવા મોકૂફ રાખેલી તમામ કાર્યવાહીઓ, કામગીરી હુકમો, અમલ બજાવણીઓ અને જપ્તીઓનો હંમેશ માટે પ્રતિબંધ કરવામાં આવશે.

(૨) મેનેજર સમક્ષ સાબિત થઈ શકે એવું કોઈપણ વ્યકિતનું લેણું અથવા નીકળતું દરેક દેવું અથવા જવાબદારી નષ્ટ થશે અને આવી વ્યકિતને એવાં દેવાં અથવા જવાબદારીઓના સંબંધમાં પતાવટની યોજના મુજબ તેને છેવટે અપાયેલી રકમ કંઈ હોય, તો તે મેળવવાનો હક રહેશે.

**કબજો ગીરોદારની ખરીદનારની સત્તા.**

૫૭. (૧) સરકારી વહીવટ હેઠળની એસ્ટેટ અથવા તેનો કોઈ ભાગ ગીરો રાખનારના અથવા શરતી ખરીદનારના કબજામાં હોય, તો મેનેજર ઉપર કહ્યા પ્રમાણે પતાવટની યોજના મંજૂર કરવામાં આવી હોય તે પછી કોઈપણ વખતે લેખિત હુકમથી એવા બોજાદારને તે વખતે ચાલુ હોય તેવા મહેસૂલી વર્ષની આખરે તેનો કબજો સ્વાધીન કરવાનું ફરમાવી શકશે.

(૨) જો આવો બોજાદાર આવો હુકમ માનવાને ના પાડે અથવા માનવામાં ગફલત કરે, તો મેનેજર, દીવાની કોર્ટનો આશરો લીધા વિના, મિલકતમાં દાખલ થઈ શકશે અને સદરહુ બોજાદારને અથવા તેના વતી હરકત કરતી અથવા વિરોધ કરતી બીજી કોઈપણ વ્યકિતને સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને એસ્ટેટ કે તેનો ભાગ ખાલી કરાવી શકશે.

(૩) આ અધિનિયમ મુજબ, બોજાદારને પતાવટની યોજના મુજબ કંઈ રકમ અપાવેલી હોય તો તે રકમ સ્વીકારવાના તેના હકને આ કલમમાંના કોઈપણ મજકૂરથી અસર થાય છે એમ ગણાશે નહિ.

**વેચવાની અથવા પટે આપવાની સત્તા.**

૫૮. આ અધિનિયમ મુજબ કરેલા નિયમોને અધીન રહીને, મેનેજરને ઉપર જણાવ્યા પ્રમાણે પતાવટની યોજના મંજૂર થઈ હોય તે પછી સરકારી વહીવટ હેઠળની તમામ એસ્ટેટ અથવા તેનો કોઈ ભાગ વેચવાની અથવા પટે આપવાની સત્તા રહેશે :

પરંતુ એસ્ટેટ અથવા તેનો કોઈ ભાગ કલેક્ટરની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય દસ વર્ષ કરતાં વધારે મુદત માટે વેચી શકાશે નહિ અથવા પટે આપી શકાશે નહિ :

વધુમાં તેવું વેચાણ અથવા પટો એસ્ટેટના લાભ માટે જરૂરી છે એવી કલેક્ટરને ખાતરી થાય તે સિવાય ³[અથવા તેવું વેચાણ ⁴[કલમો ૩૨, ૩૨-છ, ૩૨-ટ, અથવા ૩૨-દ મુજબ ગણોતિયાની] તરફેણમાં હોય તે સિવાય] તેણે તેવી પરવાનગી આપવી નહિ. કલેક્ટરનો નિર્ણય છેવટનો ગણાશે.

**મેનેજરની પહોંચથી મુકિત મળશે.**

૫૯. આ અધિનિયમ મુજબ મેનેજરે ઊભા કરેલા અથવા તેને મળેલાં કોઈપણ નાણાં, ગણોત અથવા નફા માટે મેનેજરની પહોંચ મળે એટલે તે આપનાર વ્યકિત તેવાં નાણાં, ગણોત અથવા નફો આપવામાંથી મુકત થશે અથવા તેનો ઉપયોગ કેવો થાય છે તેની સાથે તેનો સંબંધ રહેશે નહિ.

**એસ્ટેટ ધારણ કરનારનું મૃત્યુ થાય ત્યારે**

૬૦. (૧) સરકારી વહીવટનો હુકમ પ્રસિદ્ધ થયા પછી એસ્ટેટ ધારણ કરનાર મૃત્યુ પામે, તો ધારણ કરનાર હજી જીવતો હોય તે રીતે સરકારી વહીવટ ચાલુ રહેશે અને તમામ બાબતોમાં તેનું કામ આગળ ચાલશે.

(૨) સરકારી વહીવટ હેઠળની આખી એસ્ટેટ અથવા તેના ભાગનો જેને ઉત્તરાધિકાર મળે તેવી કોઈ વ્યકિત આવો સરકારી વહીવટ ચાલુ રહે ત્યાંસુધી, એવી એસ્ટેટના સંબંધમાં આ અધિનિયમ મુજબ નાંખેલી અસમર્થતાને અધીન રહેશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "તાજ" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨. એજનથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૩. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૧૩થી આ મજકૂર દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૧થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

(૩) સરકારી વહીવટ ચાલુ રહે તે દરમિયાન, કોઈપણ દીવાની કોર્ટે, એવી કોઈપણ વ્યકિતએ તેના સદરહુ ઉત્તરાધિકાર પહેલાં અથવા તે પછી કરેલાં કોઈ દેવાં અથવા વ્હોરેલી જવાબદારીના સંબંધમાં, સરકારી વહીવટ હેઠળની એસ્ટેટના કોઈપણ ભાગ સામે કોઈપણ જપ્તી અથવા બીજો કામગીરી હુકમ કાઢવો નહિ.

સરકારી વહીવટની સમાપ્તિ.

૬૧. ૧[રાજ્ય] સરકારનો જ્યારે એવો અભિપ્રાય થાય કે એસ્ટેટનો સરકારી વહીવટ ચાલુ રાખવાની જરૂર નથી, ત્યારે તે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને એવું ફરમાવી શકશે કે સદરહુ સરકારી વહીવટ સમાપ્ત કરવો. સદરહુ સરકારી વહીવટ સમાપ્ત થયેથી એસ્ટેટનો કબજો તેના ધારણ કરનારને અથવા જાતે મૃત્યુ પામ્યો હોય, તો સદરહુ એસ્ટેટ મેળવાને હકદાર હોય તેવી બીજી વ્યકિતને સદરહુ ધારણ કરનારને ખાતે જે કાંઈ સિલક જમા હોય તે સહિત આપવો જોઈશે. એસ્ટેટના સરકારી વહીવટ દરમિયાન મેનેજરે કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવાં તમામ કાર્યો ધારણ કરનારને અથવા એસ્ટટનો કબજો જેને સોંપવામાં આવ્યો હોય તેવી કોઈપણ વ્યકિતને બંધનકર્તા રહેશે.

સન ૧૮૬૦ નો ૪૫મો.

મેનેજર રાજ્યસેવક ગણાશે.

૬૨. આ પ્રકરણ મુજબ નિમાયેલો મેનેજર, ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૨૧ મુજબ રાજ્યસેવક ગણાશે.

## પ્રકરણ ૫.

### ખેતીની જમીનોની તબદીલી ઉપર નિયંત્રણો, ખેતી નહિ કરેલી જમીનોનો સરકાર હસ્તક વહીવટ અને એસ્ટેટ અને જમીનો સંપાદન કરવા બાબત.

ખેડૂત ન હોય તેવી વ્યકિતઓને જમીનની તબદીલી કરવા ઉપર પ્રતિબંધ.

૬૩. (૧) આ અધિનિયમમાં ઠરાવ્યું હોય તે સિવાય ખેડૂત ન હોય ૨[અથવા ખેડૂત હોવા છતાં માલિક અથવા ગણોતિયા તરીકે અથવા અંશત: માલિક તરીકે અને અંશત: ગણોતિયા તરીકે ટોચમર્યાદા વિસ્તાર કરતાં ઓછી ન હોય તેટલી જમીનની જાતે ખેતી કરતી હોય તેવી વ્યકિતની અથવા ખેતમજૂર ન હોય] તેવી વ્યકિતની તરફેણમાં—

(ક) કોઈ જમીન અથવા તેમાંના હિતસંબંધનાં કોઈપણ વેચાણ (દીવાની કોર્ટના હુકમનામાની બજવણીમાં અથવા જમીન મહેસૂલની બાકી વસૂલ કરવા માટે અથવા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાય તેવી રકમો માટેના વેચાણ સહિત) બક્ષિસ, વિનિમય અથવા પટો, અથવા

(ખ) જેમાં ગીરો મૂકેલ મિલકતનો કબજો ગીરો રાખનારને સોંપ્યો હોય તેવી કોઈ જમીન અથવા તેમાંના હિતસંબંધનો ગીરો,—

કાયદેસર ગણાશે નહિ; ૨-ક [અથવા]

૨-ખ [(ગ) કોઈ જમીન અથવા તેમાંના હિતસંબંધના વેચાણ, બક્ષિસ, વિનિમય, પટ્ટા અથવા ગીરો માટે લેખિત ખતથી કરેલી કોઈ કબૂલાત]:

પરંતુ કલેકટર અથવા ૧[રાજ્ય] સરકારે આ અર્થે અધિકૃત કરેલો કોઈ અધિકારી ઠરાવવામાં આવે તેવી શરતોએ તેવાં વેચાણ, બક્ષિસ, વિનિમય, પટા અથવા ગીરો માટે ૨-ગ [અથવા એવી કબૂલાત માટે] પરવાનગી આપી શકશે:

૩[વધુમાં જ્યારે ખેડૂત ન હોય તેવી કોઈ વ્યકિતને જમીન ખેતીના હેતુ માટે વેચવામાં આવી રહી હોય અને એવી વ્યકિતની બીજા સાધનોમાંથી થતી વાર્ષિક આવક પાંચ હજાર રૂપિયા કરતાં વધુ થાય, ત્યારે આવી પરવાનગી આપવી જોઈએ નહિ.]

(૨) આ કલમમાંના કોઈપણ મજકૂરથી, કોઈ ખેત મજૂર અથવા કારીગર ૪[અથવા કોઈ સંબંધ્ધ ધંધો ચલાવનાર વ્યકિત]ની તરફેણમાં રહેવાનું ઘર અથવા તેની જગા અથવા તેને જોડાયેલી કોઈપણ જમીનના ૪-ક[વેચાણ, બક્ષિસ, વિનિમય અથવા પટ્ટા કરવા ઉપર અથવા વેચાણ, બક્ષિસ, વિનિમય અથવા પટ્ટા માટેની કબૂલાત કરવા ઉપર પ્રતિબંધ કરે છે] એમ ગણાશે નહી.

સન ૧૯૪૭ નો મુંબઈ નો ૨૮મો

૫[(૩) આ કલમમાંનો કોઈપણ મજકૂર, સહકારી મંડળીએ ધીરેલાં નાણાં માટે જામીનગીરી તરીકે તેવી મંડળીની તરફેણમાં કરેલા કોઈપણ જમીન અથવા તેમાંના હિતસંબંધના ગીરોને ૬[અથવા મુંબઈ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨૪ મુજબ કોર્ટે ગીરો તરીકે જાહેર કરેલી કોઈ તબદીલીને] લાગુ પડશે નહિ અથવા લાગુ પડે છે એમ ગણાશે નહિ.]

---

૧ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૨(૧) થી આ મજકૂર દાખલ કર્યો છે.

૨-ક સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૫(૧) (૧) થી આ શબ્દ ઉમેર્યો છે.

૨-ખ એજનની કલમ ૫(૧) (૨) થી આ ખંડ દાખલ કર્યો છે.

૨-ગ એજનની કલમ ૫(૧) (૩) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૬થી આ પરંતુક ઉમેર્યો છે.

૪ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૨(૨)થી આ મજકૂર દાખલ કર્યો છે.

૪-ક સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૩૦ની કલમ ૫(૨)થી "વેચાણ બક્ષિસ, વિનિમય અથવા પટ્ટા કરવા ઉપર પ્રતિબંધ કરે છે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫ સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૧૨ની કલમ ૬થી આ પેટા-કલમ ઉમેરી છે.

૬ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૨(૩)થી આ મજકૂર દાખલ કર્યો છે.

૧[(૪) કલમ ૬૩-ક માંનો કોઈપણ મજકૂર પેટા-કલમ (૧) મુજબ કરેલા કોઈપણ વેચાણને લાગુ પડશે નહિ.]

**જમીનના વેચાણ અને ખરીદીના હેતુ માટે તેની વાજબી કિંમત.**

૨[૬૩-ક. (૧) આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ મુજબ વેચેલી અથવા ખરીદેલી કોઈ જમીનની કિંમતમાં નીચેની રકમનો સમાવેશ થશે :—

**સન ૧૮૭૯ નો મુંબઈ: નો ૫મો.**

(ક) તે જમીનના સંબંધમાં લીધેલા અથવા લેવાપાત્ર થતા હોય તેવા આકારથી વીસ ગણી રકમ કરતાં ઓછી ન હોય અને તેવા આકારથી બસો ગણી રકમ કરતાં વધારે ન હોય તેટલી રકમ, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૫૫ મુજબ લીધેલા અને આવા આકારમાં સમાવિષ્ટ કરેલા પાણીના દરની રકમ જો કંઈ હોય તો તે ગણતરીના હેતુ માટે બાતલ કરવી જોઈશે.

(ખ) જમીન ઉપર બાંધેલાં કોઈપણ બાંધકામો, કૂવાઓ અને બંધો, સ્થાયી જડિત સામાન અને વાવેલાં ઝાડોની કિંમત.

(૨) આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કોઈ જમીન પરસ્પર કબૂલાતથી વેચી અથવા ખરીદી હોય ત્યારે, આવી કબૂલાત મામલતદાર સમક્ષ નોંધાવવી જોઈશે અને જમીનની કિંમત પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી મર્યાદાને અધીન રહીને, પક્ષકારો પરસ્પર કબૂલ રાખે તેવી રહેશે. પક્ષકારો વચ્ચે કબૂલાત ન થાય તો આ કલમમાં જણાવેલી બાબતોને ધ્યાનમાં લઈને ટ્રિબ્યુનલ કિંમત નક્કી કરશે.

(૩) આ અધિનિયમ મુજબ કોઈ જમીનના વેચાણ અથવા ખરીદીની બાબતમાં, આ કલમ મુજબ ટ્રિબ્યુનલે અથવા મામલતદારે તેવી જમીનની કિંમત નક્કી કરવાની હોય ત્યારે યથાપ્રસંગ ટ્રિબ્યુનલ અથવા મામલતદાર પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા પ્રમાણને અધીન રહીને નીચેની બાબતો ધ્યાનમાં રાખીને કિંમત નક્કી કરશે :—

(ક) તે વિસ્તારમાં તેના જેવા હેતુઓ માટે વપરાતી જમીનોની ગણોત કિંમત ;

(ખ) જમીન માલિક અથવા ગણોતિયાએ જમીન ઉપર બાંધેલા બાંધકામો અને કૂવાઓ અને સ્થાયી જડિત સામાન અને વાવેલાં ઝાડો ;

(ગ) તે વિસ્તારમાંની તેના જેવી જમીનોનો ખેતીનો નફો ;

(ઘ) તે વિસ્તારમાં પાકો અને વસ્તુઓના ભાવો ;

(ચ) જમીન માલિક અથવા ગણોતિયાએ તે જમીનમાં કરેલી સુધારણા ;

(છ) તે જમીનના સંબંધમાં આપવાનો આકાર ; અને

(જ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતો.]

૩[**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે "આકાર" એ શબ્દનો અર્થ કલમ ૮ માં તેનો જે અર્થ કર્યો છે તે પ્રમાણે થશે.]

**કોઈ ખાસ વ્યક્તિને ખેતીની જમીન વેચવા બાબત.**

૪[૬૪. (૧) કોઈ જમીન માલિક કોઈ જમીન વેચવાનો ઈરાદો રાખતો હોય, ત્યારે તેણે તેની વાજબી કિંમત નક્કી કરવા માટે ટ્રિબ્યુનલને અરજી કરવી જોઈશે, તેમ થયે, ટ્રિબ્યુનલ કલમ ૬૩-કની જોગવાઈઓ અનુસાર જમીનની વાજબી કિંમત નક્કી કરશે. ટ્રિબ્યુનલ એવું પણ ફરમાવી શકશે કે જમીનની કિંમત એકસામટી રકમથી અથવા દર વર્ષે ૪-૧/૨ ટકાના સાદા વ્યાજ સહિતના છથી વધારે ન હોય તેટલા વાર્ષિક હપ્તાથી ભરી આપવી જોઈએ :

પરંતુ જમીનનો કબજો ધરાવતો કોઈ કાયમી ગણોતિયો તે જમીન વેચાણ લેતો હોય, ત્યારે તેની કિંમત વાર્ષિક ગણોતથી છ ગણી રકમ જેટલી રહેશે.

(૨) ટ્રિબ્યુનલે વાજબી કિંમત નક્કી કરી હોય તે પછી, જમીન માલિકે, ઠરાવેલી રીતે એકી સાથે નીચે પ્રમાણે દરખાસ્ત કરવી જોઈશે —

(ક) ખેતીની જમીનની બાબતમાં —

(૧) તેવી જમીન ટુકડો હોય તેમ છતાં, તે જેના ખરેખરા કબજામાં હોય તે ગણોતિયાને, અને

(૨) અગ્રતાની યાદીમાં જણાવેલી તમામ વ્યક્તિઓ અને મંડળીઓને ;

---

૧. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૩૨ (૪)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૨. એજનની કલમ ૩૩ થી આ કલમ દાખલ કરી છે.

૩. સન ૧૯૫૭ ના મુંબઈ અધિનિયમ ૧૫ ની કલમ ૧૨ થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે.

૪. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૩૪ થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.

(ખ) રહેવાના ઘરના અથવા રહેવાના ઘરની જગાની બાબતમાં અથવા તેવા ઘરને જોડાયેલી જમીનની બાબતમાં તેવું ઘર, જગા અથવા જમીન, પાસેની જમીનમાં ખેતીનું કામ કરવા માટે વપરાતી ન હોય અથવા તેને માટે જરૂરી ન હોય, ત્યારે—

(૧) તેના ગણોતિયાને;

(૨) જેના કબજામાં કોઈપણ રહેવાનું ઘર ન હોય તેવી તે ગામમાં રહેતી કોઈ વ્યક્તિને:

પરંતુ આવી એક કરતાં વધારે વ્યક્તિઓ હોય, તો નીચેની વ્યક્તિઓની જરૂરિયાતો ધ્યાનમાં લઈને કલેક્ટર આ અર્થે નક્કી કરે તેવા અગ્રતાના ક્રમમાં તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓને દરખાસ્ત કરશે:—

(૧) ખેત મજૂર,

(૨) કારીગર,

(૩) સંબંદ્ધ ધંધો ચલાવતી વ્યક્તિ,

(૪) ગામમાંની બીજી કોઈ વ્યક્તિ.

(૩) જેઓને આવી દરખાસ્તો કરવામાં આવે તે વ્યક્તિઓએ દરખાસ્ત મળ્યાની તારીખથી એક મહિનાની અંદર તેઓ ટ્રિબ્યુનલે નક્કી કરેલી કિંમતે તે જમીન ખરીદવા ખુશી છે કે નહિ તે બાબત જમીનમાલિકને ખબર આપવી જોઈશે.

(૪) (ક) માત્ર એક જ વ્યક્તિ પેટા-કલમ (૨) મુજબ જમીન માલિકે તેને કરેલી દરખાસ્તનો સ્વીકાર કરવાની પોતાની ખુશી બાબત પેટા-કલમ (૩) મુજબ જમીન માલિકને ખબર આપે તો જમીનમાલિકે તેવી વ્યક્તિને ઠરાવેલા નમૂના પ્રમાણે લેખિત નોટિસ આપીને તેવી વ્યક્તિને નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અથવા જમીન માલિક વાજબી ગણે તેવી વધુ મુદતની અંદર ટ્રિબ્યુનલે નક્કી કરેલી વાજબી કિંમતની રકમ પોતાને આપવાનું અથવા તે રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવાનું ફરમાવવું.

(ખ) જો એક કરતાં વધારે વ્યક્તિઓ પેટા-કલમ (૨ મુજબ જમીન માલિકે તેમને કરેલી દરખાસ્તોનો સ્વીકાર કરવાની પોતાની ખુશી બાબત પેટા-કલમ (૩) મુજબ જમીન માલિકને ખબર આપે તો જમીન માલિકે પેટા-કલમ (૨)માં આપેલા અગ્રતાના ક્રમ પ્રમાણે સૌથી પ્રથમ હોય તેવી વ્યક્તિને ઠરાવેલા નમૂનામાં લેખિત નોટિસ આપીને, આવી વ્યક્તિને નોટિસની તારીખથી એક મહિનાની અંદર અથવા જમીન માલિકને વાજબી લાગે તેવી વધુ મુદતની અંદર ટ્રિબ્યુનલે નક્કી કરેલી વાજબી કિંમતની રકમ પોતાને આપવાનું અથવા તે રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકવાનું ફરમાવવું.

(૫) જે વ્યક્તિને જમીન માલિકે પેટા-કલમ (૪) મુજબ નોટિસ આપી હોય તે વ્યક્તિ, પેટા-કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર જમીન માલિકને વાજબી કિંમતની રકમ આપે નહિ અથવા તે રકમ ટ્રિબ્યુનલ પાસે અનામત મૂકે નહિ, તો આવી વ્યક્તિ જમીન ખરીદવા ખુશી નથી એમ ગણાશે અને જમીન માલિક પેટા-કલમ (૪)માં ઠરાવેલી રીતે જે વ્યક્તિ અગ્રતાના ક્રમમાં ત્યારપછી સૌથી પ્રથમ આવતી હોય અને જેણે પેટા-કલમ (૩) મુજબ જમીન માલિકને પોતાની ખુશી બાબત ખબર આપી હોય તે વ્યક્તિને બોલાવવી જોઈશે.

(૬) આ કલમ મુજબ —

(ક) પેટા-કલમ (૨) મુજબ જમીન માલિકે કરેલી દરખાસ્તના સંબંધમાં, અથવા

(ખ) પેટા-કલમ (૪) અથવા (૫) મુજબ જમીન માલિકે આપેલી નોટિસના સંબંધમાં, અથવા

(ગ) વાજબી કિંમત આપવા અથવા અનામત મૂકવાના સંબંધમાં, અથવા

(ઘ) વેચાણખત કરી આપવાના સંબંધમાં,

કાંઈપણ તકરાર ઊભી થાય તો તેવી તકરારનો નિર્ણય ટ્રિબ્યુનલ કરશે.

(૭) (ક) આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીનમાલિક, હવે પછી આવતા ખંડ (ગ)માં ઠરાવ્યા પ્રમાણે ટ્રિબ્યુનલની અગાઉથી પરવાનગી મેળવ્યા પછી, જે કોઈ જમીન ખરેખર કબજો ધરાવનાર ગણોતિયા પાસે ટુકડા તરીકે હોય તે કલમ ૬૩-કની જોગવાઈઓને અધીન રહીને તેની અને ગણોતિયાની વચ્ચે પરસ્પર કબૂલ રાખવામાં આવે તેવી કિંમતે વેચી શકશે.

(ખ) જમીન માલિકે જમીન આવી કિંમતે વેચવાની પરવાનગી માટે ટ્રિબ્યુનલને લેખિત અરજી કરવી જોઈશે. અરજી મળ્યે, ટ્રિબ્યુનલ જો તપાસ કરવા ઉપરથી તેને એવી ખાતરી થાય કે કિંમત ગણોતિયાએ સ્વેચ્છાપૂર્વક કબૂલ કરી છે, તો પરવાનગી આપશે.

(૮) આ કલમનું ઉલ્લંઘન કરીને કરેલું કોઈ વેચાણ ગેરકાયદેસર ગણાશે.

(૯) જો ગણોતિયો આ કલમ મુજબ તેને વેચવા માંગેલી જમીન અથવા રહેવાનું ઘર ખરીદવાની ના પાડે અથવા ખરીદે નહિ અને આ કલમ મુજબ યથાપ્રસંગ જમીન અથવા રહેવાનું ઘર બીજી કોઈપણ વ્યક્તિને વેચવામાં આવ્યું હોય તો જમીનમાલિકને તેવા ગણોતિયા પાસે જમીન ખાલી કરવાનો અને ખરીદનારને કબજો આપવાનો હક રહેશે.]

૧[ * * * * ]

**ખેતી નહિ કરેલી જમીનોનો સરકારે વહીવટ હાથમાં લેવા બાબત.**

૫૬૫. (૧) ૨[રાજ્ય] સરકારને એવું જણાય કે ધારણ કરનારની કસૂરને લીધે અથવા તેના કાબૂ બહારના ન હોય તેવા બીજા ગમે તે કારણને લીધે કોઈ જમીન કોઈપણ બે લાગલગાટ વર્ષ માટે ખેડ્યા વગર રહી છે ૩[અથવા ખેતીના હેતુ માટે જમીનનો સંપૂર્ણ અને કાર્યસાધક ઉપયોગ કરવામાં આવ્યો નથી], તો ૨[રાજ્ય] સરકાર પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેવી જમીનનો વહીવટ હાથમાં લેવાનું જાહેર કરી શકશે. આવી રીતે કરેલી જાહેરાત નિર્ણાયક ગણાશે.

૪[(૧-ક) જમીનનો પૂરો અને કાર્યસાધક ઉપયોગ ખેતીના હેતુ માટે કરવામાં આવ્યો નથી એ કારણે પેટા-કલમ (૧) હેઠળ જમીનનો વહીવટ રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેટલી મુદત માટે સરકારને હસ્તક રહેશે, પણ મુદત એકંદરે દશ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ.]

(૨) વહીવટ સરકારના હાથમાં આવ્યેથી, સરકાર વહીવટ ચાલુ રહે તે દરમિયાન તેવી જમીન ૨[રાજ્ય] સરકારમાં નિહિત થશે અને પ્રકરણ ૪ની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે સદરહુ જમીનને લાગુ પડશે :

૫[પરંતુ મેનેજર યોગ્ય દાખલાઓમાં, આવી જમીન તેના આકારની રકમ જેટલા ગણોતે પટે આપી શકશે:

વધુમાં ગણોતિયાની કસૂરને લીધે પેટા-કલમ (૧) મુજબ જમીનનો વહીવટ સરકારના હાથમાં લેવામાં આવે, તો આવો ગણોતિયો, આવો વહીવટ સરકારના હાથમાં લેવામાં આવ્યો હોય તે તારીખે અને તે તારીખથી આવી જમીન સંબંધી યથાપ્રસંગ પ્રકરણ ૨ અથવા ૩ મુજબ કોઈપણ હક અથવા વિશેષાધિકાર ધરાવતો બંધ થશે.]

**માત્ર ઘાસ ઉગાડવું તે, ખેતી માટેનો પૂરો અને કાર્યસાધક ઉપયોગ છે એમ ગણાશે નહિ એવું ઠરાવવાની રાજ્ય સરકારની સત્તા.**

૬[૬૫-ક. આ અધિનિયમના હેતુ માટે, ખાતેદાર જે જમીનનો ઘાસ ઉગાડવા માટે ઉપયોગ કરતા હોય અથવા જેમાં કુદરતી રીતે ઘાસ ઉગતું હોય પરંતુ જે જમીન અનાજ ઉગાડવા માટે યોગ્ય છે એમ રાજ્ય સરકારનો અભિપ્રાય થાય તેવી કોઈ જમીનની બાબતમાં રાજ્ય સરકાર એવા ખાતેદારે ધરાવેલી જમીનનો વિસ્તાર ધ્યાનમાં લઈને અને તેનાં ઢોર માટે કેટલું ઘાસ જોઈશે તે નક્કી કર્યા પછી રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને ઠરાવી શકશે કે તે જમીન ઉપર અથવા તેના કોઈ ભાગમાં કે તેની ઉપર માત્ર ઘાસ ઉગાડવું અથવા તેને કુદરતી રીતે વધવા દેવું તે, ખેતી માટે તેવી જમીનનો પૂરો અને કાર્યસાધક ઉપયોગ છે એમ ગણાશે નહિ.].

**સરકાર હસ્તક વહીવટ હેઠળની એસ્ટેટ અથવા જમીન અથવા તેમાંનો હિતસંબંધ સંપાદન કરવા બાબત.**

૬૬. (૧) જો કોઈપણ વખતે ૨[રાજ્ય] સરકારને એમ જણાય કે આ અધિનિયમની જોગવાઈઓ મુજબ જેનો વહીવટ હાથમાં લેવામાં આવ્યો હોય તેવી એસ્ટેટ અથવા જમીન અથવા તેવી એસ્ટેટ અથવા જમીનમાંનો બીજી કોઈપણ વ્યકિતનો હિતસંબંધ લોકહિત માટે ફરજિયાત સંપાદન કરવો જોઈએ, તો ૨[રાજ્ય] સરકાર, રાજપત્રમાં તેવી મતલબનું જાહેરનામું પ્રસિધ્ધ કરે તો તે કાયદેસર ગણાશે. આવી રીતે પ્રસિદ્ધ કરેલું જાહેરનામું તેવી એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધ લોકહિત માટે સંપાદન કરવાનું જરૂરી છે તેનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૨) જાહેરનામું પ્રસિધ્ધ થયેથી, કલેકટરે તે વિસ્તારમાંની અનુકૂળ જગાએએ તેની જાહેરાત કરાવવી જોઈશે અને એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધ જાહેર કરનારને અને જેમનો તેમાં હિતસંબંધ છે તેમ જાણવામાં હોય અથવા માનવામાં આવતું હોય તેવી તમામ વ્યકિતઓને નોટિસો પણ આપવી જોઈશે.

(૩) ત્યારપછી કલેકટર ઠરાવેલી રીતે સંપાદન કરેલી એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધની કિંમત નક્કી કરવા માટે તપાસ કરશે. સદરહુ હેતુ માટે કલેકટરને, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ મુજબ નીચેની બાબતોના સંબંધોમાં કોર્ટને દાવાનો ઈન્સાફ કરવામાં જે સત્તા છે તે જ સત્તા રહેશે: **સન ૧૯૦૮ નો ૫મો.**

(ક) સોગંદનામાથી હકીકત સાબિત કરવી,

(ખ) કોઈપણ વ્યકિતને બોલાવવી અને તેને હાજર રહેવાની ફરજ પાડવી અને તેની સોગંદ ઉપર જુબાની લેવી, અને

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવી.

---

૧ સન ૧૯૮૭ના ગુજરાત અધિનિયમ ૨૧ની કલમ ૩થી કલમ ૬૪-ક કમી છે.
૨ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક"એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૩ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૫(૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪ સન ૧૯૭૧ના ગુજરાત અધિનિયમ ૨ની કલમ ૩થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૫ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૫(૨) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૬ સન ૧૯૭૧ના ગુજરાત અધિનિયમ ૨ની કલમ ૪થી આ કલમ દાખલ કરી છે.

(૪) કિંમત નક્કી કરવામાં, કલેક્ટરે નીચેની બાબતો વિચારમાં લેવી જોઈશે—

(ક) એસ્ટેટ અથવા જમીનના સંબંધમાં આપવાનો આકાર,

(ખ) એસ્ટેટ અથવા જમીનની ખેતીનો નફો અને તે વિસ્તારમાંની તેના જેવી એસ્ટેટો અને જમીનનો નફો,

(ગ) તે વિસ્તારમાં પાકો અને ચીજોના ભાવો,

(ઘ) એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધના સંબંધમાં ધારણ કરનાર અને હિતસંબંધ ધરાવતી બીજી વ્યક્તિઓને આકારમાંથી મળેલી મુક્તિ અને તેઓ ભોગવતા હોય તેવા બીજા વિશેષાધિકારો.,

(ચ) ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૫) એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધની કિંમત નક્કી કર્યા પછી કલેક્ટર ચૂકાદો આપશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે :—

(ક) એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધની વિગતો,

(ખ) તેના અભિપ્રાય પ્રમાણે જમીન માટે જે વળતર આપવું જોઈએ તે,

(ગ) જેમનો હિતસંબંધ છે એવું જાણવામાં અથવા માનવામાં આવતું હોય તેવી તમામ વ્યક્તિઓ વચ્ચે વળતરની ફાળવણી.

(૬) આવો ચૂકાદો કલેક્ટરના કાર્યાલયમાં દફતરે રાખવામાં આવશે અને આમાં હવે પછી જોગવાઈ કરી હોય તે સિવાય તે ચૂકાદો કલેક્ટર અને હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે પછી તેઓ અનુક્રમે કલેક્ટર સમક્ષ હાજર થયા હોય કે ન હોય તો પણ તે એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધના વિસ્તાર અને કિંમત અને વળતરની ફાળવણી સહિત તમામ વિગતોનો છેવટનો અને નિર્ણાયક પુરાવો ગણાશે.

(૭) કલેક્ટર ચૂકાદો આપી દે એટલે એસ્ટેટ, જમીન અથવા તેમાંનો હિતસંબંધ તમામ બોજાઓથી મુક્ત [1][સરકાર]માં નિહિત થશે.

[2][પ્રકરણ ૫-ક.

## બીજાની જમીનમાં થઈને જળમાર્ગ બનાવવા બાબત.

૬૬-ક. (૧) જે કોઈ વ્યક્તિ (જેને આમાં હવે પછી અરજી કરનાર કહી છે તે) જે જળસંપત્તિ ઉપર તેનો હક હોય તેમાંથી ખેતીના હેતુઓ માટે પાણી લેવા માટે જળમાર્ગ બનાવવા માંગતી હોય પણ આવો જળમાર્ગ બીજી વ્યક્તિની (જેને આમાં હવે પછી પડોશની જમીન ધારણ કરનાર કહી છે તેની) માલિકીની અથવા કબજામાંની કોઈ જમીનમાં થઈને બનાવવાનો હોય અને આવા જ બાંધકામ માટે અરજી કરનાર અને પડોશની જમીન ધારણ કરનાર વચ્ચે કોઈ ખાનગી કબૂલાત કરવામાં આવી ન હોય, તો જળમાર્ગ બનાવવા માંગતી વ્યક્તિ મામલતદારને ઠરાવેલા નમૂના પ્રમાણે અરજી કરી શકશે. બીજી વ્યક્તિની માલિકીની જમીનમાં થઈને જળમાર્ગ બનાવવા બાબત.

સ્પષ્ટીકરણ.—આ પ્રકરણના હેતુઓ માટે પડોશની જમીન ધારણ કરનારમાં જમીનની માલિક હોય તે વ્યક્તિ અને તેની મારફત અથવા હેઠળ ધારણ કરનાર તમામ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

(૨) અરજી મળ્યેથી, તપાસ કર્યા પછી અને પડોશની જમીન ધારણ કરનારને અને જમીનમાં હિતસંબંધ ધરાવતી બીજી તમામ વ્યક્તિઓને અરજી સામે કાંઈ વાંધો હોય તો તે જણાવવાની તક આપ્યા પછી મામલતદારને એવી ખાતરી થાય કે અરજદારની માલિકીની જમીનનો ખેતી માટે સંપૂર્ણ અને કાર્યસાધક ઉપયોગ કરવા માટે જળમાર્ગ બનાવવાની જરૂર છે, તો તે લેખિત હુકમથી પડોશની જમીન ધારણ કરનારને નીચેની શરતોએ અરજી કરનારને જળમાર્ગ બનાવવાની પરવાનગી આપવાનું ફરમાવી શકશે :—

(૧) પક્ષકારોએ કબૂલ કર્યા પ્રમાણેની દિશામાં અને તે રીતે અથવા કબૂલાત ન થાય તો મામલતદાર ફરમાવે તે પ્રમાણે જે જમીનમાં થઈને તે બાંધવાનો હોય તે જમીનને ઓછામાં ઓછું નુકશાન થાય તે રીતે જળમાર્ગ બાંધવો જોઈએ;

(૨) જળમાર્ગ પાઈપોનો બનેલો હોય તો તે પાઈપો જમીનની સપાટીથી દોઢ ફૂટથી ઓછી ન હોય તેટલી ઊંડાઈએ નાંખવી જોઈએ;

(૩) જળમાર્ગ પાણીના ધોરિયાનો બનેલો હોય ત્યારે, તે ધોરિયાની પહોળાઈ પાંચ ફૂટથી વધારે ન હોવી જોઈએ;

(૪) અરજી કરનારે પડોશની જમીન ધારણ કરનારને—

(ક) જળમાર્ગ બનાવવાથી તેવી જમીનને હાનિકારક અસર થઈ હોય તે કારણે તે જમીનને થયેલા કોઈપણ નુકસાન માટે વળતર આપવું જોઈશે;

---

૧ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "તાજ"એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩થી પ્રકરણ ૫-ક દાખલ કર્યું છે.

(ખ) મામલતદાર વાજબી ભાડા તરીકે નક્કી કરે તેવું વાર્ષિક ભાડું આપવું;

(૫) અરજી કરનારે જળમાર્ગને મરામત કરીને સારી હાલતમાં રાખવો;

(૬) અરજી કરનારે ઠરાવેલી મુદતની અંદર પડોશની જમીન ધારણ કરનારની તરફેણમાં ઠરાવેલી રીતે કબૂલાત કરવી;

(૭) મામલતદારને નાખવા યોગ્ય લાગે તેવી બીજી શરતો.

(૩) પેટા-કલમ(૨) મુજબ કરેલા હુકમમાં પડોશની જમીન ધારણ કરનાર અને જમીનમાં હિતસંબંધ ધરાવતી તમામ વ્યકિતઓ વચ્ચે વળતરની રકમ કેવી રીતે ફાળવવી તે બાબત જણાવવી જોઈએ.

(૪) પેટા-કલમ (૨) મુજબ કરેલા હુકમથી અરજી કરનાર પેટા-કલમ (૨)ના ખંડ (૬) મુજબ, ફરમાવ્યા પ્રમાણે કબૂલાતનામું કરે તે પછી તેને અથવા તેના કોઈ એજન્ટ અથવા તેણે નોકરીએ રાખેલી બીજી વ્યક્તિને મદદનીશો અથવા કામદારો સાથે હુકમમાં નિર્દિષ્ટ કરેલી જમીન ઉપર દાખલ થવાનો અને જળમાર્ગ બનાવવા માટે અને તેની મરામત કરવા માટે જરૂરી હોય તેવું તમામ કામ કરવાનો સંપૂર્ણ અધિકાર મળે છે.

**ભાડું નહિ આપવા અને જળમાર્ગ સારી હાલતમાં નહિ રાખવા બાબત.**

૬૬-ખ. જેની તરફેણમાં કલમ ૬૬-કની પેટા-કલમ (૨) મુજબ હુકમ કરવામાં આવ્યો હોય તે અરજી કરનાર—

(ક) વળતરની રકમ અથવા ભાડાની રકમ આપે નહિ તો તે રકમ મેળવવાનો જેને હક હોય તે વ્યકિતએ મામલતદારને અરજી કર્યેથી જમીન મહેસૂલની બાકી તરીકે તે વસૂલ કરવામાં આવશે.

(ખ) જળમાર્ગની મરામત કરીને સારી હાલતમાં જાળવી રાખે નહિ, તો તે તેવી રીતે જળમાર્ગ જાળવી નહિ રાખવાને કારણે થયેલા કોઈપણ નુકશાન બદલ મામલતદાર નક્કી કરે તેવું વળતર આપવાને જવાબદાર થશે.

**જળમાર્ગ ખસેડવા અથવા બંધ કરવા બાબત.**

૬૬-ગ. (૧) કોઈ વ્યકિત કલમ ૬૬-ક મુજબ તેને આપેલા અધિકાર મુજબ બનાવેલો જળમાર્ગ ખસેડવા અથવા બંધ કરવાનો ઈરાદો રાખતી હોય, તો તે મામલતદારને અને પડોશની જમીન ધારણ કરનારને નોટિસ આપ્યા પછી તેમ કરી શકશે.

(૨) આવો જળમાર્ગ ખસેડવામાં અથવા બંધ કરવામાં આવે ત્યારે, પાણી લઈ જનાર વ્યકિતએ, વ્યવહાર્ય હોય, તેટલો ઓછો વિલંબ કરીને, પોતાના ખર્ચે જમીન પૂરવી જોઈશે અને પૂર્વવત સ્થિતિમાં લાવવી જોઈશે. જો તે તેમ કરે નહિ, તો પડોશની જમીન ધારણ કરનાર મામલતદારને અરજી કરી શકશે અને મામલતદાર તેવી વ્યકિતને જમીન પૂરવાનું અને પૂર્વવત સ્થિતિમાં લાવવાનું ફરમાવશે.

**પડોશની જમીન ધારણ કરનારને રેઈટ આપીને વધારાનું પાણી વાપરવાનો હક રહેશે.**

૬૬-ઘ. પડોશની જમીન ધારણ કરનારને અથવા તેના વતી કોઈ વ્યકિતને પક્ષકારો કબૂલ થાય તેવો દર આપીને અને કબૂલાતનામું ન થાય, તો મામલતદાર નક્કી કરે તેવો રેઈટ આપીને જળમાર્ગમાંથી વધારાના પાણીનો ઉપયોગ કરવાનો હક રહેશે. જળમાર્ગમાં વધારાનું પાણી છે કે નહિ તે બાબત તકરાર ઊભી થાય, તો મામલતદાર તેનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશે].

## પ્રકરણ ૬.

૧[ટ્રિબ્યુનલે, મામલતદારે અને કલેકટરે કરવાની કાર્યરીતિ અને તેમની હકૂમત; અપીલ અને ફેરતપાસ.]

**ટ્રિબ્યુનલ.**

૨[૬૭. (૧) આ અધિનિયમના હેતુઓ માટે દરેક તાલુકા અથવા મહાલ માટે અથવા રાજ્ય સરકારને યોગ્ય જણાય તેવા વિસ્તાર માટે 'ખેત જમીન ટ્રિબ્યુનલ' એ નામની એક ટ્રિબ્યુનલ રહેશે.

(૨) રાજ્ય સરકાર, મામલતદાર કરતા ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને, ટ્રિબ્યુનલ તરીકે અને પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલા તાલુકા અથવા મહાલ અથવા બીજા કોઈ વિસ્તારમાં આ અધિનિયમ મુજબ ટ્રિબ્યુનલની સત્તા વાપરવાને અને તેની ફરજો અને કાર્યો બજાવવાને નીમી શકશે:

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૧૧થી અસલ શીર્ષકને બદલે આ શીર્ષક દાખલ કર્યું છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૮થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.

પરંતુ રાજ્ય સરકાર કોઈ વિસ્તાર માટે ઓછામાં ઓછા ત્રણ સભ્યોની બનેલી એક ટ્રિબ્યુનલ રચી શકશે અને તેમાંનો—

સન ૧૮૬૯ નો મુંબઈ-નો ૧૪મો.

(ક) ઓછામાં ઓછો એક સભ્ય, મુંબઈ દીવાની કોર્ટ, અધિનિયમ, ૧૮૬૯ મુજબ દીવાની ન્યાયાધીશના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાનો ન હોય તેવો ન્યાયિક હોદ્દો ધરાવતી હોય અથવા ધરાવ્યો હોય તેવી અથવા [1][ગુજરાત રાજ્યમાં] વકીલ તરીકે વકીલાત કરવાની લાયકાત ધરાવતી હોય તેવી વ્યક્તિ હોવી જોઈએ; અને

(ખ) એક સભ્યને ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે નીમવામાં આવશે;

અને એવી રીતે રચેલી ટ્રિબ્યુનલ આ અધિનિયમ મુજબ ટ્રિબ્યુનલની સત્તા વાપરશે અને તેની ફરજો અને કાર્યો બજાવશે.

સ્પષ્ટીકરણ.—આ કલમમાં "વકીલ" એટલે રાજ્યની કોર્ટમાં બીજાને માટે હાજર રહેવાનો અને વકીલાત કરવાનો જેને હક હોય તેવી કોઈ વ્યક્તિ અને તેમાં એડવોકેટ, વકીલ અને [1][ગુજરાત હાઈકોર્ટના] એટર્નીનો સમાવેશ થાય છે.]

ટ્રિબ્યુનલની ફરજો.

૬૮. ટ્રિબ્યુનલની ફરજો નીચે પ્રમાણે રહેશે.—

(ક) કલમ ૧૭ મુજબ રહેવાનાં ઘરની જગાની કિંમત નક્કી કરવી;

[2][(ખ) કલમ ૩૨-જ, ૬૩-ક અથવા ૬૪ મુજબ જમીનની ખરીદ કિંમત નક્કી કરવી;

(ગ) કલમ ૩૨ થી ૩૨-૫ (બન્ને સહિત) મુજબ કોઈપણ તકરારનો નિર્ણય કરવો];

(ઘ) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં [3][રાજ્ય] સરકાર ઠરાવે અથવા ફરમાવે તેવાં બીજા કાર્યો બજાવવા.

સન ૧૯૦૮ નો ૫મો.

ટ્રિબ્યુનલની સત્તા.

૬૯. (૧) આ અધિનિયમ મુજબ તપાસ કરવામાં ટ્રિબ્યુનલને દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ મુજબ નીચેની બાબતોના સંબંધમાં દાવાનો ઈન્સાફ કરવામાં કોર્ટને જે સત્તા આપી છે તે જ સત્તા રહેશે.—

(ક) સોગંદનામાથી હકીકત સાબિત કરવી;

(ખ) કોઈ વ્યક્તિને બોલાવવી અને તેને હાજર રહેવાની ફરજ પાડવી તથા તેની સોગંદ ઉપર જુબાની લેવી; અને

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવી.

(૨) ટ્રિબ્યુનલને ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા પણ રહેશે. ટ્રિબ્યુનલને ખર્ચ અપાવવાની સત્તા રહેશે.

(૩) ટ્રિબ્યુનલના હુકમો કલમ ૭૩માં ઠરાવેલી રીતે અમલમાં મૂકવામાં આવશે.

મામલતદારની ફરજો.

૭૦. આ અધિનિયમના હેતુઓ માટે મામલતદારે બજાવવાની ફરજો અને કાર્યો નીચે પ્રમાણે રહેશે. :—

(ક) કોઈ વ્યક્તિ ખેડૂત છે કે નહિ તેનો નિર્ણય કરવો;

(ખ) કોઈ વ્યક્તિ [4][ ગણોતિયો અથવા રક્ષિત ગણોતિયો અથવા કાયમી ગણોતિયો છે અથવા હતો.] કે કેમ તેનો નિર્ણય કરવો;

[5][(ગ) કલમ ૯ મુજબ ગણોતના દરો નક્કી કરવા;

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવતી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૮થી અસલને બદલે આ ખંડો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક"એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૪. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૭(૧)થી "ગણોતિયો અથવા રક્ષિત ગણોતિયો અથવા કાયમી ગણોતિયો છે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૫. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૯(૨)થી અસલ ખંડો (ગ), (ઘ) અને (ચ)ને બદલે આ ખંડો દાખલ કર્યા છે.

(ઘ) કલમ ૯-ક મુજબ જમીનના વર્ગ સંબંધી તકરારનો નિર્ણય કરવો;

(ચ) * * * * ]

(છ) કલમો [1][૮, ૯, ૯-ક અને ૯(-ગ)]ના ઉલ્લંઘન બદલ કલમ ૧૦ મુજબ વળતરની રકમ નક્કી કરવી;

[2][* * * * *]

(ઝ) કલમ ૧૩(૫) મુજબ ગણોતિયાને પાછી આપવાની રકમ નક્કી કરવી;

(ટ) કલમ ૧૯ મુજબ ગણોતિયાનો જે ઝાડો ઉપર હક હોય તે ઝાડો માટે વળતરની રકમ નક્કી કરવી;

(ઠ) કુદરતી રીતે ઉગતાં ઝાડોનાં ઉત્પન્નના હક સંબંધી કોઈપણ તકરારનો કલમ ૨૦ મુજબ નિર્ણય કરવો;

(ડ) કલમ ૨૩ મુજબ રક્ષણાત્મક બંધોની મરામતનો ખર્ચ નક્કી કરવો;

(ઢ) કલમ ૩૩ મુજબ ગણોતવહીવટનો વિનિમય કરવાની મંજૂરી આપવી;

(ત) કલમ ૪૧ મુજબ કોઈપણ સુધારણા માટે [3]* * * ગણોતિયાને આપવાની વળતરની રકમ નક્કી કરવી;

[4][(ત-ક) કલમ ૪૩ખ મુજબ વાજબી ગણોત કેટલું છે તે નક્કી કરવું;

(ત-ખ) કલમ ૮૪-ક મુજબ પ્રમાણપત્ર કાઢી આપવું અને જમીનની તબદીલી અથવા સંપાદન કાયદેસર છે કે નહિ. તેનો કલમ ૮૪-ખ અને ૮૪-ગ મુજબ નિર્ણય કરવો અને કલમ ૮૪-ગમાં ઠરાવ્યા પ્રમાણે જમીનનો નિકાલ કરવો;

(ત-ગ) કલમ ૮૫-ક મુજબ નિર્ણય માટે મોકલેલી બાબતોનો નિર્ણય કરવો;

(ત-ઘ) કલમ ૮૮-ગ મુજબ કોઈપણ તકરારનો નિર્ણય કરવો;

[5][ * * * * *]

(થ) ગણોતિયા અથવા જમીનમાલિક અથવા ખેતમજૂર અથવા કારીગર [6][અથવા સંબદ્ધ ધંધો ચલાવતી વ્યક્તિ] આ અધિનિયમ મુજબ જમીનનો અથવા રહેવાનાં ઘરનો કબજો અપાવવા માટે પગલાં લેવાં; [7]*

[8][ (થ-ક) પ્રકરણ ૫-ક મુજબ જળમાર્ગ બનાવવાને લગતી તમામ બાબતોનો નિર્ણય કરવો];

[9][(થ-ખ) કામ-ચલાઉ મનાઈ હુકમ આપવો.]

(દ) આ અધિનિયમથી અથવા તે મુજબ તેને નિર્ણય માટે મોકલવામાં આવે એવી બાબતોનો નિર્ણય કરવો.

**કાર્યવાહીઓનો આરંભ.** ૭૧. આ અધિનિયમથી અથવા તે મુજબ સ્પષ્ટપણે ઠરાવ્યું હોય તે સિવાય મામલતદાર અથવા ટ્રિબ્યુનલ સમક્ષની તમામ તપાસો તથા બીજી કાર્યવાહીઓનો આરંભ નીચે જણાવેલી વિગતોવાળી અરજી ઉપરથી કરવામાં આવશે:—

(ક) અરજદાર અને પ્રતિવાદીનાં નામ, ઉંમર, વ્યવસાય અને રહેઠાણ;

---

૧ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૯(૩)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૨ એજનની કલમ ૩૯(૪) થી ખંડ (જ) કાઢી નાખ્યો છે.
૩ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૯ (૫) થી "રક્ષિત" શબ્દ કાઢી નાંખ્યો છે.
૪ એજનની કલમ ૩૯(૬)થી આ ખંડો દાખલ કર્યા છે.
૫ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૮થી ખંડ (ત-ચ) કાઢી નાંખ્યો છે.
૬ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૩૯(૭) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૭ એજનથી "અને" એ શબ્દ કાઢી નાખ્યો છે.
૮ એજનની કલમ ૩૯(૮)થી આ ખંડ દાખલ કર્યો છે.
૯ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૭(૨)થી આ નવો ખંડ દાખલ કર્યો છે.

(ખ) યથાપ્રસંગ, જે મિલકતનો કબજો જોઈતો હોય તેનું ટૂંકું વર્ણન અને સ્થળ અથવા દાવાની રકમ;

(ગ) દાવાનું કારણ જેમાંથી ઉપસ્થિત થયું હોય તે સંજોગો;

(ઘ) અરજદારના દસ્તાવેજો, જો કોઈ હોય તો તેની અને તેના સાક્ષીઓની યાદી, આવા સાક્ષીઓને હાજર રહેવા માટે બોલાવવાના છે કે કેમ અથવા અરજદાર તેમને સુનાવણીના દિવસે રજૂ કરશે કે કેમ તે

(ચ) ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો.

સન ૧૯૦૬નો મુંબઈ-નો ૨જો.

કાર્યરીતિ.

૭૨. કલમ ૭૧ મુજબ અરજીઓ રજૂ કર્યેથી શરૂ કરવામાં આવેલી તમામ તપાસો અને કાર્યવાહીઓમાં મામલતદાર અથવા ટ્રિબ્યુનલ, મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ મુજબની મામલતદારની કોર્ટના જેવી સત્તા વાપરશે અને [1][કલમ ૨૯માં ઠરાવ્યું છે તે સિવાય], મામલતદાર અથવા ટ્રિબ્યુનલ સદરહુ અધિનિયમ મુજબની મામલતદારની કોર્ટ હોય અને રજૂ કરેલી અરજી સદરહુ અધિનિયમની કલમ ૭ મુજબ રજૂ કરેલ દાવા અરજી હોય તેમ, સદરહુ અધિનિયમની જોગવાઈઓ અનુસાર અમલ કરશે. સદરહુ અધિનિયમમાં જેને માટે જોગવાઈ કરવામાં ન આવી ન હોય તેવી બાબતોના સંબંધમાં, મામલતદારે અથવા ટ્રિબ્યુનલે [2][રાજ્ય] સરકાર ઠરાવે તેવી કાર્યરીતિ અનુસરવી જોઈશે. મામલતદાર અથવા ટ્રિબ્યુનલનો દરેક નિર્ણય હુકમના નમૂનામાં નોંધવામાં આવશે અને તેમાં તેવા નિર્ણય માટેનાં કારણો જણાવવા જોઈશે.

સન ૧૮૭૯નો મુંબઈ-નો ૫મો.

મામલતદારો વચ્ચે કામકાજની વહેંચણી કરવા બાબત.

[3][૭૨-કક. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૨ મુજબ નીમેલા મામલતદાર અથવા યથાપ્રસંગ સદરહુ અધિનિયમની કલમ ૧૩ મુજબ નીમેલા મહાલકારી ઉપરાંત કોઈ તાલુકા અથવા મહાલમાં આ અધિનિયમ મુજબ મામલતદારની ફરજો બજાવવાને આવા તાલુકા અથવા મહાલમાં રાજ્ય સરકારે એક અથવા વધારે અધિકારીઓ નીમ્યા હોય ત્યારે યથાપ્રસંગ મામલતદાર અથવા મહાલકારી કલેકટરના નિયંત્રણને અધીન રહીને, સામાન્ય અથવા ખાસ હુકમથી તેને મોકલી શકે તેવી કલમ ૭૧ મુજબ શરૂ કરેલી તપાસો અને કાર્યવાહીઓનો આવા દરેક અધિકારીએ નિકાલ કરવો જોઈશે.]

કાર્યવાહીઓ વર્ગ કરવાની કલેકટરની સત્તા.

[૭૨-ક. કલેકટર પક્ષકારોને યોગ્ય નોટિસ આપ્યા પછી, લેખિત હુકમ કરીને, તેના જિલ્લાના કોઈ મામલતદાર સમક્ષ ચાલુ હોય તેવી આ અધિનિયમ મુજબની કોઈ કાર્યવાહી, તેવા મામલતદાર પાસેથી તેના જિલ્લામાંના બીજા કોઈ મામલતદારને વર્ગ કરી શકશે અને જે મામલતદારને આવી રીતે કાર્યવાહી વગ કરવામાં આવી હોય તે, તેમ થયે, તેવી કાર્યવાહીમાં આ અધિનિયમ મુજબની હકૂમત વાપરશે:

પરંતુ કલમ ૭૩ની પેટા-કલમ (૨) મુજબ ગ્રામ અધિકારીઓને કરવાનો કોઈપણ હુકમ તેવા ગ્રામ અધિકારીઓ જે મામલતદારના તાબા હેઠળ હોય તે મામલતદારે કરવો જોઈશે.]

જમીનના કબજા માટે જુદા જુદા મામલતદારોને કરેલી અરજી નામોદ્દિષ્ટ મામલતદારોએ સાંભળવી.

[5](૭૨-ખ. (૧) કલમ ૨૯ મુજબ જમીનમાલિકે કરેલી કોઈ જમીનના કબજા માટેની અરજીની સુનાવણી દરમિયાન, એક વિસ્તારના મામલતદારને એમ જણાય કે જમીનમાલિકે, બીજા વિસ્તારના મામલતદારને, તે વિસ્તારમાં તેણે ધારણ કરેલી બીજી જમીનના કબજા માટે તેવી જ અરજી કરી છે તો, મામલતદારે જો બીજી જમીન એક જ જિલ્લામાં હોય તો, કલેકટરને [6][અને જો બીજી જમીન બીજા જિલ્લામાં હોય તો રાજ્ય સરકારને] તે બાબત લખી મોકલવી જોઈશે.

---

૧ સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૫ની કલમ ૩થી આ મજકૂર દાખલ કર્યો છે.

૨ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૩ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૯ થી કલમ ૭૨-કક દાખલ કરી છે.

૪ સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૧૨ની કલમ ૮થી આ કલમ દાખલ કરી છે.

૫ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૨ થી કલમો ૭૨-ખ અને ૭૨-ગ દાખલ કરી છે.

૬ સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪, અનુસૂચિથી "અને જો બીજી જમીન બીજા જિલ્લામાં હોય તો વિભાગીય અધિકારીને અને જો બીજી જમીન બીજા વિભાગમાં હોય તો રાજ્યની સરકારને" એ એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

(૨) લખી મોકલેલી બાબત મળ્યેથી, યથાપ્રસંગ, કલેક્ટર ૧[* * *] અથવા રાજ્ય સરકાર–

(ક) સંબંધ ધરાવતા મામલતદાર પાસેથી અરજીની કાર્યવાહીઓ મંગાવશે;

(ખ) બીજી બાબતો પૈકી જુદી જુદી અરજીઓ મુજબ જે જમીનનો કબજો માંગવામાં આવ્યો હોય તે જમીનનો વિસ્તાર ધ્યાનમાં લઈને, તમામ અરજીઓ અને કાર્યવાહીઓ સુનાવણી અને તેમનો નિકાલ કરવા માટે કોઈપણ એક મામલતદારને વર્ગ કરશે; અને

(ગ) સંબંધ ધરાવતા મામલતદારો, જમીનમાલિક અને ગણોતિયાઓને એવી રીતે વર્ગ કર્યાની જાણ કરશે.

(૩) જે મામલતદારને આવી રીતે અરજીઓ વર્ગ કરવામાં આવી હોય તે મામલતદાર આ અધિનિયમ મુજબ તેના સંબંધમાં હકૂમત વાપરશે:

પરંતુ કલમ ૭૩ ની પેટા-કલમ (૨) મુજબ ગ્રામ અધિકારીઓને આપવાનો કોઈ હુકમ જે મામલતદારના તાબા નીચે આવા ગ્રામ અધિકારીઓ હોય તે મામલતદારે અથવા તેની મારફત કાઢવો જોઈશે.

**એક જ ગણોતિયાએ જુદા જુદા વિસ્તારોમાં ધારણ કરેલી જમીનના સંબંધમાં નામોદ્દિષ્ટ ટ્રિબ્યુનલે ચલાવવાની કાર્યવાહીઓ.**

૭૨-ગ. (૧) કોઈ ગણોતિયાના સંબંધમાં કલમ ૩૨-જ મુજબની કાર્યવાહી દરમિયાન, ટ્રિબ્યુનલને એમ જણાય કે, ગણોતિયા તરીકે તેની હકૂમતની બહારની બીજી જમીન ધારણ કરે છે, તો ટ્રિબ્યુનલે ઠરાવેલી રીતે જો તે બીજી જમીન એક જ જિલ્લામાં હોય તો તે બાબત કલેક્ટરને ૨[અને જો બીજી જમીન બીજા જિલ્લામાં હોય તો રાજ્ય સરકારને] લખી મોકલવી જોઈશે.

(૨) લખી મોકલેલી બાબત મળ્યેથી, યથાપ્રસંગ, કલેક્ટર ૧[* * *] અથવા રાજ્ય સરકાર–

(ક) જે ટ્રિબ્યુનલની હકૂમતમાં તે જમીન આવેલી હોય તે ટ્રિબ્યુનલ પાસેથી તેવી જમીનની વિગતો ઠરાવેલા નમૂના પ્રમાણે મંગાવવાશે;

(ખ) બીજી ટ્રિબ્યુનલની હકૂમતની અંદર આવેલી જે જમીન ગણોતિયા તરીકે ગણોતિયો ધારણ કરતો હોય તેના વિસ્તારને ધ્યાનમાં લઈને એમ ફરમાવશે કે ગણોતિયા તરીકે ગણોતિયો ધારણ કરતો હોય તેવી તમામ જમીનોના સંબંધમાં, કલમો ૩૨-જ, ૩૨-ઝ, ૩૨-ટ, ૩૨-ડ, ૩૨-ઢ ૩૨-ત, ૩૨-થ અને ૩૨-ન મુજબની કાર્યવાહીઓ, તે હેતુ માટે નામોદ્દિષ્ટ કરેલી ટ્રિબ્યુનલે કરવી અને તેનો નિકાલ કરવો અને તે બાબત તદનુસાર વર્ગ કરવી; અને

(ગ) સંબંધ ધરાવતી ટ્રિબ્યુનલને, જમીનમાલિકોને અને ગણોતિયાને એવી રીતે વર્ગ કર્યાની જાણ કરશે.

(૩) પેટા-કલમ (૨) મુજબ, નામોદ્દિષ્ટ કરેલી ટ્રિબ્યુનલ, સદરહુ તમામ જમીનોના સંબંધમાં આ અધિનિયમ મુજબ હકૂમત વાપરશે:

પરંતુ કલમ ૭૩ ની પેટા-કલમ (૨) મુજબ ગ્રામ, અધિકારીઓને કાઢી આપવાનો કોઈ હુકમ, જે મામલતદારના તાબા નીચે આવા ગ્રામ અધિકારીઓ હોય તે મામલતદારે તેની મારફત કાઢવો જોઈશે.]

**પૈસા આપવા માટે અથવા કબજો સોંપવા માટે હુકમની અમલ બજાવણી.**

૭૩. (૧) ખર્ચ અપાવવાના હુકમ સહિત મામલતદાર અથવા ટ્રિબ્યુનલના હુકમથી જે કોઈ રકમ આપવાનું ફરમાવવામાં આવ્યું હોય તે રકમ જે વ્યક્તિને તે આપવાનો હુકમ કરવામાં આવ્યો હોય તેની પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૨) કોઈ જમીનનો કબજો અપાવવા બાબત અથવા કબજો અથવા ઉપયોગ સોંપવા બાબત મામલતદાર અથવા ટ્રિબ્યુનલના હુકમનો અમલ, તે મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ મુજબનો મામલતદારનો નિર્ણય હોય તેમ, સદરહુ અધિનિયમની કલમ ૨૧ માં ઠરાવેલ રીતે કરવો જોઈશે: **સન ૧૯૦૬ નો મુંબઈ-નો ૨જો.**

૩[પરંતુ ૪[કલમ ૭૯ માં ઠરાવ્યા પ્રમાણે યથાપ્રસંગ અપીલની અથવા ફેરતપાસ માટેની અરજીની] મુદત પૂરી થાય ત્યાં સુધી, આવા હુકમની અમલ બજાવણી કરી શકાશે નહિ.

---

૧. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪, અનુસૂચિથી "અથવા વિભાગીય અધિકારીએ" એ શબ્દો કમી કર્યા છે.

૨. એજનથી "અને જો બીજી જમીન બીજા જિલ્લામાં હોય તો વિભાગીય અધિકારીને અને જો બીજી જમીન બીજા વિભાગમાં હોય તો રાજ્યની સરકારને" એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. સન ૧૯૫૭ ના મુંબઈ અધિનિયમ ૩૮ ની કલમ ૨૩ થી આ પરંતુક ઉમેર્યો છે.

૪. સન ૧૯૬૦ ના ગુજરાત અધિનિયમ ૧૬ ની કલમ ૧૯ થી આ મજકૂર દાખલ કર્યો છે.

સને ૧૯૦૮ નો ૫મો.

૧[૭૩-ક. (૧) કલમ ૨૯ની પેટા-કલમ (૩-ક) મુજબ તપાસ કરવાના હેતુઓ માટે, કલેક્ટરને દાવાનો ઈન્સાફ ચલાવવામાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ મુજબ નીચેની બાબતોના સંબંધમાં જે સત્તા કોર્ટને આપવામાં આવી છે તે જ સત્તા રહેશે :— કલમ ૨૯ની પેટા-કલમ (૩ક) મુજબની તપાસમાં કલેક્ટરની સત્તા; ફેરતપાસ સંબંધી જોગવાઈ અને હુકમોની અમલ બજાવણી.

(ક) સોગંદનામાથી હકીકતો સાબિત કરવી,

(ખ) કોઈ વ્યક્તિને બોલાવવી અને તેને હાજર રહેવાની ફરજ પાડવી તથા સોગંદ ઉપર તેની જુબાની લેવી, અને

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવી.

(૨) કલમ ૨૯ની પેટા-કલમ (૩-ક) મુજબ કલેક્ટરનો હુકમ, પેટા-કલમ (૩) મુજબની ફેરતપાસને અધીન રહીને, છેવટનો ગણાશે.

(૩) રાજ્ય સરકાર પોતાની મેળે અથવા જમીનમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિની અરજી ઉપરથી, કલેક્ટરે કરેલા હુકમના કાયદેસરપણા અથવા યોગ્યતા સંબંધી ખાતરી કરવાના હેતુ માટે, આવી કોઈપણ તપાસના દફતર મંગાવી શકશે અને તેના ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે :

પરંતુ આવા કોઈ હુકમમાં શા માટે ફેરફાર કરવો જોઈએ નહિ તે રદ કરવો જોઈએ નહિ અથવા તે ફેરવવો જોઈએ નહિ તેનું કારણ દર્શાવવાની સંબંધ ધરાવતા પક્ષકારોને તક આપવામાં આવી હોય તે સિવાય, તે હુકમમાં ફેરફાર કરી શકાશે નહિ, તે રદ કરી શકાશે નહિ અથવા ફેરવી શકાશે નહિ.

(૪) કોઈ જમીનનો કબજો આપવાનું ફરમાવતો કલેક્ટરનો અથવા ફેરતપાસમાં રાજ્ય સરકારનો આવો દરેક હુકમ, કલમ ૭૩ મુજબ મામલતદાર અથવા ટ્રિબ્યુનલના હુકમોની અમલ બજાવણી માટે જોગવાઈ કરેલી રીતે બજાવવો જોઈશે.]

૭૪. (૧) નીચેના દાખલાઓમાં, મામલતદાર અને ટ્રિબ્યુનલના હુકમો સામે કલેક્ટરને અપીલ કરી શકશે :— અપીલો.

(ક) કલમ ૪ મુજબનો હુકમ.

૨ * * * * *

૩ * * * * *

(ઘ) કલમ ૯ મુજબનો હુકમ.

૪[(ઘ-ક) કલમ ૯-ક મુજબનો હુકમ.]

(ચ) કલમ ૧૦ મુજબનો હુકમ.

૫ * * * *

(જ) કલમ ૧૩ મુજબનો હુકમ,

૬[* * * * *]

(ઝ) કલમ ૧૭ મુજબનો હુકમ.

(ટ) કલમ ૧૯ મુજબનો હુકમ,

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૨૪ની કલમ ૧૨થી કલમ ૭૩-ક દાખલ કરી છે.
૨. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૪(૧)થી ખંડ (ખ) રદ કર્યો છે.
૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૦(૧)થી ખંડ (છ) રદ કર્યો છે.
૪. એજનની કલમ ૪૦(૨)થી આ ખંડ દાખલ કર્યો છે.
૫. એજનની કલમ ૪૦(૨)થી ખંડ (છ) રદ કર્યો છે.
૬. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૮(૧)થી ખંડ (જ-ક) કમી કર્યો છે.

(ઠ) કલમ ૨૦ મુજબનો હુકમ.
(ડ) કલમ ૨૩ મુજબનો હુકમ.
(ઢ) કલમ ૨૫ મુજબનો હુકમ.
(ત) કલમ ૨૯ મુજબનો હુકમ.

૧ * * * * *

૨[(ત-ક) કલમ ૩૨ની ૩[પેટા-કલમો (૧-ખ) અને (૨)] મુજબનો હુકમ.]
૪[(ત-ખ) કલમ ૩૧ અથવા ૩૨-છ મુજબનો નિર્ણય અથવા કલમ ૩૨-જ મુજબનો હુકમ.]
૫[(થ) કલમ ૩૨-ડ, ૩૨-ત અથવા ૩૨-ન મુજબનો હુકમ.]
૬[(થ-ક) કલમ ૩૨-બની પેટા-કલમ (૪)ના પરંતુક મુજબનો નિર્ણય અથવા કલમ ૩૨-ભ મુજબનો હુકમ]
(દ) કલમ ૩૩ મુજબનો હુકમ,
૭[(દ-દ) કલમ ૩૪ની પેટા-કલમ (૫) મુજબનો હુકમ.]
(ધ) કલમ ૩૭ મુજબનો હુકમ.
(ન) કલમ ૩૯ મુજબનો હુકમ.
(પ) કલમ ૪૧ મુજબનો હુકમ, ૮ * * * *
૯[(પ-પ) કલમ ૪૩-કની પેટા-કલમ (૩) મુજબ બહાર પાડેલા જાહેરનામા અનુસાર કાઢેલો હુકમ,]
૧૦[(પ-ક) કલમ ૪૩-ખ મુજબનો હુકમ.]
(ફ) કલમ ૬૪ મુજબનો હુકમ.
૧૧[(બ) પ્રકરણ ૫-ક મુજબનો હુકમ.]
૧૨[(બ-ક) કલમ ૭૦ના ૧૨-ક [ખંડ (ખ) અથવા ખંડ (થ-ખ)] હેઠળ કાઢેલો હુકમ;]
(ભ) કલમો ૮૪-ક, ૮૪-ખ અથવા ૮૪-ગ મુજબનો હુકમ.,
૧૩[(ભ-ક) કલમ ૮૪-ગગ હેઠળનો હુકમ.]
(મ) કલમ ૮૫-ક મુજબનો હુકમ,
(ય) કલમ ૮૮-ગ મુજબનો હુકમ]

(૨) આ અધિનિયમમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમ મુજબ કલેક્ટરને કરેલી અપીલોને, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ના પ્રકરણ ૧૩ની જોગવાઈઓ, કલેક્ટર, મામલતદાર, અથવા ટ્રિબ્યુનલનો સીધો ઉપરી હોય તેમ લાગુ પડશે. કલેક્ટરને અપીલમાં ખર્ચ અપાવવાની સત્તા રહેશે. સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

**અપીલો વર્ગ કરવા અને ખેંચી લેવાની કલેક્ટરની સત્તા.**

૧૪[૭૪-ક. કલેક્ટર, પક્ષકારોને યોગ્ય નોટિસ આપ્યા પછી, લેખિત હુકમ કરીને—

(ક) પોતાની સમક્ષ અથવા પોતાના તાબા હેઠળના કોઈ મદદનીશ અથવા નાયબ કલેક્ટર સમક્ષ ચાલુ હોય તેવી કોઈ અપીલ, આવા હુકમમાં નિર્દિષ્ટ કરેલા કલેક્ટરની ફરજો બજાવતાં અને સત્તા વાપરતા કોઈ મદદનીશ અથવા નાયબ કલેક્ટરને વર્ગ કરી શકશે અને આવી રીતે અપીલો વર્ગ કરવામાં આવ્યે, યથાપ્રસંગ, મદદનીશ કલેક્ટર અથવા નાયબ કલેક્ટરને તે અપીલ તેને મૂળ કરવામાં આવી હોય તેમ, તેની સુનાવણી કરવાની અને તેનો નિર્ણય કરવાની સત્તા રહેશે; અથવા

---

૧ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૦(૪)થી ખંડ (તત) રદ કર્યો છે.
૨ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૩થી આ ખંડ દાખલ કર્યો છે.
૩ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૮(૨)થી "પેટા-કલમ (૨)" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે આ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર મૂકયા છે.
૪ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૦ (૧)થી આ ખંડ દાખલ કર્યો છે. સન ૧૯૫૬ના ઓગષ્ટ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી આ ખંડ દાખલ કરવામાં આવ્યો છે એમ ગણવું.
૫ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૦ (૫)થી અસલને બદલે આ ખંડ દાખલ કર્યો છે.
૬ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૦(૨)થી આ ખંડ દાખલ કર્યો છે.
૭ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૪(૩)થી આ ખંડ દાખલ કર્યો છે.
૮ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૦(૬)થી "અને" શબ્દ કાઢી નાંખ્યો છે.
૯ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૦થી ખંડ (પ-પ) દાખલ કર્યો છે.
૧૦ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૦ (૭)થી આ ખંડ દાખલ કર્યો છે.
૧૧ એજનની કલમ ૪૦ (૮)થી આ ખંડો ઉમેર્યા છે.
૧૨ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૮(૩)થી ખંડ (બ-ક) દાખલ કર્યો છે.
૧૨-ક સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૨થી "ખંડ (ખ)" એ શબ્દ, કૌંસ અને અક્ષરને બદલે આ શબ્દો, કૌંસ અને અક્ષરો મૂકયા છે.
૧૩. એજનની કલમ ૧૮(૪)થી ખંડ (ભ-ક) દાખલ કર્યો છે.
૧૪. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૧૫થી અસલને બદલે કલમ ૭૪-ક દાખલ કરી છે.

(ખ) કોઈ ચીટનીશ અથવા નાયબ કલેક્ટર સમક્ષ ચાલુ હોય તેવી કોઈ અપીલ પાછી ખેંચી લઈ શકશે અને સુનાવણી કરીને તેનો પોતે નિર્ણય કરી શકશે.]

સન ૧૯૫૮ નો મુંબઈ નો ૩૧મો.

**કલેક્ટરના ચુકાદા સામે અપીલ.**

૭૫. (૧) ૧[મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૫૭માં] ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૬૬ મુજબ કલેક્ટરે આપેલ ચુકાદા સામે ૨[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલને] અપીલ થઈ શકશે.

(૨) પેટા-કલમ (૧) મુજબની અપીલોનો નિર્ણય કરવામાં ૧[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ] દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ મુજબ અસલ કોર્ટના હુકમનામા અથવા હુકમ સામેની અપીલોનો નિર્ણય કરવામાં કોર્ટને જે સત્તા છે તે સત્તા, ૩[૧[મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૫૭] મુજબ તેવી ટ્રિબ્યુનલે ઘડેલા વિનિયમોને અધીન રહીને] વાપરશે અને તે અનુસરે છે તેવી જ કાર્યરીતિ અનુસરશે.

સન ૧૯૦૮ નો ૫મો. સન ૧૯૫૮ નો મુંબઈ નો ૩૧મો.

**ફેરતપાસ.**

૭૬. (૧) ૧[મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૫૭]માં ગમે તે મજકૂર હોય તે છતાં, ૪[કલમ ૩૨-ધ મુજબના હુકમ અથવા કલમ ૩૨-જની પેટા-કલમ (૪) મુજબ કરેલા હુકમ વિરુદ્ધ અપીલ કરવાના હુકમ સિવાય] કલેકટરના કોઈપણ હુકમ સામે સદરહુ અધિનિયમ મુજબ રચેલી ૧[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલને] માત્ર નીચેના કારણોસર ફેરતપાસ માટે અરજી કરી શકાશે :—

(ક) કલેક્ટરનો હુકમ કાયદા વિરુદ્ધ હોય;

(ખ) કલેક્ટરે કાયદાના કોઈ મહત્વના મુદ્દાનો નિર્ણય ન કર્યો હોય; અથવા

(ગ) આ અધિનિયમથી ઠરાવેલી કાર્યરીતિ અનુસરવામાં એવી વાસ્તવિક ખામી હોય ૫[અથવા પુરાવો લીધો ન હોય અથવા અગત્યનો પુરાવો સમજવામાં ભૂલ થઈ હોય કે] જેને પરિણામે અન્યાય થયો હોય.

સન ૧૯૫૮ નો મુંબઈ નો ૩૧મો.

(૨) આ કલમ મુજબની અરજીઓનો નિર્ણય કરવામાં, ૧[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે] આ અધિનિયમ મુજબ પોતાની સાથે વિચાર વિનિમય કર્યા પછી કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસરવી જોઈશે.

**કલેક્ટરની ફેરતપાસની સત્તા.**

૬[૭૬-ક. જ્યાં અપીલ કરવા માટે ઠરાવેલી મુદતની અંદર કોઈ અપીલ કરવામાં આવી ન હોય, ત્યાં કલેકટર પોતાની મેળે અથવા ૭[***] રાજ્ય સરકારે આ અર્થે લખી મોકલેલી બાબત ઉપરથી કોઈપણ વખતે—

(ક) યથાપ્રસંગ, કોઈપણ મામલતદારે અથવા ટ્રિબ્યુનલે કરેલા કોઈપણ હુકમના કાયદેસરપણા અથવા યોગ્યતા પરત્વે અને કોઈ મામલતદાર અથવા ટ્રિબ્યુનલની કાર્યવાહીઓના નિયમસરપણા પરત્વે પોતાને ખાતરી થાય એ હેતુ માટે, તેવા મામલતદાર અથવા ટ્રિબ્યુનલની કાંઈ તપાસ અથવા કાર્યવાહીઓનાં કાગળપત્રો મંગાવી શકશે, અને

(ખ) પોતાને યોગ્ય જણાય તેવો હુકમ તેના ઉપર કરી શકશે:

પરંતુ ૮[આવા કાંઈપણ કાગળપત્રો, આવા હુકમની તારીખથી એક વર્ષ પૂરું થયા પછી મંગાવી શકાશે નહિ અને] હિતસંબંધ ધરાવતા પક્ષકારોને હાજર થવાની અને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપવામાં આવે તે સિવાય તેવા મામલતદાર અને ટ્રિબ્યુનલના કોઈ હુકમમાં ફેરફાર કરી શકાશે નહિ, તે રદ કરી શકાશે નહિ અથવા તે ફેરવી શકાશે નહિ.]

**અમુક કેસોમાં સરકારની ફેરતપાસ અંગેની સત્તા.**

૯[૭૬-કક. કલમ ૩૨-જની પેટા-કલમ (૪) મુજબ કરેલા હુકમ વિરુદ્ધની અપીલમાં કલેક્ટરે આપેલા નિર્ણય વિરુદ્ધ ફેરતપાસ માટેની અરજી રાજ્ય સરકારને કરી શકાશે અને કલેક્ટરના નિર્ણયના કાયદેસરપણાં અથવા યોગ્યતા સંબંધી ખાતરી કરવાના હેતુઓ માટે રાજ્ય સરકાર કલેક્ટરની કાર્યવાહીઓ મંગાવી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે].

---

૧ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨ એજતથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩ સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૧થી આ મજકૂર દાખલ કર્યો છે.

૪ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૯થી આ મજકૂર દાખલ કર્યો છે.

૫ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૧થી આ મજકૂર દાખલ કર્યો છે.

૬ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૫થી કલમ ૭૬-ક દાખલ કરી છે.

૭ સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪, અનુસૂચિથી "વિભાગીય અધિકારીએ અથવા" એ શબ્દો કમી કર્યા છે.

૮ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૧થી આ મજકૂર દાખલ કર્યો છે.

૯ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૦થી નવી કલમ ૭૬-કક દાખલ કરી છે.

કોર્ટ ફી. ૭૭. કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ મુજબ મામલતદાર ટ્રિબ્યુનલ, [1][કલેકટર રાજ્ય સરકાર] અથવા [2][ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ]ને કરેલી દરેક અરજી અથવા અપીલ ઉપર ઠરાવ-, વામાં આવે તેટલી કિંમતનો કોર્ટ ફી સ્ટેમ્પ હોવો જોઈશે. સન ૧૮૭૦ નો ૭મો.

અપીલ અથવા ફેરતપાસમાં કરેલા હુકમો. ૭૮. (૧) અપીલમાં કલેકટર અને કલમ ૭૫ મુજબની અપીલમાં અને કલમ ૭૬ મુજબની ફેરતપાસમાં [2][ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ] અપીલનો અથવા ફેરતપાસનો વિષય હોય તેવો હુકમ અથવા તેવી અમલ બજાવણી બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અથવા આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેને કાયદેસર અને ન્યાયી જણાય તેવો બીજો હુકમ કરી શકશે.

(૨) અપીલમાં કલેકટરે કરેલા અને અપીલ અથવા ફેરતપાસમાં [2][ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે] [3][અથવા રાજ્ય સરકારે] કરેલા હુકમોની અમલ બજાવણી કલમ ૭૩ મુજબ મામલતદાર અને ટ્રિબ્યુનલના હુકમોની અમલ બજાવણી માટે જોગવાઈ કરેલી રીતે કરવી જોઈશે.

મુદત. ૭૯. આ અધિનિયમ મુજબની દરેક અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી યથાપ્રસંગ મામલતદાર, ટ્રિબ્યુનલ અથવા કલેકટરના હુકમની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર કરવી જોઈશે. ભારતના મુદત અધિનિયમ, ૧૯૦૮ની કલમો ૪, ૫, ૧૨ અને ૧૪ની જોગવાઈઓ આવી અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી દાખલ કરવાના સંબંધમાં લાગુ પડશે : સન ૧૯૦૮ નો ૯મો.

[4][પરંતુ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભની તારીખ પહેલાં કલમ ૩૧ અથવા ૩૨-છ મુજબ મામલતદારના નિર્ણય વિરૂધ્ધ અથવા કલમ ૩૨-જ મુજબ ટ્રિબ્યુનલે કરેલા. કોઈ હુકમ વિરૂધ્ધ અપીલ આવી આરંભની તારીખથી છ મહિનાની મુદતની અંદર દાખલ કરી શકશે]. સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો.

તપાસો અને કાર્યવાહીઓ ન્યાયિક કાર્યવાહીઓ ગણાશે. ૮૦. મામલતદાર, ટ્રિબ્યુનલ [5][કલેકટર, ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલ અને રાજ્ય સરકાર] સમક્ષની તમામ તપાસો અને કાર્યવાહીઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ના અર્થ પ્રમાણે ન્યાયિક કાર્યવાહીઓ ગણાશે: સન ૧૮૬૦ નો ૪૫મો.

વકીલો વગેરેને ઊભા રહેવા દેવામાંથી બાતલ રાખવા બાબત. [6][૮૦-ક. આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ વકીલ આ અધિનિયમ મુજબની કોઈ કાર્યવાહીમાં મામલતદાર, ટ્રિબ્યુનલ અથવા કલેકટર સમક્ષ કોઈપણ પક્ષકાર વતી ઊભા રહેવાને હકદાર થશે નહિ :

પરંતુ મામલતદાર, ટ્રિબ્યુનલ અથવા કલેકટર, ન્યાયના હિત ખાતર કારણોની લેખિત નોંધ કરીને પક્ષકારોને તેમના પોતાના ખર્ચે વકીલ મારફત તેમના કેસની રજૂઆત કરવાની છૂટ આપી શકશે :

વધુમાં વકીલની ફી, આવી કોઈ કાર્યવાહીમાં વકીલ ઉભો રહે તે માટેના ખર્ચના ભાગ તરીકે ગણવા દેવામાં આવશે નહિ :

વળી સરકારના કોઈ અધિકારીને, કાયદા પ્રમાણે અસમર્થતાવાળી વ્યકિત અથવા વ્યવસ્થા અથવા કામ કરવાને અયોગ્ય અથવા અશકિતમાન હોય તેવી વ્યકિતની મિલકતના વાલી, વહીવટદાર અથવા મેનેજર તરીકે નિમવામાં આવ્યો હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે જાહેર કર્યો હોય અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા મુજબ અધિકૃત કરવામાં આવ્યો હોય, તો આવો અધિકારી મામલતદાર, ટ્રિબ્યુનલ અથવા કલેકટર સમક્ષની કોઈ કાર્યવાહીમાં તેણે આ અર્થે લખીને અધિકૃત કરેલા પ્રતિનિધિ મારફત પોતાના કેસની રજૂઆત કરવાને હકદાર રહેશે. આવો પ્રતિનિધિ કોઈ અરજી પણ સાદર કરી શકશે અને તેવી કોઈ કાર્યવાહીમાં તે અધિકારી વતી બીજી રીતે પણ કામ કરી શકશે.

સ્પષ્ટીકરણ—આ કલમના હેતુઓ માટે "વકીલ"માં એડવોકેટ, એટર્ની, વકીલ અથવા બીજા કોઈપણ કાયદા વ્યવસાયીનો સમાવેશ થાય છે.]

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૧થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૨. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૨થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૨થી આ પરંતુક દાખલ કર્યો છે.
૫. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૩થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૬. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૦ની કલમ ૩થી કલમ ૮૦-ક દાખલ કરી છે.

સન ૧૯૭૦ નો ૭મો.

પ્રકરણ ૯.

ગુના અને શિક્ષા.

૮૧. (૧) નીચેના કોષ્ટકના પહેલા કોલમમાં જણાવેલી કોઈપણ કલમો પેટા-કલમો અથવા ખંડોની કોઈપણ જોગવાઈનું જે કોઈ ઉલ્લંઘન કરે તેને દોષિત ઠર્યેથી તેવા દરેક ગુના બદલ સદરહુ કોષ્ટકના ત્રીજા કોલમમાં તે અર્થે જણાવેલી રકમ સુધીનો દંડ થશે. ગુના અને શિક્ષા.

સ્પષ્ટીકરણ—સદરહુ કોષ્ટકના "વિષયો" એ શીર્ષકવાળા બીજા કોલમમાંની નોંધો પહેલા કોલમમાં જણાવેલી કલમો, પેટા-કલમો અને ખંડોમાં વર્ણવેલા ગુનાઓની વ્યાખ્યા તરીકે અથવા તે કલમો, પેટા-કલમો અને ખંડોના સાર તરીકે આપવામાં આવી નથી. પણ જે કલમો, પેટા-કલમો અને ખંડોના નંબર પહેલા કોલમમાં આપવામાં આવ્યા છે તેના વિષયના માત્ર ઉલ્લેખ તરીકે દાખલ કરવામાં આવી છે.

કોષ્ટક

સન ૧૯૦૮ નો ૯મો. સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો. સન ૧૮૬૦ નો ૪૫મો.

| કલમ, પેટા-કલમ અથવા ખંડ | વિષય | નાખી શકાય તેવો દંડ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | | રૂપિયા |
| ૧* | * | * |
| ૧* | * | * |
| ૧* | * | * |
| કલમ ૧૧ | જે ઉપકર, રેઈટ, વેરો, કર અથવા ચાકરી નાબૂદ કરવામાં આવી હોય તે લેવા બાબત. | ૧,૦૦૦ |
| કલમ ૨૬(૨) | ગણોતની મળેલી રકમ માટે લેખિત પહોંચ નહિ આપવા બાબત | ૧૦૦ |
| કલમ ૨૯ | કલમ ૨૯ વિરૂદ્ધ જમીન અથવા રહેવાના ઘરનો કબજો લેવા બાબત | ૧,૦૦૦ |
| [2][કલમ ૭૪-ક | જમીનની વિગતો પૂરી નહિ પાડવા બાબત અથવા ખોટી વિગતો પૂરી પાડવા બાબત | ૨૫] |
| [3][કલમ ૯૬-ક | પડોશની જમીન ધારણ કરનાર આ કલમ મુજબ કરેલા હુકમનું પાલન નહિ કરવા બાબત | ૧૦૦] |

(૨) [કલમ ૧૧ અથવા કલમ ૨૬ની પેટા-કલમ (૨) અથવા કલમ ૨૯]ની જોગવાઈઓના ઉલ્લંઘનનો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

પ્રકરણ ૮.

પ્રકીર્ણ.

૮૨. (૧) [5][રાજ્ય] સરકાર આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ ન આવે તેવી રીતે એવા નિયમોમાં નીચેની બાબતો માટે જોગવાઈ કરી શકાશે:—

[6][(ક) કલમ ૨ના ખંડ (૨ક) મુજબ ઠરાવવાના બીજા ધંધાઓ,

(ખ) કલમ ૭ અને કલમ ૯ મુજબ ઠરાવવાની બીજી બાબતો;

(ખખ) કલમ ૯-ગ મુજબ પાકના ભાગ અથવા ઉત્પન્નની કિંમત કઈ રીતે નક્કી કરવી તે]

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૨(૧)(ક)થી કલમો ૫, ૮ (૩) અને ૯(૩)ને લગતી નોંધો કાઢી નાંખી છે.
૨. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૬થી આ નોંધ દાખલ કરી છે.
૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૨(૧) (ખ)થી આ નોંધ દાખલ કરી છે.
૪. એજનની કલમ ૪૨(૨)થી "કલમ ૯ અથવા ૧૧" એ મજકૂરને બદલે આ ભાગ દાખલ કર્યો છે.
૫. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૬. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૧)થી અસલ ખંડ (ક) અને (ખ)ને બદલે આ ખંડો દાખલ કર્યા છે.

(ગ) કલમ ૧૦ મુજબ વસૂલ કરવાનો ૧[અથવા કલમ ૧૩ની પેટા-કલમ (૫) મુજબ નાંખવાનો] દંડ;
૨[* * * * * *]

(ચ) પ્રમાણપત્ર આપવા માટે આપવાની ફી અને કલમ ૧૭ની પેટા-કલમ (૩) મુજબના તેવા પ્રમાણપત્રનો નમૂનો;

૩[(ચચ) કલમ ૧૭-ખની ૪[******] પેટા-કલમ (૬) મુજબ આપવાની ફી અને પ્રમાણપત્રનો નમૂનો;]

(છ) કલમ ૨૬ મુજબ જમીન માલિકે કઈ રીતે અને કયા નમૂના પ્રમાણે પહોંચ આપવી તે;

૫[(જ) કલમ ૩૧-ઘ મુજબ ગણોતની ફાળવણી કઈ રીતે કરવી તે;]

(જ-ક) કલમ ૩૨-ગ મુજબ જે નિયમોને અધીન રહીને, ગણોતિયો જમીનનો વિસ્તાર અને સ્થળ પસંદ કરવાને હકદાર હોય તે નિયમો];

૬[(જકક) કલમ ૩૨-છની પેટા-કલમ (૧ક) અને કલમ ૩૨-દની પેટા-કલમ (૧-ક) મુજબ ખબર આપવાની રીત;]

(જ-ખ) કલમ ૩૨-જની પેટા-કલમ (૧) મુજબની જાહેર નોટિસનો નમૂનો અને પેટા-કલમ (૨) મુજબ નિવેદન નોંધવાની રીત;

(જ-ગ) કલમ ૩૨-તની પેટા-કલમ (૧) મુજબ કાઢી આપવાના પ્રમાણપત્રનો નમૂનો;

(જઘ) કલમ ૩૨—નની પેટા-કલમ (૩) મુજબ કોઈ પ્રશ્ન નિર્ણય માટે મોકલવાની રીત;

૭[(જઘઘ) જે બોલીઓ અને શરતોએ અનામત મૂકેલી રકમ અથવા જમીનની કિંમતની રકમ, કલમ ૩૨નન ની પેટા-કલમ (૨) હેઠળ મંજૂર કરેલી લોનની રકમ ગણાશે તે બોલીઓ અને શરતો;]

(ઝ) કલમ ૩૩ મુજબ જમીનના વિનિમય માટેની શરતો અને આપવાના પ્રમાણપત્રનો નમૂનો;

૮[(ઝઝ) કલમ ૩૪-ક મુજબ, મામલતદારોને કેટલી મુદતની અંદર અને કેવી રીતે જમીનની વિગતો પૂરી પાડવાની હોય તે મુદત અને રીત;]

૯[(ઝઝઝ) કયા સંજોગોમાં અને કઈ શરતોએ કલમ ૪૩ની પેટા-કલમ (૧) મુજબ કલેક્ટરની પૂર્વ-મંજૂરી મળી શકશે તે;]

૧૦[(ઝક) કલમ ૪૩-ખ મુજબ વાજબી ગણોત નક્કી કરવા માટે વિચારમાં લેવાની બીજી બાબતો;]

(ટ) કલમ ૫૨ મુજબ દેવાં અને જવાબદારીઓ નક્કી કરવાની રીત;

(ઠ) કલમ ૫૬ મુજબ મંજૂર કરેલી પતાવટની યોજના જાહેર કરવાની રીત;

(ડ) કલમ ૬૩ મુજબ જે શરતોને અધીન જમીન અથવા તેમાંનો હિતસંબંધ સંપાદન કરવાની રજા આપી શકાય તે શરતો;

૧૧[(ડ-ક) કલમ ૬૩-ક મુજબ વાજબી કિંમત નક્કી કરવા માટે વિચારમાં લેવાની બીજી બાબતો;

(ડ-ખ) કલમ ૬૪ મુજબ દરખાસ્ત કઈ રીતે કરવી અને નોટિસ કયા નમૂના પ્રમાણે આપવી તે;]

(ઢ) કલમ ૬૬ મુજબ સંપાદન કરેલી એસ્ટેટ, જમીન અથવા હિતસંબંધની કિંમત નક્કી કરવા માટે તપાસ કરવાની રીત અને કિંમત નક્કી કરવામાં વિચારમાં લેવાની બીજી કોઈ બાબત.

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૨)થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૯(૧)થી ખંડ (ઘ) કમી કર્યો છે.
૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૪)થી આ ખંડ દાખલ કર્યો છે.
૪. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૧૯(૨)થી "પેટા-કલમ (૧) મુજબ જગાઓ અને તેના ઉપરના ઘરો સંબંધી હકપત્રક તૈયાર કરવાની રીત અને" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કર્યા છે.
૫. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩ (૫)થી આ ખંડો દાખલ કર્યા છે.
૬. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૭(૧)થી આ ખંડ દાખલ કર્યો છે.
૭. સન ૧૯૬૭ના ગુજરાત અધિનિયમ ૮ની કલમ ૩થી ખંડ (જઘઘ) દાખલ કર્યો છે.
૮. એજનની કલમ ૨૭(૨)થી આ ખંડ દાખલ કર્યો છે.
૯. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૫થી આ નવો ખંડ દાખલ કર્યો છે.
૧૦. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૬)થી આ ખંડ દાખલ કર્યો છે.
૧૧. એજનની કલમ ૪૩(૭) થી આ ખંડો દાખલ કર્યા છે.

૧[(ઢ-ક) કલમ ૬૬-ક મુજબ અરજી કયા નમૂના પ્રમાણે કરવી તે અને કબૂલાતનામું કેટલી મુદતની અંદર અને કયા નમૂના પ્રમાણે કરવું તે;]

(ત) કલમ ૬૮ મુજબ ટ્રિબ્યુનલના બીજાં કાર્યો.

(થ) કલમ ૬૯ મુજબ ટ્રિબ્યુનલની બીજી સત્તા;

(દ) કલમ ૭૨ મુજબ મામલતદારે અને ટ્રિબ્યુનલે અનુસરવાની બીજી કાર્યરીતિ;

(ધ) કલમ ૭૭ મુજબ મામલતદારને અથવા ટ્રિબ્યુનલને કરેલી અરજી પર અથવા કલેક્ટર અથવા ૨[ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલને] કરેલી અરજી અથવા અપીલ ઉપર આપવાના કોર્ટ ફી સ્ટેમ્પની કિંમત;

૩[(ધધ) કલમ ૮૪-ખની પેટા-કલમ (૩) મુજબ જમીનનો નિકાલ કરવાની રીત;]

૪[(ધ-ક) કલમ ૮૪ ગ મુજબ જમીન આપવાની રીત;].

૫[(ધ-ખ) કલમ ૮૮ ગ મુજબ કેટલી મુદતની અંદર અને કયા નમૂના પ્રમાણે અરજી કરવી જોઈશે તે મુદત અને નમૂનો અને તે કલમ મુજબ કાઢી આપવાના પ્રમાણપત્રનો નમૂનો;]

૬[ * * * * * * * ]

(ન) આ અધિનિયમ મુજબ ઠરાવી હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈપણ બાબત.

૭[(૨ક) આ અધિનિયમ મુજબ કાઢેલા કોઈ દસ્તાવેજની અથવા આ અધિનિયમ મુજબ અથવા તેના હેતુઓ માટે રાખેલા દફતરની નકલો અથવા તેમાંથી ઉતારા આપવાની ફી લેવા માટે અને આવી ફીના દર માટે આવા નિયમોમાં પણ જોગવાઈ કરી શકાશે.].

(૩) આ કલમ મુજબ નિયમો રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ કરીને કરવા જોઈશે.

૮[(૪) આ કલમ મુજબ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવામાં આવશે અને જે બેઠકમાં તે નિયમો એ રીતે મૂકાય તેમાં અથવા ત્યારપછીની તરતની બેઠક દરમિયાન રાજ્ય વિધાન મંડળ દ્વારા તેમાં જે ફેરફાર થશે તેને અધીન રહેશે.].

૯[(૫) રાજ્ય વિધાન મંડળે એવી રીતે કરેલા કોઈપણ ફેરફારો રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે અને તેમ થયે, તે અમલમાં આવશે].

**૧૦[સત્તા, કાર્યો અને ફરજોની] સોંપણી.**

૮૩. ૧૧[રાજ્ય] સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ અધિનિયમ મુજબ પોતાને ૧૨[મળેલી અથવા કોઈપણ સત્તા અથવા તેના પર નાખવામાં આવેલા તમામ કાર્યો અથવા ફરજો] પોતે જે નિયંત્રણો અને શરતો નાંખે તેને અધીન, મદદનીશ અથવા નાયબ કલેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ અધિકારીને સોંપી શકશે.

**ગેરકાયદેસર હોય તેવી તબદીલીથી જમીન સંપાદન કરવા ઉપર નિયંત્રણ**

૧૩[(૮૩-ક. (૧) જમીનની તબદીલી અથવા સંપાદન, આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ મુજબ ગેરકાયદેસર હોય ત્યારે કોઈ વ્યક્તિ આવી તબદીલીથી જમીન સંપાદન કરી શકશે નહિ.

(૨) જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧) નું ઉલ્લંઘન કરીને જમીન સંપાદન કરે તેવી વ્યક્તિ એવી તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર છે તેમ નિર્ણય કરવામાં અથવા જાહેર કરવામાં આવે ત્યારે યથા પ્રસંગ કલમ ૮૪ અથવા ૮૪-ગ મુજબના પરિણામો ભોગવવાને પાત્ર થશે].

---

૧ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૮) થી આ ખંડ દાખલ કર્યો છે.
૨ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદો સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૩ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૭(૩) થી આ ખંડ દાખલ કર્યો છે.
૪ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૩(૯) થી આ ખંડ દાખલ કર્યો છે.
૫ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૭(૪) થી આ ખંડ દાખલ કર્યો છે.
૬ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૪(૧) થી આ ખંડ કાઢી નાંખ્યો છે.
૭ એજનની કલમ ૧૪(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૮ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૩(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૯ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૪(૩)થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૧૦ એજનની કલમ ૧૫(૨)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૧૧ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૧૨ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૫(૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૧૩ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૪થી આ કલમ દાખલ કરી છે.

**સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવવા બાબત.**

૮૪. જે કોઈ વ્યક્તિ—

(ક) જે જમીનની તબદીલી [1][અથવા સંપાદન] પક્ષકારોના કાર્યથી અથવા કાયદાના અમલથી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ ગેરકાયદેસર હોય;

(ખ) સદરહુ જોગવાઈઓ મુજબ જે કોઈ જમીનનો વહીવટ સરકારના હાથમાં લેવામાં આવ્યો હોય; અથવા

(ગ) સદરહુ જોગવાઈઓ મુજબ જે જમીનનો ઉપયોગ અથવા ભોગવટો કરવાને પોતે હકદાર ન હોય અને તેવી વ્યકિતઓને જમીન ખાલી કરાવવા માટે સદરહુ જોગવાઈઓમાં જોગવાઈ કરી ન હોય;

તેવી કોઈ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય તે વ્યકિતને કલેકટર સંક્ષિપ્ત કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવી શકશે.

**નક્કી કરેલા દિવસ પહેલાં કરેલી તબદીલી કાયદેસર ઠરાવવા બાબત.**

**સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો.**

[2][૮૪-ક. (૧) સન ૧૯૪૮ના ડિસેમ્બર મહિનાની ૨૮મી તારીખ (જયારે મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અમલમાં આવ્યો તે તારીખ) પછી અને સન ૧૯૫૫ના જૂન મહિનાની ૧૫મી તારીખ પહેલાં, સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં કલમ ૬૩ અથવા ૬૪ જે પ્રમાણે હતી તે પ્રમાણેની તે કલમોનું ઉલ્લંઘન કરીને કરેલી જમીનની તબદીલી, જો તબદીલ કરી લેનાર અવેજના [3][એક ટકા] જેટલા અથવા સો રૂપિયા બેમાંથી, જે ઓછી હોય તેટલી રકમનો દંડ રાજય સરકારને આપે, તો એવી તબદીલી સદરહુ કલમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવી હતી તેટલા જ કારણે ગેરકાયદેસર જાહેર કરી શકાશે નહિ:

પરંતુ એવી તબદીલી ખરેખર કબજો ધરાવનાર ગણોતિયાની તરફેણમાં જમીનમાલિકે કરી હોય તો તેના સંબંધમાં વસૂલ કરવાની દંડની રકમ એક રૂપિયો રહેશે:

વધુમાં એવી કોઈ તબદીલી જમીનમાલિકે ખરેખરો કબજો ધરાવનાર ગણોતિયા સિવાયની બીજી કોઈ વ્યકિતની તરફેણમાં કરી હોય અને તેવી તબદીલી તેવા ગણોતિયાને કાયદા વિરુધ્ધ જમીન ખાલી કરાવ્યા પછી કરી હોય અથવા તેના પરિણામે ખરેખરો કબજો ધરાવનાર ગણોતિયાને જમીન ખાલી કરાવવામાં આવે, તો [4][આવા ગણોતિયાએ તેને જમીન ખાલી કરાવ્યાની તારીખથી બે વર્ષની અંદર કલમ ૨૯ની પેટા-કલમ (૧) મુજબ જમીનના કબજા માટે અરજી કરી ન હોય તે સિવાય] તેવી તબદીલી કાયદેસર ઠરાવવામાં આવી છે એમ ગણાશે નહિ.

(૨) આવો દંડ આપવામાં આવ્યે, એવી તબદીલી ગેરકાયદેસર નથી એવું પ્રમાણપત્ર તબદીલ કરી લેનારને કાઢી આપવામાં આવશે.

[5][(૩) તબદીલ કરી લેનાર, ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલો દંડ આપવામાં કસૂર કરે ત્યારે, મામલતદારે તબદીલી ગેરકાયદેસર તરીકે જાહેર કરવી જોઈશે અને તેમ થયે, કલમ ૮૪-ગની પેટા-કલમો (૩) થી (૫)ની જોગવાઈઓ લાગુ પડશે]:

[6][પરંતુ તબદીલી ગણોતિયાની તરફેણમાં કરવામાં આવી હોય ત્યારે, આ પેટા-કલમમાંનો કોઈ મજકૂર, જો ગણોતિયો આવી રકમ ભરવા માટે ઠરાવેલી મુદત પૂરી થયા પછી, પણ સન ૧૯૬૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પહેલાં દંડ ભરી દે તો, આવી તબદીલીને લાગુ પડશે નહિ.]

**નક્કી કરેલા દિવસ અને સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ વચ્ચે કરેલી અમુક તબદીલી ગેરકાયદેસર ગણાશે.**

૮૪-ખ. (૧) સન ૧૯૫૫ના જૂન મહિનાની પંદરમી તારીખે અથવા તે પછી અને સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં કરેલી કોઈ જમીનની તબદીલી અથવા સંપાદનના સંબંધમાં મામલતદારને પોતાની મેળે અથવા આવી જમીનમાં હિતસંબંધ ધરાવનાર કોઈપણ વ્યકિતની અરજી ઉપરથી એમ માનવાને કારણ હોય કે આવી તબદીલી અથવા સંપાદન—

(ક) સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં કલમ ૬૩ અથવા ૬૪ જે પ્રમાણે હતી તે પ્રમાણેની કલમનું ઉલ્લંઘન કરીને કરવામાં આવી હતી, અથવા

(ખ) સુધારા અધિનિયમ, ૧૯૫૫થી સુધાર્યા પ્રમાણેના આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈઓ સાથે અસંગત છે,

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૪થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૪૫થી આ કલમો દાખલ કરી છે.
૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૨થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૪(૧)થી આ મજકૂર ઉમેર્યો છે.
૫. એજનની કલમ ૧૪(૨)થી આ પેટા-કલમ ઉમેરી છે.
૬. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૬થી આ પરંતુક દાખલ કર્યો છે.

ત્યારે મામલતદારે યથાપ્રસંગ તબદીલ કરી આપનાર, તબદીલ કરી લેનાર અથવા તેવી જમીન સંપાદન કરનાર વ્યકિત ઉપર, આવી જમીનની તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર શા માટે જાહેર ન કરવું તેનું કારણ દર્શાવવાની નોટિસ ઠરાવેલા નમૂના પ્રમાણે કાઢશે અને તપાસ કરશે અને આવી જમીનની તબદીલી અથવા સંપાદન કાયદેસર છે કે નહિ તેનો નિર્ણય કરશે:

૧[ પરંતુ તબદીલી અથવા સંપાદન જમીનનો કબજો ધરાવતા ગણોતિયાના તરફેણમાં થયાં હતાં અને ગણોતિયાએ જાતે ખેડેલી બીજી જમીન, જો કંઈપણ હોય તો તેનાં ક્ષેત્રફળ સહિત એવી રીતે તબદીલ કરેલી જમીનનું ક્ષેત્રફળ, ટોચમર્યાદા વિસ્તાર કરતાં વધારે થતું ન હોય ત્યારે એવી તબદીલી અથવા સંપાદન જો ગણોતિયો મામલતદાર નક્કી કરે તે પ્રમાણે ત્રણ મહિના કરતાં વધુ ન હોય તેવી મુદતની અંદર એક રૂપિયાનો દંડ રાજય સરકારને ભરે તો, ગેરકાયદેસર જાહેર કરી શકાશે નહિ.]

સન ૧૯૪૮ નો મુંબઈ નો ૬૭મો.

(૨) જો આવી તપાસ કર્યા પછી મામલતદાર તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર જાહેર કરે, તો તેણે ફરમાવવું જોઈશે કે જે વ્યકિત પાસેથી જમીન સંપાદન કરવામાં આવી હોય તે વ્યકિતને તે પાછી આપવી અને આપેલા અવેજની રકમ, જો કંઈપણ હોય તો તે તબદીલ કરી આપનાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી અને તબદીલ કરી લેનારને આપવી અને આવી રીતે તે રકમ પૂરેપૂરી અપાય નહિ ત્યાં સુધી, સદરહુ રકમ તે જમીન ઉપર બોજા તરીકે રહેશે.

૨[(૩) જે વ્યકિતને, જમીન પાછી આપવાનું ફરમાવ્યું હોય તે વ્યકિત જમીનનો કબજો લેવાની ના પાડે તો મામલતદાર કલમ ૬૩-કની જોગવાઈઓને અધીન રહીને, નીચેના અગ્રતાના ક્રમ પ્રમાણે ઠરાવેલી રીતે, વેચાણ કરી જમીનનો નિકાલ કરશે:—

(૧) તે જમીનનો ખરેખર કબજો ધરાવનાર ગણોતિયો, જો તે તબદીલ કરી લેનાર ન હોય તો,

(૨) અગ્રતાની યાદીમાં આપેલા ક્રમ પ્રમાણેની વ્યકિતઓ અથવા મંડળીઓ.

(૪) પેટા-કલમ (૩) મુજબ વસૂલ કરેલી કિંમતની રકમ તે જમીન ઉપર હોય તેવા કોઈ બોજાઓ આપવાને અધીન રહીને ૩[ તબદીલ કરી આપનારને] આપવામાં આવશે.

(૫) જો તબદીલ કરી લેનાર, પેટા-કલમ (૨) મુજબ પોતાને આપેલી રકમ સ્વીકારવાની ના પાડે ૪[ અથવા તબદીલ કરી આપનાર પેટા-કલમ (૪) મુજબ પોતાને આપેલી રકમ સ્વીકારવાની ના પાડે] તો તે રકમ રાજય સરકાર દાખલ થશે.]

**જે જમીનની તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર હોય તે જમીનનો નિકાલ.**

૮૪-ગ. (૧) સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ વખતે અથવા તે પછી કરેલી કોઈ જમીનની તબદીલી અથવા સંપાદનના સંબંધમાં મામલતદારને પોતાની મેળે અથવા એવી જમીનમાં હિતસંબંધ ધરાવનાર કોઈ વ્યકિતની અરજી ઉપરથી એમ માનવાને કારણ હોય કે આવી તબદીલી અથવા સંપાદન આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ મુજબ ગેરકાયદેસર છે અથવા થાય છે તો મામલતદાર નોટિસ કાઢશે અને કલમ ૪-ખમાં ઠરાવેલી રીતે તપાસ કરશે અને તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર છે કે નહિ તેનો નિર્ણય કરશે.

(૨) જો આવી તપાસ કર્યા પછી મામલતદાર એવા નિર્ણય ઉપર આવે કે જમીનની તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર છે, તો તે ૫[ આવી તબદીલી અથવા સંપાદનના પક્ષકારો એવી લેખિત બાંયધરી આપે કે મામલતદાર ઠરાવે તેવી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, તેઓ, જે સ્થિતિમાં જમીન આવી તબદીલી અથવા સંપાદનની તરત જ પહેલાં હતી તે સ્થિતિમાં, તે જમીનમાંના હકો અને હિતસંબંધ સહિત પાછી આપશે અને જમીન તે મુદતની અંદર તેવી રીતે પાછી આપવામાં આવી હોય તે સિવાય],

જમીનની તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર જાહેર કરતો હુકમ કરશે:

૬[ પરંતુ જમીનની તબદીલી જમીનમાલિકે જમીનના ગણોતિયાને કરી હતી અને ગણોતિયાએ જાતે ખેડેલી બીજી જમીન, જો કંઈ હોય તો તેનાં ક્ષેત્રફળ સહિત તેવી રીતે તબદીલ કરેલી જમીનનું ક્ષેત્રફળ ટોચમર્યાદા વિસ્તાર કરતાં વધારે ન હોય ત્યારે મામલતદાર—

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૫થી આ પરંતુક દાખલ કર્યો છે.
૨. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨ થી આ પેટા-કલમો દાખલ કરી છે.
૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૩(૨)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૪. એજનની કલમ ૧૩(૩)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૫. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૬(૧)(અ)થી આ મજકૂર દાખલ કર્યો છે.
૬. એજનની કલમ ૨૬(૧)(બ)થી આ પરંતુક દાખલ કર્યો છે.

(૧) જમીનની કિંમત તરીકે જમીન માલિકને મળેલી રકમ કલમ ૬૩-ક મુજબ નકકી કરેલી વાજબી કિંમત જેટલી હોય અથવા તેના કરતાં ઓછી હોય અને તબદીલ કરી લેનાર મામલતદાર ઠરાવે તેવી ત્રણ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદતની અંદર રૂપિયા ૧/- જેટલો દંડ રાજ્ય સરકારને ભરે તો ;

(૨)જમીનની કિંમત તરીકે જમીન માલિકને મળેલી રકમ કલમ ૧૩-ક મુજબ નકકી કરેલી વાજબી કિંમત કરતાં વધારે હોય અને તબદીલ કરી આપનાર તેમજ તબદીલ કરી લેનાર એ દરેક, મામલતદાર ઠરાવે તેવી મુદતની અંદર વાજબી કિંમતનો એક દશાંશ જેટલો દંડ રાજ્ય સરકારને ભરે તો, સન ૧૯૭૨ નું વિધાનસભા વિધેયક નંબર ૪૩.

આવી તબદીલી ગેરકાયદેસર જાહેર કરશે નહિ.]

(૩) પેટા-કલમ (૨) મુજબ મામલતદાર જાહેરાત કરે એટલે—

(ક) જમીન રાજ્ય સરકારમાં નિહિત થઈ છે એમ ગણાશે અને એવી રીતે નિહિત થયાની તારીખે તેના ઉપર કાયદેસર ચાલુ હોય તેવા તમામ બોજાઓથી મુકત છે એમ ગણાશે અને પેટા-કલમ (૪)માં જોગવાઈ કરેલી રીતે તેનો નિકાલ કરવામાં આવશે; કલમ ૩૨-નમાં જમીનના વેચાણની ખરીદ કિંમતમાંથી બોજા ભરી આપવા માટે ઠરાવેલી રીતે ભોગવટાની કિંમતમાંથી બોજાઓ ભરી આપવા જોઈશે પણ આવા બોજા ધારણ કરનારની જવાબદાર વ્યકિતની સામે પોતાના હકની બીજી કોઈપણ રીતે અમલ બજાવણી કરવાની સત્તાને અસર થશે નહિ.

(ખ) તબદીલ કરી આપનારને જમીનની કિંમત તરીકે જે રકમ મળી હોય તે રાજ્ય સરકાર દાખલ થઈ છે એમ ગણાશે અને તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે; અને

(ગ) મામલતદાર કલમ ૬૩-કની જોગવાઈઓ અનુસાર જમીનની વાજબી કિંમત નકકી કરશે.

(૪) વાજબી કિંમત નકકી કર્યા પછી, મામલતદારે, જમીન, નવા અને અવિભાજ્ય સત્તાપ્રકાર પર અને પેટા-કલમ (૩) મુજબ નકકી કરેલી વાજબી કિંમત જેટલી ભોગવટાની કિંમત આપવામાં આવ્યેથી ઠરાવેલી રીતે નીચેના અગ્રતાના ક્રમ પ્રમાણે આપવી જોઈશે :—

(૧) જમીનનો ખરેખર કબજો ધરાવતો ગણોતિયો ;

(૨) અગ્રતાની યાદીમાં આપેલા ક્રમ પ્રમાણેની વ્યકિતઓ અને મંડળીઓ :

૧-ક[[૧]પરંતુ જમીનની તબદીલી જમીનમાલિકે જમીનના ગણોતિયાને કરી હોય અને ગણોતિયાએ જાતે ખેડેલી જમીન, જો કંઈપણ હોય તો, તે તેના ક્ષેત્રફળ સહિત એવી રીતે તબદીલ કરેલી જમીનનું ક્ષેત્રફળ ટોચ-મર્યાદા વિસ્તાર કરતાં વધારે હોય ત્યારે].

(૧) [૨][જો] તબદીલ કરી લેનારને જમીનની કિંમત નહિ મળેલી રકમ, વાજબી કિંમત જેટલી અથવા તેનાથી ઓછી હોય [૨][તો] પેટા-કલમ (૩) મુજબ સરકાર દાખલ કરેલી રકમ, તબદીલ કરી આપનારને પાછી આપવામાં આવશે અને દરેક બાબતમાં એક રૂપિયાનો દંડ ભરવામાં આવ્યેથી તબદીલ કરી લેનારને જમીન પાછી આપવામાં આવશે, અને

(૨) ૨[જો] તબદીલ કરી આપનારને જમીનની કિંમત તરીકે મળેલી રકમ વાજબી કિંમત કરતાં વધારે હોય, [૨][તો] મામલતદારે તબદીલ કરી લેનારને નવા અને અવિભાજ્ય સત્તાપ્રકાર પર અને વાજબી કિંમતના એક દશાંશ ભાગ જેટલી ભોગવટાની કિંમત આપવામાં આવ્યેથી, જમીન પાછી આપવી જોઈશે અને પેટા-કલમ (૩) મુજબ સરકાર દાખલ કરેલી રકમમાંથી તબદીલ કરી આપનારને વાજબી કિંમતના નવ દશાંશ ભાગ જેટલી રકમ આપવામાં આવશે.]

(૫) પેટા-કલમ (૪) મુજબ મળેલી ભોગવટાની કિંમતની રકમ, જમીન પર ચાલુ હોય તેવા કોઈપણ બોજાની ઉપર જણાવ્યા પ્રમાણેની રકમ આપવાને અધીન રહીને, રાજ્ય સરકારમાં જમા થશે:

પરંતુ કોઈપણ વધારાની જમીનનું સંપાદન બક્ષિસ અથવા વસિયતનામાથી મળેલા વારસાને કારણે થયું હોય ત્યારે, આવી જમીનના સંબંધમાં પેટા-કલમ (૪) મુજબ મળેલી ભોગવટાની કિંમતની રકમ, જમીન પર ચાલુ હોય તેવા કોઈપણ બોજાઓની રકમ આપવાને અધીન રહીને, તેવા સંપાદનને કારણે જમીન જેના કબજામાં હોય તેવા આ દાતાને અથવા વસિયતદારને આપવી જોઈશે.

---

૧-ક સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૨૯થી આ પરતુક ઉમેર્યો છે.

૧ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૬(૨)(અ) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨ એજનની કલમ ૨૬(૨)(બ) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે "નવો અને અવિભાજ્ય સત્તાપ્રકાર" એટલે કલેક્ટરની પૂર્વમંજૂરી સિવાય જેની તબદીલી કરી શકાય નહિ અને જેના વિભાગ થઈ શકે નહિ તેવો ભોગવટાનો સત્તાપ્રકાર].

સન ૧૯૭૨નું વિધાનસભા વિધેયક નંબર ૪૩.

અમુક સંજોગોમાં જમીનનો કબજો લઈ લેવો તે બિનઅસરકારક ગણાશે.

[1][૮૪-ગગ. (૧) જે કોઈ વ્યકિતએ કોઈ જમીન અથવા તેના ભાગના સંબંધમાં પોતાનો ગણોત વહીવટ, સન ૧૯૫૭ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ પછી પણ સન ૧૯૭૨ના ડિસેમ્બર મહિનાની ૫મી તારીખ એટલે કે, રાજપત્રમાં મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૭૨ની પ્રસિધ્ધિની તારીખ પહેલાં, (જેનો આમાં હવે પછી "પછીની તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે) કોઈપણ સમયે સોંપી દીધો હોય અને યથાપ્રસંગ, એવી જમીન અથવા તેના ભાગને ખરેખરો કબજો, જમીન માલિકની સંમતિથી અથવા તેની સંમતિ વગર પછીની તારીખ સુધી ધરાવવાનું ચાલુ રાખ્યું હોય તે વ્યકિત પાસેથી જમીન માલિકે પછીની તારીખ અને નિર્દિષ્ટ તારીખ વચ્ચેની મુદત દરમિયાન ગમે ત્યારે આવી જમીન અથવા તેના ભાગનો કબજો લઈ લીધો હોય અને મામલતદારને પોતાની મેળે અથવા એવી રીતે કબજો લઈ લીધો હોય તે વ્યકિતની અથવા એવી જમીન અથવા તેના ભાગમાં હિત ધરાવતી બીજી કોઈ વ્યકિતની અરજી ઉપરથી એમ માનવાને કારણ હોય કે કલમ ૩૨-છછનો ઉદ્દેશ નિષ્ફળ બનાવવાની અપેક્ષાએ આવી રીતે કબજો લઈ લેવામાં આવ્યો હતો, ત્યારે મામલતદારે કલમ ૩૨-છછનો ઉદ્દેશ નિષ્ફળ બનાવવાની અપેક્ષાએ એવી રીતે કબજો લઈ લેવામાં આવ્યો છે એવું શા માટે જાહેર કરવું ન જોઈએ તેનું કારણ દર્શાવવા જમીન માલિકને ઠરાવેલા નમૂનામાં નોટિસ આપવી જોઈશે.

(૨) જમીન માલિકને સાંભળ્યા પછી અને મામલતદારને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, મામલતદાર ઠરાવે કે કલમ ૩૨-છછનો ઉદ્દેશ નિષ્ફળ બનાવવાની અપેક્ષાએ કબજો લઈ લેવામાં આવ્યો હતો, તેણે એવો આદેશ કરવો કે યથાપ્રસંગ, જમીન અથવા તેનો ભાગ, જેની પાસેથી જમીનનો કબજો લઈ લીધો હોય તે વ્યકિતને પાછો સોંપી દેવો.

(૩) જે વ્યકિતને, યથાપ્રસંગ, જમીન અથવા તેનો ભાગ પાછો સોંપી દેવાનો આદેશ કરવામાં આવે તે, તેનો કબજો લેવાની ના પાડે, તો જમીન તેના ઉપર કાયદેસર રીતે અસ્તિત્વમાં હોય તેવા તમામ બોજા વગર તેવી નિહિત થવાની તારીખે રાજ્ય સરકારમાં નિહિત થઈ છે એમ ગણાશે અને કલમ ૮૪-ગની પેટા-કલમ (૪)માં ઠરાવેલી રીતે તેનો નિકાલ કરવામાં આવશે.

(૪) જે વ્યકિતને, યથાપ્રસંગ, જમીન અથવા તેનો ભાગ પાછો સોંપવાનો આદેશ કરવામાં આવે તે વ્યકિત તેનો કબજો લે, તો એવો કબજો લઈ લીધો હોય તે મુદત દરમિયાન યથાપ્રસંગ, આવી જમીન અથવા તેના ભાગનો કબજો લઈ લેવામાં આવ્યો ન હોય તેમ, તેણે તેનો ખરેખર કબજો ધરાવવાનું ચાલુ રાખ્યું છે એમ ગણાશે.]

કલમ ૩૨-ઘ અથવા ૮૪-ગ મુજબ જે જમીનનો નિકાલ કરી શકાય એમ હોય તે જમીનના કામચલાઉ પટાઓ.

[2][૮૪-ઘ. (૧) કોઈ જમીનનો [3][કલમ ૩૨-ઘ, કલમ ૩૭ અથવા કલમ ૮૪-ગ] હેઠળ નિકાલ કરી શકાય એમ હોય અને યથાપ્રસંગ કલેક્ટર અથવા મામલતદારને એમ લાગે કે આવો નિકાલ વખત લેશે એવો સંભવ છે અને જમીન ખેતી કર્યા વિનાની પડી રહે તે અટકાવવાની દ્રષ્ટિએ આવું પગલું લેવાનું જરૂરી છે ત્યારે તે નીચેની શરતોને અધીન ટોચ મર્યાદા વિસ્તારમાંથી ઓછી જમીનની જે ખેડૂત જાતે ખેતી કરતો હોય તેવા કોઈપણ ખેડૂતને ખેતી કરવા માટે જમીન પટે આપી શકશે :

(૧) પટો એક વર્ષની મુદતનો હોવો જોઈએ ;

(૨) પટે લેનારે મામલતદારે નકકી કરેલા અને કલમ ૯ મુજબ જમીનને લાગુ પડતા દરે ગણોત આપવું;

(૩) પટે લેનાર કલમ ૧૦-કની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલું અને જમીનના સંબંધમાં આપવાજોગ જમીન મહેસૂલ અને બીજા ઉપકર ભરવાને જવાબદાર રહેશે;

(૪) પટાની મુદત પૂરી થાય એટલે પટે લેનાર જમીન ખાલી કરે નહિ તો તેને મામલતદાર સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવી શકશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ પટે જમીન ધારણ કરનાર વ્યકિત આ અધિનિયમના અર્થ મુજબ ગણોતિયો છે એમ ગણાશે નહિ.

(૩) પેટા-કલમ (૧) મુજબ વસૂલ કરેલા ગણોતની રકમ,—

(ક) કલમ ૩૨-ઘ મુજબ જમીનનો નિકાલ કરી શકાય એમ હોય ત્યારે જમીનના માલિકને આપવી, અને

(ખ) [4][કલમ ૩૭ અથવા કલમ ૮૪-ગ] મુજબ જમીનનો નિકાલ કરી શકાય એમ હોય ત્યારે સરકાર દાખલ કરવી.]

---

૧. સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમની ૫ની કલમ ૨૦થી આ કલમ દાખલ કરી છે.

૨ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૦થી આ કલમ દાખલ કરી છે.

૩ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨૧(૧) થી "કલમ ૩૨-ઘ અથવા ૮૪-ગ"એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે આ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકયા છે.

૪ એજનની કલમ ૨૧ ૨)થી "કલમ ૮૪-ગ" એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે આ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકયા છે

**હકૂમત ઉપર પ્રતિબંધ.**

૮૫. (૧) આ અધિનિયમથી અથવા તે મુજબ મામલતદારે અથવા ટ્રિબ્યુનલે, મેનેજરે, [1][કલેકટરે, ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલે અથવા રાજ્ય સરકારે] અથવા પોતાના નિયંત્રણની સત્તા વાપરીને [2][રાજ્ય] સરકારે અપીલ અથવા ફેરતપાસમાં જે કોઈપણ પ્રશ્નની પતાવટ કરવાની હોય, તેનો નિર્ણય કરવાનો હોય અથવા નિકાલ કરવાનો હોય તે પ્રશ્નની પતાવટ કરવાની, તેનો નિર્ણય કરવાની અથવા તેનો નિકાલ કરવાની કોઈપણ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ.

(૨) આ અધિનિયમ મુજબ કરેલા મામલતદારના, ટ્રિબ્યુનલના, કલેકટરના અથવા [3][ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના] અથવા [2][રાજ્ય] સરકારના કોઈ હુકમ સામે કોઈ દીવાની અથવા ફોજદારી કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

સન ૧૯૦૬ નો મુંબ-ઈનો રજો.

સ્પષ્ટીકરણ.— આ કલમના હેતુઓ માટે દીવાની કોર્ટમાં, મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ મુજબ રચેલી મામલતદારની કોર્ટનો સમાવેશ થશે.

**આ અધિનિયમ મુજબ નિર્ણય કરવાનો હોય તેવા મુદ્દાઓવાળા દાવાઓ.**

[4][૮૫-ક. (૧) જો [5][નિર્દિષ્ટ તારીખની પહેલાં કે પછી કોઈ દીવાની કોર્ટમાં કરવામાં આવેલા] કોઈ દાવામાં આ અધિનિયમ મુજબ જે મુદ્દાઓ પતાવવાની, તેનો નિર્ણય કરવાની અથવા તેનો નિકાલ કરવાની સત્તા ધરાવતા હોય તેવા કોઈ અધિકારીએ (જેને આમાં હવે પછી "સત્તા ધરાવતા અધિકારી" કહ્યા છે તેણે) પતાવવાના, નિર્ણય કરવાના અથવા નિકાલ કરવાના હોય તેવા મુદ્દાઓનો સમાવેશ થતો હોય, તો દીવાની કોર્ટ દાવાનું કામ અટકાવશે અને સત્તા ધરાવતા અધિકારીને આવા મુદ્દાઓ નિર્ણય માટે મોકલશે.

(૨) દીવાની કોર્ટ તરફથી આવો મુદ્દો નિર્ણય માટે મળ્યેથી સત્તા ધરાવતા અધિકારી આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર આવા મુદ્દાઓનો નિકાલ કરશે અને તેનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય દીવાની કોર્ટને જણાવશે અને તેમ થયે, આવી કોર્ટ તેને લાગુ પડતી કાર્યરીતિ અનુસાર તે દાવાનો નિકાલ કરશે.

સ્પષ્ટીકરણ. —આ કલમના હેતુઓ માટે દીવાની કોર્ટમાં મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ મુજબ રચેલી મામલતદારની કોર્ટનો સમાવેશ થશે.]

સન ૧૯૦૬ નો મુંબ-ઈનો રજો.

**નિયંત્રણ.**

૮૬. આ અધિનિયમ સાથે સંબંધ ધરાવતી તમામ બાબતોમાં [2][રાજ્ય] સરકાર, સામાન્ય અને મહેસૂલી વહીવટમાં મામલતદારો અને કલેકટરો ઉપર જે અધિકાર અને નિયંત્રણ ચલાવે છે, તે જ અધિકાર અને નિયંત્રણ તેને આ અધિનિયમ મુજબ કામ કરતા મામલતદાર અને કલેકટર ઉપર રહેશે.

**ક્ષતિપૂર્તિ.**

૮૭. આ અધિનિયમ મુજબ શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવાનો ઈરાદો હોય તેવા કોઈ કાર્ય માટે કોઈ વ્યકિત સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

**જમીનના સત્તાપ્રકારો નાબૂદ કરવા બાબતના અધિનિયમોની જોગવાઈઓ સંબંધી અપવાદ.**

[6][૮૭-ક. આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી આ અધિનિયમની અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલા જમીનના સત્તાપ્રકાર નાબૂદ કરવા બાબતના અધિનિયમો પૈકી કોઈ અધિનિયમની જોગવાઈઓ કોઈ કનિષ્ઠ ધારણ કરનાર અથવા ગણોતિયાએ ધારણ કરેલી કોઈ જમીનના સંબંધમાં તેની તરફેણમાં ભોગવટો કરનારને હક આપવાને લગતી હોય તેટલે, સુધી, તેવી જોગવાઈઓને અસર થશે નહિ.]

**સરકારી જમીનો અને બીજી અમુક જમીનોને મુકત રાખવા બાબત.**

[7][૮૮.[8][૧] [9][પેટા-કલમ (૨)માં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓમાંનો કોઈપણ મજકૂર]—

(ક) સરકારની માલિકીની અથવા સરકાર પાસેથી પટે ધારણ કરેલી જમીનોને;

[10][(કક) કોઈ સ્થાનિક સત્તામંડળે ધરાવેલી અથવા પટે ધારણ કરેલી જમીનોને;]

(ખ) રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને જે વિસ્તારને ખેતી સિવાયના અથવા ઔદ્યોગિક વિકાસ માટે અનામત રાખેલા વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે તે વિસ્તારને લાગુ પડશે નહિ;

---

૧ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૭થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨ સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૩ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૬થી આ કલમ દાખલ કરી છે.

૫ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨૨થી "કોઈ દીવાની કોર્ટમાં કરવામાં આવેલા" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૬ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૪૭થી આ કલમ દાખલ કરી છે.

૭ એજનની કલમ ૪૮ થી અસલને બદલે આ કલમો દાખલ કરી છે.

૮ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ ની કલમ ૨૭થી કલમ ૮૮ને સદરહુ કલમની પેટા કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૯ એજનની કલમ ૨૭ (૧) (૧) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૧૦ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૮ (૧) (૧)થી આ ખંડ દાખલ કર્યો છે.

[1][પરંતુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા કોઈ વિસ્તારના સંબંધમાં, આ ખંડ મુજબ જાહેરનામું કાઢવામાં આવે તે પછી, મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૫ના આરંભ પહેલાં અથવા તે પછી, એ રીતે નિર્દિષ્ટ કરેલા વિસ્તારની હદ તેમાં બીજો કોઈ વિસ્તાર ઉમેરવાને કારણે વધી હોય તો તેવી રીતે કાઢવામાં આવેલા જાહેરનામાથી અલગ રાખેલા વિસ્તારને આપેલી માફી, કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા બીજા કોઈ અધિકારીના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં વિરુધ્ધના ગમે તે મજકૂર હોય તે છતાં, એવી રીતે ઉમેરેલા વિસ્તારને લાગુ પડશે નહિ અને કદાપિ લાગુ પડેલી ગણાશે નહિ : સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૬મો.

વધુમાં તેવી રીતે ઉમેરેલા વિસ્તારમાંની કોઈ જમીન પહેલા પરંતુકમાં નિર્દિષ્ટ કરેલું જાહેરનામું કાઢવામાં આવ્યા પછી પણ સન ૧૯૬૪ના ઓકટોબર મહિનાની ૨૯મી તારીખ પહેલાં તબદીલ અથવા સંપાદન કરવામાં આવી હોય, તો જમીનની આવી તબદીલી અથવા સંપાદન, જે વિસ્તારને આ ખંડ લાગુ પડતો હોય તે વિસ્તારમાં કરવામાં આવ્યા હોય તેમ, અમલમાં આવશે].

(ગ) [2] * * * * કોર્ટ ઓફ વોર્ડઝની [3][અથવા વાલી અને વોર્ડ અધિનિયમ, ૧૮૯૦ મુજબ વાલી તરીકેના પોતાના સત્તાવાર નાતા રૂએ નીમેલા સરકારી અધિકારીના] વહીવટ હેઠળની એસ્ટેટને અથવા જમીનને અથવા ખરા ધારણ કરનારાઓના હકનો નિર્ણય ન થાય ત્યાં સુધી, દીવાની, મહેસૂલી અથવા ફોજદારી કોર્ટોએ પોતે અથવા તેમણે નીમેલા રીસીવરો મારફત કામચલાઉ વહીવટ હેઠળ લીધેલી જમીનોને લાગુ પડશે નહિ; સન ૧૮૯૦નો ૮મો.

[4][(ઘ) યથાપ્રસંગ, પ્રકરણ ૪ અથવા કલમ ૬૫ અને કલમો ૬૬, ૮૦-ક, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬ અને ૮૭માં જોગવાઈ કરી હોય તે સિવાય, સદરહુ પ્રકરણ ૪ અથવા કલમ ૬૫ મુજબ રાજ્ય સરકારે વહીવટ હેઠળ લીધેલી એસ્ટેટને અથવા જમીનને]:

પરંતુ જે તારીખે આવી એસ્ટેટ અથવા જમીન એવા સરકાર હસ્તક વહીવટમાંથી મુકત કરવામાં આવે તે તારીખથી, આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓ તેને લાગુ પડશે અને આવી એસ્ટેટ અથવા આવી જમીનમાંની કોઈ જમીનના સંબંધમાં એવી તારીખે ચાલુ હોય તેવા (કાયમી ગણોત વહીવટ સિવાયના બીજા) ગણોતવહીવટના દાખલામાં, જમીન-માલિકને એવી તારીખથી એક વર્ષની અંદર કલમ ૩૧ મુજબ આવો ગણોતવહીવટ સમાપ્ત કરવાનો હક રહેશે અને જે મુદત દરમિયાન આવા જમીન માલિકને કલમ ૩૧ મુજબ ગણોતવહીવટ સમાપ્ત કરવાનો હક હોય તે મુદત [5][પૂરી થયે] કલમ ૩૨ મુજબ ગણોતિયાએ જમીન [6][ખરીદેલી ગણાશે.] કલમો ૩૧થી ૩૧-ઘ (બંને સહિત) અને ૩૨ થી ૩૨-૫ (બંને સહિત) ની જોગવાઈઓ, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી, ગણોતવહીવટની આવી સમાપ્તિને અને જમીન ખરીદવાના ગણોતિયાના હકને લાગુ પડશે :

[7][વધુમાં—

(૧) કાયમી ગણોતવહીવટના દાખલામાં, જે તારીખે એસ્ટેટ અથવા જમીન સરકાર હસ્તક વહીવટમાંથી મુકત કરવામાં આવી હોય અથવા ઉપર્યુકત પ્રમાણે આ કલમની જોગવાઈઓને અધીન હોતી બંધ થઈ હોય તે તારીખે કાયમી ગણોત વહીવટ પર કાયમી ગણોતિયાએ ધારણ કરેલી જમીન તેણે ખરીદેલી ગણાશે. પછી આવી મુકિત અથવા એવી રીતે જમીન અથવા એસ્ટેટ અધીન હોતી બંધ થઈ હોય તે બાબત મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભ પહેલાં અથવા તે પછી થઈ હોય, તો પણ હરકત નથી, અને સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો.

(૨) કલમ ૩૨ થી ૩૨-૫ની જોગવાઈઓ, લાગુ પાડી શકાય તેટલે સુધી, આ કલમ મુજબ કાયમી ગણોતિયાએ કરેલી જમીનની ખરીદીને લાગુ પડશે.]

[8][સ્પષ્ટીકરણ.— [9][આ પેટા-કલમના ખંડ (ક)] ના હેતુઓ માટે, સરકારને ઉપયોગી ચાકરી માટે ઈનામ અથવા વતન તરીકે ધારણ કરેલી અને મુંબઈ વંશપરંપરાગતના હોદ્દાઓ બાબતના અધિનિયમ, ૧૮૭૪ની કલમ ૨૩ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા મુજબ તે સમયે આવી ચાકરી ખરેખરી રીતે બજાવતી હોય તેવી વ્યકિતને મહેનતાણાં તરીકે સોંપેલી જમીન સરકારની માલિકીની જમીન ગણાશે. ] સન ૧૮૭૪નો મુંબઈનો ૩જો.

---

૧ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૮ (૧) (૨) થી આ પરંતુક દાખલ કર્યો છે.
૨ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૫ (૧) (ક) થી આ મજકૂર રદ કર્યો છે.
૩ એજનની કલમ ૧૫ (૧) (ખ) થી આ મજકૂર દાખલ કર્યો છે.
૪ એજનની કલમ ૧૫ (૨) થી આ ખંડ દાખલ કર્યો છે.
૫ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૭ (૧)(૨)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૬ એજનથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.
૭ એજનની કલમ ૨૭ (૧) (૩) થી આ પરંતુક ઉમેર્યો છે.
૮ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૫થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યું છે.
૯ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ ની કલમ ૨૭(૧)(૪) થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

[1][(૧-ક) મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ અમલમાં આવ્યાની તારીખથી (જેનો આમાં હવે પછી આ પેટા-કલમમાં, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પહેલાં અમલમાં હોય તે પ્રમાણેના પેટા-કલમ (૧)ના પહેલા પરંતુક મુજબ કોઈ જમીન-માલિક, સન ૧૯૫૬ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખ પછી, પણ જે તારીખે જમીન સરકાર હસ્તક વહીવટમાંથી મુકત કરવામાં આવી હોય તે તારીખથી એક વર્ષની મુદતની અંદર કોઈ જમીનનો ગણોત વહીવટ સમાપ્ત કરવાને હકદાર હોય અને ગણોતિયાને તે મુદત પૂરી થયાના એક વર્ષની અંદર જમીન ખરીદવાનો હક હોય ત્યારે, તે ગણોતિયાએ—

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬ મો.

(૧) જો ખરીદીનો હક વાપરવા માટેની મુદત સદરહુ તારીખ પહેલાં ઉપર્યુકત પરંતુક મુજબ શરૂ થયેલી હોય તો મુદત પૂરી થઈ ગઈ હોય કે ન હોય તો પણ, જે મુદત દરમિયાન જમીન માલિક ગણોત વહીવટ સમાપ્ત કરવાને હકદાર હોય તે મુદત પૂરી થયેથી જમીન ખરીદેલી ગણાશે, અને

(૨) બીજા કોઈપણ દાખલામાં, જે તારીખે સદરહુ હક વાપરવા માટેની મુદત ઉપર્યુકત પરંતુક મુજબ શરૂ થઈ હોય તે તારીખે જમીન ખરીદેલી ગણાશે. કલમો ૩૧ થી ૩૧-ઘ (બન્ને સહિત)ની જોગવાઈઓ અને કલમો ૩૨ થી ૩૨-પ (બન્ને સહિત)ની જોગવાઈઓ, લાગુ પડે તેટલે સુધી, આવી ગણોત વહીવટની સમાપ્તિને અને જમીન ખરીદવાના ગણોતિયાના હકને લાગુ પડશે અને હંમેશાં લાગુ પડેલી ગણાશે.]

[2][ (૨) સરકાર પાસેથી પટે ધારણ કરેલી કોઈ જમીન અથવા તેનો કોઈ ભાગ—

(૧) મુંબઈ ગણોત-વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભ વખતે પટે લેનાર પાસેથી પેટા-પટા હેઠળ કોઈ વ્યકિતએ ધારણ કર્યા હોય અને આવી વ્યકિત જાતે ખેતી કરતી હોય, અથવા

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો.

(૨) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભ પછી પટે લેનારે કોઈ વ્યકિતને ખેતી કરવા માટે પેટા-પટે આપ્યા હોય અને જમીન અથવા તેના ભાગને એવી રીતે પેટા-પટે આપવાનું પટાની શરતો અનુસાર અધિકૃત કરવામાં આવ્યું હોય તો, કલમો ૩૨ થી ૩૨-પ (બન્ને સહિત) અને કલમ ૪૩ સિવાય, આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવા પટામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવા પેટા-પટા ધારણ કરેલી જમીન અથવા યથાપ્રસંગ તેના ભાગને, આવા પેટા-પટા હેઠળ તે ધારણ કરતી વ્યકિત આ અધિનિયમની કલમ ૪ના અર્થ મુજબ ગણોતિયો હોય અને પટે લેનાર જમીન-માલિક હોય તેમ લાગુ પડશે:

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો.

પરંતુ મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦ના આરંભની તારીખે ચાલુ હોય તો પેટા-પટાની બાબતમાં, પટે લેનાર આવી તારીખથી એક વર્ષની અંદર કલમ ૩૧ મુજબ પેટા-પટે સમાપ્ત કરવાને હકદાર થશે અને કલમો ૩૧ થી ૩૧-ઘ (બન્ને સહિત) ની જોગવાઈઓ, લાગુ પાડી શકાય તેટલે સુધી પેટા-પટાની સમાપ્તિને લાગુ પડશે.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧૬મો.

સ્પષ્ટીકરણ—આ કલમની પેટા-કલમ (૨)માં પટે લેનારના ઉલ્લેખોમાં જે વ્યકિતને પટે ધારણ કરેલી જમીનમાંનો અથવા તેના કોઈ ભાગમાંનો સમગ્ર હિતસંબંધ તબદીલ કરવા અથવા નામફેર કરવામાં આવ્યો હોય તે વ્યકિતના ઉલ્લેખનો સમાવેશ થાય છે.]

૮૮-ક-૧. [અનુસૂચિ જમાં નિર્દિષ્ટ કરેલા ગામોમાંની કેટલીક જમીનોના ગણોતિયાના સંબંધમાં વિશેષ જોગવાઈઓ.] સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી રદ કરી.

**ભૂદાન સમિતિને અથવા તેણે તબદીલ કરેલી જમીનને અધિનિયમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.**

૮૮-ક. પૂર્વવર્તી જોગવાઈઓમાંનો કોઈપણ મજકૂર, રાજ્ય સરકારે આ અર્થે માન્ય કરેલી ભૂદાન સમિતિને અથવા તેણે તબદીલ કરેલી જમીનોને લાગુ પડશે નહિ.

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૮(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૨. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૭(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૮૮-ખ. [1][ (૧) ] કલમો ૩, ૪-ખ, ૮, ૯, ૯-ક, ૯-ખ, ૯-ગ, ૧૦, ૧૦-ક, ૧૧, ૧૩ અને ૨૭ સિવાયની પૂર્વવર્તી જોગવાઈઓમાંનો અને પ્રકરણો ૬ અને ૮ની જોગવાઈઓ ઉપર જણાવેલી કલમોમાં નિર્દિષ્ટ કરેલી બાબતોમાંની કોઈ બાબતને લાગુ પાડી શકાય તેટલે સુધી, સદરહુ પ્રકરણોની જોગવાઈઓમાંનો કોઈપણ મજકૂર— સ્થાનિક સત્તામંડળો, યુનિવર્સિટીઓ અને ટ્રસ્ટોની જમીનોને અમુક જોગવાઈઓ માંથી મુકત રખવા બાબત.

(ક) [2] * * * * [3][ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં] કાયદા દ્વારા સ્થાપેલી યુનિવર્સિટીએ ધારણ કરેલી અથવા પટે આપેલી જમીનોને; અને

(ખ) જે જમીનો શૈક્ષણિક હેતુ, [4][હોસ્પિટલ, પાંજરાપોળ] [5][અથવા ગૌશાળા] માટેના ટ્રસ્ટની મિલકત હોય તેને;

[6][ (ગ) સન ૧૯૫૬ના ઓગસ્ટ મહિનાની પહેલી તારીખ પહેલાં નીચેની સમાજ ઉપયોગી સેવા પૈકી કોઈપણ સેવા બજાવવાના હેતુ માટે કોઈ વ્યકિતએ સોંપેલી અથવા દાનમાં આપેલી જમીનોને,

લાગુ પડશે નહિ, એટલે કે :—

પાણીનાં કામોનો નિભાવ, દીવાબત્તી અથવા ઢોરો માટે પાણીના હવાડા ભરવા :]

પરંતુ—

સન ૧૯૫૦ નો મુંબઈ નો ૨૯મો.

(૧) આવું ટ્રસ્ટ, મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ મુજબ નોંધાયેલું અથવા નોંધાયેલું ગણાતું હોવું જોઈએ, અને

(૨) તેવી જમીનોની સમગ્ર આવક તેના ટ્રસ્ટના હેતુ માટે ઉપયોગમાં લેવાવી જોઈએ.

[7][ (૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાંની શરતો કોઈપણ ટ્રસ્ટે પાળી છે એવી તપાસ કર્યા પછી, કલેકટરે આપેલું પ્રમાણપત્ર, આ કલમના હેતુ માટે તે અર્થે નિર્ણાયક પુરાવો ગણાશે.]

[8][(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઈઓમાંનો કોઈ મજકૂર જે કાયદા હેઠળ કોઈ સ્થાનિક સત્તામંડળ રચવામાં આવ્યું હોય તે કાયદા મુજબ (સુવેજ)ના નિકાલ માટે 'ફાર્મ' સ્થાપવા તથા નિભાવવાને લગતાં કાર્યો તથા ફરજો બજાવતી વખતે આવા સ્થાનિક સત્તામંડળે સુધારા અધિનિયમ, ૧૯૫૫ના આરંભ પહેલાં અથવા તે પછી 'સુવેજ'ની મદદથી વાવેતર કરવા માટે પટે આપેલી જમીનને લાગુ પડશે નહિ.]

સન ૧૯૬૦ નો ગુજરાતનો ૧૬મો.

૮૮-ગ. (૧) [9][મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૦થી અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય] કલમો ૩૨ થી ૩૨-૫ (બંને સહિત)માંનો કોઈપણ મજકૂર, જો કોઈ વ્યકિતએ પટે આપેલી જમીન પોષણક્ષમ જમીન કરતાં વધારે ન હોય અને આવી વ્યકિતની કુલ વાર્ષિક આવક આવી જમીનના ગણોત સહિત રૂપિયા ૧,૫૦૦ કરતાં વધારે ન હોય, તો તેવી જમીનને લાગુ પડશે નહિ: જેમની વાર્ષિક આવક રૂ ૧,૫૦૦ કરતાં વધુ ન હોય તેવી વ્યકિતઓએ પટે આપેલી જમીનોને અમુક જોગવાઈઓમાંથી મુકત રાખવા બાબત.

પરંતુ આ પેટા-કલમની જોગવાઈઓ, જે કોઈ વ્યકિત આવી જમીન કાયમી ગણોતિયા તરીકે ધારણ કરતી હોય અથવા જેણે આવી જમીન બીજી કોઈપણ વ્યકિતને કાયમી ગણોત વહીવટ પર પટે આપી હોય તેવી વ્યકિતને લાગુ પડશે નહિ.

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૧થી કલમ ૮૮-ખને સદરહુ કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૨ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૯ (૧)થી આ મજકૂર કાઢી નાંખ્યો છે.

૩ સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૪ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૧૫ની કલમ ૧૬થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૫ સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૬ની અનુસૂચિની બાબત (૧)થી "ગૌશાળા અથવા સાર્વજનિક ધાર્મિક પૂજા માટેની સંસ્થા" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૬ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૭થી ખંડ (ગ) ઉમેર્યો છે.

૭ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૧ થી પેટા-કલમ (૨) ઉમેરી છે.

૮ સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૬ની કલમ ૧૯ (૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૯ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૮ (૧)થી અસલને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

³[(૨) પેટા-કલમ (૧)માં જોગવાઈ કરેલ મુકિતને પાત્ર હોય તેવી દરેક વ્યકિતએ, ઠરાવેલી મુદતની અંદર જેની હકૂમતની અંદર તેણે પટે આપેલી જમીનના તમામ અથવા ઘણાખરા ટુકડાઓ આવેલા હોય તે મામલતદારને, ઠરાવેલ નમૂનામાં આવી મુદત માટે તે હકદાર છે એવા પ્રમાણપત્ર માટે અરજી કરવી જોઈશે.

²[પરંતુ આવી વ્યકિત વિધવા હોય ત્યારે, તેણી, આવી અરજી, આ કલમ મુજબ ઠરાવેલી મુદત પૂરી થઈ હોય તે છતાં, સન ૧૯૬૧ના જુલાઈ મહિનાની ૧લી તારીખ પહેલાં કરી શકશે.

(૩) આવી અરજી મળ્યે, મામલતદાર, જમીનના ગણોતિયા અથવા ગણોતિયાઓને નોટિસ આપ્યા પછી, તપાસ કરશે અને આવી વ્યકિતએ પટે આપેલી જમીન પેટા-કલમ (૧) મુજબ કલમો ૩૨ થી ૩૨-૫ની જોગવાઈઓમાંથી મુકત છે કેમ તે નક્કી કરશે.

(૪) મામલતદાર એમ નક્કી કરે કે જમીન એવી રીતે મુકત છે તો, તે આવી વ્યકિતને ઠરાવેલા નમૂનામાં પ્રમાણપત્ર કાઢી આપશે.

³[* * * * * *

**અમુક ગણોતિયા-ઓના જમીન ખરીદવાના હકને બાધ.**

⁴[૮૮-ગગ. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ અનુસૂચિત આદિજાતિનો ન હોય તેવો કોઈ ગણોતિયો, 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯' ની કલમ ૭૩-કક હેઠળ કલેકટરની પૂર્વ મંજૂરીથી તેને પટે આપેલી કોઈ જમીન, 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦' ના આરંભ પછી, આ અધિનિયમ હેઠળ જમીન માલિક પાસેથી ખરીદવાને હકદાર રહેશે નહિ.

**સન ૧૮૭૯ નો મુંબઈ નો ૫મો. સન ૧૯૮૦ નો ગુજરાતનો ૩૭મો.**

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુ માટે "અનુસૂચિત આદિજાતિઓ" એટલે સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોમાંના ભાગો અથવા જૂથો.]

**કલમો ૩૨થી ૩૨-૫ કેટલીક ચાકરીની જમીનોને લાગુ પડતી નથી.**

⁵[૮૮-ગક. કલમો ૩૨ થી ૩૨-૫ (બન્ને સહિત)માંનો કોઈપણ મજકૂર સરકારને ઉપયોગી ચાકરી માટે ઈનામ અથવા વતન તરીકે ધારણ કરેલી પણ મુંબઈના વંશપરંપરાના હોદ્દાઓ બાબતના અધિનિયમ, ૧૮૭૪ની કલમ ૨૩ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા મુજબ તે સમયે આવી ચાકરી ખરેખરી રીતે બજાવતી હોય તેવી વ્યકિતને મહેનતાણાં તરીકે સોંપેલી ન હોય તેવી જમીનને લાગુ પડશે નહિ.]

**સન ૧૮૭૪ નો મુંબઈનો ૩જો.**

**મુકિત પાછી ખેંચી લેવાની સરકારની સત્તા.**

⁶[૮૮-ઘ. (૧) કલમો ૮૮, ૮૮-ક, ૮૮-ખ અને ૮૮-ગમાં ગમે તે મજકૂર હોય તે છતાં જો રાજ્ય સરકારને એમ ખાતરી થાય કે—

(૧) કલમ ૮૮ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા વિસ્તારના દાખલામાં ખેતી સિવાયના અથવા ઔદ્યોગિક વિકાસ માટેની સંભવિતતાઓ ઓછી છે અથવા એવા વિસ્તારમાંની કોઈપણ જમીન ગણોતિયાઓ પાસે ખાલી કરાવ્યાં પછી જમીન ખેતી સિવાયના અથવા ઔદ્યોગિક હેતુ માટે વપરાતી નથી.

(૨) ભૂદાન સમિતિએ તબદીલ કરેલી જમીનોમાં તબદીલ કરી લેનારાઓએ જાતે ખેતી કરી નથી અથવા તેમણે બીજાને નામે કરી આપી છે,

(૩) કલમ ૮૮ખ તેના ખંડ (ખ)માં ઉલ્લેખેલી જમીનોના ટ્રસ્ટના દાખલામાં, ટ્રસ્ટ મિલકતની દેખભાળ રાખવા અશકત છે અથવા ટ્રસ્ટે તેની ગેરવ્યવસ્થા કરી છે અથવા ટ્રસ્ટ અને ગણોતિયાઓ વચ્ચે તકરારો છે, અને

(૪) કલમ ૮૮-ગમાં ઉલ્લેખેલી જમીનોના દાખલામાં, વ્યકિતની વાર્ષિક આવક રૂ. ૧,૫૦૦થી વધારે છે અથવા આવી વ્યકિતની કુલ જમીન, પોષણક્ષમ જમીનથી વધારે છે,

તો, રાજ્ય સરકાર, ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરેલા હુકમથી એવું ફરમાવી શકશે કે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી, યથાપ્રસંગ, એવી જમીન અથવા વિસ્તાર, ઉપર્યુકત કલમો પૈકી કોઈ કલમ મુજબ જે અધિનિયમમાંથી તેને મુકત રાખવામાં આવ્યો છે તે અધિનિયમની તમામ અથવા કોઈ જોગવાઈમાંથી મુકત રખાતો બંધ રહેશે અને યથાપ્રસંગ કલમ ૮૮-ખ અથવા ૮૮-ગ મુજબ આપેલું કોઈપણ પ્રમાણપત્ર રદ કરેલું ગણાશે.

(૨) આવી કોઈ જમીન અથવા વિસ્તાર આવી રીતે મુકત રાખવામાં આવતાં બંધ થાય ત્યારે પેટા-કલમ (૧) મુજબ કાઢેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખે ચાલુ હોય તેવા ગણોતવહીવટના દાખલામાં, જમીન માલિક, આવી

---

૧ સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૨થી અસલ પેટા-કલમ (૨) ને બદલે આ પેટા-કલમો દાખલ કરી છે.

૨ સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૨૮ (૨) થી આ પરંતુક ઉમેર્યો છે.

૩. એજનની કલમ ૨૮(૩) થી પેટા-કલમ (૫) રદ કરી છે.

૪. સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૩૭ની કલમ ૫, અનુસૂચિ, અનુક્રમ નંબર ૧(૨)થી કલમ ૮૮-ગગ દાખલ કરી છે.

૫. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૩ની કલમ ૧૮થી કલમ ૮૮ ગ-ક દાખલ કરી છે.

૬. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૩૮ની કલમ ૩૩થી અસલને બદલે આ કલમ દાખલ કરી છે.

તારીખથી એક વર્ષની અંદર, કલમ ૩૧ મુજબ આવો ગણોત વહીવટ સમાપ્ત કરવાને હકદાર રહેશે અને ગણોતિયાને પોતાનો ગણોત વહીવટ, એવી રીતે સમાપ્ત કરવામાં આવે તે સિવાય, જે મુદત દરમિયાન આવો જમીનમાલિક ગણોત વહીવટ સમાપ્ત કરવાને હકદાર હોય તે મુદત પૂરી થયેથી એક વર્ષની અંદર જમીન ખરીદવાનો હક રહેશે. કલમો ૩૧ થી ૩૧-ઘ (બન્ને સહિત) અને કલમો ૩૨ થી ૩૨-૫ (બંને સહિત)ની જોગવાઈઓ લાગુ પાડી શકાય એમ હોય તેટલે સુધી, ગણોત વહીવટની આવી સમાપ્તિને અને જમીન ખરીદવાના ગણોતિયાના હકને લાગુ પડશે.]

૧[૮૮-ચ. (૧) કલમ ૮૮-ખમાં ગમે તે મજકૂર હોય તે છતાં, નિર્દિષ્ટ તારીખે અને તે તારીખથી સાર્વજનિક ધાર્મિક પૂજા માટેની સંસ્થાની મિલકત હોય તેવી જમીનને, કલમ ૮૮-ખ મુજબ અધિનિયમની જે કલમો ૩૧થી ૩૧-ઘ (બન્ને સહિત) માંથી માફી આપવામાં આવી હોય તે સિવાયની અધિનિયમની જોગવાઈઓમાંથી એ જમીનને માફી આપવાનું બંધ થશે અને એવી જમીનના સંબંધમાં તે કલમ હેઠળ આપેલા તમામ પ્રમાણપત્રો રદ થયેલાં ગણાશે. અમુક સાર્વજનિક ટ્રસ્ટ-જમીન અંગેની માફી બંધ થશે.

(૨) એવી કોઈ જમીનને એ રીતે માફી અપાતી બંધ થાય ત્યારે, નિર્દિષ્ટ તારીખથી તરત પહેલાં ચાલુ રહેલા ગણોત વહીવટ બાબતમાં ગણોતિયાએ નિર્દિષ્ટ તારીખે જમીન ખરીદી છે એમ ગણાશે અને કલમ ૩૨ થી ૩૨-૫ (બન્ને સહિત)ની જોગવાઈઓ, બને ત્યાં સુધી લાગુ પડશે.

સન ૧૯૬૯ નો ગુજરાતનો ૧૬મો.

સ્પષ્ટીકરણ.—આ કલમમાં "નિર્દિષ્ટ તારીખ" એટલે કે ગુજરાત દેવસ્થાન ઈનામ નાબૂદી અધિનિયમ, ૧૯૬૯ શરૂ થયાની તારીખ.]

સન ૧૮૭૯ નો મુંબઈનો પાંચમો.

૮૯. (૧) ૨[અનુસૂચિ ૧]માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમ આથી તેના કોલમ ચોથામાં જણાવ્યું હોય તેટલે સુધી રદ કર્યો છે. રદ કરવા બાબત.

(૨) પણ આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી અથવા તેનાથી રદ થયેલી કોઈ બાબતથી—

સન ૧૮૮૦ નો મુંબઈનો ૧લો.

(ક) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૫૯ અથવા ખેતી જમાબંધી અધિનિયમ, ૧૮૮૦ની કલમો ૬ અને ૯માં કરેલા સુધારાને અસર થશે નહિ;

(ખ) આ અધિનિયમમાં સ્પષ્ટપણે ઠરાવ્યું હોય તે સિવાય, નીચેનાને અસર થશે નહિ અથવા અસર થાય છે એમ ગણાશે નહિ—

(૧) આ અધિનિયમના આરંભ પહેલાં સંપાદન કરેલા હોય, પ્રાપ્ત કરેલા હોય અથવા ઉદ્‌ભવેલા હોય તેવા કોઈ હક, ઈલાખા, હિતસંબંધ, બંધન અથવા જવાબદારીને; અથવા

(૨) એવા કોઈ હક, ઈલાખા, હિતસંબંધ, બંધન અથવા જવાબદારીના સંબંધમાં કોઈ કાનૂની કાર્યવાહી, અથવા ઉપાયને અથવા આ અધિનિયમના આરંભ પહેલાં કરેલાં અથવા કરવા દીધેલાં કોઈ કાર્યને,

અને આ અધિનિયમ કરવામાં ન આવ્યો હોય, તેમ આવી કોઈ કાર્યવાહીઓ ચાલુ રાખવામાં આવશે અને તેનો નિકાલ કરવામાં આવશે.

(૩) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, તેવી રીતે રદ કરેલા અધિનિયમની કલમ ૭ મુજબ જમીનનો કબજો મેળવવા અથવા પાછો આપવા માટેની તમામ કાર્યવાહીઓ, આ અધિનિયમની આરંભની તારીખે મામલતદાર સમક્ષ અથવા અપીલમાં કલેકટર સમક્ષ ચાલુ હોય તે, કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં યથા-પ્રસંગ મામલતદાર સમક્ષ અથવા અપીલમાં કલેકટર સમક્ષ આ અધિનિયમ મુજબ કરવામાં આવી હોય અને ચાલુ હોય એમ ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેનો નિકાલ કરવામાં આવશે.

(૪) મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯ મુજબ કરેલા અથવા કાઢેલા કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, હુકમ, નિયમ અથવા નમૂનો આ અધિનિયમની અથવા તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે અસંગત, ન હોય તેટલે સુધી, તે અમલમાં ચાલુ રહેશે અને આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કરેલા અથવા કાઢેલા હોય એમ ગણાશે અને આ અધિનિયમ મુજબ કરેલાં અથવા કાઢેલા કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, હુકમ, નિયમ અથવા નમૂનાથી રદ કરવામાં આવે નહિ તો અને ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

સન ૧૯૩૯ નો મુંબઈનો ૨૯મો.

૩[૯૦. અનુસૂચિ ૨માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો તેના કોલમ ચોથામાં જણાવ્યું છે તેટલે સુધી સુધારવામાં આવશે.]. સુધારેલા અધિનિયમો.

---

૧ ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૬ની અનુસૂચિની બાબત (૨)થી આ કલમ દાખલ કરી છે.
૨ ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૪૯થી "અનુસૂચિ" એ શબ્દને બદલે આ શબ્દ અને આંકડો દાખલ કર્યો છે.
૩ સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૩ની કલમ ૫૦થી આ કલમ દાખલ કરી છે.

## [1]અનુસૂચિ—૧

### રદ કરેલો અધિનિયમ

### (જુઓ કલમ ૮૯)

| વર્ષ<br>૧ | નંબર<br>૨ | ટૂંકી સંજ્ઞા<br>૩ | કેટલી હદ સુધી રદ કર્યો તે<br>૪ |
|---|---|---|---|
| ૧૯૩૯ | ૨૯ | મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯<br>રક્ષિત ગણોતિયાઓ. | નીચેની રીતે ફેરફાર કર્યા પ્રમાણેની કલમો ૩, ૩-ક અને ૪ સિવાયનો આખો અધિનિયમ, એટલે કે,—<br>૩. કોઈ ગણોતિયાએ—<br>(ક) (૧) સન ૧૯૩૮ ના જાન્યુઆરી, મહિનાની ૧ લી તારીખની; અથવા<br>(૨) સન ૧૯૪૫ ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખની તરત જ અગાઉના ઓછામાં ઓછા છ વર્ષની મુદત માટે તેવી જમીન સતત ધારણ કરી હોય; અને<br>(ખ) ઉપર કહેલી મુદત દરમિયાન તેણે તેવી જમીન જાતે ખેડી હોય;<br>તો તેવી જમીનના સંબંધમાં તે ગણોતિયો રક્ષિત ગણોતિયો ગણાશે.<br>સ્પષ્ટીકરણ-૧.—યથાપ્રસંગ, સન ૧૯૩૮ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે અથવા સન ૧૯૪૫ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે તેવી જમીન જે વ્યકિતએ ધારણ કરી હોય તે વ્યકિત તેવી જમીન બીજી વ્યકિત પાસેથી વારસાથી અથવા વારસાહકથી ધારણ કરતી થઈ હોય અથવા તેણે તેવી જમીન ગણોતિયા તરીકે ધારણ કરી હોય અને તેવી બીજી વ્યકિતની વારસ હોય, તો જે મુદત દરમિયાન તેવી બીજી વ્યકિતએ તેવી જમીન ગણોતિયા તરીકે ધારણ કરી હોય તે મુદતનો આ કલમ મુજબ છ વર્ષની મુદત ગણવામાં સમાવેશ કરવો જોઈશે.<br>સ્પષ્ટીકરણ-૨.—યથાપ્રસંગ, સન ૧૯૩૮ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે અથવા સન ૧૯૪૫ ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખે તેવી જમીન જે વ્યકિતએ ધારણ કરી હોય તે વ્યકિતએ સદરહુ તારીખ પહેલાંના છ વર્ષની અંદર કોઈપણ વખતે, તે જ ગામમાં આવેલી તે જ જમીનમાલિકની બીજી કોઈપણ જમીન ગણોતિયા તરીકે ધારણ કરી હોય અને જાતે ખેડી હોય તો, જે મુદત દરમિયાન તેણે તેવી બીજી જમીન ધારણ કરી હોય તે મુદતનો આ કલમ મુજબ છ વર્ષની મુદત ગણવામાં સમાવેશ કરવો જોઈશે.<br>સ્પષ્ટીકરણ-૩.—બે અથવા વધારે વ્યકિતઓ કોઈ જમીન ગણોતિયાઓ તરીકે સંયુકત રીતે ધારણ કરતી હોય, ત્યારે જો તેઓમાંની કોઈ એક વ્યકિતએ તેવી જમીન જાતે ખેડી હોય અથવા જાતે ખેડવાનું ચાલુ રાખ્યું હોય અને આ કલમમાં નિર્દિષ્ટ કરેલી બીજી શરતોનું પાલન કરવામાં આવ્યું હોય, તો તેવી તમામ વ્યકિતઓ એવી જમીનનાં સંબંધમાં રક્ષિત ગણોતિયાઓ ગણાશે. |
| | | સન ૧૯૪૬ નો મુંબઈ અધિનિયમ ૨૬ અમલમાં આવ્યા પછી એક વર્ષ પૂરું થયેથી ગણોતિયાઓ રક્ષિત ગણોતિયાઓ ગણાશે. | ૩-ક. સન ૧૯૪૭ ના નવેમ્બર મહિનાની ૮ મી તારીખથી દરેક ગણોતિયો આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત ગણોતિયો ગણાશે અને એવા રક્ષિત ગણોતિયા તરીકેના તેના હકો હકપત્રકમાં નોંધવામાં આવશે, સિવાય કે તેના જમીન માલિકે ઉપર જણાવેલી તારીખ પહેલાં, તે ગણોતિયો નથી એવી જાહેરાત કરવા માટે મામલતદારને અરજી કરી હોય. |

1. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૫૧ થી આ અનુસૂચિને "અનુસૂચિ ૧" તરીકે નંબર આપ્યો છે.

અનુસૂચિ—૧—(ચાલુ)

| વર્ષ | નંબર | ટૂંકી સંજ્ઞા | કેટલી હદ સુધી રદ કર્યો તે |
| --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ |

સન ૧૯૩૯ નો મુંબઈ નો ૨૯ મો.

સ્પષ્ટીકરણ.—મુંબઈ ગણોતવહીવટ અધિનિયમ, ૧૯૩૯ની કલમ ૩-ક માં ઠરાવ્યા પ્રમાણે જમીનના માલિકે કરેલી અરજી ઉપરથી સત્તા ધરાવતા અધિકારીએ તે રક્ષિત ગણોતિયો નથી એવું કોઈ વ્યકિતના સંબંધમાં જાહેર કર્યું હોય તો, તેવી વ્યકિત રક્ષિત ગણોતિયો ગણાશે નહિ.

સન ૧૯૩૭ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખ પછી જમીન ખાલી કરાવેલા ગણોતિયાઓ રક્ષિત ગણોતિયાઓ ગણાશે.

૪. (૧) જો કોઈ ગણોતિયાએ—

(ક) સન ૧૯૩૭ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખની તરત જ પહેલાં ઓછામાં ઓછા છ વર્ષની મુદત સુધી કોઈપણ જમીન સતત ધારણ કરી હોય અને જાતે ખેડી હોય અને તેવી તારીખે અથવા તેવી તારીખ પછી સત્તા ધરાવતા અધિકારીના હુકમ સિવાયના બીજી રીતે, આ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલાં કારણો પૈકી કોઈપણ કારણસર તેને તેવી જમીન ખાલી કરાવવામાં આવી હોય, અથવા

(ખ) સન ૧૯૪૪ના એપ્રિલ મહિનાની ૧ લી તારીખની તરત જ પહેલાં ઓછામાં ઓછા છ વર્ષની મુદત સુધી કોઈપણ જમીન સતત ધારણ કરી હોય અને જાતે ખેડી હોય અને તેવી તારીખે અથવા તેવી તારીખ પછી સત્તા ધરાવતા અધિકારીના હુકમ સિવાય બીજી રીતે, આ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલાં કારણો પૈકી કોઈપણ કારણસર તેને તેવી જમીન ખાલી કરાવવામાં આવી હોય; તો તેવો દરેક ગણોતિયો આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત ગણોતિયો ગણાશે:

સન ૧૯૩૮ નો મુંબઈ નો ૮મો.

પરંતુ મુંબઈના નાના ખાતેદારોને રાહત આપવા બાબતના અધિનિયમ, ૧૯૩૮ની કલમ ૯ માં ઉલ્લેખેલું ગણોત તેમાં ઠરાવ્યા પ્રમાણે નહિ આપવાને પરિણામે કોઈપણ ગણોતિયાને જમીન ખાલી કરાવવી હોય તો તે આ અધિનિયમના હેતુઓ માટે રક્ષિત ગણોતિયો ગણાશે નહીં, સિવાય કે, ખંડ (ક) નીચે આવી જતી બાબતોમાં જે વિસ્તારમાં તે જમીન આવેલી હોય તે વિસ્તારમાં જે તારીખે આ કલમ અમલમાં આવી હોય તે તારીખથી ચાર મહિનાની અંદર અને ખંડ (ખ) નીચે આવી જતા દાખલાઓમાં સન ૧૯૪૬ના નવેમ્બર મહિનાની આઠમી તારીખથી છ મહિનાની અંદર તેણે જમીન માલિકને તેવું ગણોત આપ્યું હોય.

(૨) પેટા-કલમ (૧) મુજબ જેને રક્ષિત ગણોતિયો ગણવામાં આવી હોય તે વ્યકિત, પેટા-કલમ (૧) ના ખંડ (ક) નીચે આવી જતા દાખલાઓમાં જે વિસ્તારમાં તે જમીન આવેલી હોય તે વિસ્તારમાં આ કલમ અમલમાં આવ્યા પછી, એક વર્ષની અંદર અને પેટા-કલમ (૧)ના ખંડ(ખ), નીચે આવતા દાખલાઓમાં સન ૧૯૪૬ના નવેમ્બર મહિનાની આઠમી તારીખ પછી એક વર્ષની અંદર જમીન માલિકને લખીને ખબર આપે કે તેને જમીન ખાલી કરાવવામાં આવી તે વખતે જે શરતોએ તે જમીન ધારણ કરતી હતી તે શરતોએ પોતે તે જમીન ધારણ કરવા ખુશી છે, તો તે વ્યકિતને તે જમીનનો કબજો નીચે પ્રમાણે પાછો મેળવવાનો હક રહેશે.

| વર્ષ | નંબર | ટૂંકી સંજ્ઞા | કેટલી હદ સુધી રદ કર્યો તે |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

(ક) પેટા-કલમ (૧) ના ખંડ (ક) નીચે આવતા દાખલાઓમાં—

(૧) જે વિસ્તારમાં જમીન આવેલી હોય તે વિસ્તારમાં આ કલમ અમલમાં આવ્યાની તારીખ પછી તરત જ આવતા મે મહિનાની ૩૧ મી તારીખ પછી પૂરી થતી મુદત માટે તે જમીન-જમીન માલિકે પટે આપી હોય તો જે તારીખે તેવો પટો પૂરો થાય તે તારીખથી, અને

(૨) બીજા દાખલાઓમાં જે વિસ્તારમાં જમીન આવેલી હોય તે વિસ્તારમાં આ કલમ અમલમાં આવ્યાની તારીખ પછી તરત જ આવતા જૂન મહિનાની ૧ લી તારીખથી;

(ખ) પેટા-કલમ (૧) ના ખંડ (ખ) નીચે આવતા દાખલાઓમાં—

(૧) સન ૧૯૪૭ ના મે મહિનાની ૩૧ મી તારીખ પછી પૂરી થતી મુદત માટે તે જમીન જમીન માલિકે પટે આપી હોય તો એવો પટો જે તારીખે પૂરો થાય તે તારીખથી;

(૨) બીજા દાખલાઓમાં સન ૧૯૪૭ ના જૂન મહિનાની ૧ લી તારીખથી અને એવી રીતે કબજો પાછો મળ્યેથી તે અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, તે જમીન સદરહુ શરતોએ ધારણ કરશે.

(૩) આ અધિનિયમની કલમ ૩૪ ની પેટા-કલમ (૧) માં જણાવેલા કોઈપણ હેતુઓ માટે જમીનમાલિક પોતે જમીન વાપરતો હોય તે દાખલાઓમાં આ કલમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

## [1][અનુસૂચિ—૨

(જુઓ કલમ ૧૦-ક અને ૯૦)

| વર્ષ<br>૧ | નંબર<br>૨ | ટૂંકી સંજ્ઞા<br>૩ | કેટલે સુધી સુધાર્યો તે<br>૪ |
|---|---|---|---|
| ૧૮૭૯ | ૫ | મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯. | [2][(૧-ક) કલમ ૮૦ માં, ખાતા બાબત જે જમીન મહેસૂલ આપવાનું હોય તે ખાતેદારે ન આપ્યાને લીધે કલમ ૫૬ ના ઠરાવ પ્રમાણે અથવા તત્કાળે જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદાના ઠરાવ પ્રમાણે ખાતું સરકાર-દાખલ ન થાય એટલા માટે જમીન મહેસૂલની જે રકમ લેણી હોય તે તમામ સદરહુ ખાતેદારની તરફથી આપવાની સત્તા કોઈપણ હિત-સંબંધ ધરાવનાર વ્યકિતને છે" એ મજકૂરને બદલે "જમીન મહેસૂલ ભરવા માટે પ્રથમત: જવાબદાર હોય તેવી વ્યકિત એ ખાતા બાબત જે જમીન મહેસૂલ આપવાનું હોય તે આપ્યાને લીધે કલમ ૫૬ ની જોગવાઈ પ્રમાણે અથવા તે સમયે જે બીજો કાયદો અમલમાં હોય તે બીજા કાયદાની જોગવાઈઓ પ્રમાણે ખાતું સરકાર દાખલ ન થાય એટલા માટે જમીન મહેસૂલની જે રકમો લેણી હોય તે તમામ આવી વ્યકિત વતી આપવાની સત્તા કોઈપણ હિતસંબંધ ધરાવનારી વ્યકિતને છે" એ મજકૂર દાખલ કરવો જોઈશે.] |
| સન ૧૯૪૮ નો મુંબઈ નો ૬૭મો. | | કલમો ૮૩ અને ૮૪ અમુક ગણોત-વહીવટોને લાગુ પડશે નહિ. | (૧) કલમ ૮૪ પછી, નીચેની કલમ કલમ દાખલ કરવી, એટલે કે:—<br>"૮૪-૧-ક. જે ગણોત વહીવટોને મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેવા ગણોત વહીવટોને કલમ ૮૩ અને ૮૪ ની જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે."<br>(૨) કલમ ૮૬ માં, પરંતુકને બદલે નીચેનો મજકૂર દાખલ કરવો જોઈશે:—<br>"પરંતુ આવી અરજી; મહેસૂલી વર્ષ અથવા જે ગણોત વહીવટના વર્ષમાં સદરહુ ગણોત અથવા જમીન મહેસૂલ આપવાનું હોય તે વર્ષની તરત જ પછી આવતું વર્ષ પૂરું થાય તે પહેલાં કરવી જોઈશે."<br>(૩) કલમ ૧૩૬ માં, પેટા-કલમ (૧) માં નીચેનો પરંતુક ઉમેરવો:— |
| સન ૧૯૪૮ નો મુંબઈ નો ૬૭મો. | | | "પરંતુ ગણોતિયાના કબજામાંની કોઈપણ જમીનના દાખલામાં જો તેવો ગણોતિયો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ મુજબ તેવી જમીનના સંબંધમાં જમીન મહેસૂલ ભરવાને જવાબદાર હોય, તો તેવો ગણોતિયો તેવી જમીનના સંબંધમાં જમીન મહેસૂલ ભરવા માટે પ્રથમત: જવાબદાર થશે." |
| ૧૮૭૯ | ૭ | મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯ | કલમ ૫૬-ઘમાં, પેટા-કલમ (૧) ના પરંતુકને બદલે નીચેનો પરંતુક દાખલ કરવો:— |
| સન ૧૯૪૮ નો મુંબઈ નો ૬૭મો. | | | "પરંતુ ગણોતિયાના કબજામાંની કોઈપણ જમીનના દાખલામાં જો તેવો ગણોતિયો મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ મુજબ તેવી જમીનના સંબંધમાં સિંચાઈ ઉપકર ભરવાને જવાબદાર હોય તો તેવો ગણોતિયો તેવી જમીનના સંબંધમાં સિંચાઈ ઉપકર ભરવા માટે પ્રથમત: જવાબદાર થશે." |
| ૧૯૨૩ | ૬ | મુંબઈ સ્થાનિક બોર્ડ અધિનિયમ, ૧૯૨૩. | કલમ ૯૬ માં નીચેનો પરંતુક ઉમેરવો:— |

[1] સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૧૩ ની કલમ ૩૧ થી આ અનુસૂચિઓ દાખલ કરી છે.
[2] સન ૧૯૫૮ ના મુંબઈ અધિનિયમ ૬૩ ની કલમ ૧૯ થી આ નોંધ દાખલ કરી છે.

અનુસૂચિ-૨—(ચાલુ)

| વર્ષ | નંબર | ટૂંકી સંજ્ઞા | કેટલે સુધી સુધાર્યો તે | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | |
| | | | "પરંતુ ગણોતિયાના કબજામાંની કોઈપણ જમીનનાં દાખલામાં જો તેવો ગણોતિયો મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ ની જોગવાઈઓ મુજબ તેવી જમીનનાં સંબંધમાં ઉપકર ભરવાને જવાબદાર હોય, તો તેવો ગણોતિયો તેવી જમીનના સંબંધમાં ઉપકર ભરવા માટે પ્રથમત: જવાબદાર થશે." | સન ૧૯૪૮ નો મુંબઈ-નો ૬૭મો. |
| ૧૯૨૫ | ૭ | મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫. | કલમ ૨૪-કક માં,—<br><br>(૧) ખંડ (૧) માં —<br><br>(ક) "જમીનનો માલિક હોય" એ મજકૂર પછી "અથવા ગણોતિયા તરીકે કોઈપણ જમીનમાં હિતસંબંધ ધરાવતો હોય" એ મજકૂર દાખલ કરવો;<br><br>(ખ) "પોતાની માલિકીની અને તેમાં નિર્દિષ્ટ કરેલી જમીન ઉપર" એ મજકૂરને બદલે, "જાહેરાતમાં નિર્દિષ્ટ કરી હોય તેવી જમીન અથવા હિતસંબંધ ઉપર" એ મજકૂર દાખલ કરવો;<br><br>(૨) ખંડ (૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—<br><br>"(૨-ક) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (સુધારા) અધિનિયમ, ૧૯૫૫ અમલમાં આવ્યાની તારીખ પહેલાં જે વ્યક્તિએ જે મંડળીની તે સભ્ય હોય તેવી મંડળી પાસેથી નાણાં ઉછીના લીધાં હોય અને જે ગણોતિયા તરીકે તે જમીનમાં કાંઈપણ હિતસંબંધ ધરાવતી હોય તેવી કોઈ વ્યક્તિએ, શક્ય હોય તેટલું જલદી, ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલા નમૂના પ્રમાણે તેવી મતલબની જાહેરાત કરવી જોઈશે અને આવી વ્યક્તિએ આવી જાહેરાત ન કરી હોય તો ત્યાં સુધી તેવી મંડળીની સભ્ય તરીકે કોઈપણ હક ચલાવવાને હકદાર થશે નહિ."<br><br>(૩) ખંડ (૩), (૪), (૬) અને (૭) માં, "અથવા (૨)" એ મજકૂર જ્યાં જ્યાં આવતો હોય ત્યાં ત્યાં તેને બદલે "(૨) અથવા (૨-ક)" એ મજકૂર દાખલ કરવો;<br><br>(૪) ખંડ (૪) માં "જમીનનો" એ મજકૂર પછી "અથવા તેમાંના હિતસંબંધનો" એ મજકૂર મૂકવો;<br><br>(૫) ખંડ (૬) માં, "જમીન પર" એ મજકૂર પછી "અથવા હિતસંબંધ પર" એ મજકૂર દાખલ કરવો;<br><br>(૬) ખંડ (૭) માં "જમીન પર" એ મજકૂર પછી "અથવા હિતસંબંધ પર" એ મજકૂર દાખલ કરવો. | સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો. |

અનુસૂચિ–૩

[જુઓ કલમ–૩૨–જ(૬) અને ૮૭–ક]

જમીનના સત્તાપ્રકારો નાબૂદી અધિનિયમોની યાદી

૧. મુંબઈ ભાગીદારી અને નરવાદારી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૩૨મો).

૨. મુંબઈ મલેકી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૬૧મો).

સન ૧૯૪૮ નો મુંબઈ-નો ૬૭મો.

૩. મુંબઈ તાલુકદારી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૬૨મો.).

૪. પંચમહાલ મેવાસી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૬૩મો.)

૫. મુંબઈ ખેતી નાબૂદી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૫૦નો મુંબઈનો ૬ઠ્ઠો).

૬. મુંબઈ પરગણા અને કુલકર્ણી વતનો નાબૂદી અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦નો મુંબઈનો ૬૦મો).

૭. મુંબઈ વટવા વજીફદારી હકો નાબૂદી અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦નો મુંબઈનો ૬૨મો).

૮. સાલ્સેટની જાગીરો (જમીન મહેસૂલની મુકિત નાબૂદ કરવા) અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧નો મુંબઈનો ૬૭મો).

૯. મુંબઈ જમીનોના સત્તાપ્રકાર નાબૂદી (સુધારા) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૩૮મો).

૧૦. મુંબઈ જાત ઈનામો નાબૂદી અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૩નો મુંબઈનો ૪૨મો).

૧૧. મુંબઈ વિલીન પ્રદેશો (માં આંકડિયા સત્તાપ્રકાર નાબૂદી) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૬૩મો).

૧૨. મુંબઈ કૌલી અને કટુબાણ સત્તાપ્રકાર (નાબૂદી) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૪૪મો).

સન ૧૯૫૬ નો મુંબઈ નો ૧૩મો.

૧૩. મુંબઈ વિલીન પ્રદેશો (માં વડોદરા મુલગિરાસ સત્તાપ્રકાર નાબૂદી) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૪૫મો).

૧૪. મુંબઈ વિલીન પ્રદેશો (માં વડોદરા વતન નાબૂદી) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૪૬મો).

૧૫. મુંબઈ વિલીન પ્રદેશોમાં મતદારી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૪૮મો).

૧૬. મુંબઈ (સમાજને ઉપયોગી) ચાકરી ઈનામો નાબૂદી અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૭૦મો).

૧૭. મુંબઈ વિલીન પ્રદેશો(માં જંજિરા અને ભોર) ખેતી સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩નો મુંબઈનો ૭૧મો).

૧૮. મુંબઈ (ઓખા મંડળ સલામી સત્તાપ્રકાર નાબૂદી) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૪નો મુંબઈનો ૧લો).

૧૯. મુંબઈ વિલીન પ્રદેશો અને વિસ્તારો(માં જાગીરો નાબૂદ કરવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૪નો મુંબઈનો ૩૯મો).

૨૦. મુંબઈ ભીલ નાયક ઈનામો નાબૂદી અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો મુંબઈનો ૨૧મો).

૨૧. મુંબઈ વિલીન પ્રદેશોમાં પ્રકીર્ણ સ્વ-વાર્પણ નાબૂદી અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો મુંબઈનો ૨૨મો).

અનુસૂચિ–૪

[સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી રદ કરી].

---

## અંગ્રેજી કલમોના કક્કાવારી પ્રમાણે ગુજરાતી નંબરો.

| | | |
|---|---|---|
| A ક | J ઠ | S ફ |
| B ખ | K ડ | T બં |
| C ગ | L ઢ | U ભ |
| D ઘ | M ત | V મ |
| E ચ | N થ | |
| F છ | O દ | |
| G જ | P ધ | |
| H ઝ | Q નં | W યં |
| | | X ર |
| I ટ | R પ | Y લ |
| | | Z A |

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર